ઈન્ડેક્સના તળિયે છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે, બિહારના વરિષ્ઠ પ્રધાનો હવે દલીલ કરી રહ્યા છે કે, નીતિ આયોગનું નવીનતમ વિશ્લેષણ રાજ્યને કેન્દ્રીય સહાયના મામલે વિશેષ શ્રેણીના દરજ્જાની તેમની માંગને સમર્થન આપે છે. રમેશે કહ્યું; 'મૂળભૂત રીતે આનો અર્થ એ થશે કે આવી સહાયના ૭૦ ટકાને બદલે લોન તરીકે માત્ર ૧૦ ટકા જ હશે.' કોંગ્રેસ નેતાએ 'એક્સ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'પ્રેસ નિવેદનો આપવા અને પાર્ટીની બેઠકોમાં ઠરાવો પસાર કરવા સિવાય બિહારના સીએમ (નીતિશકુમાર) આ માંગ વિશે શું કરી રહ્યા છે ? તેમણે ખાલી આ મુદ્દે વાતો જ કરી છે પણ આ વિશે કશું કર્યું નથી.' રમેશે એમ પણ ક્હ્યું હતું કે, 'તે (કુમાર) હવે તે કરી શકે તેવી સ્થિતિમાં છે. તેમણે ત્રાટકવું જોઈએ. આંધ્રના મુખ્યમંત્રી (એન. ચંદ્રાબાબુ નાયડુ)ને પણ આ લાગુ પડે છે.' નીતિ આયોગના નવીનતમ SDG સૂચકાંક પર ટિપ્પણી કરતા JD(U)ના વરિષ્ઠ નેતા અને બિહારના જળ સંસાધન મંત્રી વિજયકુમાર ચૌધરીએ કહ્યું છે કે, 'આયોગના તાજેતરના અહેવાલે વધુ કેન્દ્રીય નાણાકીય સહાય માટેની અમારી લાંબા સમયથી ચાલતી માંગને સમર્થન આપ્યું છે.' 'આ જ કારણ છે કે, અમે બિહાર માટે સ્પેશિયલ કેટેગરી સ્ટેટસ (એસસીએસ) અથવા સ્પેશિયલ પેકેજની માગણી કરી રહ્યા છીએ જે તેની પોતાની ફાઈનાન્સનું સંચાલન કરે છે. પરંતુ બિહાર દેશના સૌથી ગરીબ રાજ્યોમાં આવે છે.' ચૌધરીએ કહ્યું હતું કે, 'બિહાર સૌથી લાયક રાજ્ય છે જેને કેન્દ્ર તરફથી વિશેષ નાણાકીય સહાયની જરૂર છે. બિહારની અર્થવ્યવસ્થા ભારતમાં સૌથી ઝડપથી વિકસતા રાજ્યો પૈકીની એક છે. બિહાર માત્ર સતત વિકાસ પામ્યો નથી પણ સૌથી વિકસિત રાજ્યોને પણ પાછળ રાખી દીધા છે.' બિહારના ગ્રામીણ વિકાસ મંત્રી અને જેડી(યુ)ના નેતા શ્રવણકુમારે કહ્યું છે કે, 'કેન્દ્ર સરકારે કોઈપણ વિલંબ કર્યા વિના બિહારને વિશેષ પેકેજ અથવા વિશેષ દરજ્જાની જાહેરાત કરવી જોઈએ. રાજ્યમાં એનડીએ સરકાર, મુખ્યપ્રધાનના નેતૃત્વમાં મંત્રી નીતિશકુમાર બિહારના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. SDG ઈન્ડિયા ઈન્ડેક્સ દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે ૧૬ SDG પર લક્ષ્ય મુજબના સ્કોર્સની ગણતરી કરે છે. એકંદરે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના સ્કોર્સ અથવા સંયુક્ત સ્કોર્સ ૧૬ SDGsમાં તેના પ્રદર્શનના આધારે પેટા-રાષ્ટ્રીય એકમના એકંદર પ્રદર્શનને માપવા માટે લક્ષ્ય મુજબના સ્કોર્સમાંથી બનાવવામાં આવે છે.

અંકિતા શર્મા જેમણે ત્રીજા પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી, બન્યાં IPS અધિકારી, નક્સલીઓનો સામનો કર્યો

(એજન્સી) તા.૧૫

ભારતમાં સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંથી એક યુપીએસસી છે. દર વર્ષે હજારો લોકો આ પરીક્ષામાં બેસે છે પરંતુ તેમાંથી માત્ર ૧૦૦૦૦ જ પ્રાથમિક પરીક્ષા પાસ કરે છે. આઈએએસ, આઈપીએસ, આઈએફએસ અને અન્ય સિવિલ બનવા માટે પ્રાથમિક મુખ્ય અને ઈન્ટરવ્યુ પરીક્ષાઓ પછી લગભગ ૧૦૦૦ અરજીકર્તા અંતિમ યાદીમાં સ્થાન મેળવે છે. આ પ્રતિષ્ઠિત પરીક્ષાને પાસ કરવા માટે તેમને કલાકો સુધી અભ્યાસ કરવો પડે છે. કેટલાક તો પ્રસિદ્ધ સેવકોની ભૂમિકા પણ ભજવે છે. આઈપીએસ અંકિતા શર્મા એવી જ એક વ્યક્તિ છે તેમણે ભારતની પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી કિરણ બેદીની ભૂમિકા ભજવી. અંકિતા શર્મા છત્તીસગઢ કેડરની આઈપીએસ અધિકારી છે જેમણે ૨૦૧૮મા જોઈન કર્યું હતું. હાલમાં તે ખૈરાગઢ, છુઈખદાન અને ગન્ડઈ છે માટે જિલ્લાના એસપી તરીકે કામ કરે છે. ભૂતકાળમાં

તેમણે બસ્તરમાં અનેક નક્સલી અભિયાનોની દેખરેખ કરી છે. ૨૦૧૮માં ત્રણ પ્રયાસો પછી આઈપીએસ અધિકારીએ યુપીએસસી સીએસઈ પરીક્ષા પાસ કરી. તેમણે અંતિમ યાદીમાં ૨૦૩ અને ૧૦૩૫નો અખિલ ભારતીય રેંક (એઆઈઆર) મેળવ્યો યુપીએસસીનો અભ્યાસ કરવા માટે તે દિલ્હી જતા રહ્યા. ત્યાર બાદ તેમણે પરીક્ષાઓ માટે સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાનું શરૂ કરી દીધું. આઈપીએસ અધિકારી અંકિતા છત્તીસગઢના દુર્ગથી છે. તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ એક સરકારી સ્કૂલમાં મેળવ્યું પોતાના ગૃહનગરથી સ્નાતક થયા પછી તેમણે એમબીએનો અભ્યાસ પૂર્ણ કર્યો. ભારતીય સેનાના અધિકારી વિવેકાનંદ શુક્લા તેમના પતિ છે. તેમની માતા સવિતા શર્મા એક ગૃહિણી છે અને તેમના પિતા રાકેશ શર્મા એક વ્યવસાયી છે. પોતાના ત્રણ ભાઈ-બહેનોમાં તે સૌથી મોટા છે. આઈપીએસ અંકિતા સોશિયલ મીડિયાનો ઓછો ઉપયોગ કરે છે. તેમના ૭૬૮-કે ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ છે.

જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રેન્જ ફોરેસ્ટ ઓફિસરને રજૂઆત

તાલાલા તાલુકાના ૧૬ ગામના લોકોને માનવીય અભિગમ દાખવી વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા માંગ

વન વિભાગ દ્વારા ૧૦૦ વર્ષ કરતા વધુ સમયથી રહેતા ગરીબ પરિવારોને તેમના મકાનોને ડિમોલિશન કરવાની નોટિસ આપતા વન વિભાગને ચોમાસાની ઋતુમાં ડિમોલિશનની કામગીરી મુલતવી રાખવા રજૂઆત

જૂનાગઢ, તા.૧૫

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના સરવા, વડાળા સહિતના ૧૬ ગામોમાં ૧૦૦ વર્ષ કરતા વધુ સમયથી રહેતા ગરીબોને વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા વિના તેમના મકાનોને ડિમોલિશન કરવાની વન વિભાગ દ્વારા નોટિસ અપાતા આ અંગે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા માનવીય અભિગમ દાખવી ચોમાસાની સિઝનમાં આશરા વિહોણા ન થાય તે માટે ૩ માસ દરમ્યાન ડિમોલિશનની કામગીરી મુલતવી રાખવા રેન્જ ફોરેસ્ટ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે.

તાલાલા તાલુકાના ૧૬ ગામોમાં છેલ્લી ત્રણ પેઢીથી એટલે કે ૧૦૦ વર્ષ કરતા વધુ સમયથી ગરીબ લોકો કાચા-પાકા આશરાઓ બાંધીને રહે છે. આ સિવાય તેઓને અન્ય કોઈ જગ્યાએ રહેવા માટેની વ્યવસ્થા નથી. વર્ષો જૂના કબજાવાળી રહેણાંકની જગ્યાને તેમના કબજા હક્કના અધિકારીઓને ધ્યાને લઈ તે જગ્યાને નજીવી રકમ લઈ રેગ્યુલાઈઝ કરી દેવી જોઈએ. હાલમાં ચોમાસાની સિઝન ચાલુ હોય વનવિભાગ દ્વારા અચાનક જ ઉક્ત ગરીબ પરિવારોને જગ્યા ખાલી કરી દેવાની નોટિસો આપતા તેઓ આઘાતમાં મુકાયા છે. ભારતના બંધારણે જરૂરિયાતમંદ ગરીબોને રોટી, કપડાં અને મકાનની સુવિધા પૂરી પાડવાની જવાબદારી સરકારની હોય તેમ છતાં સરકારનું વહીવટીતંત્ર આવા રહેણાંક જેવા અધિકારો છીનવે તે પણ ચોમાસા સમયે તે શું વ્યાજબી છે? અમારી રજૂઆત ધ્યાને લઈ માનવીય અભિગમ દાખવીને ચોમાસાની સિઝનના ૩ માસ સુધી ડિમોલિશનની કાર્યવાહી મુલતવી રાખવા અને ગરીબોને સરકાર કે વન વિભાગ દ્વારા રહેવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરી દેવામાં આવે ત્યારબાદ રહેઠાણને ડિમોલિશન કરવા જોઈએ તેવી જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડા દ્વારા માંગ કરવામાં આવી છે.

ભાવનગરના જેસર તાબેના રાણીગામની સીમમાં

વાડીના શેઢે માટી લેવા બાબતે થયેલ મારામારીમાં એકનું મોત, બેને ઈજા

ભાવનગર, તા.૧૫

જેસર તાબેના રાણીગામની સીમમાં આવેલ વાડીના શેઢે માટી લેવા બાબતે બે શેઢા પાડોશી વચ્ચે મારમારીની ઘટનામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે બે વ્યક્તિને ઈજા થઈ હતી. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જેસર તાબેના રાણીગામમાં રહેતા રઘુભાઈ જીવકુભાઈ ઉર્ફે બાબભાઈ કામળિયા ગઈ કાલે બપોરના સમયે તેમની વાડીના શેઢે પાણીના નિકાલ માટે જે.સી.બી.વડે આર.સી.સી.રોડ પાસેની દીવાલને અડીને આવેલી માટી ખોદાવતા હતા તે દરમિયાન બાજુની વાડીવાળા મામીયાભાઈ ભગતભાઈ ગીડ સાથે માટી લેવા બાબતે ઝઘડો થતા કુહાડી, પાઈપ સહિતના હથિયારો વડે મારામારી થતા રઘુભાઈ તેમના કાકા પ્રતાપભાઈ તેમજ મામીયાભાઈને ઈજા થઈ હતી. આ ઘટનામાં પ્રતાપભાઈ કામળિયાને ગંભીર ઈજા થતાં તેમને પ્રથમ ગારીયાધાર અને ત્યાંથી વધુ સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે રઘુ જીવકુભાઈ કામળિયાએ રાણીગામમાં રહેતા મામીયાભાઈ ભગતભાઈ ગીડ, તેના બે દીકરા અશ્વિન, રઘુ તેમજ ભાઈ દેવજીભાઈ ભગતભાઈ ગીડ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે કે, જ્યારે સામે પક્ષે મામીયા ભગતભાઈએ રાણીગામમાં રહેતા રઘુભાઈ બાબુભાઈ કામળિયા અને તેના કાકા પ્રતાપભાઈ એબલભાઈ કામળિયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે જેસર પોલીસે બંને પક્ષના મળી છ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સચિનમાં વ્યાજખોર મહિલાને પૈસા ચૂકવી આપ્યા બાદ પણ ઉઘરાણી ચાલુ રાખી

ભોગ બનનાર મહિલાએ નોંધાવી પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૫

સચિન કનસાડ રોડ વિસ્તારમાં રહેતી મહિલાએ વ્યાજે લીધેલા ૩૦ હજારની સામે ૭૦ હજાર જેટલા ચુકવી દીધા હતા. જોકે ત્યારબાદ પણ વ્યાજખોર મહિલાએ તેની પાસે વધુ રૂપિયા ૧.૧૦ લાખની માંગણી કરી ઉઘરાણી ચાલુ રાખી હતી. વ્યાજખોર મહિલાએ મહિલાના ઘરે આવી ભારે હોબાળો મચાવતા ભોગ બનનાર મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેથી ભોગ બનનારની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સચિન કનકપુર રોડ ગોકુલ સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષિય સુનીતા કુંજબિહારી સોનીએ ગતરોજ વ્યાજનો ધંધો કરતી રેખા રાજારામ પ્રસાદ (રહે.સ્નેહમીલન સોસાયટી સચીન હાઉસીંગ)સામે ફરિયાદ નોધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે સન ૨૦૧૮માં તેઓ સચીન હાઉસીંગ સ્નેહમીલન સોસાયટીમાં ભાડેથી રહેતા હતા. તેના પતિ સાથે ચા નાસ્તાની લારી ચલાવતા હતા. આ વખતે ધંધામાં પૈસાની જરૂર પડતા રેખા પ્રસાદ પાસેથી સાત ટકાના વ્યાજે ૩૦ હજાર લીધા હતા. તેનો દર મહિના ૨૧૦૦નો હપ્તો ભરતા હતા. આ દરમ્યાન કોરોના મહામારીમાં ધંધો બંધ થઈ જતા તેઓ વ્યાજ ચુકવી શકયા ન હતા. આ રીતે તેઓએ અત્યાર સુધીમાં ૭૦ હજાર જેટલા ચુકવી દીધા છે છતાંયે રેખા પ્રસાદ વ્યાજ સહિત ૧,૧૦,૩૦૦ની માગણી કરી ઘરે આવી ઉઘરાણી કરી ગાળાગાળી કરતી હતી. આખરે સુનીતા સોનીએ ગતરોજ ફરિયાદ નોંધાવતા પોલીસે રેખા પ્રસાદ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં બાળકોને રમવાની નોટોના બંડલ સાથે બે શખ્સો ઝડપાયા

લોકોને એકના ડબલની સ્કીમ આપી અસલ રૂપિયા લઈ નકલી આપી છેતરપિંડી કરતા હતા

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે ઉપરથી ભરૂચ એલસીબી પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન એક અર્ટિગા કારમાંથી ભારતીય ચલણી નોટો જેવી બાળકોને રમવાની નોટોના બંડલ સાથે આણંદ અને વડોદરાના બે શખ્સોની ધરપકડ કરી કાર મળી રૂા.૨.૯૩ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રીય માહિતી મુજબ ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર પાસેના નેશનલ હાઇવે ઉપર અન્સાર માર્કેટ પાસેના સર્વિસ રોડ ઉપર વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. દરમ્યાન એક અર્ટિગા કારને રોકી ચાલક પાસે કારના દસ્તાવેજો માંગતા તેણે રજૂ ન કરી સંતોષકારક જવાબ આપ્યો ન હતો, જેથી એલસીબી પોલીસને શંકાસ્પદ લાગતા કારમાં ચેક કરતા ભારતીય ચલણી નોટ જેવી બાળકોને રમવાની નોટોના બંડલ મળી આવ્યા હતા. પોલીસે શંકાસ્પદ બંન્ને શખ્સોની પૂછપરછ કરતા તે આણંદની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા નઝીર હુસેનભાઈ મલેક અને વડોદરાના સમા સાવલી રોડ ઉપર આવેલ શ્રવણગ્રીન એપાર્ટમેન્ટમાં રહેતા ધનસુખ ચીમનલાલ વૈદ્ય હોવાનું જણાવ્યું હતું. એલસીબી પોલીસે કારમાંથી મળી આવેલ નોટો બાબતે સઘન પૂછપરછ કરતા તેઓ અલગ-અલગ સ્થળે લોકોને વિશ્વાસમાં લઈને તેઓને એકના ડબલની સ્કીમ આપી તેમની પાસેથી અસલ રૂપિયા લઈને તેમને બાળકોને રમવાની નોટો આપીને છેતરપિંડી કરતા હોવાની કબૂલાત કરી હતી અને તેઓ અગાઉ આવી રીતે છેતરપિંડી કરવાના આશરે પાંચથી છ ગુન્હામાં પકડાયેલ હોવાની હકીકત જણાવી હતી. એલસીબી પોલીસે તેઓ પાસેથી બાળકોને રમવાની નોટો ના ૫૦ નંગ બંડલ, રોકડા રૂપિયા ૭૮ હજાર, ૧૫ હજારના ત્રણ નંગ મોબાઈલ અને ૨ લાખની કાર મળી રૂા.૨ લાખ ૯૩ હજારનો મુદ્દામાલ કબજે કરી નઝીર હુસેનભાઈ મલેક અને ધનસુખ ચીમનલાલ વૈદ્યની ધરપકડ કરી અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકના હવાલે કરતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોરબી ને.હા. પર અમરનગર નજીક ટ્રેલરની અડફેટે ટ્રેક્ટરચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

મોરબી, તા.૧૫

મોરબીના અમરનગર ગામ નજીક નેશનલ હાઈવે પર ટ્રેલર અને ટ્રેક્ટર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં ટ્રેક્ટર ચાલક સુરેશભાઈ ઘાટેલીયાનુ મોત નીપજ્યું હતુ આ અંગે મૃતકના ભાઈ દ્વારા મોરબી તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર મોરબીના અમરનગર ગામ નજીક નેશનલ હાઈવે પર ટ્રેક્ટર અને કન્ટેનર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં શક્તિનગર ગામે રહેતા સુરેશ ઉર્ફે હકકાભાઈ બચુભાઈ ઘાટેલિયા જાતે કોળી (ઉ.વર્ષ ૩૩) ટ્રેક્ટર નંબર લઈને જતાં હતા ત્યારે ટ્રેલરે ટ્રેક્ટરને પાછળથી ટક્કર મારી હતી જેમાં ટ્રેક્ટર ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું ત્યારે અકસ્માતના બનાવમાં મૃતકના ભાઈ મહેશ બચુભાઈ ઘાટેલિયાએ ટ્રક કન્ટેનરના ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી જેથી તાલુકા પોલીસે આરોપીને પકડવા તજવીજ હાથ ધરી છે.

થાન જામવાડી વિસ્તારમાં ગેરકાયદે કાર્બોસેલ ખનન પર પોલીસના દરોડા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૫

થાનગઢના જામવાડી વિસ્તારમાં ગેરકાયદે કાર્બોસેલ ખનીજ ચોરી થતી હતી. જેના પર ડીવાયએસપી ટીમે દરોડા કર્યા હતા. જ્યાંથી ૯ ટ્રેક્ટર, ૧૦ ચરખી, ૫૦૦ ટન કાર્બોસેલ સહિત રૂા.૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. થાનગઢમાં અનેક પ્રકારના વિવિધ ખનીજો મળી આવતા હોવાથી ભૂમાફિયાઓ ગેરકાયદે ખનન કરી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતા હોય છે. ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા આવા ગેરકાયદે ખાડા પર કાર્યવાહી કરી પૂરવામાં આવ્યા હતા. પરંતુ આ ખાડાઓ ફરી ધમધમતા થયા છે. ત્યારે થાનગઢ જામવાડી વિસ્તારના સર્વે નં. ૧૧ અને ૧૨ વિસ્તારની સરકારી ખરાબાની જમીન અંદર કરોડો રૂપિયાની ખનીજ ચોરી થતી હોવાની બાતમીના આધારે ખાણ ખનીજ વિભાગને અંધારામાં રાખી ડીવાયએસપી આર.એમ. રબારીના માર્ગદર્શનમાં ટીમે દરોડા કર્યા હતા. જ્યાં સ્થળ પર કાર્બોસેલનું ગેરકાયદે ખનન થયું હોવાનું જણાતા ૯ ટ્રેક્ટર, ૧૦ ચરખી, ૫૦૦ ટન કાર્બોસેલ સહિત રૂા.૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.આ અંગે તપાસ થાય તો મોટા માથાનું નામ ખૂલે તેવી શક્યતા છે.

લુણાવાડા ખાતે કૃષિ મંત્રીના હસ્તે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રનું લોકાર્પણ

(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા, તા.૧૫

રાજયકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે લુણાવાડા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. અંદાજિત ૧૧૦.૦૦ લાખમાં તૈયાર થયેલ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના કોન્ફરન્સ રૂમ, વેઈટીંગ હોલ, કલેક્ટર રૂમ, મામલતદાર (ડિઝાસ્ટર) રૂમ, કંટ્રોલ રૂમ અને સ્ટાફ રૂમ બનાવેલ છે. જિલ્લામાં આવતી દરેક આપદાઓથી નાગરિકો અને પશુઓની સલામતી સુનિશ્ચિત કરવા ઉપરાંત રાહત બચાવ, સ્થળાંતર અને તાત્કાલિક સહાય પહોંચાડવા જેવી અનેક બાબતોનું એક જ સ્થળેથી સંકલન થઈ શકાશે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર થકી પૂર, ભૂકંપ, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓ સમયે માહિતી અને સંદેશા વ્યવહાર દ્વારા અસરકારક અને કાર્યશ્રમ કામગીરી થઈ શકશે.

CCTVમાં ચારથી પાંચ લોકો દેખાયા

જહાંગીરપુરામાં બે મકાનોમાં ચોરી કરવા આવેલ ગેંગને કંઈપણ હાથ લાગ્યું નહીં

તાળાં તોડવા લાવેલા કટર સહિતના હથિયારો છોડીને ભાગ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૫

શહેરના જહાંગીરપુરા ખાતે આવેલ એક સોસાયટીમાં મોડી રાત્રે ધાડપાડુ ગેંગ ત્રાટકી હતી અને બે મકાનોને નિશાનો બનાવી હતી. આ બને મકાનોના દરવાજાના તાળા તોડી ચોરી કરવાની કોશિશ કરી, પરંતુ અંદર કઈ નહીં મળતા બદમાશો સ્થળ પરથી ભાગી ગયા હતા.એટલુંજ નહિ બદમાશો લૂંટ અને ચોરીની ઘટનાને અંજામ આપવા માટે જે હથિયારો સાથે લાવેલા હતા તે પણ ત્યાં છોડીને ભાગી ગયા હતા. જયારે ઘટનાને પગલે રહીશોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. પોલીસની નાઈટ પેટ્રોલિંગ પર અનેક સવાલો ઉઠવા પામ્યા હતા. જહાંગીરપુરા ખાતે આવેલ બી.આર. પાર્ક રો હાઉસમાં મોડી રાત્રે ૩.૧૫થી ચાર વાગ્યાના અરસામાં ધાડપાડુ ગેંગ ત્રાટકી હતી. ગેંગ પાસે દરવાજાના તાળા તોડવા સહિતના સાધનો પણ હતા. ગેંગે અલગ-અલગ બે મકાનોને નિશાનો બનાવ્યા હતા. બંને તાળા તોડી લૂંટ અને ચોરી કરવાની કોશિશ કરી હતી. પરંતુ બંને મકાનોમાંથી કઈ નહીં મળતા તેઓ ત્યાંથી ભાગી ગયા હતા. ગેંગે તાળા તોડવા માટે કટર સહિતના હથિયારો સાથે લાવ્યા હતા. તે પણ ત્યાં જ છોડીને નજીકમાં આવેલા ખેતરમાંથી ભાગી ગયા હતા. ઘટના અંગે જાણ કરવામાં આવતા જહાંગીરપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન થયેલી ફરિયાદ રદ કરવાની માગણી

કોડીનારમાં કોળી-દલિત અને મુસ્લિમ સમાજની વિશાળ રેલી યોજાઈ : મામલતદારને આવેદન

કોળી સેનાના પ્રમુખ, કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને મુસ્લિમ સમાજના એક અગ્રણી સહિત પાંચ લોકો સામે લૂંટ સહિતની ફરિયાદ નોંધાઈ હતી, ચેમ્બર પ્રમુખ અને તેના પુત્ર સામે એફ.આઈ.આર નોંધવા માંગ કરાઈ

(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)

કોડીનાર, તા.૧૫

કોડીનારમાં દબાણ હટાવ ઝુંબેશ સમયે પાણી દરવાજા પાસે રહેલા દબાણ દૂર કરતી વખતે એકઠા થયેલા લોકો ઉપર કાંકરી ચાળો થયા બાદ બે ટોળા સામસામે આવી જવાના પ્રશ્ને બઘડાટી થયા બાદ ચેમ્બર પ્રમુખના દુકાન ઉપર થયેલી માથાકૂટ અંગે ચેમ્બર પ્રમુખના પુત્ર એ કોડીનાર પોલીસ સ્ટેશનમાં કોળી સેનાના પ્રમુખ, કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને મુસ્લિમ સમાજના એક અગ્રણી સહિત પાંચ લોકો સામે લૂંટ સહિતની કરેલી ફરિયાદ બાદ કોડીનાર પોલીસ દ્વારા રાજકીય દબાણ ને લઈ ને પાંચેય લોકો ઉપર ખોટી કલમો વાળી ફરિયાદ કરવામાં આવી હોય, એફ.આઈ.આર રદ કરવા માટે તેમજ કોળી સમાજ માટે ચેમ્બર પ્રમુખે અભદ્ર ભાષાનો ઉપયોગ કરેલ હોય જેથી ચેમ્બર પ્રમુખ હરિભાઈ વિઠલાણી ઉપર એફઆઈઆર નોંધવા અંગે આજરોજ કોળી સેના કોડીનાર તાલુકા તેમજ ઘાંચી મુસ્લિમ સમાજ અને દલિત સમાજ દ્વારા સંયુક્ત વિશાળ રેલી યોજીને કોડીનાર મામલતદારને દરેક સમાજ દ્વારા અલગ અલગ વિસ્તૃત આવેદનપત્રો કોડીનાર મામલતદારને પાઠવ્યા હતા. ત્રણેય સમાજ દ્વારા પાઠવેલા આવેદનપત્ર માં જણાવ્યા મુજબ દબાણ હટાવની કામગીરી વખતે કોળી સેનાના પ્રમુખ રમેશભાઈ ચુડાસમા અને માધાતા સંગઠનના પ્રમુખ હરેશભાઈ દમણીયા સહિતના કોળી યુવાનો પાણી દરવાજા પાસે દબાણ દૂર કરવાની કામગીરીના સ્થળે એકઠા થયેલા તે સમયે પોલીસ સ્ટાફ તેમજ નાયબ કલેકટર અને કોડીનાર મામલતદારની હાજરીમાં ચેમ્બર પ્રમુખ હરિભાઈ વિઠલાણીએ કોળી સમાજના યુવાનોને ગાળો બોલતા બોલતા તેમની દુકાનમાંથી બેઝબોલના ધોકાને લાકડીઓ લઈને કોળી સેનાના પ્રમુખ અને કોળી સમાજના યુવકો સહિતના લોકો ઉપર હુમલો કરી જાહેરમાં ગાળો બોલે છે જે પોલીસ તંત્રને વહીવટી તંત્રની હાજરીમાં બનાવ બનેલ હોય તે સમયનું વીડિયો રેકોર્ડિંગ પણ થયેલ છે જે રેકોર્ડિંગ બતાવે છે કે ફરિયાદીની ગાયત્રી આલુ ભંડારમાંથી હરિભાઈ વિઠલાણી તથા તેમનો પુત્ર બેઈઝ બોલના ધોકા અને લાકડીઓ લઈ કોળી સમાજના આગેવાનો ઉપર હુમલો કરતા જોવા મળે છે આ તમામ આધાર પુરાવા એકઠા કરીને કોળી સમાજના આગેવાનો દલિત સમાજના આગેવાનો અને મુસ્લિમ સમાજના આગેવાનો ઉપર જે ફરિયાદ નોંધાયેલ છે એ રદ કરવી અને હરિભાઈ વિઠલાણી અને તેમના પુત્ર વિરૂદ્ધ કોળી સમાજ સામે અભદ્ર ભાષાનો ઉપયોગ કરેલ તે અંગેની ફરિયાદ લેવા કોળી સમાજ દલિત સમાજ અને મુસ્લિમ સમાજના લોકોએ માંગણી કરી છે. જો ત્રણ દિવસમાં આ કાર્યવાહી નહિ કરવામાં આવે તો તમામ સમાજના લોકો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઘરણા પ્રદર્શન કરવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.આજરોજ ત્રણેય સમાજના લોકો કોળી સમાજની વાડી ખાતે એકઠા થયા હતા બાદ શહેરમાં વિશાળ સંખ્યામાં ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં એક વિશાળ રેલી યોજી કોડીનાર મામલતદારને આ આવેદનપત્ર આપ્યું હતું.

સાડા ત્રણ ઈંચ વરસાદમાં મોડાસા શહેર ભૂવા નગરી બન્યું : ઠેર-ઠેર ભૂવા પડ્યા

ડીપી રોડ પર સ્કૂલ બસ ભૂવામાં ખાબકતા વિદ્યાર્થીઓએ ચીસાચીસ કરતા સ્થાનિકો મદદમાં દોડી આવ્યા

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની નગરપાલિકામાં છેલ્લા ૩૧ જેટલા વર્ષોથી ભાજપ સત્તાધારી પક્ષ તરીકે બિરાજમાન છે મોડાસા શહેર વિકાસની ગતિ પકડી હોવાના દાવા થઈ રહ્યા છે ત્યારે આ શહેરમાં સામાન્ય વરસાદમાં જ ભૂવા પડવા, ઠેર-ઠેર પાણી ભરાઇ જવા, કાદવ-કીચડ થવો, વાહનો ફસાઈ જવા જેવા દશ્યો સર્જાવા સામાન્ય બની જવા પામ્યાં છે. શહેરના લગભગ દરેક સોસાયટીમાં વિકાસ કાર્યો દરમ્યાન કરવામાં આવેલા ખોદાણ પછી તેમાં અપૂરતા માટી પુરાણને કારણે ભૂવા પડી રહ્યાં છે જેને જોઈને એવુ લાગી રહ્યું છે કે જાણે આખા મોડાસા શહેરમાં ભૂવા "પુરાણ" કથા ચાલી રહી છે.

મોડાસા શહેરમાં રવિવારે મોડી રાત્રીએ મેઘરાજાએ ધબધબાટી બોલાવતા બે થી ત્રણ કલાકમાં ૩.૫ ઈંચથી વધુ વરસાદ ખાબકતા પાલિકાનો પ્રી મોન્સુન પ્લાન પાણીમાં વહી ગયો હતો નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા અનેક ઘરમાં પાણી ઘૂસી જતા પરિવારજનોની હાલત કફોડી બની હતી મોડાસાના હાર્દસમા ચાર રસ્તા પર તળાવ જેવા દશ્યો સર્જાયા હતા મોડાસાની કલ્યાણ સોસાયટી-૨માં પાણી ઘરમાં ઘૂસી જતા પરિવારે સોશ્યલ મીડિયામાં પર વીડિયો વાયરલ કરી નગરપાલિકા તંત્રની ફિરકી લીધી હતી મોડાસાના ડીપ વિસ્તારમાં સિદ્ધિ વિનાયક મંદિર રોડ પર ભૂગર્ભ ગટર યોજનામાં રોડ ખોદી નખાયા બાદ કોન્ટ્રાક્ટરે યોગ્ય પૂરણકામ નહીં કરતા ખાનગી સ્કૂલની બસ ભુવામાં ઉતરી પડતાં બસમાં બેઠેલા વિદ્યાર્થીઓએ ચીસાચીસ કરી મુકતા સ્થાનિક લોકો મદદમાં દોડી આવ્યા હતા મેઘરજ રોડ અને કોલેજ રોડ પર ભૂગર્ભ ગટર યોજના લોકો માટે માથે મોત મંડરાતુ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે ભૂવાનું પૂરણ કરવામાં આવેની શહેરીજનોમાં માંગ પ્રબળ બની છે

ભિલોડા-શામળાજી પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો

(સંવાદદાતા દ્વારા)મોડસા, તા.૧૫

સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો હતો બીજીબાજુ અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ રિસામણાં લીધા હોય તેમ ખેતી લાયક વરસાદ પણ ન થતાં ખેડૂતો ભારે ચિંતિત બન્યા હતા જોકે મેઘરાજાએ રવિવારે ૨ રાત્રેથી મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં ધમાકેદાર આગમન કરતા ખેડૂતોના હૈયે હાશકારો અનુભવ્યો હતો. અરવલ્લી જિલ્લાના ભિલોડા, શામળાજી અને માલપુરમાં ખાબક્યો હતો. અરવલ્લી જિલ્લાના ભિલોડા પંથકમાં અસહ્ય બફારા અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે સોમવારે બપોરના સુમારે કાળા-ડિબાંગ વાદળો ધસી આવ્યા હતા ભારે પવન સાથે વરસાદ ખાબક્તા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી ધોધમાર વરસાદ ખાબક્તા રોડ-રસ્તાઓ પર વરસાદી પાણી ભરાયા છે. જોકે પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા નહીં હોવાથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે પવનથી પોલીસ સ્ટેશન નજીક વૃક્ષ ધરાશાયી થતા ત્રણ વીજપોલ પર પડતાં તૂટી પડતાં વીજળી ડુલ થઈ હતી વીજતંત્રએ તાબડતોડ સમારકામની કામગીરી હાથ ધરી હતી શામળાજી પંથકમાં સોમવારે બપોરે સતત એક કલાકથી વધુ સમય વરસાદ ખાબકતા રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા હતા.

વાપીના કરવડથી મહિલા ગુમ થયાની પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૧૫

વાપી નજીકના કરવડ ગામની ચાલીમાં રહેતી પરણિતા કોઈને પણ કહ્યા વગર કયાંક ચાલી ગઈ હતી. જે બાદ પતિએ વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં પત્ની ગુમ થયાની જાણ કરી હતી. મૂળ બિહાર અને હાલ વાપી નજીકના કરવડ ગામ, ક્રિષ્ના કોમ્પ્લેક્સ ઠાકોરની ચાલીમાં સંતોષ બીદેશ્વર રામ (ઉ.વ.૩૬) પરિવાર સાથે રહે છે. તેમની પત્ની રીકીદેવી (ઉ.વ.૩૦) ઘરેથી કોઈને પણ કહ્યા વગર કયાંક ચાલી ગઈ હતી. પરિવારજનોએ સગાસંબંધી અને મિત્રવર્તુળોમાં શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ મળી ન હતી. જે બાદ સંતોષ રામે વાપી ડુંગરા પોલીસ સ્ટેશન પહોંચી પત્ની કયાંક ચાલી ગયાની જાણ કરી હતી ત્યારે પોલીસે તપાસ શરૂ કરી છે.

જૂનાગઢના દલિત પરિવારને જીવનું જોખમ : પોલીસ રક્ષણની માગણી કરાઈ

ગણેશ ગોંડલ પર હુમલાના કેસમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ સામે કાવતરાની કલમ ઉમેરવા અરજી

અમદાવાદ,તા.૧૫

જૂનાગઢમાં છેલ્લા કેટલાક સમયથી રાજુ સોલંકીના પુત્રને માર મારવાનો બનાવ ચર્ચામાં છે. જૂનાગઢમાં દલિત યુવાન સંજય સોલંકીનું અપહરણ કરીને તેને ઢોર માર મારવા મામલે ગોંડલના ધારાસભ્યના પુત્ર આરોપી ગણેશ ગોંડલ સહિત અન્ય કેટલાક શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આ મામલો વધુ ચર્ચામાં આવતા રાજુ સોલંકીએ ધર્મ પરિવર્તનની ચીમકી પણ ઉચ્ચારી હતી. ત્યારે હવે આ મામલે નવા સમાચાર સામે આવ્યા છે. જેમાં રાજુ સોલંકીના પુત્ર સંજય સોલંકીએ પોલીસને વધુ એક અરજી આપી છે આ અરજીમાં સંજય સોલંકીના પરિવારને જીવનું જોખમ હોવાનો ઉલ્લેખ કર્યો છે. આ સાથે પૂર્વ એમએલએ જયરાજસિંહ સામે કલમ ૧૨૦ હેઠળ કાર્યવાહી કરવા માંગ પણ કરી છે. જૂનાગઢના દલિત યુવાન સંજય સોલંકીનું થોડા દિવસ પહેલા કેટલાક શખ્સો દ્વારા અપહરણ કરીને ઢોર માર મારવામાં આવ્યો હતો. આ મામલે, સંજય સોલંકીએ ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ ગોંડલ અને તેના કેટલાક મિત્રો વિરૂદ્ધ આરોપ લગાવ્યો હતો. ત્યાર બાદ મામલો વધુ ગરમાતા પોલીસે ગણેશ ગોંડલની ધરપકડ કરી હતી. ત્યારે હવે આ મામલામાં સંજય સોલંકીએ પોલીસને વધુ એક અરજી આપી છે, જેમાં પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ પૈસા અને વગથી શકિતશાળી હોવાથી સંજય સોલંકીના પરિવારને જીવનું જોખમ હોવાનો ઉલ્લેખ કર્યો છે. આ સાથે અરજીમાં જયરાજસિંહ સામે કલમ ૧૨૦ હેઠળ કાર્યવાહી કરવાની પણ માંગ કરાઈ છે. અરજીમાં સિકંદર બાપુ અને તેના સાગરિતોએ લોકેશન આપ્યાની આશંકા પણ સંજય સોલંકીએ વ્યકત કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, નિલેશ રૈયાણી હત્યા કેસમાં રાજુ સોલંકી પર હત્યાનો આરોપ હોવાથી પિતા રાજુ સોલંકી સહિત પરિવાર પર જીવનું જોખમ હોવાની આશંકા સંજય સોલંકીએ અરજીમાં વ્યકત કરી છે. આ મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

IRCTCને દોડતું કરી દેતું ટિકિટ કૌભાંડ

માત્ર ૧૨ ભણેલાએ સોફ્ટવેરની મદદથી રેલવે વિભાગને રૂા.૪.૫૦ કરોડનો ચૂનો લગાવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

સુરત ઉમરા પોલીસે બોગસ આઈડીથી રૂપિયા ૪.૫૦ કરોડના ટ્રેન ટિકિટ કૌભાંડમાં સોફ્ટવેર સપ્લાયરની ધરપકડ કરી છે. માત્ર ધોરણ-૧૨ ભણેલા વ્યક્તિએ દેશના IRCTCને દોડતું કરી દીધું હતું. ડિલિવરી બોયમાંથી સોફ્ટવેર સપ્લાયર બનીને બલ્કમાં કન્ફર્મ ટિકિટ બુક કરાવવાનું કૌભાંડ આચર્યું હતું. આ સમગ્ર મામલે વિજિલન્સ વિભાગમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવનાર સુધીર શર્માએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. આ અંગે ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, આ પ્રકરણમાં અમે રાજેશ મિત્તલની ધરપકડ કરી હતી. રાજેશ મિત્તલ IRCTCમાં તાત્કાલિક ટિકિટ

આંખના પલકારામાં થઈ જતી ટિકિટ બુક

બુકિંગ થાય તે પહેલા જ ટિકિટ બુક થઈ જાય, તે માટે સોફ્ટવેર વાપરતો હતો. ઓછા સમયમાં આ ટિકિટ તે સોફ્ટવેરની મદદથી બુક કરી લેતો હતો. જેના કારણે પ્રજા અને રેલવેને નુકસાન થઈ રહ્યું હતું. આરોપી રાજેશ મિતલે આ જ સોફ્ટવેરની મદદથી અત્યાર સુધીમાં ૪.૫૦ કરોડ રૂપિયાની કિંમતની ઈ-ટિકિટ બુક કરાવી હતી. આરોપીના ઘરે દરોડા પાડીને આ સમગ્ર ટિકિટ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ દરોડામાં ૯૭૩ બોગસ આઈડી, ૫ લેપટોપ, ૫ હાઈ સ્પીડ રાઉટર તથા નેક્સેસ અને ગડર નામના બે સોફ્ટવેર પોલીસને હાથ લાગ્યા હતા.

આરોપી અંગે વાત કરતા તેઓએ જણાવ્યું કે, ધરપકડ બાદ જ્યારે રાજેશની પૂછપરછ કરવામાં આવી તો તેણે કહ્યું રાજુ નામના વ્યક્તિ પાસેથી તેણે આ સોફ્ટવેર ખરીદ્યું હતું. મૂળ ઝારખંડના અને હાલ સુરત શહેરના ગોડાદરા વિસ્તાર ખાતે રહેતો આરોપી રાજુ યુવરાજ પંડિત ડિલિવરી બોય તરીકે નોકરી કરતો હતો. ઈન્ટરનેટ પર ગૂગલ કરતા સમયે ખબર પડી કે, ટિકિટ બુકિંગના આ પ્રકારના સોફ્ટવેર હોય છે અને તેનો ઉપયોગ તાત્કાલિક ટિકિટ બુકિંગ માટે કરી શકાય છે. એક વેબસાઈટથી આ તમામ સોફ્ટવેર તેણે ડાઉનલોડ કર્યા અને ANYDESK ચલાવવાનું શીખ્યું. ત્યારબાદ તેણે જાણ્યું કે, આ સોફ્ટવેરના બજારમાં ગ્રાહકો પણ છે તો તેણે પોતાની ચતુરાઈથી આ પ્રકારના સોફ્ટવેર લઈને અન્ય લોકોને સપ્લાય કરવાનું શરૂ કર્યું હતું અને ANYDESKની મદદથી ખરીદદારના લેપટોપમાં આ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી આપતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આરોપી ANYDESK એપ્લિકેશનની મદદથી રિમોટલી એક્સેસ લઈને સોફ્ટવેર જે-તે વ્યક્તિના લેપટોપમાં ઈન્સ્ટોલ કરી દેતો હતો. જ્યારે તેને ખબર પડી કે, તેના વિરૂદ્ધ FIR થઈ છે અને તે આરોપી છે, તો તેણે પોતાનો મોબાઈલ અને લેપટોપ ફોર્મેટ મારી દીધા હતા. આરોપીના મોબાઈલ અને લેપટોપ બંને FSLમાં ડેટા રિકવર કરવા માટે મોકલ્યા હતા. એક સોફ્ટવેર ઉત્તર પ્રદેશમાં અને અન્ય એક સોફ્ટવેર બિહારમાં જેના નામ અને સરનામા અત્યાર સુધી તેણે જણાવ્યા નથી. તેણે જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં આરોપીએ ૮ સોફ્ટવેર જ આપ્યા છે.

જ્યાં ગામ વસેલું છે તેના કરતા તદ્દન અલગ જગ્યાના ફોટા રજૂ કરી કૌભાંડ કર્યું

આખુ ગામ વેચી મારવાના મામલે LCB પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા

અન્ય પાંચ આરોપીઓને પણ ઝડપી લેવા પોલીસની દોડધામ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર , તા.૧૫

ગાંધીનગરમાં જમીનની વધતી કિંમતો હવે જમીન કૌભાંડ અને જમીન કૌભાંડ કરતાં લોકોની સંખ્યા વધારી રહી છે જેમાં હવે ગાંધીનગરના દહેગામના જુના પહાડિયા ગામના અમુક લોકો એ આખા ગામનો સોદો કરી નાખ્યો હતો. જમીનના વારસદારો ધ્વારા ગામ વેચી દેવાની ઘટના બાદ આજે ગાંધીનગર LCB લોકલ ક્રાઇમ બ્રાન્ચે ૨ આરોપીઓની ધડપકડ કરી છે. જૂના પહાડિયા ગામના પૂર્વે મૂળ જમીન માલિક રહેલા અમુક લોકો (વારસદારો) દ્વારા જમીનના દલાલો સાથે મળીને ખોટા પુરાવા રજૂ કરીને ગામને વેચી મારવાનું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં પોલીસ ફરિયાદ દાખલ થતાં તપાસ કરવામાં આવી અને ૨ જેટલા લોકોની લોકલ ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી લીધી અને અન્ય આરોપીઓની તપાસ ચાલુ કરી દીધી છે. ગાંધીનગર જમીન કૌભાંડ મુદ્દે ગાંધીનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચના દિવાનસિંહ વાળાએ જણાવ્યું કે આ કેસ મુદ્દે ગાંધીનગર LCB તપાસ કરી રહી છે. જેમાં આજેબે આરોપીઓની ધરપકડ કરી છે અને તેઓને આજે ગાંધીનગર કોર્ટ ખાતે રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે. આ સિવાયના ૫ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે જેઓ હાલ ફરાર છે. ગાંધીનગર પોલીસના DYSP એસ એમ ચૌધરીએ જણાવ્યું કે આ ગુનો રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોંધવામાં આવ્યો છે જેમાં જુના પહાડિયા ગામની જમીન વેચી મારવાનો ગુનો દાખલ થયેલો જેમાં દહેગામના સબ રજિસ્ટ્રાર મારફતે ફરિયાદ દાખલ થઈ હતી. આ જમીન વારસદારોમાં ત્રીજી પેઢીના અને ખરીદનાર આરોપીઓ ભેગા મળીને જે જગ્યાએ ગામ વસેલું છે એના કરતાં તદ્દન અલગ જગ્યાના ફોટા રજૂ કરી કૌભાંડ કરેલું છે. વેચનાર છે એ પૈકીના વિનોદકુમાર ઝાલા અને જયેન્દ્રકુમાર ઝાલાની ધરપકડ થઈ છે અને તપાસ LCB ગાંધીનગરના પોલીસ ઈન્સ્પેક્ટર કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે બે આરોપીઓ ગામના સર્વે નંબરના વારસદારો પૈકીનાં છે, જે તે વખતે ગામ વસ્યુંતે ગામ લોકોએઆ જમીન આ લોકો પાસેથી ખરીદી હતી અને તેમના નામ રેકોર્ડ પર ચાલુ હતા તેથી આર્થિક લાભ લેવા આ લોકોએજમીન વેચી હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

ગુજરાતના દરિયા કિનારાનું ભયજનક દરે થઈ રહ્યું છે ધોવાણ

ગુજરાતનો ૪૦ વર્ષમાં ૭૦૩.૬ કિ.મી. જેટલો દરિયા કિનારો થયો અદૃશ્ય !

ઝડપી ધોવાણ માટે દરિયાની સપાટીના તાપમાનમાં વધારો જવાબદાર હોવાનો અહેવાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

૪૦ વર્ષના અભ્યાસમાં બહાર આવ્યું છે કે ગુજરાતનો દરિયાકિનારો ભયજનક દરે અદૃશ્ય થઈ રહ્યો છે. ખંભાતના અખાતથી કચ્છના અખાત સુધી, સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે, એક સમયના સ્થિર કિનારાઓ હવે ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે. ૧૬ દરિયાકાંઠાના જિલ્લાઓમાંથી ૧૦નો નોંધપાત્ર ધોવાણ સાથે ઝઝૂમી રહ્યા છે, જે રાજયના દરિયાકાંઠાના લગભગ ૪૫.૮%ને અસર કરે છે. આ ચિંતાજનક ઘટના લગભગ ૫૪૯ ગામોને અસર કરી રહી છે, જેમાં એક મિલિયનથી વધુ લોકો વસે છે.

ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવાયું છે કે, "૨૦૨૧માં માહી નદીના વિસ્તારની નજીકના ખંભાત દરિયાકિનારાએ ૪૦ વર્ષોમાં 113.9mથી 831.4m સુધીના કિનારાના ફેરફારોમાં નાટ્યાત્મક વધારો નોંધ્યો હતો, જેમાં વાર્ષિક 39.76mના દરે ફેરફાર થયો હતો."

ગુજરાતનો દરિયાકિનારો ૧,૬૧૭ કિ.મી.માં ફેલાયેલો છે, જે ૧૩ દરિયાકાંઠાના જિલ્લાઓ અને ૩૫ તાલુકાઓને સ્પર્શે છે, જે તેને દેશનો સૌથી લાંબો બનાવે છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું છે, ત્યારબાદ જામનગર, ભરૂચ અને વલસાડનો ક્રમ આવે છે. ૧,૬૦૦ કિ.મી.ના દરિયાકિનારામાંથી ૭૦૩.૬ કિ.મી.નું ધોવાણ થઈ રહ્યું છે. "દક્ષિણ ગુજરાતમાં, અંદાજે ૮૩.૦૬% દરિયાકાંઠો ધોવાઈ રહ્યો છે, ૧૦.૧૫% સ્થિર છે અને ૬.૭૮% જમીન મેળવી રહ્યો છે; ક્ષીણ થતા દરિયાકાંઠાની લંબાઈ સ્થિર અને વધતા દરિયાકાંઠા કરતા વધારે છે. આ ધોવાણ સુરત જિલ્લાના દાંડીથી વલસાડ જિલ્લાના ઉમરગામ સુધી ફેલાયેલું છે," BISAG-Nના સંશોધકો તેમ દ્વારા અભ્યાસમાં જણાવાયું છે. તેમના અભ્યાસમાં ૧૯૭૮-૨૦૨૦ના સેટેલાઈટ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે કચ્છ અને જામનગરમાં સૌથી વધુ ધોવાણ થયું હતું, જેમાં અનુક્રમે 130m અને 64mથી વધુનું ધોવાણ થયું હતું. BISAG અભ્યાસે દરિયાકાંઠાના પરિવર્તન દરના આધારે ધોવાણને વર્ગીકૃત કર્યું: 300m કરતાં ઓછા માટે નીચું, ૧૦૦-૫૦૦m માટે મધ્યમ અને 1km કરતાં વધુ માટે ઊંચું.

સંશોધનમાં ગુજરાતના દરિયાકાંઠે વધતા દરિયાઈ સપાટીના તાપમાન (SST)ને ધોવાણને વેગ આપવાના મુખ્ય પરિબળ તરીકે દર્શાવવામાં આવ્યું છે. ૧૮૬૦-૨૦૨૦ના ડેટાએ કચ્છના અખાત, ખંભાતના અખાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ધીમે ધીમે SST વધારો દર્શાવ્યો હતો, જેમાં ખંભાતના અખાતમાં સૌથી વધુ 1.5 °C નો વધારો જોવા મળ્યો હતો, ત્યારબાદ સૌરાષ્ટ્રનો કાંઠો અને તે પછી કચ્છનો અખાતે "જામનગર જિલ્લામાં સૌથી વધુ ધોવાણ થયું હતું, જે ૧૯૭૮-૧૯૯૮ની સરખામણીમાં ૧૯૯૮-૨૦૨૦ દરમિયાન લગભગ ૨.૫ ગણું વધુ હતું," અભ્યાસમાં જોવા મળ્યું હતું. જ્યારે "સુરત ૧.૨૪ ગણા અને વલસાડ ૧.૧૭ ગણા સાથે બીજા ક્રમે છે."

સોખડા ગામે પત્નીએ માથામાં પાઈપ મારતાં પતિનું મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

સોખડા ગામની સીમમાં હરિધામ જતા રોડ પર કુબેર એક્ઝિમ નામની ફેક્ટરી આવેલી છે જેના માલિક મહેન્દ્રભાઈ હરમાનભાઈ પટેલ છે. આ ફેક્ટરીમાં જુદી-જુદી કંપનીઓના પ્લાસ્ટિકનો માલ લઈને જોબ વર્ક કરીને પ્લાસ્ટિકના દાણા બનાવાય છે. કંપનીમાં કુલ ચાર મજૂરો કામ કરે છે અને કંપનીમાં જ રહે છે જેમાંથી છેલ્લા છ માસથી કંપનીમાં કામ કરતા રઝાક રમજાન ખાન અને તેની પત્ની રઈશાબાનું દીકરા અશરફ સાથે રહેતા હતાં. ગઈકાલે રઝાક અને તેની પત્ની ફેક્ટરી પર આવ્યા ન હતા અને કંપનીના કામદાર પપ્પુભાઈએ મહેન્દ્રભાઈને ફોન કરી જણાવેલ કે રજાક કઈ બોલતો નથી અને તેની પત્ની બહુ રડે છે તો તમે તાત્કાલિક કંપની પર આવી જાવ જેથી મહેન્દ્રભાઈએ તેના ફોનથી રજાકની પત્ની સાથે વાત કરેલ અને તેને શું થયું છે તેમ પૂછતા તેણીએ જણાવેલ કે રજાક રાત્રે મારી સાથે ઝઘડો કરી મને પાઈપ લઈને મારવા આવેલ તે વખતે મારાથી તેને પાઈપ વાગી ગયા બાદ તે કઈ બોલતો નથી તેવું જણાવ્યું હતું. મહેન્દ્રભાઈએ ૧૦૦ નંબર પર ડાયલ કરી પોલીસને ઘટનાની જાણ કરી અને પોતે કંપની પર આવીને જોયું તો કંપનીની રૂમમાં રજાકખાન લોહીલુહાણ હાલતમાં પલંગ પર પડેલ હતો અને પલંગની પાછળ એક એસએસની પાઈપ લોહીથી ખરડાયેલ પડી હતી. રજાકની પત્ની રઈશાને પૂછતા તેણીએ જણાવેલ કે કંપનીમાં સાંજના સમયે ઝઘડો કરતા અન્ય કામદારોએ તેને છોડાવી હતી અને રાત્રિના નવ વાગ્યા પછી બધા સૂઈ ગયા બાદ ફરીથી ઝઘડો કરતા મેં તેને પાઈપ વડે માથામાં પાઈપ મારતા તે પલંગ પર પડી ગયેલ અને હું પણ બેભાન થઈ ગઈ હતી પછી ભાન આવતા જોયું તો પતિ મરણ હાલતમાં પલંગ પર પડેલ હતો. મંજુસર પોલીસે ફેક્ટરીના માલિકની ફરિયાદના આધારે હત્યાની કલમ ૧૦૩ (૧) એન એસ મુજબ ગુનો નોંધી આરોપી પત્ની રઈશાબાનું રજાકખાન ખાન (હાલ રહે.સોખડા, મૂળ કાગમાળા, તા.રાણીવાડા, જિલ્લો જાલોર રાજસ્થાન) વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઠાસરાના દિપકપુરા ગામની ઘટના

ખેતરમાં ધરૂ રોપતા સમયે વીજળી પડતાં સગીરનું મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં આજે ઘણી જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલા દિપકપુરા ગામમાં સીમ વિસ્તારમાં વીજળી પડતા ૧૩ વર્ષના સગીરનું મોત થયું હતું. જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા હતા. ખેતરમાં ડાંગરનું ધરુ રોપતા સમયે વીજળી પડતા આ ઘટના બની હતી. જેમાં ધોરણ ૮માં અભ્યાસ કરતો અજય પરેશભાઈ રાઠોડનું ઘટના સ્થળે મોત થયું હતું. મહેન્દ્રભાઈ રાઠોડ અને અરવિંદભાઈ રાઠોડ ઘાયલ થતા સારવાર અર્થે ઠાસરા સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. મૃતક અજય રાઠોડનો મૃતદેહ પીએમ અર્થે ડાકોર સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

'દેખાડો કરવાની આદત ભારે પડી'

અમદાવાદમાંથી સ્પોર્ટ્સ બાઈક્સની ચોરી ગામડે જઈને રોફ જમાવતા બે ઝડપાયા

આરોપીઓએ ૭ જેટલી સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

અમદાવાદમાંથી મોંઘા બાઈકો ચોરી કરી ગામડે જઈ રોફ જમાવતા બે આરોપીને પોલીસે પકડી પાડ્યો છે. આરોપીઓએ વસ્ત્રાપુર અને ગાંધીનગરથી કુલ ૭ જેટલાં બાઈક ચોરી કર્યા હતાં. જેમાંથી એક બાઈક રિટાયર્ડ પીઆઈના દીકરાનું હતું. આરોપીઓ સીસીટીવી ફૂટેજમાં પણ બાઈકની ચોરી કરતા દેખાયા હતા. જેના આધારે પોલીસે બંને આરોપીને શોધી તેની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં બન્ને શહેરમાંથી સ્પોર્ટની મોંઘી બાઈકો ચોરીને ગામડે જઈને રોફ જમાવવા હતા. ગામના લોકો સામે રોલો પાડવા જ બંને મોંઘી બાઈકોની ઉઠાંતરી કરતાં હતા.

ગત ૧ જુલાઈના રોજ અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાંથી પલ્સર બાઈકની ચોરી થઈ હતી. અગાઉ પણ સ્પોર્ટ્સ બાઈક વસ્ત્રાપુર વિસ્તારમાંથી ચોરાયા હતાં. અવારનવારની ઘટના બાદ આ બાઈક ચોરને શોધવા ઝોન ૧ ડીસીપીના એલસીબી સ્કોડ પણ કામે લાગી હતી. ત્યારે સીસીટીવી ફૂટેજની મદદથી પોલીસે આરોપીઓને ઓળખી કાઢ્યા હતા. જે બાદ પોલીસે વસ્ત્રાપુર વિસ્તારમાં પહોંચીને આરોપીઓ અંગે પૂછપરછ શરૂ કરી હતી. ત્યારે એક ભાડાના મકાનમાં મુખ્ય આરોપી રહેતો હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે મુખ્ય આરોપી કપિલ અહારીની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેના સાગરીત રમેશ ભગોરાની પણ ધરપકડ કરી હતી.

પકડાયેલા બંને આરોપીઓ મૂળ રાજસ્થાનના છે અને અમદાવાદમાં છૂટક મજૂરી કરતા હતા. આરોપીઓની પૂછપરછમાં અત્યાર સુધીમાં કુલ સાત બાઈક ચોરી કર્યાં હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે આરોપીઓને સાથે લઈને જઈને ચોરી કરેલા બાઈક પાર્કિંગમાંથી કબ્જે કર્યા હતા. આરોપીઓએ તમામ સ્પોર્ટ્સ બાઈકની જ ચોરી કરી હતી. આરોપીઓ સાથે પપ્પુ નામનો આરોપીઓ પણ સંડોવાયેલો હતો, જે હાલમાં ફરાર છે. પોલીસે તેને પકડા તપાસ શરૂ કરી છે.

જીએસટી માટે કેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનનો પ્રારંભ કરાવતા નાણામંત્રીનું નિવેદન

પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સમાવવા સૂચનો મંગાવાયા છે, હવે નિર્ણય લેવાશે

હવે નોંધણી સંબંધી ગેરરીતિઓ અને બોગસ બિલિંગની પ્રવૃત્તિઓ ડામી શકાશે : મંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૫

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ અમદાવાદ ખાતેથી આધાર બેઈઝડ આઈડેન્ટિટી વેરીફિકેશન માટેની ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનનો આરંભ કરાવીને રાજયના જીએસટી સેવા કેન્દ્રો ખાતે ફેસ ઓથેન્ટિકેશનની અધાર બેઈઝડ આઈડેન્ટિટી વેરીફિકેશનની શરૂઆત કરાવી હતી. આ સમયે તેમણે પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સમાવવા અંગે મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું હતું કે આ અંગે સૂચનો મંત્રાલાય છે નિર્ણય આગામી સમયમાં લેવાયો અમદાવાદ ખાતે નાણામંત્રીએ ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, દેશનું અર્થતંત્ર અવિરત વિકાસ પામી રહ્યું છે. ગુજરાત આજે દેશના ગ્રોથ એન્જિન તરીકે સ્થાપિત થયું છે. દેશભરમાં ગુજરાત મોડલની નોંધ લેવાઈ રહી છે. જીએસટી કાયદાના અમલીકરણમાં અને તેને વધુને વધુ લોકોપયોગી બનાવવા માટે આપણે હંમેશા આગળ રહ્યા છીએ. રાજયના વેપારીઓએ પણ ખુબ જ સહજપણે આ નવા જીએસટી કાયદાઓને અપનાવ્યા છે. જેના લીધે રાજયમાં જીએસટી રિટર્ન અને જીએસટી રજિસ્ટ્રેશન બંનેમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ફેસ ઓથેન્ટિકેશનથી આધાર બેઈઝડ આઈડેન્ટિટી વેરીફિકેશન સેવા વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે આ સેવાની શરૂઆત થતા નવા નોંધણી નંબર મેળવવા ઈચ્છતા અરજદારોને જીએસટી સેવાક કેન્દ્રો ખાતે રૂબરૂ બોલાવીને તેઓના આધાર ઓથેન્ટિકેશન તેમજ તેમના દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવાઓની ખરાઈ કરીને નોંધણી નંબર આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા અધાર બેઈઝડ બાયોમેટ્રીક ઓથેન્ટિકેશનને પાઈલોટ બેઈઝ પર રોલ આઉટ કરવા માટે ગુજરાત રાજયની પસંદગી કરવામાં આવી હતી.

યુક્રેનના બોમ્બમારામાં બચી જનારને સુરતમાં ડમ્પરે કચડ્યો

યુક્રેનથી MBBS પૂરૂ કરી સુરત પરત ફર્યો અને અકસ્માતમાં મોત થયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

મોત ક્યારે કોને આંબી જાય તેનું કશું કહી ન શકાય. યુક્રેનમાં ચાલતા રશિયાના બોમ્બમારા વચ્ચે બચી ગયેલો વિદ્યાર્થી ત્યાં એમબીબીએસ પૂરું કરીને સુરત પરત ફર્યો હતો, પણ સુરતના બેફામ ચાલતા ડમ્પરે તેને ક્ચડી નાખ્યો હતો.

સુરતમાં વેડ રોડ અંબાજી ચોક વિસ્તારમાં યુક્રેનથી સ્મ્જી પૂર્ણ કરી આવેલા વિદ્યાર્થીને ડમ્પરચાલકે અડફેટે લઈ ક્ચડી નાખતા તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. બીજી તરફ પોલીસે ટ્રકચાલકની અટકાયત કરી ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ, મૂળ જૂનાગઢના વતની અને હાલ કતારગામ વિસ્તારમાં આવેલી સંત જલારામ સોસાયટીમાં જશુભાઈ નારીગ્રા પરિવાર સાથે રહે છે અને હાલ નિવૃત્ત જીવન વિતાવે છે. જશુભાઈને સંતાનમાં બે પુત્ર છે. જે પૈકી ૨૪ વર્ષીય વિવેક હાલ યુક્રેનથી MBBSનો અભ્યાસ પૂર્ણ કરીને સુરત પરત આવ્યો હતો.

વિવેક શુક્રવારે સવારે ટુ-વ્હીલર પર વેડ રોડથી નીકળી અંબાજી મંદિર પાસેથી પસાર થતો હતો, ત્યારે ડમ્પર બેફામ ચલાવી રહેલા ચાલકે ટુ-વ્હીલરને પાછળથી ટક્કર મારી હતી. જેને પગલે વિવેકને ગંભીર ઈજા પહોંચી હતી. તાત્કાલિક સારવાર માટે વિવેકને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેનું ગંભીર ઈજાને પગલે ટૂંકી સારવાર બાદ મોત થયું હતું. મૃતક વિવેકના ભાઈ તુષારે જણાવ્યું હતું કે, મારો ભાઈ થોડા દિવસ પહેલાં જ યુક્રેનથી MBBSનો અભ્યાસ પૂર્ણ કરી પરત ફર્યો હતો. હવે તે આગળની તૈયારી કરી રહ્યો હતો. દરમિયાન ગત શુક્રવારે લાઈબ્રેરીથી પરત આવી રહ્યો હતો. ત્યારે રસ્તામાં જ આ બનાવ બની ગયો હતો. વિવેકના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

વર્લ્ડ કપ વિનિંગ જર્સીમાં જોવા મળ્યો ક્રિકેટર

ઓપન બસમાં સવાર હાર્દિક પંડ્યાનું વડોદરામાં ભવ્ય સ્વાગત

મોટી સંખ્યામાં લોકો રસ્તાઓ પર એકઠા થયા હતા

વડોદરા, તા.૧૫

ભારતે ૨૯ જૂને T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૭ રનથી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. ટીમ ઈન્ડિયાના મોટાભાગના ખેલાડીઓ અત્યાર સુધીમાં પોતપોતાના ઘરે પરત ફર્યા હતા, પરંતુ હાર્દિક પંડ્યા હવે તેના શહેર વડોદરા પરત ફર્યો છે. જેમ ટીમ ઈન્ડિયાએ મરીન ડ્રાઈવ પર ખુલ્લી બસમાં બેસીને રોડ શો કર્યો હતો, તેવી જ રીતે હાર્દિકે વડોદરામાં ખુલ્લી બસમાં બેસીને હજારો ચાહકોની શુભેચ્છાઓ સ્વીકારી હતી.

હાર્દિક પંડ્યાનો આ રોડ શો માંડવીથી શરૂ થયો હતો અને લહેરીપુરા, સુરસાગર અને દાંડિયા બજાર થઈને નવલખી કમ્પાઉન્ડ ખાતે સમાપ્ત થયો હતો. હાર્દિક ટીમ ઈન્ડિયાની વર્લ્ડ કપ વિનિંગ જર્સીમાં જોવા મળ્યો હતો, જ્યારે તેની બસ પર 'પ્રાઈડ ઑફ વડોદરા' લખેલું હતું. ભારતીય ક્રિકેટરે લોકોની શુભેચ્છાઓ સ્વીકારી હતી. હજારો લોકો રસ્તાઓ પર એકઠા થયા હતા અને ઘણા લોકો હાથમાં ત્રિરંગો ઝંડો લહેરાવતા જોવા મળ્યા હતા.

લાંબા સમયથી માત્ર હાર્દિક પંડ્યા જ ખુલ્લી બસમાં સવાર થઈને લોકોનું અભિવાદન સ્વીકારતો જોવા મળ્યો હતો. પરંતુ થોડા સમય બાદ તેનો ભાઈ કૃણાલ પંડ્યા પણ બસમાં જોવા મળ્યો હતો. કૃણાલ બ્લેક ટી-શર્ટ અને બ્લેક પેન્ટના ગેટ-અપમાં જોવા મળ્યો હતો.

UAE ઈઝરાયેલમાં અરબો માટે કૃષિ ઈન્ફ્રા વધારવા માટે ૨૭ લાખ ડોલરનું રોકાણ કરશે

રોકાણ ઈઝરાયેલમાં અરબ સમુદાયોના વિકાસને ટેકો આપવા અને આર્થિક તકોને પ્રોત્સાહન આપવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે

(એજન્સી) તા.૧૫

યુનાઈટેડ અરબ અમીરાત (UA)ના કૃષિ અને ખાદ્ય સુરક્ષા મંત્રાલય ઈઝરાયેલમાં અરબ સમુદાયોમાં કૃષિ અને કૃષિ માળખાગત સુવિધાઓને વધારવા માટે ૧ કરોડ શેકેલ (૨૭ લાખ ડોલર)નું રોકાણ કરશે.

આ રોકાણ અરબ સમુદાયોના વિકાસને ટેકો આપવા અને આર્થિક તકોને પ્રોત્સાહન આપવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે.

આમાં કૃષિ રસ્તાઓનું રિનોવેશન સિંચાઈ પાઈપલાઈનનું બાંધકામ અને સમારકામ, કૃષિ કચરાના નિકાલ માટે સંપૂર્ણ ઉકેલો પશુધન ઈમારતોનું આયોજન અને અપગ્રેડેશન વગેરેનો સમાવેશ થાય છે.

આ રોકાણ યોજના ઈઝરાયેલના અરબ ક્ષેત્રના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે બહુ-વર્ષીય પહેલનો એક ભાગ છે. રોકાણનું આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ઈઝરાયેલ પણ તેના કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાથમિકતા આપી રહ્યું છે.

ગાઝામાં બોમ્બ ધડાકાની વચ્ચે બોક્સિંગ કોચ છોકરીઓને પ્રોત્સાહિત કરે છે

(એજન્સી) તા.૧૫

રોઈટર્સ અહેવાલ મુજબ ગાઝામાં ઈઝરાયેલી હુમલાએ તેની મોટાભાગની રમતગમતની સુવિધાઓ અને સાધનોનો નાશ કર્યો છે, પરંતુ તે બોક્સિંગ કોચ ઓસામા અયુબને પેલેસ્ટીની છોકરીઓને ટેન્ટ કેમ્પમાં તાલીમ આપવાનું બંધ કરી શક્યું નથી જે હવાઈ હુમલા અથવા તોપમારોથી રક્ષણ આપતું નથી. બોક્સિંગ ક્લબ કે જ્યાં છોકરીઓ એક સમયે મુક્કા મારવાનું શીખતી હતી, તેમની સહનશક્તિ બનાવતી હતી અને મિત્રો બનાવતી હતી તે તોડી પાડવામાં આવી છે. તંબુઓ વચ્ચેની ખુલ્લી હવામાં રેતાળ જગ્યામાં જ્યાં વિસ્થાપિત છોકરીઓ હવે પ્રેક્ટિસ કરે છે, ત્યાં કોઈ રક્ષણાત્મક સાધનો અથવા પંચ બેગ નથી, પરંતુ અયુબ કહે છે કે તાલીમે તેમને યુદ્ધના ભયને કાબુમાંથી મુક્ત કરવામાં મદદ કરી છે. તેમણે કહ્યું, તેઓ રસ્તા પર બહાર આવવા લાગ્યા. તેઓ રાત્રે બહાર જવા લાગ્યા. તેમનું વ્યક્તિત્વ વધુ મજબૂત બન્યું છે અને તેમના પરિવારોએ પણ નોંધ્યું છે કે તેઓ વધુ મજબૂત છે. તે બધું ઈમ્પ્રૂવાઈઝેશન વિશે છે. એક ખૂબ જ નાની છોકરી ખાલી હાથે મુક્કા મારે છે અને કાલ્પનિક રીતે મુઠ્ઠીઓથી બચવા માટે ડાબે અને જમણે ખસે છે. જમણે પંચ કરો, કોચ બૂમો પાડે છે અને પછી છોકરીઓને મુક્કો મારવા માટે મુઠ્ઠીઓ ઉંચી કરે છે. તેમણે કહ્યું, તેમની પાસે દૃઢ નિશ્ચય છે, તેમની પાસે સંતોષ છે, તેમની પાસે હિંમત છે. પહેલા તો તેઓ અમે જે યુદ્ધમાં જીવી રહ્યા છીએ તેનાથી ડરતા હતા, પરંતુ બોક્સિંગ દ્વારા તેમને ઘણો ફાયદો થયો છે. ગાઝામાં રમતનું મેદાન, ફૂટબોલ, ટેનિસ, કરાટે અને અન્ય રમતો ઉપલબ્ધ હતી, પરંતુ પછી આકાશમાંથી ભયંકર બોમ્બ પડવા લાગ્યા અને સમગ્ર વિસ્તારને તબાહ કરી દીધો. રમતગમત ફરી શરૂ કરવાના પ્રયાસો જોખમી રહે છે, પેલેસ્ટીની અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે એક ઈઝરાયેલી મિસાઈલ તંબુ કેમ્પમાં સોકર મેચને ફટકારી હતી, જેમાં ઓછામાં ઓછા ૨૯ લોકો માર્યા ગયા હતા. તેમ છતાં બોક્સરો વિદેશમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું સ્વપ્ન જુએ છે, ગાઝાથી દૂર, એક નાનો ગીચ વસ્તી ધરાવતો

વિસ્તાર કે જે હમાસે ૭ ઓક્ટોબરના રોજ ઈઝરાયેલ પર હુમલો કરીને યુદ્ધ શરૂ કર્યું તેના ઘણાં સમય પહેલા ગરીબી અને ઉચ્ચ બેરોજગારીથી પીડાય છે. બોક્સરોમાંથી એક બિલ્સન અયૂબે કહ્યું, મને આશા છે કે આ યુદ્ધનો અંત આવશે અને અમારો સંદેશ ગાઝાની છોકરીઓના નામે દરેક સુધી પહોંચશે. ટૂંક સમયમાં તે બનવાની શક્યતા ઓછી છે. યુનાઈટેડ સ્ટેટ્સ, ઈજિપ્ત અને કતાર દ્વારા મધ્યસ્થતાના મહિનાઓ ઈઝરાયેલ અને તેના કટ્ટર દુશ્મન વચ્ચે યુદ્ધવિરામને સુરક્ષિત કરવામાં નિષ્ફળ ગયા છે, હમાસને કાયમી યુદ્ધવિરામથી વાંધો નથી. અયૂબે કહ્યું, તેથી બોક્સરો પાસે પ્રેક્ટિસ ચાલુ રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી કારણ કે બંને પક્ષો એકબીજા પાસેથી છૂટની માંગ કરે છે અને સંઘર્ષ ચાલી રહેલ છે. અમારી પાસે કંઈ બચ્યું નથી, અમે વિસ્થાપિત છીએ. અમારા દાંતને બચાવવા માટે અમારી પાસે ક્લિપ્સ, ગ્લોવ્સ કંઈ નથી. તેણે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના તેના સ્વપ્નને જીવંત રાખવા માટે દરરોજ કંઈક કરવું પડશે. તેમણે કહ્યું, ટૂલ્સ ખૂબ જ સરળ છે, પરંતુ અમે આ રમતમાં ત્યાં સુધી રહેવા માંગીએ છીએ જ્યાં સુધી અમે અમારું સ્વપ્ન પ્રાપ્ત ન કરીએ અને યુદ્ધનો અંત ન કરીએ.

અલ-અક્સામાં પૂર આવ્યા પછી હિઝબુલ્લાહ-સંલગ્ન જૂથે ઈઝરાયેલ પર પ્રથમ ઓપરેશન શરૂ કર્યું

(એજન્સી) તા.૧૫

હિઝબુલ્લાહ સાથે જોડાયેલા અર્ધલશ્કરી જૂથ, લેબેનીઝ રેઝિસ્ટન્સ બ્રિગેડે ગઈકાલે દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયેલ વિરુદ્ધ લશ્કરી કાર્યવાહીની જવાબદારી સ્વીકારી હતી. ગયા વર્ષે અલ-અક્સા પૂરની શરૂઆત પછી આ જાહેરાત જૂથની પ્રથમ ઘોષણા છે. ૧૯૯૭માં હિઝબુલ્લાહ દ્વારા સ્થપાયેલ બ્રિગેડમાં વિવિધ લેબેનીઝ સંપ્રદાયોના સ્વયંસેવક લડવૈયાઓનો સમાવેશ થાય છે. તેઓએ કબજા હેઠળના લેબેનીઝ શેબા ફાર્મ્સમાં ઈઝરાયેલી 'કબજે કરેલ અલ-કર્ન' સાઈટ પર રોકેટ લોન્ચ કરવાની જાણકારી આપી હતી અને 'સીધો હુમલો' કર્યો હતો. ગાઝા પર યુદ્ધ શરૂ થયું ત્યારથી હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ લગભગ દરરોજ સામ-સામે ગોળીબાર કરી રહ્યા છે. હમાસને ટેકો આપતા હિઝબુલ્લાહે ગાઝા યુદ્ધવિરામ સાથે જ હુમલાઓ બંધ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. હિઝબુલ્લાહ અને લેબેનીઝ સરકારે હિઝબુલ્લાહ સૈન્યના સરહદી વિસ્તારને ખાલી કરવાની કબજે કરેલ રાજ્યની માંગને નકારી કાઢી હતી. નબીહ બેરીના સંસદીય જૂથે ગાઝા સામે ઈઝરાયેલના હુમલાઓને સમાપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયત્નોના વખાણ કર્યા અને લેબેનોનમાં બફર ઝોનની સ્થાપનાનો વિરોધ કર્યો હતો. અહેવાલ મુજબ ઓક્ટોબરમાં લેબેનીઝ રેઝિસ્ટન્સ બ્રિગેડે તેના બે લડવૈયાઓ, અલી કમાલ અબ્દેલ અલ 'જેહાદ' અને હુસૈન હસન અબ્દેલ અલ 'બિલાલ'ને દક્ષિણ

લેબેનોનના હેલ્તા શહેરમાંથી ગુમાવ્યા હતા, જેઓ તેમની રાષ્ટ્રીય ફરજ નિભાવતી વખતે શહીદ થયા હતા. તાજેતરમાં ઈઝરાયેલી ગોળીબાર દ્વારા લેબેનીઝ આર્મી વાહનને ટક્કર મારવા સાથે ક્રોસ બોર્ડર હુમલાઓ ચાલુ થયા છે. ઈઝરાયેલી કર્મીઓ કોઈ નુકસાન વિના નાસી છૂટ્યા હતા. બ્રિગેડ્સે ઈઝરાયેલના કબજાનો પ્રતિકાર કરવા અને લેબેનીઝ પ્રદેશોને મુક્ત કરવાના તેમના મિશનની પુષ્ટિ કરી છે.

પેલેસ્ટીન વોટર ઓથોરિટીએ ઉત્તર ગાઝા માટે મુખ્ય સપ્લાય લાઈનનું સમારકામ કર્યું

(એજન્સી) તા.૧૫

એક અધિકારીએ ગઈકાલે જાહેરાત કરી હતી, પેલેસ્ટીની વોટર ઓથોરિટીએ ઉત્તરી ગાઝાને પાણી પુરવઠાની મુખ્ય લાઈનનું સમારકામ કર્યું છે. જૂન મહિનામાં બીજી વખત ઈઝરાયેલી કબજાની સેના દ્વારા પાઈપલાઈનનો નાશ કરવામાં આવ્યો હતો. ઓથોરિટીના વડા મઝેન ઘોનીમે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે ગાઝા શહેરમાં લગભગ ૬૦ ટકા ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં સપ્લાય કરે છે તે જોતાં તે શક્ય તેટલી ઝડપથી લાઈનને સુધારવા માટે આતુર છે. ઘોનીમે ઉમેર્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં અને જોખમી સુરક્ષા પરિસ્થિતિઓના પ્રકાશમાં સતત પ્રયત્નો સાથે, સત્તાધિકારીની રિપેર ટીમોએ લાઈન પર આવશ્યક જાળવણી અને સમારકામ ચાલુ રાખ્યું છે. ક્ષતિગ્રસ્ત ભાગો સ્થિત અને ઓળખવામાં આવ્યા હતા અને સ્થાનિક સમુદાયોને પાણી પૂરું પાડી શકાય તેની ખાતરી કરવા માટે પમ્પિંગ કામગીરીનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત ઉત્તરી ગાઝા પટ્ટીમાં અભૂતપૂર્વ સંજોગો હોવા છતાં ઘોનીમે સમજાવ્યું, સત્તા એપ્રિલમાં અલ-મિન્ટાર લાઈનને સુધારવામાં સક્ષમ હતી. જો કે, ઈઝરાયેલી કબજાની સેનાએ ફરીથી લાઈનને નિશાન બનાવ્યું અને બે અઠવાડિયા પહેલાં શુજયા વિસ્તાર પર તેમના હુમલા દરમિયાન તેનો મોટો ભાગ નષ્ટ કર્યો, તેથી છેલ્લા કેટલાક દિવસોમાં નવુ સમારકામ

હાથ ધરવામાં આવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જળ સત્તામંડળ પાણીની તમામ લાઈનો પર ઝીણવટપૂર્વક દેખરેખ રાખે છે તેની ખાતરી કરવા માટે કે ત્યાં કોઈ ખામી સર્જાય નહીં અને સતત બોમ્બ ધડાકા અને ઓછી ક્ષમતાઓ હોવા છતાં શક્ય તેટલા લોકોને પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવાના પ્રયાસો ચાલુ રાખે છે.

ગાઝા નરસંહાર દરમિયાન અરબ રાષ્ટ્રો અને ઈઝરાયેલ વચ્ચે વેપારમાં અનેકગણો વધારો

(એજન્સી) તા.૧૫

ઈઝરાયેલના ડેટા મુજબ એવું જાહેર કર્યું છે કે ગાઝામાં ચાલી રહેલા નરસંહાર દરમિયાન પાંચ આરબ દેશોએ ઈઝરાયેલ સાથે તેમનો વેપાર વધાર્યો છે, જેમાં કેટલાકે તેમના વેપારનું પ્રમાણ યુદ્ધ પહેલાની તુલનામાં બમણું કર્યું છે, જે કુલ $૨૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. ઈઝરાયેલી આરબ નિકાસ પરના ડેટા અનુસાર, યુદ્ધ દરમિયાન કુલ આરબ નિકાસમાં UAEનો હિસ્સો ૮૧.૪% હતો, ત્યારબાદ ઈજિપ્ત, જોર્ડન, મોરોક્કો અને બહેરીનનો નંબર આવે છે.

અધિકૃત ઈઝરાયેલ ડેટા સૂચવે છે કે ઓક્ટોબર ૨૦૨૩ (ગાઝા પર યુદ્ધની શરૂઆત)થી મે ૨૦૨૪ના અંત સુધી, આ પાંચ આરબ દેશોમાંથી વ્યવસાયિક સંસ્થાને કુલ નિકાસ $૨૦૧.૭ કરોડની હતી. યુદ્ધ દરમિયાન આ આરબ દેશો અને તેલ અવીવ વચ્ચે નિકાસ અને આયાતનું સંયુક્ત મૂલ્ય $૨૮૪.૧ કરોડ સુધી પહોંચ્યું હતું.

UAE ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયેલ સાથે તેના વેપાર સંબંધો વધારવામાં અગ્રણી આરબ દેશ છે. ગાઝા પર યુદ્ધની શરૂઆત સાથે વ્યવસાય માટે UAEની નિકાસમાં સતત વધારો દર્શાવે છે, જે જાન્યુઆરી ૨૦૨૪માં $ ૨૫.૨૦ કરોડ અને એપ્રિલ ૨૦૨૪માં $ ૨૪.૯૬ કરોડ છે. ગાઝા યુદ્ધ દરમિયાન વેપારના જથ્થાના સંદર્ભમાં આરબ દેશોમાં ઈજિપ્ત બીજા ક્રમે છે. અધિકૃત ઈઝરાયેલ ડેટા દર્શાવે છે કે ઈજિપ્તે યુદ્ધ દરમિયાન તેના આર્થિક વ્યવહારમાં અગાઉની સરખામણીમાં વધારો કર્યો હતો. ગાઝા યુદ્ધ શરૂ થયા પછી ઈજિપ્તે તેની નિકાસ બમણી કરી છે. ઓક્ટોબર ૨૦૨૩થી મે ૩૧, ૨૦૨૪ સુધી આ નિકાસ $૧૨.૦૨ કરોડ સુધી પહોંચી છે.

ગાઝા પર યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈજિપ્તે ઈઝરાયેલથી તેની આયાતમાં ૨૯૦% વધારો કર્યો છે, યુદ્ધ દરમિયાન કુલ આયાત $૨૭.૧૫ કરોડ હતી, જે ૨૦૨૨ અને ૨૦૨૩ના સમાન મહિના દરમિયાન $૬.૯૬ કરોડની હતી. જોર્ડને પણ ગાઝા યુદ્ધ દરમિયાન તેની આયાતમાં પણ વધારો કર્યો હતો, જે નિકાસ અને આયાતની દ્રષ્ટિએ આરબ દેશોમાં ત્રીજા ક્રમે છે.

ઈઝરાયેલી ડેટા દર્શાવે છે કે યુદ્ધના મહિનાઓ દરમિયાન જોર્ડનની આયાત ૩૫.૩% વધીને $૬૭૮ કરોડ સુધી પહોંચી, ૨૦૨૨ અને ૨૦૨૩માં સમાન સમયગાળા દરમિયાન $૫.૦૧ કરોડ હતી. ઈઝરાયેલના કૃષિ મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે જોર્ડને ગાઝા યુદ્ધની શરૂઆતથી જુલાઈ ૨૦૨૪ની શરૂઆત સુધી ઈઝરાયેલના પ્રદેશોમાં ૪૩,૭૪૫ ટન શાકભાજીની નિકાસ કરી હતી.

ઈઝરાયેલી ડેટા અનુસાર, યુદ્ધ દરમિયાન મોરોક્કોની આયાત ૧૪૪% બમણી થી છે. ઓક્ટોબર ૨૦૨૩થી મે ૨૦૨૪ સુધીમાં, મોરોક્કોમાં ઈઝરાયેલની આયાત કુલ $૧૦.૯૫ કરોડ હતી, જે ૨૦૨૨ અને ૨૦૨૩ના સમાન સમયગાળા દરમિયાન $૪.૪૮ કરોડ હતી જે ૧૪૪% વધારે છે.

ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયેલ સાથે વેપારના જથ્થામાં બહેરીન છેલ્લા ક્રમે હોવા છતાં, સત્તાવાર ડેટા દર્શાવે છે કે યુદ્ધ દરમિયાન બહેરીને તેની નિકાસમાં છ ગણો વધારો કર્યો હતો અને ૨૦૨૨ અને ૨૦૨૩ના સમાન સમયગાળાની તુલનામાં તેની આયાતમાં ૧૩ ગણો વધારો કર્યો હતો. બહેરીને યુદ્ધની શરૂઆતથી મે ૨૦૨૪ના અંત સુધી $૫.૩૨ કરોડની નિકાસ કરી, જે ૨૦૨૨ અને ૨૦૨૩માં સમાન મહિનામાં $૭૭ લાખ હતી જે ૫૯૦%નો વધારો છે. આયાતની દ્રષ્ટિએ, બહેરીને યુદ્ધ દરમિયાન $૨૬ લાખની આયાત કરી હતી, જે ૨૦૨૨ અને ૨૦૨૩માં સમાન મહિનાઓ દરમિયાન $૨,૦૦,૦૦૦થી વધુ હતી.

UAE, બહેરિન અને મોરોક્કો, જેમણે ૨૦૨૦ના ઉત્તરાર્ધમાં ઈઝરાયેલ સાથે સામાન્યકરણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ઈઝરાયેલી સેન્ટ્રલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સના તાજેતરના અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે ૨૦૨૪માં આ ત્રણ આરબ દેશોમાંથી નિકાસ અગાઉના વર્ષની સરખામણીમાં બમણી થઈ છે. અહેવાલ દર્શાવે છે કે મે ૨૦૨૪માં ઈજિપ્તની નિકાસ $૨.૫ કરોડ સુધી પહોંચી હતી, જે ૨૦૨૩માં સમાન સમયગાળાની નિકાસ કરતાં બમણી છે.

આ સમયગાળા દરમિયાન ઉર્જા અને સુરક્ષા સહયોગ વધવા સાથે ગાઝા યુદ્ધ અને રફાહ સાથેની સરહદ પરના તણાવ પછી બંને દેશો વચ્ચેના તણાવ છતાં ઈજિપ્તમાં ઈઝરાયેલી કુદરતી ગેસની નિકાસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

તેનાથી વિપરિત, ગાઝા યુદ્ધને કારણે તુર્કીના વેપાર મંત્રાલય દ્વારા તેલ અવીવમાં નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધો વચ્ચે ૨૦૨૪માં તુર્કીની નિકાસમાં અડધાથી વધુનો ઘટાડો થયો હતો. મે ૨૦૨૩માં, તુર્કીની નિકાસ $૩૭.૬૬ મિલિયન હતી, પરંતુ મે ૨૦૨૪માં તે ઘટીને $૧૧.૬૮ મિલિયન થઈ ગઈ છે.

ઓક્ટોબર ૭, ૨૦૨૩થી ઈઝરાયેલે ગાઝા પર વિનાશક યુદ્ધ શરૂ કર્યું છે, પરિણામે ઓછામાં ઓછા ૧,૨૬,૦૦૦ પેલેસ્ટીની શહીદ અને ઘાયલ થયા છે, જેમાં મોટા ભાગના બાળકો અને સ્ત્રીઓ છે, વિનાશ અને દુષ્કાળ વચ્ચે ૧૦,૦૦૦થી વધુ લોકો ગુમ થયા છે.

અલ્જિરિયાએ યુદ્ધગ્રસ્ત ગાઝા સાથે એકતા દર્શાવવા તમામ મુખ્ય કલા ઉત્સવો સ્થગિત કર્યા

(એજન્સી) તા.૧૫

એનાદોલુ એજન્સીના અહેવાલ મુજબ અલ્જિરિયાના સંસ્કૃતિ મંત્રાલયે શુક્રવારના રોજ જાહેરાત કરી હતી કે તે ગાઝા પટ્ટી, જે ઓક્ટોબરથી વિનાશક ઈઝરાયેલના આક્રમણ હેઠળ છે તેની સાથે એકતામાં આ ઉનાળામાં તમામ મુખ્ય કલા ઉત્સવોને સ્થગિત કરી રહ્યું છે. સાંસ્કૃતિક મંત્રી સોરયા મૌલોદજી દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મંત્રાલય તેના બદલે પેલેસ્ટીનીઓ સાથે દેશની એકતા વ્યક્ત કરતી પ્રવૃત્તિઓને વધુ તીવ્ર બનાવશે. મૌલોદજીએ જણાવ્યું હતું કે, આ નિર્ણય પેલેસ્ટીની મુદ્દા અને ઝિઓનિસ્ટ ક્રૂરતા સામે તેના બહાદુર કાયદેસર સંઘર્ષ તરફ અલ્જિરિયાની સહાયક નિશ્ચિત સ્થિતિથી આવ્યો છે. મંત્રાલય દર ઉનાળામાં ઘણાં મોટા કલા ઉત્સવોનું આયોજન કરે છે જેમાં પૂર્વી

અલ્જિરિયામાં બટનામાં ટિમગાડ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક ઉત્સવ અને અલ્જિયર્સની રાજધાનીમાં કાઝીફ ઈન્ટરનેશનલ ફેસ્ટિવલનો સમાવેશ થાય છે.

અમેરિકી સેનેટના સભ્ય બર્ની સેન્ડર્સે અમેરિકાની ચૂંટણીના 'નાટકો' વચ્ચે ગાઝાની કટોકટી તરફ ધ્યાન દોર્યું

(એજન્સી) તા.૧૫

સેનેટર બર્ની સેન્ડર્સે અમેરિકાની જનતાને વિનંતી કરી હતી અને કહ્યું કે, અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી પર મીડિયાના અહેવાલો વચ્ચે ગાઝામાં બગડતી માનવતાવાદી કટોકટીની દ્રષ્ટિ ગુમાવશો નહીં. એનાદોલુ એજન્સીના અહેવાલ મુજબ સેન્ડર્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'જ્યારે મોટાભાગનું મીડિયા અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના નાટક પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે ગાઝામાં શું થઈ રહ્યું છે તેની આપણે દ્રષ્ટિ ગુમાવવી જોઈએ નહીં, ગાઝામાં અભૂતપૂર્વ માનવતાવાદી કટોકટીની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે.' ઈઝરાયેલે પેલેસ્ટીનીઓ સામે ભયાનક યુદ્ધ શરૂ કર્યું હતું અને તેમને લોકોને આડેધડ નિશાન બનાવ્યા હોવાનું જણાવતા સેન્ડર્સે કહ્યું હતું કે, 'વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની આગેવાની હેઠળની ઈઝરાયેલી સરકારે આંતરરાષ્ટ્રીય કાયદાની અવગણના કરી છે અને ગાઝામાં જીવન જીવવાલાયક રાખ્યું નથી. તેથી જ નેતાન્યાહુને તેમની ક્રિયાઓ માટે આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ દ્વારા સંભવિત આરોપનો સામનો કરવો પડી રહ્યો છે.' સ્વતંત્ર સેનેટરે એમ પણ કહ્યું હતું કે, ગાઝામાં યુદ્ધને ટેકો આપવા માટે અમેરિકાએ અબજો ડોલર અને હજારો બોમ્બ અને અન્ય શસ્ત્રો પ્રદાન કરવાનું ચાલુ રાખે છે. સેન્ડર્સે કહ્યું, 'અમે અમેરિકીઓ તરીકે આ નરસંહારમાં સહભાગી છીએ.' તેમણે 'નેતાન્યાહુના યુદ્ધ' માટે યુએસ સમર્થનને સમાપ્ત કરવાની હાકલ કરી હતી. તેમણે કહ્યું, 'હું ઈઝરાયેલમાં વધુ શસ્ત્રો પ્રદાન કરતાં રોકવા માટે શક્ય તેટલું બધું કરવાનો ઈરાદો રાખું છું, જેમાં કોઈપણ શસ્ત્રોના વેચાણને અસ્વીકાર કરવાના સંયુક્ત ઠરાવોનો સમાવેશ થાય છે. અમેરિકાએ જમણેરી ઉગ્રવાદી અને યુદ્ધ

ગુનેગારને આ અત્યાચાર ચાલુ રાખવા માટે મદદ કરવી જોઈએ નહીં.' ઈઝરાયેલે, યુએન સુરક્ષા પરિષદના તાત્કાલિક યુદ્ધવિરામની માગણી કરતા ઠરાવનો ઉલ્લઘંન કરીને ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજથી કરેલ સતત ક્રૂર હુમલા વચ્ચે આંતરરાષ્ટ્રીય નિંદાનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ત્યારથી ૩૮,૩૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને લગભગ ૮૮,૩૦૦ અન્ય ઘાયલ થયા છે. ઈઝરાયેલી યુદ્ધમાં નવ મહિના સમયમાં ગાઝાનો વિશાળ વિસ્તાર ખોરાક, સ્વચ્છ પાણી અને દવાના અપંગ નાકાબંધી વચ્ચે ખંડેરમાં પડેલો છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ..... ગુજરાત ટુડે

કેજરીવાલ માટે જામીન અને જેલનું ચક્ર

જ્યારે કોઈને કોર્ટમાંથી જામીન મળે છે, ત્યારે તે જામીન પર બહાર હોવાનું કહેવાય છે. પરંતુ ગત શુક્રવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળેલા વચગાળાના જામીન અંગે એવું કહી શકાય નહીં. અલબત્ત, સુપ્રીમ કોર્ટે તેમને દિલ્હી લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જામીન આપી દીધા છે, પરંતુ માત્ર આનાથી તેમને જેલમાંથી મુક્તિ મળશે નહીં.

થોડા અઠવાડિયા પહેલા, તેમને આ જ કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા, જો કે, પછી હાઈકોર્ટે તેના પર સ્ટે મૂક્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે 'ઈડી' માટે એ સ્પષ્ટ થઈ ગયું હતું કે આ કેસમાં કેજરીવાલને લાંબા સમય સુધી જેલમાં રાખવાનું શક્ય નથી. તે જ સમયે, અન્ય તપાસ એજન્સી 'સીબીઆઈ' આગળ આવી અને અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ દિલ્હીની એક્સાઈઝ નીતિને લઈને કેસ નોંધ્યો અને તેમને ઔપચારિક રીતે કસ્ટડીમાં લીધા હતા.

બાદમાં આ કેસમાં પણ તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા અને આ સાથે એ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે જો દિલ્હીના મુખ્યમંત્રી એક કેસમાં જામીન મેળવવામાં સફળ થાય છે તો અન્ય કેસ તેમને જેલની બહાર જતા અટકાવશે. શુક્રવારે આવું જ થયું હતું અને જામીનના સમાચારથી તેમને કોઈ રાહત મળી નથી. એ વાત સાચી છે કે આ મુદ્દાઓ પર ચાલી રહેલા રાજકારણમાં આમ આદમી પાર્ટીને પોતાની આક્રમકતા બતાવવાનો વધુ એક મોકો મળ્યો છે. શુક્રવારના રોજ સુપ્રીમ કોર્ટમાં આ એક માત્ર વાત ન હતી. અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીને જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે મોટી બેંચ સમક્ષ મોકલી હતી. આ અરજીમાં મુખ્યમંત્રી કેજરીવાલે તેમની ધરપકડને પડકારી હતી અને તેને ગેરકાયદે ગણાવી હતી. જ્યારે મોટી બેંચ આ અરજી પર વિચાર કરશે ત્યારે કેજરીવાલ જામીન પર રહેશે. દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી હટાવવાના સવાલ પર કોર્ટે કહ્યું કે અમને શંકા છે કે કોર્ટ કોઈ ચૂંટાયેલા નેતાને પદ પરથી હટાવવાનો નિર્દેશ આપી શકે છે કે નહીં.

જસ્ટિસ ખન્નાએ કહ્યું કે અમે આ નિર્ણય સંપૂર્ણપણે અરવિંદ કેજરીવાલ પર છોડીએ છીએ. આ પહેલા પણ સામાન્ય ચૂંટણી દરમિયાન અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન મળ્યા હતા, જે દિલ્હીમાં મતદાન પૂરા થતાની સાથે જ સમાપ્ત થઈ ગયા હતા. કેજરીવાલ ત્યારે જામીન પર છૂટ્યા બાદ બહાર આવ્યા હતા અને દેશભરમાં પ્રચાર પણ કર્યો હતો, પરંતુ આ વખતે જામીન મળ્યા બાદ પણ તેઓ જેલમાં જ રહેશે.

સુપ્રીમ કોર્ટે ઘણીવાર સ્પષ્ટ કર્યું છે કે નિયમ પ્રમાણે દરેકને જામીન મળવા જોઈએ, માત્ર અપવાદરૂપ કેસોમાં જ કોઈને જેલમાં રાખવામાં આવે. આવા કયા કિસ્સાઓ અપવાદ છે અને કયા નથી તે બાબત હંમેશા વિવાદાસ્પદ હોય છે. રાજકારણી સંડોવાયેલા હોય તેવા કિસ્સામાં આવા વિવાદો ખૂબ વધી જાય છે. એ વાત પણ સાચી છે કે દિલ્હી એક્સાઈઝ પોલિસી સાથે જોડાયેલા તમામ કેસો લાંબા સમયથી ચાલી રહ્યા છે અને ધરપકડ અને આરોપો સિવાય બીજી બાબતોમાં વધુ પ્રગતિ થતી દેખાતી નથી. કારણ કે આપણી ન્યાયિક પ્રક્રિયામાં ઘણો લાંબો સમય લાગે છે અને આ કેસોમાં રાજકીય યુદ્ધના કારણે આ એક એવી સમસ્યા થઈ ગઈ છે કે જેને પારદર્શિતા લાવવાથી જ ઉકેલી શકાય છે.

મોદીની સરકારે SC અને લૉ કમિશનને બાયપાસ કર્યું, નફરતી ભાષણ વિશે કોઈ સૂક્ષ્મ, મજબૂત દંડની કલમો નથી : BNS, ૨૦૨૩

મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે કાયદા પંચના ૨૬૭મા અહેવાલ અને વિકસતા ન્યાયશાસ્ત્ર (ભારતની સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ)ને અપ્રિય ભાષણ પરના કાયદાને મજબૂત કરવાના નિર્ણાયક સૂચનોની અવગણના કેમ કરી?

ચર્ચાની એરણે

ભાગ-૨

અપ્રિય ભાષણને રોકવા માટે પ્રસ્તાવિત નવી જોગવાઈઓ:

તેના ૨૬૭મા અહેવાલ સાથે, કાયદા પંચે આઈપીસીમાં માત્ર નવી જોગવાઈઓ સામેલ કરવાની જરૂર નથી તેવું સૂચન કર્યું હતું, પરંતુ દંડના કાયદામાં સુધારાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, એક ડ્રાફ્ટ સુધારા બિલ, એટલે કે, ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૭ દાખલ કરવાનું સૂચન કર્યું હતું. નવી કલમ ૧૫૩C (દ્વેષ માટે ઉશ્કેરણી પર પ્રતિબંધ) અને કલમ ૫૦૫A (ચોક્કસ કિસ્સાઓમાં ભય, એલાર્મ અથવા હિંસા ઉશ્કેરવું), ઉમેરવાની જરૂર છે.

IPCમાં સૂચિત વિભાગોઃ

પ્રકરણ II - વિભાગ ૧૫૩B પછી નવા વિભાગનો સમાવેશ.-

ભારતીય દંડ સંહિતા, (૧૮૬૦નો ૪૫) (ત્યારબાદ પીનલ કોડ તરીકે ઓળખવામાં આવે છે), કલમ ૧૫૩B પછી, નીચેનો વિભાગ દાખલ કરવામાં આવશે, એટલે કેઃ –

તિરસ્કાર માટે ઉશ્કેરણી પર પ્રતિબંધ - "૧૫૩ C. ધર્મ, જાતિ, જૂથ અથવા સમુદાય, લિંગ, લિંગ ઓળખ, જાતીય અભિગમ, જન્મ સ્થળ, રહેઠાણ, ભાષા, અપંગતા અથવા આદિજાતિના આધારે –

(a) ગંભીર ધમકીભર્યા શબ્દોનો ઉપયોગ કરે છે જે બોલવામાં અથવા લખવામાં આવે છે, ચિહ્નો, વ્યક્તિની સુનાવણી અથવા દૃષ્ટિની અંદર દૃશ્યમાન રજૂઆતો, ભય અથવા ભય પેદા કરવાના હેતુથી; અથવા

(b) બોલેલા અથવા લખેલા શબ્દો, ચિહ્નો, દૃશ્યમાન રજૂઆતો દ્વારા નફરતની હિમાયત કરે છે, જે હિંસા માટે ઉશ્કેરણીનું કારણ બને છે તે બે વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની જેલની સજાને પાત્ર છે અને રૂા.૫૦૦૦ સુધીનો દંડ અથવા બંને સાથે શિક્ષાને પાત્ર છે."

કલમ ૫૦૫ પછી નવો વિભાગ દાખલ કરવો.-

દંડ સંહિતામાં, કલમ ૫૦૫ પછી, નીચેની કલમ દાખલ કરવામાં આવશે, એટલે કેઃ - અમુક કિસ્સાઓમાં ભય, એલાર્મ અથવા હિંસા ઉશ્કેરવી.

"૫૦૫ A. જે કોઈ પણ જાહેરમાં ઈરાદાપૂર્વક ધર્મ, જાતિ, જાતિ અથવા સમુદાયના આધારે, જાતિ, લિંગ, જાતીય અભિગમ, જન્મ સ્થળ, રહેઠાણ, ભાષા, અપંગતા અથવા આદિજાતિ –

શબ્દોનો ઉપયોગ કરે છે, અથવા કોઈપણ લેખન, ચિહ્ન અથવા અન્ય દૃશ્યમાન પ્રતિનિધિત્વ દર્શાવે છે જે ગંભીર રીતે ધમકી આપતું હોય, અથવા અપમાનજનક હોય;

(i) વ્યક્તિની સુનાવણી અથવા દૃષ્ટિની અંદર, ભય અથવા એલાર્મનું કારણ બને છે, અથવા;

(ii) ગેરકાનૂની હિંસાના ઉપયોગને ઉશ્કેરવાના ઉદ્દેશ્ય સાથે, તે વ્યક્તિ અથવા અન્ય વિરુદ્ધ, એક વર્ષ સુધીની કેદ અને/અથવા રૂા. ૫૦૦૦ સુધીનો દંડ અથવા બંનેની સજા કરવામાં આવશે.

અપ્રિય ભાષણ પર સુપ્રીમ કોર્ટની ચિંતાઃ

પ્રાસંગિક રીતે, સુપ્રીમ કોર્ટે વિવિધ પ્રસંગોએ, ખાસ કરીને ૨૦૨૨થી, સરકારને ઈલેક્ટ્રોનિક અને અન્ય મીડિયા સહિત જાહેર પ્રવચનમાં દ્વેષપૂર્ણ ભાષણની ઘટનાઓને રોકવા અને અટકાવવા જણાવ્યું છે. આ ઘટનાને રોકવા માટે હાલનું કાનૂની માળખું પર્યાપ્ત ન હોવાથી, સર્વોચ્ચ અદાલતે, ભારતીય ફોજદારી કાયદામાં દ્વેષપૂર્ણ ભાષણના ગુનાની ગેરહાજરી વિશે વારંવાર નિર્દેશો જારી કર્યા છે. જો કે, ભારતીય દંડ કાયદામાં હેટ સ્પીચ શબ્દને ખુલ્લી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી, તેમ છતાં, ભારતની બંધારણીય અદાલતોએ આ ઘટના, દ્વેષપૂર્ણ ભાષણના ઘટકો, ઘોંઘાટ અને ભેદ વિશે ચર્ચા કરી છે.

ઓક્ટોબર ૨૦૨૨માં, પત્રકાર શાહીન અબ્દુલ્લાની અરજી પર સુનાવણી કરતી વખતે, ન્યાયમૂર્તિ કેએમ જોસેફે સરકારને ફટકાર લગાવી હતી કે "સરકાર શા માટે મૂકપ્રેક્ષક બની રહી છે" અને તેમને મીડિયા અને અપ્રિય ભાષણને નિયંત્રિત કરતો કાયદો લાવવા કહ્યું હતું. શાહીન અબ્દુલ્લા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ ઓ.આર.એસ. (રિટ પિટિશન (C) નંબર ૯૪૦ ઓફ ૨૦૨૨) કેસમાં, જસ્ટિસ કેએમ જોસેફ અને જસ્ટિસ હૃષિકેશ રોયની ડિવિઝન બેંચે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને દિલ્હી સરકારોને ઔપચારિક ફરિયાદોની રાહ જોયા વિના ગુનેગારના ધર્મને ધ્યાનમાં લીધા વિના દ્વેષપૂર્ણ ભાષણના ગુનાઓ સામે સુઓ-મોટો પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો..

શાહીન અબ્દુલ્લા (સુપ્રા)માં સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશો ઉત્તર પ્રદેશ, દિલ્હી અને ઉત્તરાખંડ પૂરતા મર્યાદિત હતા.

૨૮ એપ્રિલ, ૨૦૨૩ના રોજ, અશ્વિનીકુમાર ઉપાધ્યાય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (ડબ્લ્યુ.પી. (C) ૨૦૨૧ના નંબર ૯૪૩), તેના ૨૦૨૨ના આદેશને લંબાવ્યો અને તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને ધર્મને ધ્યાનમાં લીધા વિના દ્વેષપૂર્ણ ભાષણ સામે સુઓ મોટો એફઆઈઆર નોંધવા નિર્દેશ આપ્યો. કોર્ટે ઉમેર્યું હતું કે જ્યારે કોઈપણ ભાષણ અથવા કોઈપણ કાર્યવાહી થાય છે જે આઈપીસીની કલમ ૧૫૩A, ૧૫૩B અને ૨૯૫A અને ૫૦૫ વગેરે જેવા ગુનાઓને આકર્ષિત કરે છે, ત્યારે કોઈ ફરિયાદ આવતી ન હોય તો પણ કેસ નોંધવા માટે સુઓમોટો પગલાં લેવામાં આવશે અને કાયદા અનુસાર અપરાધીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ, દ્વેષપૂર્ણ ભાષણની ઘટના સાથે સંકળાયેલી અરજીઓની બેચની સુનાવણી કરતી વખતે અને ટીવી ચેનલો જે રીતે કાર્ય કરી રહી છે તે અંગે ચિંતા વ્યક્ત કરતી વખતે, સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે "અપમાનજનક એન્કર્સને પ્રસારણમાંથી દૂર કરવા જોઈએ, મીડિયાએ વિભાજન ન કરવું જોઈએ."

વધુમાં, અમીશ દેવગન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૨૧) ૧ SCC ૧માં, સર્વોચ્ચ અદાલતે અપ્રિય ભાષણ પરના ભારતીય અને વિદેશી નિર્ણયોની વ્યાપક સમીક્ષા અને આ વિષય પરના કેટલાક શૈક્ષણિક લેખોની શરૂઆત કરી. એક ટેલિવિઝન પત્રકાર દેવગને તેમના દ્વારા યોજાયેલ કાર્યક્રમ દરમિયાન ઈસ્લામમાં સંતને "આક્રમણખોર, આતંકવાદી અને લૂંટારો કે જેઓ ભારતમાં તેની વસ્તીને ઈસ્લામમાં ફેરવવા આવ્યા હતા" તરીકે ઉલ્લેખ કરતા તેમના નિવેદનોના આધારે IPCની વિવિધ જોગવાઈઓ હેઠળ ફોજદારી આરોપોનો સામનો કરવો પડ્યો હતો. કોર્ટે તેમની સામેના ફોજદારી કેસોને રદ કરવાનો ઈનકાર કર્યો હતો, જેણે દેવગન દ્વારા દાવો કરવામાં આવ્યો હતો તેમ આકસ્મિક રીતે અથવા ભૂલથી કરવામાં આવે તો પણ અપ્રિય ભાષણને માન્યતા આપવા માટે હાલના ફોજદારી કાયદાની પર્યાપ્તિતાને સમર્થન આપ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું કે દ્વેષપૂર્ણ ભાષણમાં ત્રણ ઘટકો છે - સામગ્રી, ઉદ્દેશ્ય અને નુકસાન અથવા અસર - અને તે કે ભાષણની સામગ્રીને ઉશ્કેરવા અથવા નુકસાન પહોંચાડવાના વક્તાના ઉદ્દેશ્ય સાથે જોડાયેલી હોવી જોઈએ. કૌશલ કિશોર વિ. સ્ટેટ ઓફ અપ એન્ડ અદર્સ (૨૦૨૩) ૪ SCC ૧ના કિસ્સામાં, સ્પષ્ટ કર્યું કે ભારતના દરેક નાગરિકે સભાનપણે ભાષણમાં સંયમ રાખવો જોઈએ, અને કલમ ૧૯(૧)(૧) હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો ઉપયોગ કરવો જોઈએ) માત્ર એ અર્થમાં કે બંધારણના ઘડવૈયાઓ દ્વારા તેનો ઉપયોગ કરવાનો ઈરાદો હતો. આ કલમ ૧૯(૧)(a)ની સાચી સામગ્રી છે જે નાગરિકોને અવિચારી, અપમાનજનક, ગેરવાજબી એવા નિવેદનો ઉચ્ચારવાની નિરંકુશ સ્વતંત્રતા આપતી નથી, જેનો કોઈ ઉદ્દેશ્ય નથી અને જે કોઈપણ રીતે વિચારોના સંચાર સમાન નથી. કલમ 19(1)(a) બહુપક્ષીય અધિકાર ધરાવે છે, જે રાજ્ય દ્વારા દખલગીરીથી વાણી અને અભિવ્યક્તિની વિવિધ પ્રજાતિઓનું રક્ષણ કરે છે.

જો કે, એ સ્પષ્ટ છે કે બહુલવાદી લોકશાહીમાં સ્વતંત્રતા વાણી અને અભિવ્યક્તિનો અધિકાર નાગરિક દ્વારા કરવામાં આવેલા નિવેદનોનું રક્ષણ કરતું નથી, જે સાથી નાગરિકની ગરિમા પર પ્રહાર કરે છે. બંધુત્વ અને સમાનતા આપણી બંધારણીય સંસ્કૃતિના પાયા પર છે અને જેના પર અધિકારોનું સુપરસ્ટ્રક્ચર બાંધવામાં આવ્યું છે, અને તે આવા અધિકારોને બીજાના અધિકારો પર હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાની મંજૂરી આપતા નથી. જો ભાષણ, વ્યક્તિઓ તરફથી અનુગામી રાજકીય, સામાજિક અથવા અન્ય કોઈપણ સત્તાના તેમના ઉચ્ચારણ દ્વારા સાથી નાગરિક અથવા હતાશ વર્ગના જીવનના ગૌરવ અને અધિકારને અસર કરે છે, તેના/તેમના માટે એવા સંજોગો બનાવવાની પણ સંભાવના છે કે જે બહિષ્કૃત હોય અથવા તેમને હિંસાનો શિકાર બનાવે. આ પણ અપ્રિય ભાષણમાં આવે છે.

તહેસીન પૂનાવાલા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ અદર્સ (૨૦૧૮) ૯ SCC ૫૦૧ના કેસમાં, ભારતની સર્વોચ્ચ અદાલતે દ્વેષપૂર્ણ ભાષણોની ઘટનાઓને ઓળખવા અને અટકાવવા માટે નિવારક, ઉપચારાત્મક અને શિક્ષાત્મક પગલાંની ચર્ચા કરી હતી. કોર્ટે વધુમાં નોંધ્યું છે કે ટોળાની સતર્કતા અને ટોળાની હિંસાને સરકારોએ કડક પગલાં લઈને અટકાવવી પડશે. ટોળાની હિંસાની ઘટનાઓ દ્વારા વ્યક્ત થતી વધતી અસહિષ્ણુતા અને વધતા ધ્રુવીકરણને સામાન્ય જીવનશૈલી અથવા દેશમાં કાયદો અને વ્યવસ્થાની સામાન્ય સ્થિતિ બનવાની મંજૂરી આપી શકાતી નથી. રાજ્યની એક પવિત્ર ફરજ છે કે તે તેના લોકોને અનિયંત્રિત તત્વો અને જાગ્રતતાના ગુનેગારોથી અત્યંત ઈમાનદારી સાથે રક્ષણ આપે.

નિષ્કર્ષ : તેમાં કોઈ શંકા નથી કે વિવિધ માન્યતાઓ અને આસ્થાના લોકો વચ્ચે ભારતની લાંબા સમયથી ચાલતી ધાર્મિક અને સાંસ્કૃતિક સંવાદિતા, રાજકારણીઓ દ્વારા કરવામાં આવેલા નફરત અને ઉશ્કેરણીજનક નિવેદનો અને ટોળાની હિંસા, લિંચિંગ, ઉત્પીડન વગેરેથી ચેપગ્રસ્ત અને અસરગ્રસ્ત છે. દ્વેષપૂર્ણ ભાષણ હવે પ્રસિદ્ધિ મેળવવાનું એક સાધન અને શોર્ટ કટ બની ગયું છે અને રાજકારણીઓ દ્વેષપૂર્ણ ભાષણોની ઘટનાઓને રોકવાને બદલે ખોટા કામ કરનારાઓને તેમના "દ્વેષપૂર્ણ પ્રચાર", "વિનાશક સંદેશાઓ" અને "પક્ષપાતી ભાષણો"ને અખંડિતતા અને રાષ્ટ્રની સંવાદિતાની કિંમતે મત બેંકની રાજનીતિ માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે.

આ તમામ સમૃદ્ધ ન્યાયશાસ્ત્રીય વિકાસને સરકાર અને સંસદ બંને દ્વારા ઈરાદાપૂર્વક અવગણવામાં આવ્યા છે જેણે ૨૦૨૩ BNS કાયદાઓ ઉતાવળમાં પસાર કર્યા છે. અગાઉના IPC અને CrPCની અપૂર્ણતાઓને સંબોધવાને બદલે, BNS ૨૦૨૩ પ્રચલિત કાયદાઓને વધુ પ્રતિકૂળ બનાવે છે અને પોલીસ સત્તાવાળાઓ વધુ શક્તિથી સજ્જ છે.

દ્વેષપૂર્ણ ભાષણના ક્ષેત્રમાં, BNS ૨૦૨૩ માત્ર કાયદાઓના સમૂહ તરીકે ઈચ્છતું નથી કે જે કાર્યવાહીને સુનિશ્ચિત કરશે પરંતુ વાસ્તવમાં એવા યુગમાં આશ્રય આપી શકે છે જે સંવેદનશીલ પીડિત સમુદાયોને વધુ લક્ષિત અને ગુનાહિત કરવામાં આવે તે માટે અનુકૂળ છે.

(સમાપ્ત) (સૌ. : સબરંગ ઈન્ડિયા.ઈન)

સાવરકુંડલામાં અતિ ગરીબ પરિવારોને ૫૦૦ તાડપત્રીનું વિનામૂલ્યે વિતરણ કરાયું

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના સબકા માલિક એક માનવસેવા ટ્રસ્ટ દ્વારા હાલ ચોમાસાના દિવસોમાં ગરીબ પરિવારોને મદદ કરવાના હેતુથી એક સરાહનીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસા દરમિયાન, ઘણા ગરીબ પરિવારો કાચા મકાનોમાં રહેતા હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા આ તાડપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું જેથી ગરીબ પરિવારો ચોમાસા દરમિયાન સુરક્ષિત રીતે રહી શકે. આ કાર્યક્રમમાં સંતો, મહંતો, મુજાવરો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે ગરીબ પરિવારોને તાડપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ટ્રસ્ટ દ્વારા ગરીબ પરિવારોને શાહી ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. તાડપત્રીના દાતા વહાબભાઈ આમદાણી અને ભોજન દાતા સુરેશભાઈ પાનસુરીયા, આ બંને દાતાઓનો પરોપકારી કાર્યો સમાજમાં ખુબ પ્રશંસા પામી રહ્યા છે. આવા ઉદારદાતાઓ સમાજ માટે પ્રેરણા સ્ત્રોત બની રહે છે અને જરૂરિયાતમંદોને મદદ કરીને સમાજને વધુ સારૂં બનાવવામાં મદદ મળી રહી છે. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ સબીરભાઈ મલેક (પીન્ટુ ભાઈ)અને ઉપપ્રમુખ ઈરફાનભાઈ ગોરીએ ગરીબ પરિવારોને મદદ કરવા માટે આગળ આવેલા દાતાઓનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ટ્રસ્ટ આગામી સમયમાં પણ ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

સુરત સિવિલ કેમ્પસમાં આવેલ

લાયન્સ કેન્સર ડિટેકશન સેન્ટરમાં ગરીબ દર્દીઓ માટે સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ કરવાનું આયોજન

સુરત, તા.૧૫

સુરત ખાતે ગરીબ કેન્સરના દર્દીઓની વિનામૂલ્યે/રાહત દરે તબીબી સારવાર માટે લાયન્સ કેન્સર ડીટેકશન સેન્ટર ટ્રસ્ટ સુરતએ જૂનામાં જૂની સંસ્થા છે. આ સંસ્થામાં કેન્સર સ્ક્રીનીંગ, લીનીયર એકસીલેટર, રેડીએશન મશીન, મેમોગ્રાફી. જી ઈ વિપ્રો, સી.ટી. સકેન, સોનોગ્રાફી, લેબોરેટરી તપાસ અને બોન મેરો બાયોપ્સી જેવી અધ્યતન ફેસીલીટી ઉપરાંત જિનેટિક ટેસ્ટ તથા કાઉન્સેલિંગની સગવડ ઉલબ્ધ છે. આ ધર્માદા પબ્લીક ચેરીટેબલ સંસ્થા નવી સીવીલ હોસ્પિટલ, ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ ના કેમ્પસમાં મજુરાગેટ ખાતે કાર્યરત છે. જેમાં રોજના ૬૦૦-૭૦૦ જેટલા કેન્સરના દર્દી તબીબી સારવાર લઈ રહ્યા છે. અશોક કાનૂનગો (ચેરમેન) એ જણાવ્યું હતું કે, આ મકાનની બાજુમાં ઉપલબ્ધ જમીન ગુજરાત સરકાર ધ્વારા સંસ્થાને ફાળવી આપી છે. જે જમીન ઉપર હાલ નવી કેન્સર હોસ્પિટલનું બાંધકામ પ્રગતિમાં છે. કુલ અગિયાર માળની નવી બિલ્ડીંગમાં કેન્સરના દર્દીઓની સર્જરી, રેડીઓથેરાપી, સી. ટી સ્કેની અધ્યતન સેવાઓ સાથે કેન્સરના ગરીબ દર્દીઓ માટે સંપૂર્ણ તબીબી સારવાર ઉપલબધ થઈ શકશે.

વડોદરા જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળની આગામી ૨૧મીએ ચૂંટણી યોજાશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વડોદરા જિલ્લા ત્રીજા વર્ગ મહેસુલી કર્મચારી મંડળની બે વર્ષ માટેની ચૂંટણી આગામી ૨૧મી જુલાઈએ યોજાશે અને તે જ દિવસે બપોરે ત્રણ વાગ્યે મત ગણતરી હાથ ધરવામાં આવશે. વડોદરા જિલ્લા ત્રીજા વર્ગ મહેસૂલી કર્મચારી મંડળની વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૬ના બે વર્ષ માટેની કારોબારી પ્રમુખ, ઉપ પ્રમુખ, સંગઠન મંત્રી, મહામંત્રી, સહમંત્રી (મહિલા અને પુરૂષ), ખજાનચી, આંતરિક અન્વેષણ મળી કુલ ૮ હોદ્દેદારોની ચૂંટણી આગામી ૨૧મી જુલાઈએ સવારે ૯થી બપોરના એક વાગ્યા દરમિયાન જૂની કલેક્ટર કચેરી ધારાસભા હોલમાં યોજવામાં આવશે. તથા મત ગણતરી તે જ દિવસે બપોરે ત્રણ વાગ્યે હાથ ધરવામાં આવશે. પ્રમુખ તથા મહામંત્રીની ઉમેદવારી માટે નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓએ ઉમેદવારી કરવાની રહેશે. ઉપપ્રમુખના હોદ્દા માટે ક્લાર્ક, મહેસૂલી તલાટી સંવર્ગના કર્મચારીઓએ ઉમેદવારી કરવાની રહેશે. ઉમેદવારી પત્રો તા. ૧૬મીએ તથા ૧૮મી એ નવી કલેક્ટર કચેરી દિવાળીપુરા ખાતે સવારે ૧૧થી બપોરના ત્રણ વાગ્યા સુધી રજૂ કરવાના રહેશે. સાંજે પાંચ વાગ્યે ઉમેદવારી પત્રની ચકાસણી હાથ ધરવામાં આવશે. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની મુદત આગામી ૧૯મી તારીખે બપોરે ત્રણ વાગ્યા સુધીની છે.

અંકલેશ્વર-ભરૂચ વચ્ચે

પુરીથી અમદાવાદ આવતી ટ્રેનમાંથી બિનવારસી બેગમાંથી ૧૨ કિલો ગાંજો મળ્યો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૫

પુરીથી અમદાવાદ આવતી ટ્રેનમાં અંકલેશ્વર-ભરૂચ વચ્ચે રેલવે SOGએ ૧૨ કિલો ગાંજો ભરેલી બિનવારસી બેગ હસ્તગત કરી છે. રેલવે SOGનો સ્ટાફ સુરતથી મધરાતે પુરીથી અમદાવાદ જતી ટ્રેનમાં ચઢ્યો હતો. તેઓ ટ્રેનમાં ચેકિંગ કરતા મધરાતે ૩ વાગ્યાના અરસામાં અંકલેશ્વર રેલવે સ્ટેશન પસાર થતા જનરલ કોચમાં પહોંચ્યા હતા. જ્યાં જનરલ કોચના ટોયલેટ નજીક બિનવારસી બેકપેક મળી આવી હતી. ત્યારે કોચમાં રહેલા પેસેન્જરો અને આસપાસ તપાસ કરતા આ બેકપેક અંગે કોઈ માહિતી મળી ન હતી. પાંચ ચેઇન વાળી બેકપેકને ખોલતા તેમાં ખાખી સેલોટેપથી બાંધેલા બે બંડલ મળી આવ્યા હતા. જેમાં શંકાસ્પદ વનસ્પતિજન્ય નશીલો પદાર્થ માલુમ પડતા ભરૂચ સ્ટેશને બેગ સાથે ઉતરી GRPમાં બેગ લઈ જવાઈ હતી. ભરૂચ રેલવે પોલીસ, સ્ટેશન અધિક્ષક સાથે FSLને જાણ કરી પંચોની હાજરીમાં બેગ ખોલાતા તેમાંથી ગાંજો મળી આવ્યો હતો. કુલ ૧૨ કિલો ઉપરાંતનો રૂપિયા ૧.૨૧ લાખનો ગાંજાનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ટ્રેનમાં રેલવે પોલીસનું ચેકીંગ જોઈ કેરિયર ગાંજો ભરેલી બેગ બિનવારસી છોડી ફરાર થઈ ગયો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

તાકીદે રોડ બનાવવા લોકમાંગ

બોડેલીમાં દોઢ વર્ષથી અધૂરા રહેલા રોડ પર પાણી ભરાતાં રોગચાળો વધ્યો

મચ્છરજન્ય બીમારીથી લોકો થયા પરેશાન

(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૧૫

બોડેલીના અલીખેરવા જૂથ ગ્રામપંચાયત રામનગર પાસેના રોડની કામગીરી દોઢ વર્ષથી અધૂરા રહેતા રોડ પર પાણી ભરાતા રામનગર વિસ્તારમાં મચ્છરજન્ય બીમારીએ માથું ઊંચક્યું છે. બોડેલીને અડીને આવેલ અલીખેરવા જૂથ ગ્રામપંચાયતના ગોપાલ ટોકીઝથી રાજખેરવા રોડ બનાવવાનું ચાલુ કરતા ગોપાલ ટોકીઝથી ગજાનંદ પાર્ક સુધીનો રોડ તંત્રએ ખોદી નાખ્યા બાદ કોઈ કારણોસર છેલ્લા દોઢ વર્ષથી આ અધૂરાં રોડની કામગીરી પૂર્ણ ન થતા જન કલ્યાણ સોસાયટી, રામનગર સોસાયટી, સાધના સોસાયટી જેવી અનેક સોસાયટીના રહીશોને અવાર જવરમાં મુશ્કેલી થઈ રહી છે જ્યારે ચોમાસાના સમયમાં આ અધૂરા રોડ ઉપર તળાવ માફક પાણી ભરાયા હતા મચ્છરજન્ય બીમારીઓએ માથું ઉચક્યું છે અને એક જ ઘરના ત્રણથી ચાર સભ્યો બીમારીના ભરડામાં આવતા હાલમાં ખાનગી દવાખાનામાં સારવાર ચાલી રહી છે આ અધૂરો રોડ બનાવવા આ સોસાયટીના રહીશોએ ચોમાસા પહેલા ઘણીવાર તંત્રને લેખિત મૌખિક રજૂઆત કરી રોડની કામગીરી પૂર્ણ કરવા માંગ કરી હતી. પરંતુ તંત્રના પેટનું પાણી હલતું નથી.

બોડેલીના નવાપુરા ગામે દીપડાએ ગાયનું મારણ કરતાં લોકામાં ફફડાટ

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૧૫

બોડેલી તાલુકાના નવાપુરા ગામે રહેણાંક વિસ્તારમાં દીપડાએ ગાય ઉપર હુમલો કરી તેનું મારણ કરતા ગામમાં ફફડાટ ફેલાયો છે જંગલ ખાતાવાળા પાંજરું મુકીને દીપડાને પકડે તેવી ઉગ્ર માગ ઉઠી છે. બોડેલી તાલુકાના નવાપુરા, રતનપુર થાના, સમધી, કઠ માંડવા ગામોની સીમમાં ઘણા સમયથી દિપડો ફરી રહ્યો છે અને તેનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે ત્યારે અધિકારીઓએ કોઈ પકડવાની કામગીરી ન કરતા હજુ પણ દીપડો ખુલ્લેઆમ ફરતા પશુપાલકો અને ખેડૂતમાં ફફડાટ વ્યાપી ગયેલો છે. ગઈકાલ રાત્રે નવાપુરામાં વિનોદ ફતેસિંહ ભાઈના ઘરની પાછળ બાંધેલ ગાય ઉપર દીપડાએ હુમલો કરી તેનું મારણ કર્યું હતું. ત્રણ વાગ્યાના અરસામાં ગામનો એક વ્

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ..... ગુજરાત ટુડે

કેજરીવાલ માટે જામીન અને જેલનું ચક્ર

જ્યારે કોઈને કોર્ટમાંથી જામીન મળે છે, ત્યારે તે જામીન પર બહાર હોવાનું કહેવાય છે. પરંતુ ગત શુક્રવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળેલા વચગાળાના જામીન અંગે એવું કહી શકાય નહીં. અલબત્ત, સુપ્રીમ કોર્ટે તેમને દિલ્હી લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જામીન આપી દીધા છે, પરંતુ માત્ર આનાથી તેમને જેલમાંથી મુક્તિ મળશે નહીં.

થોડા અઠવાડિયા પહેલા, તેમને આ જ કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા, જો કે, પછી હાઈકોર્ટે તેના પર સ્ટે મૂક્યો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે 'ઈડી' માટે એ સ્પષ્ટ થઈ ગયું હતું કે આ કેસમાં કેજરીવાલને લાંબા સમય સુધી જેલમાં રાખવાનું શક્ય નથી. તે જ સમયે, અન્ય તપાસ એજન્સી 'સીબીઆઈ' આગળ આવી અને અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ દિલ્હીની એક્સાઈઝ નીતિને લઈને કેસ નોંધ્યો અને તેમને ઔપચારિક રીતે કસ્ટડીમાં લીધા હતા.

બાદમાં આ કેસમાં પણ તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા અને આ સાથે એ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે જો દિલ્હીના મુખ્યમંત્રી એક કેસમાં જામીન મેળવવામાં સફળ થાય છે તો અન્ય કેસ તેમને જેલની બહાર જતા અટકાવશે. શુક્રવારે આવું જ થયું હતું અને જામીનના સમાચારથી તેમને કોઈ રાહત મળી નથી. એ વાત સાચી છે કે આ મુદ્દાઓ પર ચાલી રહેલા રાજકારણમાં આમ આદમી પાર્ટીને પોતાની આક્રમકતા બતાવવાનો વધુ એક મોકો મળ્યો છે. શુક્રવારના રોજ સુપ્રીમ કોર્ટમાં આ એક માત્ર વાત ન હતી. અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજીને જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે મોટી બેંચ સમક્ષ મોકલી હતી. આ અરજીમાં મુખ્યમંત્રી કેજરીવાલે તેમની ધરપકડને પડકારી હતી અને તેને ગેરકાયદે ગણાવી હતી. જ્યારે મોટી બેંચ આ અરજી પર વિચાર કરશે ત્યારે કેજરીવાલ જામીન પર રહેશે. દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી હટાવવાના સવાલ પર કોર્ટે કહ્યું કે અમને શંકા છે કે કોર્ટ કોઈ ચૂંટાયેલા નેતાને પદ પરથી હટાવવાનો નિર્દેશ આપી શકે છે કે નહીં.

જસ્ટિસ ખન્નાએ કહ્યું કે અમે આ નિર્ણય સંપૂર્ણપણે અરવિંદ કેજરીવાલ પર છોડીએ છીએ. આ પહેલા પણ સામાન્ય ચૂંટણી દરમિયાન અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન મળ્યા હતા, જે દિલ્હીમાં મતદાન પૂરા થતાની સાથે જ સમાપ્ત થઈ ગયા હતા. કેજરીવાલ ત્યારે જામીન પર છૂટ્યા બાદ બહાર આવ્યા હતા અને દેશભરમાં પ્રચાર પણ કર્યો હતો, પરંતુ આ વખતે જામીન મળ્યા બાદ પણ તેઓ જેલમાં જ રહેશે.

સુપ્રીમ કોર્ટે ઘણીવાર સ્પષ્ટ કર્યું છે કે નિયમ પ્રમાણે દરેકને જામીન મળવા જોઈએ, માત્ર અપવાદરૂપ કેસોમાં જ કોઈને જેલમાં રાખવામાં આવે. આવા કયા કિસ્સાઓ અપવાદ છે અને કયા નથી તે બાબત હંમેશા વિવાદાસ્પદ હોય છે. રાજકારણી સંડોવાયેલા હોય તેવા કિસ્સામાં આવા વિવાદો ખૂબ વધી જાય છે. એ વાત પણ સાચી છે કે દિલ્હી એક્સાઈઝ પોલિસી સાથે જોડાયેલા તમામ કેસો લાંબા સમયથી ચાલી રહ્યા છે અને ધરપકડ અને આરોપો સિવાય બીજી બાબતોમાં વધુ પ્રગતિ થતી દેખાતી નથી. કારણ કે આપણી ન્યાયિક પ્રક્રિયામાં ઘણો લાંબો સમય લાગે છે અને આ કેસોમાં રાજકીય યુદ્ધના કારણે આ એક એવી સમસ્યા થઈ ગઈ છે કે જેને પારદર્શિતા લાવવાથી જ ઉકેલી શકાય છે.

મોદીની સરકારે SC અને લૉ કમિશનને બાયપાસ કર્યું, નફરતી ભાષણ વિશે કોઈ સૂક્ષ્મ, મજબૂત દંડની કલમો નથી : BNS, ૨૦૨૩

મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે કાયદા પંચના ૨૬૭મા અહેવાલ અને વિકસતા ન્યાયશાસ્ત્ર (ભારતની સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ)ને અપ્રિય ભાષણ પરના કાયદાને મજબૂત કરવાના નિર્ણાયક સૂચનોની અવગણના કેમ કરી?

ચર્ચાની એરણે

ભાગ-૨

અપ્રિય ભાષણને રોકવા માટે પ્રસ્તાવિત નવી જોગવાઈઓઃ

તેના ૨૬૭મા અહેવાલ સાથે, કાયદા પંચે આઈપીસીમાં માત્ર નવી જોગવાઈઓ સામેલ કરવાની જરૂર નથી તેવું સૂચન કર્યું હતું, પરંતુ દંડના કાયદામાં સુધારાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, એક ડ્રાફ્ટ સુધારા બિલ, એટલે કે, ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૭ દાખલ કરવાનું સૂચન કર્યું હતું. નવી કલમ ૧૫૩C (દ્વેષ માટે ઉશ્કેરણી પર પ્રતિબંધ) અને કલમ ૫૦૫A (ચોક્કસ કિસ્સાઓમાં ભય, એલાર્મ અથવા હિંસા ઉશ્કેરવું), ઉમેરવાની જરૂર છે.

IPCમાં સૂચિત વિભાગોઃ

પ્રકરણ II - વિભાગ ૧૫૩B પછી નવા વિભાગનો સમાવેશ.-

ભારતીય દંડ સંહિતા, (૧૮૬૦નો ૪૫) (ત્યારબાદ પીનલ કોડ તરીકે ઓળખવામાં આવે છે), કલમ ૧૫૩B પછી, નીચેનો વિભાગ દાખલ કરવામાં આવશે, એટલે કેઃ –

તિરસ્કાર માટે ઉશ્કેરણી પર પ્રતિબંધ - "૧૫૩ C. ધર્મ, જાતિ, જૂથ અથવા સમુદાય, લિંગ, લિંગ ઓળખ, જાતીય અભિગમ, જન્મ સ્થળ, રહેઠાણ, ભાષા, અપંગતા અથવા આદિજાતિના આધારે –

(a) ગંભીર ધમકીભર્યા શબ્દોનો ઉપયોગ કરે છે જે બોલવામાં અથવા લખવામાં આવે છે, ચિહ્નો, વ્યક્તિની સુનાવણી અથવા દૃષ્ટિની અંદર દૃશ્યમાન રજૂઆતો, ભય અથવા ભય પેદા કરવાના હેતુથી; અથવા

(b) બોલેલા અથવા લખેલા શબ્દો, ચિહ્નો, દૃશ્યમાન રજૂઆતો દ્વારા નફરતની હિમાયત કરે છે, જે હિંસા માટે ઉશ્કેરણીનું કારણ બને છે તે બે વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની જેલની સજાને પાત્ર છે અને રૂા.૫૦૦૦ સુધીનો દંડ અથવા બંને સાથે શિક્ષાને પાત્ર છે."

કલમ ૫૦૫ પછી નવો વિભાગ દાખલ કરવો.-

દંડ સંહિતામાં, કલમ ૫૦૫ પછી, નીચેની કલમ દાખલ કરવામાં આવશે, એટલે કેઃ - અમુક કિસ્સાઓમાં ભય, એલાર્મ અથવા હિંસા ઉશ્કેરવી.

"૫૦૫ A. જે કોઈ પણ જાહેરમાં ઈરાદાપૂર્વક ધર્મ, જાતિ, જાતિ અથવા સમુદાયના આધારે, જાતિ, લિંગ, જાતીય અભિગમ, જન્મ સ્થળ, રહેઠાણ, ભાષા, અપંગતા અથવા આદિજાતિ –

શબ્દોનો ઉપયોગ કરે છે, અથવા કોઈપણ લેખન, ચિહ્ન અથવા અન્ય દૃશ્યમાન પ્રતિનિધિત્વ દર્શાવે છે જે ગંભીર રીતે ધમકી આપતું હોય, અથવા અપમાનજનક હોય;

(i) વ્યક્તિની સુનાવણી અથવા દૃષ્ટિની અંદર, ભય અથવા એલાર્મનું કારણ બને છે, અથવા;

(ii) ગેરકાનૂની હિંસાના ઉપયોગને ઉશ્કેરવાના ઉદ્દેશ્ય સાથે, તે વ્યક્તિ અથવા અન્ય વિરુદ્ધ, એક વર્ષ સુધીની કેદ અને/અથવા રૂા. ૫૦૦૦ સુધીનો દંડ અથવા બંનેની સજા કરવામાં આવશે.

અપ્રિય ભાષણ પર સુપ્રીમ કોર્ટની ચિંતાઃ

પ્રાસંગિક રીતે, સુપ્રીમ કોર્ટે વિવિધ પ્રસંગોએ, ખાસ કરીને ૨૦૨૨થી, સરકારને ઇલેક્ટ્રોનિક અને અન્ય મીડિયા સહિત જાહેર પ્રવચનમાં દ્વેષપૂર્ણ ભાષણની ઘટનાઓને રોકવા અને અટકાવવા જણાવ્યું છે. આ ઘટનાને રોકવા માટે હાલનું કાનૂની માળખું પર્યાપ્ત ન હોવાથી, સર્વોચ્ચ અદાલતે, ભારતીય ફોજદારી કાયદામાં દ્વેષપૂર્ણ ભાષણના ગુનાની ગેરહાજરી વિશે વારંવાર નિર્દેશો જારી કર્યા છે. જો કે, ભારતીય દંડ કાયદામાં હેટ સ્પીચ શબ્દને ખુલ્લી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી, તેમ છતાં, ભારતની બંધારણીય અદાલતોએ આ ઘટના, દ્વેષપૂર્ણ ભાષણના ઘટકો, ઘોંઘાટ અને ભેદ વિશે ચર્ચા કરી છે.

ઓક્ટોબર ૨૦૨૨માં, પત્રકાર શાહીન અબ્દુલ્લાની અરજી પર સુનાવણી કરતી વખતે, ન્યાયમૂર્તિ કેએમ જોસેફે સરકારને ફટકાર લગાવી હતી કે "સરકાર શા માટે મૂકપ્રેક્ષક બની રહી છે" અને તેમને મીડિયા અને અપ્રિય ભાષણને નિયંત્રિત કરતો કાયદો લાવવા કહ્યું હતું. શાહીન અબ્દુલ્લા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ ઓ.આર.એસ. (રિટ પિટિશન (C) નંબર ૯૪૦ ઓફ ૨૦૨૨) કેસમાં, જસ્ટિસ કેએમ જોસેફ અને જસ્ટિસ હૃષિકેશ રોયની ડિવિઝન બેંચે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને દિલ્હી સરકારોને ઔપચારિક ફરિયાદોની રાહ જોયા વિના ગુનેગારના ધર્મને ધ્યાનમાં લીધા વિના દ્વેષપૂર્ણ ભાષણના ગુનાઓ સામે સુઓ-મોટો પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો..

શાહીન અબ્દુલ્લા (સુમ્રા)માં સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશો ઉત્તર પ્રદેશ, દિલ્હી અને ઉત્તરાખંડ પૂરતા મર્યાદિત હતા.

૨૮ એપ્રિલ, ૨૦૨૩ના રોજ, અશ્વિનીકુમાર ઉપાધ્યાય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (ડબ્લ્યુ.પી. (C) ૨૦૨૧ના નંબર ૯૪૩), તેના ૨૦૨૨ના આદેશને લંબાવ્યો અને તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને ધર્મને ધ્યાનમાં લીધા વિના દ્વેષપૂર્ણ ભાષણ સામે સુઓ મોટો એફઆઈઆર નોંધવા નિર્દેશ આપ્યો. કોર્ટે ઉમેર્યું હતું કે અપ્રિય કોઈપણ ભાષણ અથવા કોઈપણ કાર્યવાહી થાય છે જે આઈપીસીની કલમ ૧૫૩A, ૧૫૩B અને ૨૯૫A અને ૫૦૫ વગેરે જેવા ગુનાઓને આકર્ષિત કરે છે, ત્યારે કોઈ ફરિયાદ આવતી ન હોય તો પણ કેસ નોંધવા માટે સુઓમોટો પગલાં લેવામાં આવશે અને કાયદા અનુસાર અપરાધીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ, દ્વેષપૂર્ણ ભાષણની ઘટના સાથે સંકળાયેલી અરજીઓની બેચની સુનાવણી કરતી વખતે અને ટીવી ચેનલો જે રીતે કાર્ય કરી રહી છે તે અંગે ચિંતા વ્યક્ત કરતી વખતે, સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે "અપમાનજનક એન્કર્સને પ્રસારણમાંથી દૂર કરવા જોઈએ, મીડિયાએ વિભાજન ન કરવું જોઈએ." વધુમાં, અમીશ દેવગન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૨૧) ૧ SCC ૧માં, સર્વોચ્ચ અદાલતે અપ્રિય ભાષણ પરના ભારતીય અને વિદેશી નિર્ણયોની વ્યાપક સમીક્ષા અને આ વિષય પરના કેટલાક શૈક્ષણિક લેખોની શરૂઆત કરી. એક ટેલિવિઝન પત્રકાર દેવગને તેમના દ્વારા યોજાયેલ કાર્યક્રમ દરમિયાન ઇસ્લામમાં સંતને "આક્રમણખોર, આતંકવાદી અને લૂંટારો કે જેઓ ભારતમાં તેની વસ્તીને ઇસ્લામમાં ફેરવવા આવ્યા હતા" તરીકે ઉલ્લેખ કરતા તેમના નિવેદનોના આધારે IPCની વિવિધ જોગવાઈઓ હેઠળ ફોજદારી આરોપોનો સામનો કરવો પડ્યો હતો. કોર્ટે તેમની સામેના ફોજદારી કેસોને રદ કરવાનો ઇનકાર કર્યો હતો, જેણે દેવગન દ્વારા દાવો કરવામાં આવ્યો હતો તેમ આકસ્મિક રીતે અથવા ભૂલથી કરવામાં આવે તો પણ અપ્રિય ભાષણને માન્યતા આપવા માટે હાલના ફોજદારી કાયદાની પર્યાપ્તતાને સમર્થન આપ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું કે દ્વેષપૂર્ણ ભાષણમાં ત્રણ ઘટકો છે - સામગ્રી, ઉદ્દેશ્ય અને નુકસાન અથવા અસર - અને તે કે ભાષણની સામગ્રીને ઉશ્કેરવા અથવા નુકસાન પહોંચાડવાના વક્તાના ઉદ્દેશ્ય સાથે જોડાયેલી હોવી જોઈએ. કૌશલ કિશોર વિ. સ્ટેટ ઓફ અપ એન્ડ અદર્સ (૨૦૨૩) ૪ SCC ૧ના કિસ્સામાં, સ્પષ્ટ કર્યું કે ભારતના દરેક નાગરિકે સભ્યપણે ભાષણમાં સંયમ રાખવો જોઈએ, અને કલમ ૧૯(૧)(૧) હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો ઉપયોગ કરવો જોઈએ) માત્ર એ અર્થમાં કે બંધારણના ઘડવૈયાઓ દ્વારા તેનો ઉપયોગ કરવાનો ઈરાદો હતો. આ કલમ ૧૯(૧)(a)ની સાચી સામગ્રી છે જે નાગરિકોને અવિચારી, અપમાનજનક, ગેરવાજબી એવા નિવેદનો ઉચ્ચારવાની નિરંકુશ સ્વતંત્રતા આપતી નથી, જેનો કોઈ ઉદ્દેશ્ય નથી અને જે કોઈપણ રીતે વિચારોના સંચાર સમાન નથી. કલમ 19(1)(a) બહુપક્ષીય અધિકાર ધરાવે છે, જે રાજ્ય દ્વારા દખલગીરીથી વાણી અને અભિવ્યક્તિની વિવિધ પ્રજાતિઓનું રક્ષણ કરે છે. જો કે, એ સ્પષ્ટ છે કે બહુલવાદી લોકશાહીમાં સ્વતંત્રતા વાણી અને અભિવ્યક્તિનો અધિકાર નાગરિક દ્વારા કરવામાં આવેલા નિવેદનોનું રક્ષણ કરતું નથી, જે સાથી નાગરિકની ગરિમા પર પ્રહાર કરે છે. બંધુત્વ અને સમાનતા આપણી બંધારણીય સંસ્કૃતિના પાયા પર છે અને જેના પર અધિકારોનું સુપરસ્ટ્રક્ચર બાંધવામાં આવ્યું છે, અને તે આવા અધિકારોને બીજાના અધિકારો પર હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાની મંજૂરી આપતા નથી. જો ભાષણ, વ્યક્તિઓ તરફથી અનુગામી રાજકીય, સામાજિક અથવા અન્ય કોઈપણ સત્તાના તેમના ઉચ્ચારણ દ્વારા સાથી નાગરિક અથવા હતાશ વર્ગના જીવનના ગૌરવ અને અધિકારને અસર કરે છે, તેના/તેમના માટે એવા સંજોગો બનાવવાની પણ સંભાવના છે કે જે બહિષ્કૃત હોય અથવા તેમને હિંસાનો શિકાર બનાવે. આ પણ અપ્રિય ભાષણમાં આવે છે.

તહેસીન પૂનાવાલા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ અદર્સ (૨૦૧૮) ૯ SCC ૫૦૧ના કેસમાં, ભારતની સર્વોચ્ચ અદાલતે દ્વેષપૂર્ણ ભાષણોની ઘટનાઓને ઓળખવા અને અટકાવવા માટે નિવારક, ઉપચારાત્મક અને શિક્ષાત્મક પગલાંની ચર્ચા કરી હતી. કોર્ટે વધુમાં નોંધ્યું છે કે ટોળાની સતર્કતા અને ટોળાની હિંસાને સરકારોએ કડક પગલાં લઈને અટકાવવી પડશે. ટોળાની હિંસાની ઘટનાઓ દ્વારા વ્યક્ત થતી વધતી અસહિષ્ણુતા અને વધતા ધ્રુવીકરણને સામાન્ય જીવનશૈલી અથવા દેશમાં કાયદો અને વ્યવસ્થાની સામાન્ય સ્થિતિ બનવાની મંજૂરી આપી શકાતી નથી. રાજ્યની એક પવિત્ર ફરજ છે કે તે તેના લોકોને અનિયંત્રિત તત્વો અને જાગ્રતતાના ગુનેગારોથી અત્યંત ઈમાનદારી સાથે રક્ષણ આપે.

નિષ્કર્ષ : તેમાં કોઈ શંકા નથી કે વિવિધ માન્યતાઓ અને આસ્થાના લોકો વચ્ચે ભારતની લાંબા સમયથી ચાલતી ધાર્મિક અને સાંસ્કૃતિક સંવાદિતા, રાજકારણીઓ દ્વારા કરવામાં આવેલા નફરત અને ઉશ્કેરણીજનક નિવેદનો અને ટોળાની હિંસા, લિંચિંગ, ઉત્પીડન વગેરેથી ચેપગ્રસ્ત અને અસરગ્રસ્ત છે. દ્વેષપૂર્ણ ભાષણ હવે પ્રસિદ્ધિ મેળવવાનું એક સાધન અને શોર્ટ કટ બની ગયું છે અને રાજકારણીઓ દ્વેષપૂર્ણ ભાષણોની ઘટનાઓને રોકવાને બદલે ખોટા કામ કરનારાઓને તેમના "દ્વેષપૂર્ણ પ્રચાર", "વિનાશક સંદેશાઓ" અને "પક્ષપાતી ભાષણો"ને અખંડિતતા અને રાષ્ટ્રની સંવાદિતાની કિંમતે મત બેંકની રાજનીતિ માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. આ તમામ સમૃદ્ધ ન્યાયશાસ્ત્રીય વિકાસને સરકાર અને સંસદ બંને દ્વારા ઈરાદાપૂર્વક અવગણવામાં આવ્યા છે જેણે ૨૦૨૩ BNS કાયદાઓ ઉતાવળમાં પસાર કર્યા છે. અગાઉના IPC અને CrPCની અપૂર્ણતાઓને સંબોધવાને બદલે, BNS ૨૦૨૩ પ્રચલિત કાયદાઓને વધુ પ્રતિકૂળ બનાવે છે અને પોલીસ સત્તાવાળાઓ વધુ શક્તિથી સજ્જ છે. દ્વેષપૂર્ણ ભાષણના ક્ષેત્રમાં, BNS ૨૦૨૩ માત્ર કાયદાઓના સમૂહ તરીકે ઇચ્છતું નથી કે જે કાર્યવાહીને સુનિશ્ચિત કરશે પરંતુ વાસ્તવમાં એવા યુગમાં આશ્રય આપી શકે છે જે સંવેદનશીલ પીડિત સમુદાયોને વધુ લક્ષિત અને ગુનાહિત કરવામાં આવે તે માટે અનુકૂળ છે.

(સમાપ્ત) (સૌ. : સબરંગ ઈન્ડિયા.ઈન)

CAA પર આસામના મુખ્યમંત્રીની સ્પષ્ટતા

૨૦૧૫ પછી આવેલા લોકોને તેમના દેશમાં મોકલી દઈશું

સીએમ હિમંતા બિસ્વાએ CAAને લઈને આપી ચેતવણી

(એજન્સી) ગુવાહાટી,તા.૧૫

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ સોમવારે CAA સંબંધિત મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે નિયમો નક્કી થયાના ચાર મહિના પછી રાજ્યમાં નાગરિકતા સુધારા કાયદા (CAA) હેઠળ માત્ર આઠ લોકોએ નાગરિકતા માટે અરજી કરી છે. સરમાએ સમજાવ્યું કે CAAના વિરોધીઓએ લોકોને ડરાવવાની કોશિશ કરી હતી. તેમણે કહ્યું કે સંશોધિત કાયદા અંતર્ગત ૫૦ લાખ જેટલા ગેરકાયદેસર પ્રવાસીઓને નાગરિકતા મળી શકે છે. હિમંત બિસ્વા સરમાએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે માત્ર આઠ લોકોએ સીએએ અંતર્ગત નાગરિકતા માટે અરજી કરી છે. તેમાંથી માત્ર બે જ ઈન્ટરવ્યું માટે આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે બંગાળી હિન્દુ સમદાય જે NRCમાં સામેલ નથી, તે નાગરિકતા માટે CAA અંતર્ગત અરજી કરશે નહીં. સરમાએ અસમમાં નાગરિકતા માટે કટ-ઓફ વર્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેઓ કહે છે કે તે ૧૯૭૧ પહેલા ભારત આવ્યા હતા. અસમે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટરનું કામ કર્યું, જેની યાદી ૨૦૧૯માં આવી હતી. લગભગ ૧૯ લાખ લોકોના નામ NRCના અપડેટ કરવામાં આવેલા લિસ્ટમાં નહોતા, જે નાગરિકતા સાબિત કરે છે. સરમાએ કહ્યું- મેં ઘણા લોકોની મુલાકાત લીધી છે, તેઓ અમને કહી રહ્યાં છે કે અમને અમારી ભારતીય નાગરિકતા માટે વિશ્વાસ છે, અમે તેને કોર્ટમાં સાબિત કરવા માંગીએ છે. અસમના લોકોની વચ્ચે આ જ ભાવના છે. અસમમાં વિદેશી ન્યાયાધિકરણોના મામલાઓને પરત લેવા અંગે મુખ્યમંત્રીએ કહ્યું કે મામલાઓને થોડા મહિનાઓ માટે રોકવા પડી શકે છે. હિમંત બિસ્વા સરમાએ કહ્યું કે વિદેશી ન્યાયાધિકરણમાં કાર્યવાહીને બે-ત્રણ મહિના માટે રોકવી જોઈએ અને લોકોને સીએએ અંતર્ગત નાગરિકતા માટે અરજી કરવાની તક આપવી જોઈએ. હિમંત બિસ્વા સરમાએ આગળ કહ્યું કે કોઈ પણ વ્યક્તિ જે ૨૦૧૫ પહેલા ભારત આવ્યો છે, તેણે નાગરિકતા માટે અરજી કરવી પડશે. જો તેઓ અરજી કરતા નથી તો અમારે તેની વિરુદ્ધ કેસ નોંધવો પડશે. આ કારણે આ એક બંધારણીય નિર્દેશ છે. અમે ૨૦૧૫ પછી આવેલા લોકોનો દેશનિકાલ કરીશું. અસમમાં સીએએની વિરુદ્ધ મોટા પાયે દેખાવો પર સરમાએ કહ્યું કે તેમનું માનવું છે કે સંશોધિત નાગરિકતા કાયદા અંતર્ગત ઓછામાં ઓછા બે-ત્રણ લાખ લોકો નાગરિકતા માટે અરજી કરશે.

અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનો આરોપ

કેદારનાથ મંદિરમાંથી ૨૨૮ કિલોગ્રામ સોનું ગુમ થયું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

દિલ્હીના બુરારીમાં કેદારનાથ મંદિરના નિર્માણ સામે દેશના અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. હવે જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે આને લઈને મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, કેદારનાથમાં સોનાનું કૌભાંડ થયું છે, તે મુદ્દો કેમ ઉઠાવવામાં આવતો નથી? તેમણે પૂછ્યું, "ત્યાં કૌભાંડ થયા પછી હવે દિલ્હીમાં કેદારનાથનું નિર્માણ થશે. પછી ફરી કૌભાંડ થશે." તેમણે કહ્યું, "કેદારનાથમાંથી ૨૨૮ કિલો સોનું ગુમ થયું છે. આજ સુધી તેના પર કોઈ તપાસ હાથ ધરવામાં આવી નથી. આના માટે કોણ જવાબદાર છે? હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે કેદારનાથ દિલ્હીમાં જ બનશે, આવું ન થઈ શકે." પીએમ મોદી પર પૂછવામાં આવેલા સવાલ પર તેમણે કહ્યું કે, "તે મારી પાસે આવ્યા અને શપથ લીધા. અમારા નિયમો પ્રમાણે અમે તેમને આશીર્વાદ આપ્યા. નરેન્દ્ર મોદી અમારા દુશ્મન નથી. અમે તેમના શુભચિંતક છીએ, હંમેશા તેમનું કલ્યાણ ઈચ્છીએ છીએ. જ્યારે તે કોઈ ભૂલ કરે છે, હા, અમે તેના વિશે વાત બોલીશું." રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન બાદ શનિવારે (૧૩ જુલાઈ, ૨૦૨૪)ના રોજ આયોજિત શુભ આશીર્વાદ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર પહોંચ્યા હતા. શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પણ ત્યાં હાજર હતા. અનંત રાધિકાને આશીર્વાદ આપ્યા બાદ પીએમ મોદી સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પાસે ગયા અને તેમના આશીર્વાદ લીધા. જ્યોતિષ પીઠના શંકરાચાર્ય, અવિમુક્તેશ્વરાનંદ, સોમવારે શિવસેના (UBT) નેતા ઉદ્ધવ ઠાકરેને મળવા મુંબઈમાં તેમના નિવાસસ્થાન માતોશ્રી પહોંચ્યા હતા. બેઠક બાદ શંકરાચાર્યએ કહ્યું કે ઉદ્ધવ સાથે દગો થયો છે. તે (ઉદ્ધવ) આ બાબતથી દુઃખી છે. હિંદુ ધર્મ સાથે તમારે સૌથી ખરાબ બાબત એ છે કે વિશ્વાસઘાત. આપણા બધાના હૃદયમાં પણ આ પીડા છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કહ્યું, અમે કહ્યું છે કે જ્યાં સુધી તમે ફરીથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી નહીં બનો ત્યાં સુધી આ પીડા ચાલુ રહેશે. દગો કરનાર હિંદુ ન હોઈ શકે. જે વિશ્વાસઘાત સહન કરે છે તે હિન્દુ હોઈ શકે છે. ઉદ્ધવે કહ્યું છે કે તે તમારા (શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ) આશીર્વાદ પ્રમાણે કરશે.

'ખુજલી ગેંગ' દિલ્હીમાં લોકો પર ખંજવાળનો પાઉડર છાંટીને તેમના કિંમતી સામાન લૂંટી રહી છે, પોલીસે બે લોકોની ધરપકડ કરી

(એજન્સી) તા.૧૫

કુખ્યાત ખુજલી ગેંગ ૧૨ વર્ષના અંતરાળ પછી ફરી એક વખત દિલ્હીમાં સક્રિય થઈ ગઈ છે. કારણ કે હાલમાં જ સોશિયલ મીડિયા પર સામે આવેલા કેટલાક વાયરલ વીડિયોમાં તેમને શહેરના કેટલાક ભાગોમાં સક્રિય જોઈ શકાય છે. આ સમુહના કામ કરવાની પદ્ધતિ લોકોને પોતાની જાળમાં ફસાવે છે. કુખ્યાત સમૂહના સભ્ય સૌપ્રથમ કિંમતી સામાન લઈને આવતા જતાં લોકોને પોતાનું નિશાન બનાવે છે. પછી તે ચૂપકેથી તેમની પાસે આવે છે પાછળથી ખુજલીવાળો પાઉડર છાંટે છે. જ્યારે વ્યક્તિ પોતાના શરીરને જોર જોરથી ખંજવાળે છે અને પોતાનો સામાન ભૂલી જાય છે, તો સમુહના લોકો કોઈનું ધ્યાન આકર્ષિત કર્યા વિના, સામાનને ઉઠાવીને ભાગી જાય છે. ત્રણ વીડિયોમાં ખુજલી ગેંગના સભ્યોને લોકો પાસેથી તેમનો સામાન લુટતા જોઈ શકાય છે. પ્રથમ વીડિયોમાં સમુહના એક સભ્યને સદર બજારમાં રોડ પર ચાલી રહેલા એક વ્યક્તિ પર ખંજવાળવાળો પાઉડર છાંટતા જોઈ શકાય છે, તે વ્યક્તિ પોતાના કપડા ઉતારે છે અને પોતાના શરીરને ખંજવાળે છે, અને પોતાની પાસેની કિંમતી વસ્તુ નીચે મુકી દે છે. થોડી વાર પછી, એક વ્યક્તિ આવે છે અને બેગ છીનવી લે છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે સમુહના સભ્યોની વિરૂદ્ધ કોઈ સત્તાવાર ફરિયાદ નથી, પરંતુ અમે આ મામલામાં સામેલ બે લોકોને ઓળખ્યા અને તેમની ધરપકડ કરી લીધી. તે બન્ને પશ્ચિમ બંગાળના ન્યુ જલપાઈગુડીના રહેવાસી છે.

ખામીયુક્ત કાર કેસમાં સુપ્રીમ કોર્ટનો આદેશ

BMW ગ્રાહકને ૫૦ લાખ રૂપિયાનું વળતર આપશે

જૂન-જુલાઈ ૨૦૧૨માં કાર ઉત્પાદકે હાઈકોર્ટના આદેશના પાલનમાં જૂની કારને નવા વાહન સાથે બદલવાની ઓફર કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પરીદાવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે તેલંગાણા હાઈકોર્ટના આદેશને ફગાવીને BMW ઈન્ડિયાને 50 લાખ રૂપિયાનું વળતર ચૂકવવા કહ્યું છે, જેમાં તેલંગાણા હાઈકોર્ટે રોક લગાવી છે. ઓટો કંપની સામે કાર્યવાહી કરીને ફરિયાદ રદ કરવામાં આવી હતી અને કંપનીને ખામીયુક્ત વાહનની જગ્યાએ ફરિયાદીને નવું વાહન આપવાનું કહેવામાં આવ્યું હતું.સુપ્રીમ કોર્ટની બેન્ચે 10 જુલાઈના રોજ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, "આ કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, કાર ઉત્પાદકને BMW ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને સંપૂર્ણ અને અંતિમ સમાધાનમાં 50 લાખ રૂપિયાની એકસાથે ચુકવણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તમામ દાવાઓ અને વિવાદો." કાર ઉત્પાદકે 10 ઓગસ્ટ, 2024 ના રોજ અથવા તે પહેલાં ફરિયાદકર્તાને ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર દ્વારા આ રકમ ચૂકવવાની રહેશે.ન્યૂઝ એજન્સી પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે કાર બનાવતી કંપની દ્વારા ફરિયાદીને ચૂકવણી કરવાની શરતે, ફરિયાદ રદ કરવા અંગે હાઈકોર્ટના આદેશ અને નવા વાહન આપવાના નિર્દેશ. જૂના વાહનની જગ્યા રદ કરવામાં આવશે. સુપ

હદીસ બોધ

જ્ઞાન પ્રાપ્ત કરો ! ભલે પછી તે માટે ચીન જવું પડે.
-હદીસ બોધ

બોધ વચન

દયા સમગ્ર નૈતિકતાનો પાયો છે. -શોપનહાવર

આજની આરસી

૧૬ જુલાઈ મંગળવાર ૨૦૨૪
૯ મોહર્રમ હિજરી ૧૪૪૬
અષાઢ સુદ દસમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૩૩
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૮

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

ઇંગ્લેન્ડનું ૧૯૬૬ બાદ પ્રથમ ટાઇટલ જીતવાનું સ્વપ્ન ચકનાચૂર

રેકોર્ડ ચોથીવાર યુરો ટાઇટલ જીત્યું સ્પેન

બર્લિન, તા.૧૫

સ્પેને ઈંગ્લેન્ડનું ૧૯૬૬ બાદ પ્રથમ ટાઇટલ જીતવાનું સ્વપ્ન ચકનાચૂર કરતા તેને ૨-૧થી હરાવી યુરોપિયન ફૂટબોલમાં રેકોર્ડ ચોથી વખત ટાઇટલ કબજે કર્યું છે. ટુર્નામેન્ટમાં શરૂઆતથી અંત સુધી સ્પેનનું વર્ચસ્વ રહ્યું. જેણે ૮૬મી મિનિટમાં મિકેલ ઓયારઝાબાલના ગોલની મદદથી ફાઇનલમાં ૨-૧થી જીત મેળવી. કપ્તાન અલવારો મોરાટાના વિકલ્પ તરીકે મેદાન પર ઉતરેલા મિકેલે માર્ક કુકુરેલાના પાસને ગોલમાં ફેરવી મેચને એક્સ્ટ્રા ટાઇમમાં જતી બચાવી હતી. ફૂટબોલના જનક ઈંગ્લેન્ડે ૧૯૬૬ વિશ્વકપ બાદ કોઈ મોટું ટાઇટલ જીત્યું નથી. જર્મનીમાં ૧૯૩૬ ઓલિમ્પિક માટે બનેલા આ સ્ટેડિયમમાં ટ્રોફી પકડેલા સ્પેનના ખેલાડીઓ અને આસમાનમાં થતી આતશબાજીને ઈંગ્લેન્ડના નિરાશ ખેલાડી જોતા રહી ગયા. સ્પેને આ પહેલાં ૧૯૬૪, ૨૦૦૮ અને ૨૦૧૨માં યુરો ટાઇટલ જીત્યું છે. સ્પેન માટે ૪૭મી મિનિટમાં પ્રથમ ગોલ કરનાર નિકો વિલિયમ્સે કહ્યું કે, અમે યુરોપના ચેમ્પિયન છે. ઈંગ્લેન્ડ માટે કોલ પામરે ૭૩મી મિનિટમાં બરાબરીનો ગોલ કર્યો હતો. યુરો ચેમ્પિયનશીપ રમનાર સૌથી યુવા ખેલાડી લામાઈન યમલે વિલિયમ્સના ગોલમાં સૂત્રધારની ભૂમિકા નિભાવી. શનિવારે પોતાનો ૧૭મો જન્મદિવસ મનાવી ચૂકેલા યમલની માતા ગિનિયાથી અને પિતા મોરક્કોના છે. જ્યારે વિલિયમ્સના માતા-પિતા ઘાનાના છે. જે સારા જીવનની શોધમાં યુરોપ આવ્યા હતા. સ્પેન પહોંચવા માટે તે ખીચોખીચ ભરેલ ટ્રકમાં બેસીને અને સહારા રણમાં ચાલીને પહોંચ્યા હતા. પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયેલા વિલિયમ્સે કહ્યું કે, મારા માતા-પિતાએ મને અહિંયા સુધી પહોંચાડવા માટે ઘણું બધુ સહન કર્યું છે. હું ખુશ છું કે, મેં ઈતિહાસ રચી દીધો. વિલિયમ્સનો ભાઈ ઈનાકી ઘાના માટે રમે છે પણ તેણે સ્પેનની પસંદગી કરી. હવે પૂરા દેશનો હીરો બની ગયો છે. સ્પેને બંને મહિલા વિશ્વકપ ઈંગ્લેન્ડને હરાવી જીત્યો અને ૨૦૨૩માં યુએફા નેશન્સ લીગ પણ જીતી. આ યુરો ચેમ્પિયનશીપમાં સ્પેને સાતેય મેચ જીતી છે અને એક ટુર્નામેન્ટમાં હાઇએસ્ટ ૧૫ ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો. યમલે જીત બાદ કહ્યું કે, મને આનાથી સારી જન્મદિવસની ભેટ ના મળી શકે. સ્વપ્ન સાકાર થઈ ગયું. બીજી બાજુ ઈંગ્લેન્ડને ૨૦૨૧ યુરો ફાઇનલમાં ઇટાલીએ પેનલ્ટી શૂટઆઉટમાં હરાવ્યું હતું. આ હારથી તેના બધા ઘા ફરી તાજા થઈ ગયા અને ટ્રોફીનો દુકાળ પણ લંબાઈ ગયો.

સ્પેન આ પહેલાં ૧૯૬૬, ૨૦૦૮ અને ૨૦૧૨માં યુરો ટાઇટલ જીતી ચૂક્યું છે

આ યુરો કપમાં સ્પેને સાતેય મેચ જીતી અને એક ટુર્નામેન્ટમાં હાઇએસ્ટ ૧૫ ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો

પાડોશમાં રહેતા પોલીસ ઓફિસરે પોતાના પદનો દુરૂપયોગ કરીને દલિત વેપારીને ધમકી આપી અને તેમની વિરુદ્ધ 'ખોટો' ફોજદારી કેસ દાખલ કર્યો

(એજન્સી) તા.૧૫

ગણેશ હલદર અને પિન્ટુ હલદર, બંને પશ્ચિમ બંગાળના ૨૪ પરગણા (ઉત્તર) જિલ્લાના બોનગાંવ પોલીસ સ્ટેશન હેઠળના ગામ અને પોસ્ટ પુરાતન બોનગાંવના રહેવાસી છે. તેઓને એક ફોજદારી કેસમાં સતત ધમકી, સતામણી, ધાકધમકી અને ખોટા આરોપનો સામનો કરવો પડી રહ્યો છે. આ ભોગ બનેલા લોકો પશ્ચિમ બંગાળના અનુસૂચિત જાતિ સમુદાયના છે. આ ગેરકાયદેસર અને અન્યાયી કૃત્યોના ગુનેગારો બોનગાંવ પોલીસ સ્ટેશન સાથે જોડાયેલા એક સેવા આપતા પોલીસ કોન્સ્ટેબલ અને તેની પત્ની છે, જે આ પીડિતોના પડોશી છે. પીડિત લોકો વિસ્તારમાં ઘની (સરસવમાંથી તેલ કાઢવાની મિલ) અને ચોખા અને લોટની હોલર ધરાવે છે. ગુનેગારો અન્ય ઘણા લોકો સાથે આ મિલની પાછળ રહે છે. આ વિસ્તારમાં અનેક વેપારી સંસ્થાઓ અને દુકાનો છે. આ મિલ ૨૦ વર્ષથી ચાલી રહી હોવા છતાં કોઈએ તેની કામગીરીનો વિરોધ કર્યો નથી. ત્રણ મહિના પહેલા અચાનક જ પોલીસ કર્મચારીઓએ ગણેશ મંડલની ધંધાકીય

પ્રવૃત્તિઓનો વિરોધ શરૂ કર્યો હતો. તેને પડોશમાંથી પૂરતો ટેકો મળ્યો ન હતો. તેણે સ્થાનિક પોલીસ સ્ટેશન સાથે મળીને અને પોલીસ પ્રશાસન સાથે તેની સાંઠગાંઠનો ઉપયોગ કરીને, તેણે ગણેશ અને પિન્ટુ હલદરને વિરુદ્ધ ખોટા ફોજદારી કેસમાં ફસાવ્યા હતા.

આ ધંધાકીય પ્રવૃત્તિને પશ્ચિમ બંગાળ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પરવાનગી છે, કાલુપુર ગ્રામ પંચાયત પાસેથી ટ્રેડ લાઈસન્સ પણ છે અને પડોશીઓને કોઈ વાંધો નથી. આ ગુનેગારે જાહેર સ્થળોએ પીડિતોને અપમાનિત કરવા અને ધમકાવવાનું શરૂ કર્યું. ગુનેગારે ગણેશ અને પિન્ટુ મંડલને એમ કહીને ડરાવી દીધા કે હું એસપી અને ચાર્જમાં અધિકારી સાથે છું, હું તમારી મિલ કેવી રીતે ચાલશે તે જોઈ લઈશ. તેણે ગણેશનું નામ લઈને અને તેની જાતિનો ઉલ્લેખ કરીને મૌખિક રીતે દુર્વ્યવહાર પણ કર્યો હતો. અપરાધીએ તેને તમે માછીમારો, નીચલી જાતિના અને ધિક્કારપાત્ર મનુષ્ય છો એવું કહીને અપમાન કર્યું હતું.

આ પીડિત આ શાબ્દિક દુર્વ્યવહાર, ખોટા કેસમાં ફસાવવા અને તેની આજીવિકા પર જોખમને કારણે ભારે માનસિક આઘાત અને તકલીફ હેઠળ છે. તેઓએ બોનગાંવ પોલીસ જિલ્લાના પોલીસ અધિક્ષકને લેખિત ફરિયાદ કરી છે, બોનગાંવના સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર અને બોનગાંવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટરને પણ ફરિયાદો કરી છે પરંતુ કોઈ સુધારાત્મક પગલાં લેવાયા નથી.

અમારી તથ્યની શોધમાં, એવું સાબિત થયું કે બોનગાંવ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અને તેની પત્ની પોલીસ સ્ટેશનમાં તેમની પોસ્ટનો ઉપયોગ કરીને આ મિલને બંધ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમે પીડિત મિલ માલિક દ્વારા મેળવેલા જરૂરી કાગળો પણ દસ્તાવેજીકૃત કર્યા છે. સ્થાનિક પડોશીઓએ પણ આ હકીકતને સમર્થન આપ્યું હતું. પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિર્દેશકને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ની ઉપરોક્ત કલમો હેઠળ અપરાધીઓ સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે અને તેમની વિરુદ્ધ ખોટા ફોજદારી કેસની સ્વતંત્ર તપાસ કરવા વિનંતી કરવામાં આવી છે. આ પીડિતો, અનુસૂચિત જાતિ સમુદાયના છે. વધુમાં, આ પીડિતોને પર્યાપ્ત સુરક્ષા અને સલામતી પ્રદાન કરવી જોઈએ અને તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે તેઓને યોગ્ય સુરક્ષા આપવી જોઈએ.

તમે મને થોડા સમય સુધી રમતા જોશો, સંન્યાસ પર રોહિત શર્માનું નિવેદન

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય ક્રિકેટના સ્ટાર કપ્તાન રોહિત શર્માએ પોતાના નેતૃત્વમાં ભારતીય ટીમને ગત મહિને બ્રિજટાઉનમાં આયોજિત ટી-૨૦ વર્લ્ડકપ અપાવ્યો હતો. આ સાથે જ રોહિતે ટી-૨૦ ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. રોહિત શર્મા ૩૭ વર્ષનો થઈ ચૂક્યો છે. આવામાં તે ઇન્ટરનેશનલ ક્રિકેટ રમી શકે છે તે મોટી વાત છે. આ પહેલાં બીસીસીઆઈ સચિવ જય શાહે કહ્યું હતું કે, હાલની વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ સિઝન અને આગામી વર્ષ ફેબ્રુઆરી માર્ચમાં રમાનાર ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિત જ ભારતનો કપ્તાન હશે. ૨૦૦૭માં ટી-૨૦ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યુ કરનાર રોહિતને અત્યાર સુધી આયોજિત દરેક ટી-૨૦ વર્લ્ડકપમાં રમનાર એકમાત્ર ભારતીય ક્રિકેટર હોવાનું અનોખું ગૌરવ પ્રાપ્ત છે. આ દરમ્યાન રોહિત શર્માએ કહ્યું કે, ટી-૨૦ ઇન્ટરનેશનલ કારકિર્દી સમાપ્ત કર્યા બાદ થોડા સમય સુધી ટેસ્ટ અને વન-ડે ક્રિકેટ રમવાનું ચાલુ રાખીશ. વેસ્ટઇન્ડિઝમાં ટાઇટલ જીત્યા બાદ રોહિત બ્રેક પર છે. ૩૭ વર્ષીય ખેલાડીએ એક કાર્યક્રમમાં કહ્યું કે, હું બહુ આગળ નથી જોતો તમે મને ઓછામાં ઓછા અમુક સમય સુધી રમતા જોશો. રોહિતે ૧૫૯ મેચોમાં ૪૨૩૧ રન બનાવી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ છોડ્યું, જેમાં પાંચ સદી અને ૩૨ અર્ધસદી સામેલ છે.

ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડ પ્રવાસ માટે ઓસી. ટીમ જાહેર, કમિન્સ-સ્ટાર્ક બહાર

મેલબોર્ન, તા.૧૫ : વન-ડે વિશ્વકપ વિજેતા કપ્તાન પેટ કમિન્સ વર્કલોડ મેનેજમેન્ટ મુજબ ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમના આગામી ઈંગ્લેન્ડ પ્રવાસે જશે નહીં. જ્યારે મિચેલ સ્ટાર્ક ટી-૨૦ સિરીઝ રમશે નહીં. ઓસ્ટ્રેલિયા સપ્ટેમ્બરમાં સ્કોટલેન્ડ વિરુદ્ધ ત્રણ ટી-૨૦ અને ઈંગ્લેન્ડ વિરુદ્ધ પાંચ વન-ડે મેચ રમશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કહ્યું કે, આ પહેલાથી નક્કી હતું કે, આગામી વર્ષ રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીને ધ્યાનમાં રાખી વર્કલોડ મેનેજમેન્ટ મુજબ કમિન્સ રમશે નહીં. મિચેલ માર્શ ટીમનો કપ્તાન હશે. યુવા બેટ્સમેન મેકગર્કને વન-ડે અને ટી-૨૦ બંને ટીમોમાં સ્થાન મળ્યું છે. ઓસ્ટ્રેલિયા ૫૦ ઓવરના ફોર્મેટમાં વિશ્વકપ ચેમ્પિયન છે અને વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ ટાઇટલ પણ જીત્યું છે પણ ટી-૨૦ વિશ્વકપ સેમિફાઇનલમાં પહોંચ્યું ન હતું.

ટી-૨૦ ટીમ :- મિચેલ માર્શ (કપ્તાન), ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનોલી, ટિમ ડેવિડ, નાથન એલિસ, જેક ફ્રેઝર-મેકગર્ક, કેમરૂન ગ્રીન, એરોન હાર્ડી, હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, જોન્સન, સ્ટોઈનીશ, એડમ જમ્પા.

વન-ડે ટીમ :- મિચેલ માર્શ (કપ્તાન), સીન એબોટ, એલેક્સ કેરી, નાથન એલિસ, મેકગર્ક, એરોન હાર્ડી, કેમરૂન ગ્રીન, હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, લાબુશેન, મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, સ્ટીવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, એડમ જમ્પા.

BCCI લેખિતમાં આપે કે ભારત સરકારે પાકિસ્તાનમાં રમવાની મંજૂરી આપી નથી : PCB

કરાચી, તા.૧૫ : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ઇચ્છે છે કે, બીસીસીઆઈ આ વાતને લેખિત પુરાવા આપે કે ભારત સરકારે આગામી વર્ષ ચેમ્પિયન્સ ટ્રોફી માટે સુરક્ષા કારણોસર ટીમને પાકિસ્તાન જવાની મંજૂરી આપવાનો ઇન્કાર કરી દીધો છે. પીસીબીના એક સૂત્રએ આ વાત કહી છે. યજમાન બોર્ડ ઇચ્છે છે કે, મામલાનો જલ્દી ઉકેલ આવે. કારણ કે, ટુર્નામેન્ટ આગામી વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં રમાશે. આઇસીસીની વાર્ષિક કોન્ફરન્સ ૧૯ જુલાઈએ કોલંબોમાં થશે. જેમાં હાઇબ્રિડ મોડલ પર ચર્ચા એજન્ડામાં નથી. તેના મુજબ ભારતીય ટીમ પોતાની મેચ યુએઇમાં રમશે. પીસીબીના એક સૂત્રએ કહ્યું કે, જો ભારત સરકારે મંજૂરી આપી નથી તો તેણે લેખિતમાં આપવું પડશે અને બીસીસીઆઈએ તે પત્ર તાત્કાલિક આઇસીસીને આપવો જોઈએ. તેમણે કહ્યું કે, અમે સતત કહી રહ્યા છે કે, બીસીસીઆઇ પાંચ-૬ મહિના પહેલાં ટુર્નામેન્ટ માટે ટીમના પાકિસ્તાન જવા વિશે આઇસીસીને લેખિતમાં સૂચિત કરે. બીસીસીઆઇ હંમેશાથી કહેતું આવ્યું છે કે, પાકિસ્તાનમાં રમવાનો નિર્ણય સરકારનો હશે અને ૨૦૨૩ વન-ડે એશિયા કપમાં પણ ભારતની મેચ હાઇબ્રિડ મોડલ પર શ્રીલંકામાં રમાઈ હતી. પીસીબીએ ચેમ્પિયન્સ ટ્રોફીનો કાર્યક્રમ આઇસીસીને સોંપી દીધો છે. જેમાં ભારતની બધી મેચ લાહોરમાં રમાશે. ભારત અને પાકિસ્તાનની મેચ પહેલી માર્ચે રમાશે. ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીએ કરાચીમાં શરૂ થશે અને ફાઇનલ નવ માર્ચે લાહોરમાં રમાશે. બીસીસીઆઇ સૂત્રોની માનીએ તો ટીમ પાકિસ્તાન જવાની નથી અને આવી સ્થિતિમાં આઇસીસી મેનેજમેન્ટ વધારાનું બજેટ ફાળવી શકે છે.

ખરાબ પ્રદર્શન કરશો તો ટીમની બહાર

પાકિસ્તાની ખેલાડીઓ પર ચાલ્યું PCBનું હંટર

સેન્ટ્રલ કોન્ટ્રાક્ટનો સમય ત્રણ વર્ષથી ઘટાડીને એક વર્ષનો કરી દેવાયો

કરાચી, તા.૧૫ : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ પોતાના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટનો સમય ત્રણ વર્ષથી ઘટાડી એક વર્ષનો કરવાનો નિર્ણય કર્યો છે પણ ખેલાડીઓના વેતનમાં કોઈ કાપ મૂકવામાં આવશે નહીં. પીસીબી અધ્યક્ષ મોહસીન નકવી દ્વારા લાહોરમાં બોલાવાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો. બોર્ડે કહ્યું કે, ટી-૨૦ વિશ્વકપમાં રાષ્ટ્રીય ટીમના લચર પ્રદર્શન બાદ તે પોતાની નીતિઓમાં ધરમૂળથી ફેરફાર કરશે. બોર્ડના એક અધિકારીએ કહ્યું કે, પસંદગીકારોએ કેન્દ્રીય કોન્ટ્રાક્ટના નાણાકીય હિસ્સામાં કોઈ ફેરફાર નહીં કરવાની ભલામણ કરી છે પણ હવે કોન્ટ્રાક્ટ સંશોધિત થઈ ૧૨ મહિનાનો હશે. જેમાં પ્રત્યેક ૧૨ મહિનામાં ખેલાડીઓની ફિટનેસ, વર્તન અને ફોર્મનું આકલન કરવામાં આવશે. ગત વર્ષ પીસીબીના પૂર્વ અધ્યક્ષ ઝકા અશરફની ખેલાડીઓ સાથે સહમતિ બની હતી જેના અનુસાર કેન્દ્રીય કોન્ટ્રાક્ટના નિયમો અને નાણાકીય બાબતમાં કોઈ ફેરફાર નહીં કરવાની ગેરંટી અપાઈ હતી. અધિકારીએ કહ્યું કે, પીસીબીએ બધા કેન્દ્રીય અને ઘરેલુ કરારબદ્ધ ખેલાડીઓ માટે પ્રત્યેક ત્રણ મહિનામાં ફિટનેસ ટેસ્ટ અનિવાર્ય કરી દીધો છે.

ભીમ ગીત : કાયદાવાદી મતભેદ કે સાંસ્કૃતિક વારસો ? સંશોધન દ્વારા જવાબોનું અનાવરણ

ભીમ ગીત, ભીમરાવ આંબેડકરને સમર્પિત ગીતો ખાસ કરીને મહારાષ્ટ્રમાં દલિત સમુદાયોમાં વિરોધ અને સાંસ્કૃતિક નિવેદનના અભિવ્યક્તિ તરીકે પડઘો પાડે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

"ભીમ ગીત એન્ડ આંબેડકરાઈટ મૂવમેન્ટઃ ધ જિનેસિસ ઓફ એ કલ્ચરલ ફિલ્ડ ઓફ પ્રોટેસ્ટ" નામનું એક ગ્રાઉન્ડબ્રેકિંગ રિસર્ચ પેપર અહીં CSH દિલ્હી, 'ક્વેસ્ટનિંગ ડેવલપમેન્ટઃ મોડલ્સ, ડાયનેમિક્સ, ઈમ્પેક્ટ' સંશોધન ક્ષેત્રના વડા ડૉ. જોએલ કેબલિયન અને CREM-LESCના સહયોગી સંશોધક જુલિયન જુગાંડ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે

દક્ષિણ એશિયા મલ્ટિડિસિપ્લિનરી એકેડેમિક જર્નલ (SAMAJ)ના ૩૧મા અંકમાં દર્શાવવામાં આવેલ આ લેખ, ભીમ ગીત તરીકે ઓળખાતી સાંસ્કૃતિક અને કલાત્મક સંગીત શ્રેણી પર પ્રકાશ પાડે છે, જે ભારતીય બંધારણના મુખ્ય આર્કિટેક્ટ અને દલિતોમાં આદરણીય વ્યક્તિ ડૉ. ભીમરાવ આંબેડકરને સમર્પિત એક શૈલી છે..

આ સંશોધન ભીમ ગીતના મૂળને શોધી કાઢે છે, જેને ભીમ ગીત તરીકે પણ ઓળખવામાં આવે છે, તેના મૂળ મહારાષ્ટ્રમાં છે, જ્યાં તે ભીમરાવ આંબેડકરના વારસાની ઉજવણી કરતી સંગીત શૈલી તરીકે ઉભરી આવી હતી.

લેખમાં વિગતવાર દર્શાવ્યા મુજબ આ ગીતો માત્ર કલાત્મક અભિવ્યક્તિ તરીકે જ નહીં પરંતુ જ્ઞાતિના જુલમ સામેના સંઘર્ષમાં સમાવિષ્ટ ગહન સામાજિક-રાજકીય નિવેદનો તરીકે સેવા આપે છે.

તે સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં, ખાસ કરીને મહારાષ્ટ્રમાં, દલિતો દ્વારા સામનો કરવામાં આવતા સાંસ્કૃતિક તણાવ અને જોખમનું વ્યાપક વિશ્લેષણ પ્રદાન કરે છે.

ભીમ ગીત, બાબા સાહબને સમર્પિત ગીતો, દલિત સમુદાયોમાં વિરોધ અને સાંસ્કૃતિક નિવેદનના અભિવ્યક્તિ તરીકે પડઘો પાડે છે.

સંશોધકો સમકાલીન ભારતમાં જ્ઞાતિના સંઘર્ષો વિશે ગાવાના મહત્વનો અભ્યાસ કરે છે અને સાંસ્કૃતિક અને સૌંદર્યલક્ષી બંને રીતે દલિતો માટે મુક્તિનો અર્થ શું છે તે શોધે છે.

આ લેખની શરૂઆત ૧૫ વર્ષ પહેલાં વિદર્ભ, પૂર્વી મહારાષ્ટ્રમાં થયેલી એક અવિશ્વસનીય મુલાકાતથી થાય છે, જ્યાં બે સંશોધકો, એક ઉત્તર ભારતમાં હિન્દુસ્તાની સંગીતના આશ્રયનો અભ્યાસ કરતા હતા અને બીજા મોટા બંધને કારણે જમીન સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા, બૌદ્ધ ખેડૂત અને ભૂતપૂર્વ તમાશા ગાયક પરમેશ્વર સી.ને મળ્યા હતા.

વર્ષોથી, પરમેશ્વર, જે હવે ૬૫ વર્ષના છે, તેમણે ભીમ ગીત અને બુદ્ધ ગીતનો તેમનો સાંસ્કૃતિક ભંડાર

શેર કર્યો છે - ભીમરાવ આંબેડકર અને ભગવાન બુદ્ધને સમર્પિત ગીતો, જે જાતિવિરોધી લાગણીઓ અને સ્વાભિમાન અને ગૌરવની કથાઓને પ્રતિબિંબિત કરે છે.

અન્વેષણની આ યાત્રાએ લેખકોને ભીમ ગીત, બુદ્ધ ગીત, જલસા અને પ્રબોધનના ઊંડા અભ્યાસમાં દોર્યા, જેમાં દલિત પરંપરાઓ અને કવ્વાલી જેવા વ્યાપક દક્ષિણ એશિયન સંગીતના સ્વરૂપો બંનેથી પ્રભાવિત સમૃદ્ધ સાંસ્કૃતિક ટેપેસ્ટ્રી છતી થઈ.

આંબેડકરનો પ્રભાવ અને ૧૯૫૬નું જાતિ પરિવર્તન

આંબેડકરનું ૧૯૫૬માં નાગપુરમાં બૌદ્ધ ધર્મમાં રૂપાંતર, જે ભારતના પોસ્ટ-કોલોનિયલ ઈતિહાસનો જાણીતો એપિસોડ છે, જે કથામાં એક મુખ્ય ક્ષણ તરીકે કામ કરે છે. જો કે, લેખ આ ઘટનાથી આગળ વધે છે કે કેવી રીતે ભૂતપૂર્વ મહાર જાતિ, જેને બૌદ્ધ, નિયો-બૌદ્ધ અથવા આંબેડકરવાદીઓ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેઓએ અવિભાજ્ય સૌંદર્યલક્ષી અને સામાજિક પરિપ્રેક્ષ્યથી તેમની ઓળખનું પુનર્નિર્માણ કર્યું છે.

સંશોધકોનો ઉદ્દેશ્ય આ ક્ષેત્રમાં સમજણના અભાવને દૂર કરવાનો છે અને તે દર્શાવવાનું છે કે કેવી રીતે બદલતી રહેલ સાંસ્કૃતિક પ્રથાઓએ રાષ્ટ્રવાદના પછાત સ્વરૂપના નિર્માણમાં મદદ કરી છે.

ભીમ ગીતના મૂળ તમાશા, વારકરી ભક્તિ ગાયન અને કવ્વાલી જેવી વિવિધ સંગીત પરંપરાઓમાં આવેલા છે, જ્યાં આંબેડકરનું નામ ઘણીવાર પરંપરાગત દેવતાઓની જગ્યાએ લેવામાં આવે છે.

આ અવેજી સામાજિક મુક્તિ તરફ સાંકેતિક પરિવર્તન અને પૂના કરાર જેવી ઐતિહાસિક ઘટનાઓના પુનઃ અર્થઘટન તરીકે સેવા આપે છે, જ્યાં ગાંધીજીના જીવનને બચાવવામાં આંબેડકરની ભૂમિકાની પુનઃ કલ્પના કરવામાં આવે છે.

આ અભ્યાસ દર્શાવે છે કે કેવી રીતે ભીમ ગીતની અંદર સંગીતમય કથાઓએ કાયદાકીય અસંમતિને સક્ષમ કરી છે. આ કથાઓ વિવિધ સંગીત સ્વરૂપોથી પ્રભાવિત છે, જેમાં મુસ્લિમ કવિતા અને કવ્વાલીનો સમાવેશ થાય છે, તેમજ ભજન અને કીર્તન જેવી હિંદુ ભક્તિ શૈલીઓનો પણ સમાવેશ થાય છે. આ સંશોધન ભીમ ગીતના વિવિધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરતી નોંધપાત્ર વિવિધતા અને પ્રભાવના જથ્થાને દર્શાવે છે.

સંશોધકો ભીમ ગીતના વ્યાપારીકૃત સાંસ્કૃતિક ઉત્પાદન અને પાયાના વિરોધ આંદોલન એમ બંનેમાં ભાગ લેવાના બેવડા સ્વભાવને પ્રકાશિત કરે છે-. દલિત સમુદાયના વિવેચકો આ ગીતોને આંબેડકરના કથિત દેવીકરણ અને તેમની રાજકીય વિચારધારાઓને નજરઅંદાજ કરવા માટે પડકારે છે. તેઓ ગીતોમાં પિતૃસત્તાક તત્વોની પણ ટીકા કરે છે, ઘણીવાર આંબેડકરની પ્રથમ પત્ની, રમાબાઈ જેવી વ્યક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રાજકીય દૃષ્ટિકોણથી, ભીમ ગીત માત્ર સાંસ્કૃતિક કલાકૃતિ તરીકે જ નહીં પરંતુ હિન્દુ રાષ્ટ્રવાદ દ્વારા કાયમી પ્રબળ કથાઓ સામે પ્રતિકારના સ્વરૂપ તરીકે ઉભરી આવે છે.

ગીતો, જે આંબેડકરને રાષ્ટ્રીય ગૌરવ અને સામાજિક ન્યાયના પ્રતીક તરીકે વારંવાર ઓળખાવે છે તે મુખ્ય પ્રવાહના પ્રવચનોને પડકારે છે અને પરંપરાગત રીતે ઉચ્ચ જાતિઓ દ્વારા પ્રભુત્વ ધરાવતી જાહેર જગ્યાઓમાં દલિત ઓળખનો ભાર મૂકે છે.

ભીમ ગીતના કલાકારોમાં સંઘર્ષ કરતા શેરી ગાયકોથી માંડીને ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા વધુ સમૃદ્ધ કલાકારો સુધીનો સમાવેશ થાય છે. આ અસમાનતા ભીમ ગીતના બેવડા સ્વભાવને રાજકીય સાધન અને સાંસ્કૃતિક ઉત્પાદન બંને તરીકે રેખાંકિત કરે છે. આ તફાવતો હોવા છતાં, શૈલી દલિતો વચ્ચે એકતા અને સહિયારા ઈતિહાસની ભાવનાને પ્રોત્સાહન આપે છે. ભીમ ગીતો પણ આશાની શાંતિ છે, એ અંધારામાં પ્રકાશની ચમક છે. આ વાક્ય આંબેડકરના આદર્શો અને સંઘર્ષોને સમર્પિત એક ઉત્કૃષ્ટ ભીમ ગીત વિજય સરતાપે દ્વારા "જરી સંકટચી કલ રાત હોતી" ના સારને સુંદર રીતે સમાવે છે. આ ગીત સંકટની ક્ષણને આબેહૂબ રીતે દર્શાવે છે, જે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતી પ્રતિકૂળતાની રાતનું પ્રતીક છે. તે આવા પડકારજનક સમયમાં આશા અને નેતૃત્વના દીવાદાંડી તરીકે આંબેડકરની નિર્ણાયક ભૂમિકાને રેખાંકિત કરે છે.

તેના કર્ણપ્રિય ગીતો દ્વારા, ગીત માત્ર દલિતો અને અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો દ્વારા સહન કરાયેલી મુશ્કેલીઓને જ સ્વીકારતું નથી પરંતુ આંબેડકરની પરિવર્તનકારી અસરની પણ ઉજવણી કરે છે. તે નેતૃત્વ માટે હિમાયત કરે છે જે તેમના અધિકારો અને આકાંક્ષાઓને પ્રાધાન્ય આપે છે, તેને ભીમ ગીત શૈલીમાં સ્થિતિસ્થાપકતા અને આશાનું શક્તિશાળી ગીત બનાવે છે. ટૂંકમાં, ડૉ. જોએલ કેબલિયન અને જુલિયન જુગાંડ દ્વારા કરવામાં આવેલ સંશોધન ભીમ ગીતને એક જીવંત સાંસ્કૃતિક વારસા તરીકે પ્રકાશિત કરે છે જે સમકાલીન સામાજિક-રાજકીય પડકારો વચ્ચે સતત વિકસિત થાય છે. તે દલિત સાંસ્કૃતિક ઓળખની સ્થિતિસ્થાપકતા અને ભારતના વૈવિધ્યસભર સામાજિક લેન્ડસ્કેપમાં સમાનતા અને માન્યતા માટેના તેના કાયમી સંઘર્ષના પુરાવા તરીકે સેવા આપે છે.

તેલંગાણામાં દલિત યુવક અને તેના પરિવાર સાથે મારપીટ અને હેરાનગતિ કરનાર ૪ની અટકાયત

(એજન્સી) તા.૧૫

અદિલાબાદ ગ્રામીણ મંડળના બાંગરુગુડા ગામમાં એક દલિત વ્યક્તિને કથિત રીતે હેરાન કરવા અને તેને અને તેના પરિવારના સભ્યોને માર મારવા બદલ પોલીસે ચાર લોકોની ધરપકડ કરી હતી.

રવિવારે મીડિયા સાથે વાત કરતા, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીએસપી) એલ જીવન રેડ્ડીએ જણાવ્યું હતું કે ચાર આરોપીઓ - અમીર ખાન, મોસીન ખાન, સલમાન ખાન અને એસકે ફૈઝનો સમાવેશ થાય છે.

આ ઘટના ત્યારે બની હતી જ્યારે એમ સૂર્યકાંત અને તેના પરિવારના સભ્યો સામે ચાર આરોપીઓ જાતિવાદી ભાષાનો ઉપયોગ કરી રહ્યા હતા. સૂર્યકાંત ઘરે જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી.

ડીસીપીએ જણાવ્યું હતું કે, પીડિત અને આરોપીઓ એક જ ગામના છે. સૂર્યકાંત દ્વારા નોંધાયેલી ફરિયાદના આધારે, આદિલાબાદ

સરકારી કચેરી તરફથી ઈ-નોટિસ મળી છે ? ગૃહ મંત્રાલયની સાયબર વિંગે કહ્યું કે, તેની સત્યતા ચકાસવા ઈન્ટરનેટ પર તપાસ કરો અથવા હેલ્પલાઈન પર કૉલ કરવો જોઈએ

ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)એ જાહેરાતમાં જણાવ્યું હતું કે, વપરાશકર્તાઓએ સરકારી ઈ-નોટિસની આડમાં મોકલવામાં આવેલા બનાવટી ઈમેલ્સ વિશે જાગૃત રહેવું જોઈએ

(એજન્સી) તા.૧૫

MHA અને I4C દ્વારા જાહેર કરવામાં આવેલી જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે શંકાસ્પદ ઈમેઈલ અને અન્ય પ્રકારની સાયબર છેતરપિંડીઓની તાત્કાલિક www.cybercrime.gov.in પર જાણ કરવી જોઈએ અથવા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કૉલ કરવો જોઈએ. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સાયબર ક્રાઈમ યુનિટે રવિવારે જણાવ્યું હતું કે ઈમેલ પર સરકારી ઓફિસમાંથી શંકાસ્પદ ઈ-નોટિસ મળવા પર, લોકોએ તેમાં નામ આપવામાં આવેલા અધિકારીના નામને પ્રમાણિત કરવા માટે ઈન્ટરનેટ પર તપાસ કરવી જોઈએ અને ઉલ્લેખિત વિભાગને ફોન કરવો જોઈએ. ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)એ જાહેર જાહેરાતમાં જણાવ્યું હતું કે, વપરાશકર્તાઓએ સરકારી ઈ-નોટિસની આડમાં મોકલવામાં આવેલા "બનાવટી ઈમેલ" વિશે જાગૃત રહેવું જોઈએ. આ જાહેરાતમાં ચેતવણી આપવામાં આવી છે કે આ ગેરરીતિ હોઈ શકે છે જે લોકોને સાયબર છેતરપિંડીનો શિકાર બનાવી શકે છે. I4C એ આવા ઈમેઈલ પર ક્લિક કરતા પહેલા અથવા તેનો પ્રતિસાદ આપતા પહેલા કાઉન્ટર-મેઝર્સ સૂચવ્યા હતાઃ એ તપાસો કે આ ઈમેલ અધિકૃત સરકારી વેબસાઈટ પરથી આવ્યો છે જેનું એડ્રેસ "gov.in"થી સમાપ્ત થાય છે; ઈમેલમાં નામ આપવામાં આવેલ અધિકારીઓની માહિતી માટે ઈન્ટરનેટ તપાસો; અને પ્રાપ્ત થયેલ ઈમેલ ચકાસવા માટે ઉલ્લેખિત વિભાગને કૉલ કરો. આ મહિનાની શરૂઆતમાં, કેન્દ્રીય નાણા મંત્રાલયે દિલ્હી પોલીસ સાયબર ક્રાઈમ અને આર્થિક ગુના, સેન્ટ્રલ ઈકોનોમિક ઈન્ટેલિજન્સ બ્યુરો (CEIB), ઈન્ટેલિજન્સ બ્યુરોના નામો, સહીઓ, સ્ટેમ્પ્સ અને લોગો ધરાવતાં છેતરપિંડીવાળા ઈ-મેઈલ્સ વિશે ચેતવણી આપતી જાહેર સલાહકાર જાહેર કરી હતી. આ ઈમેલ સાથે જોડાયેલ એક પત્ર, ૪ જુલાઈના રોજ જારી કરાયેલ એડવાઈઝરી મુજબ, ઉપરોક્ત ઈ-મેઈલ પ્રાપ્ત કરનારાઓ સામે ચાઈલ્ડ પોર્નોગ્રાફી, પીડોફિલિયા, સાયબર પોર્નોગ્રાફી, લૈંગિક પ્રદર્શન વગેરેના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

તેમાં કહેવામાં આવ્યું છે કે, છેતરપિંડી કરનારાઓ જોડાણ સાથે આવા નકલી ઈ-મેઈલ મોકલવા માટે અલગ-અલગ ઈ-મેલ એડ્રેસનો ઉપયોગ કરે છે. આવો કોઈપણ ઈમેલ મેળવનારને

આ કપટપૂર્ણ પ્રયાસ વિશે જાણ હોવી જોઈએ. સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે જોડાણ સાથેના આવા કોઈપણ ઈ-મેઈલનો જવાબ આપવો જોઈએ નહીં અને આવા મામલાઓની જાણ નજીકના પોલીસ સ્ટેશન/સાયબર પોલીસ સ્ટેશનને કરવી જોઈએ. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C), જે સાયબર ગુનાઓ માટે ગૃહ મંત્રાલય (MHA) હેઠળની એક સંસ્થા છે જેણે ગયા વર્ષે ઓગસ્ટમાં આવી જ એક એડવાઈઝરી જારી કરી હતી અને યુઝર્સને આવા નકલી ઈમેલ અંગે ચેતવણી આપી હતી. આ ગેરમાર્ગે દોરનાર ઈમેલ દ્વારા વિવિધ સરકારી કચેરીઓ, વ્યક્તિઓને લક્ષ્યાંકિત કરવામાં આવે છે અને તેમના પર સાયબર અપરાધોનો ખોટો આરોપ મૂકે છે, અને તેમને જવાબ આપવા વિનંતી કરે છે. આ ઈમેલમાં ઉપયોગમાં લેવાતા I4C, IB અને દિલ્હી પોલીસના લોગો નકલી, ભ્રામક હોય છે.

રાષ્ટ્રીય રાજધાનીના સેન્ટ્રલ સચિવાલયના કેટલાક અધિકારીઓને ગયા અઠવાડિયે આવા શંકાસ્પદ ઈમેઈલ મળ્યા હતા જે MEA મેસેજિંગ ટીમ NIC હાઈ કમિશન ઓફ ઈન્ડિયામાં કામ કરતી વ્યક્તિ દ્વારા જારી કરવામાં આવ્યા છે એવું ખોટું કહેવામાં આવ્યું હતું. રવિવારે જારી કરવામાં આવેલી MHA અને I4C જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે આવા શંકાસ્પદ ઈમેઈલ અને અન્ય પ્રકારની સાયબર છેતરપિંડીઓની તાત્કાલિક http://www.cybercrime.gov.in પર જાણ કરવી જોઈએ અથવા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કૉલ કરવો જોઈએ.

આસામની જમીન ખાલી કરાવવાનો ઘટનાક્રમ : ૧,૫૦૦ મુસ્લિમ ઘરોને નિશાન બનાવાયા, જ્યારે મંદિરને બચાવાયું, મોરીગાંવના રહેવાસીઓનો આરોપ

(એજન્સી) દિસપુર, તા.૧૫

આસામના મોરીગાંવ જિલ્લામાં, જંગલ અને રેલવેની જમીન પર ગેરકાયદેસર રીતે સ્થાયી થયેલા લગભગ ૧,૫૦૦ પરિવારોએ સરકારી આદેશ બાદ વિસ્તાર ખાલી કરવાનું શરૂ કર્યું છે. ૧૨ જૂનના રોજ જારી કરાયેલા આદેશમાં રહેવાસીઓએ દસ દિવસમાં જમીન ખાલી કરવાની માંગણી કરી હતી. જિલ્લા કમિશનર દેવાશિષ સરમાએ જણાવ્યું હતું કે, મોટાભાગના પરિવારોએ નોટિસનું પાલન કર્યું છે. સરમાએ જણાવ્યું હતું કે,૧૨ જૂનના રોજ નોટિસ આપવામાં આવી હતી જેમાં તેમને દસ દિવસમાં જમીન ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું અને તેમાંથી મોટાભાગના લોકોએ તેનું પાલન કર્યું છે. અંદાજે ૧૦,૦૦૦ લોકોના પરિવારો જાગીરોડના સિલભંગા ગામમાં રહેતા હતા. જો કે, હકાલપટ્ટીએ પક્ષપાતના આક્ષેપોને વેગ આપ્યો છે. રહેવાસીઓએ દાવો કર્યો હતો કે, બંગાળ મૂળના મુસ્લિમ પરિવારોને અલગ પાડવામાં આવ્યા હતા, લગભગ તમામ તોડી પાડવામાં આવેલા મકાનો મુસ્લિમ પરિવારોના હતા. એક ૪૫ વર્ષીય મોનુવારા બેગમ, શારીરિક રીતે અક્ષમ મહિલા, પોતાની તકલીફ વ્યક્ત કરતાં પૂછ્યું, આસામ સરકાર શા માટે અમને વંચિત કરે છે અને દુર્વ્યવહાર કરે છે. શું અમે મુસ્લિમ છીએ એટલા માટે. અબુલ કાશેમે જણાવ્યું હતું, જેનું ઘર તોડી પાડવામાં આવ્યું હતું, તેનાથી વિપરીત, એક કાલી મંદિર અને આસપાસના ઘરો બચી ગયા. તેઓએ દાયકાઓ જૂની

મદરેસાને સપાટ કરી અને મસ્જિદની દિવાલ તોડી નાખી પરંતુ કાલી મંદિર અને આશ્રમને સ્પર્શ કર્યો ન હતો. રહેવાસીઓએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, અભિયાનની સવારે ગૌહાટી હાઈકોર્ટ દ્વારા જારી કરાયેલ સ્ટે ઓર્ડર છતાં ડિમોલિશન ચાલુ રહ્યું હતું. મુસ્લિમોના ઘરો પર નોટિસ ચોંટાડવામાં આવી હતી પરંતુ હિંદુ ઘરો પર નહીં. જિલ્લા અધિકારીઓએ હકાલપટ્ટીના કારણ તરીકે વિકાસ પ્રવૃત્તિઓ માટેની યોજનાઓ ટાંકી હતી. સરમાએ મીડિયાને સંબોધતા કહ્યું કે, વહીવટીતંત્રના પ્રયાસો બળજબરીપૂર્વક અથવા બાંધકામોને તોડી પાડ્યા વિના શાંતિપૂર્ણ મંજૂરી સુનિશ્ચિત કરવાના છે. અમે લોકો સાથે વાટાઘાટો કરી હતી અને તેઓ આમ કરવા માટે સંમત થયા છે અને તેમાંથી લગભગ ૮૦ ટકા લોકો પહેલેથી જ અતિક્રમણ કરાયેલી જમીનમાંથી તેમનો સામાન ખસેડી રહ્યા છે. આ ખાતરીઓ છતાં, મુસ્લિમ ઘરોની નજીકના ઘણાં હિંદુ, નેપાળી અને તિવા પરિવારોના ઘરો તોડી પાડવામાં આવ્યા ન હતા. કેટલાક હિંદુ પરિવારોએ સ્વેચ્છાએ પેપર મિલ પાસેના તેમના ઘરો તોડી પાડ્યા હતા, પરંતુ વસાહતની અંદર કોઈ હિંદુ ઘર તોડવામાં આવ્યું ન હતું. આ હકાલપટ્ટીની વિપક્ષી નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી છે. કોંગ્રેસના સંસદસભ્ય પ્રદ્યુત બોરદોલોઈએ તાજેતરમાં લોકસભા ચૂંટણીમાં મુસ્લિમોને વોટ ન આપવા બદલ બદલો લેવા માટે ભાજપ પર નિશાન સાધવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, ભાજપના રાજ્ય એકમના વડા ભાભેશ કૈતાએ આરોપોને નકારી કાઢતા જણાવ્યું હતું કે, અનધિકૃત અતિક્રમણ કરનારાઓને બહાર કાઢવા જોઈએ અને મતદાન સાથે કોઈ સંબંધ નથી.

(સૌ.: મુસ્લિમમિરર.કોમ)

કોંગ્રેસે નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી મુદ્દે સરકારની ટીકા કરતા કહ્યું કે, એજન્સીએ ચાર વર્ષમાં એક પણ પરીક્ષા કેમ લીધી નથી

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની આ પ્રતિક્રિયા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એ ટિપ્પણી પર આપવામાં આવી હતી જેમાં મોદીએ કહ્યું હતું કે, સરકારે છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં આઠ કરોડ નવી નોકરીઓનું સર્જન કરીને બેરોજગારી વિશે બનાવટી વાર્તાઓ ફેલાવનારાઓને 'ચુપ' કરી દીધા છે

(એજન્સી) તા.૧૫

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો છે કે ભાજપ-આરએસએસએ શિક્ષણ પ્રણાલીને નષ્ટ કરવાનું કાર્ય શરૂ કર્યું છે અને તેમણે પૂછ્યું કે નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી (NRA)એ છેલ્લા ચાર વર્ષમાં એક પણ પરીક્ષા શા માટે લીધી નથી. કોંગસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની આ પ્રતિક્રિયા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એ ટિપ્પણી પર આપવામાં આવી હતી જેમાં મોદીએ કહ્યું હતું કે, સરકારે છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં આઠ કરોડ નવી નોકરીઓનું સર્જન કરીને બેરોજગારી વિશે બનાવટી વાર્તાઓ ફેલાવનારાઓને 'ચુપ' કરી દીધા છે.

X પર હિન્દીમાં એક પોસ્ટમાં, ખડગેએ કહ્યું કે, નરેન્દ્ર મોદીજી, ગઈકાલે તમે મુંબઈમાં નોકરીઓ આપવા અંગે જૂઠાણા ફેલાવી રહ્યા હતા. હું તમને ફરીથી યાદ કરાવવા માંગુ છું કે તમે NRA - નેશનલ રિક્રુટમેન્ટ એજન્સીની જાહેરાત કરતી વખતે શું કહ્યું હતું. ઓગસ્ટ ૨૦૨૦માં તમે કહ્યું હતું કે, 'NRA કરોડો યુવાનો માટે વરદાન સાબિત થશે. તે કોમન એલિજિબિલિટી ટેસ્ટ દ્વારા, તે બહુવિધ પરીક્ષાઓને દૂર કરશે અને કિંમતી સમય તેમજ સંસાધનોની બચત કરશે અને પારદર્શિતાને પ્રોત્સાહન આપશે.

તમને અમારા ૩ પ્રશ્નો છે - NRAએ છેલ્લા ૪ વર્ષમાં એક પણ પરીક્ષા શા માટે લીધી નથી? NRAને ૧,૫૧૭.૫૭ કરોડ રૂપિયાનું ભંડોળ પૂરું પાડવા છતાં, ૪ વર્ષમાં અત્યાર સુધી માત્ર ૫૮ કરોડ રૂપિયા કેમ ખર્ચવામાં આવ્યા છે? NRAની રચના શા માટે કરવામાં આવી હતી. શું એનઆરએને જાણી જોઈને નિષ્ક્રિય રાખવામાં આવી છે જેથી કરીને SC, ST, OBC અને EWS યુવાનોને તેમના અનામત અધિકારોથી વંચિત કરી શકાય?

કોંગ્રેસ અધ્યક્ષે આરોપ લગાવ્યો કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)નો ઉપયોગ "છેતરપિંડી, પેપર લીક અને કૌભાંડ"

માટે કરવામાં આવ્યો હતો અને NRAને કોઈ પરીક્ષા લેવા માટે પણ મંજૂરી નથી. એનટીએ NEET-UG જેવી રાષ્ટ્રીય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓના આરોપોને લઈને વિવાદમાં છે. ભાજપ-આરએસએસે શિક્ષણ પ્રણાલીને નષ્ટ કરવા અને યુવાનોના ભવિષ્યને બગાડવાનું કામ હાથ ધર્યું છે.

ખડગેએ કહ્યું કે કોંગ્રેસે અગાઉ પણ એનઆરએનો મુદ્દો ઉઠાવ્યો હતો, પરંતુ મોદી સરકારે આ મુદ્દે "મૌન વ્રત" લીધું હતું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક મીડિયા અહેવાલની વાત કરી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે NRA છેલ્લા ચાર વર્ષમાં રૂ.૫૮ કરોડ ખર્ચવા છતાં એક પણ પરીક્ષા યોજી શક્યું નથી. કેન્દ્ર સરકારે ૨૦૨૦માં યુવાનો માટે 'એક દેશ, એક પરીક્ષા'ની જાહેરાત કરી અને આની જવાબદારી રાષ્ટ્રીય ભરતી એજન્સી (NRA)ને સોંપી હતી. પરંતુ આ એજન્સી છેલ્લા ૪ વર્ષમાં ૫૮ કરોડ રૂપિયા ખર્ચવા છતાં એક પણ પરીક્ષા યોજી શકી નથી. NRA પણ NTAની જેમ નિષ્ફળ સાબિત થયું છે.

NEET-UG કેસ : સુપ્રીમ કોર્ટમાં NTAના જવાબમાં કેટલાક પ્રશ્નો અનુત્તરિત જ છે

સર્વોચ્ચ અદાલત NEET-UG પરીક્ષામાં પેપર લીક સહિતની ગેરરીતિના આક્ષેપો અંગેની અરજીઓની બેચની સુનાવણી કરી રહી છે

(એજન્સી) તા.૧૫

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ કથિત ગેરરીતિઓને કારણે NEET-UG પરીક્ષા પુનઃ આયોજિત કરવા અંગે બુધવાર, ૧૦ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટમાં પોતાનો પ્રતિભાવ સબમિટ કર્યો હોવા છતાં, તેમનું એફિડેવિટ હજુ પણ કેટલાક મુખ્ય મુદ્દાઓને ઉકેલવામાં નિષ્ફળ રહ્યું છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે અવલોકન કર્યું કે, એક વસ્તુ જે ખૂબ જ સ્પષ્ટ છે તે એ છે કે પેપર લીક થયું છે. પરીક્ષાની પવિત્રતાનો ભંગ થયો છે તે શંકાની બહાર છે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) હવે NEET-UG ૨૦૨૪ પરીક્ષામાં પેપર લીકના આરોપોની તપાસ કરી રહી છે, તેથી ટોચની કોર્ટે કેન્દ્રીય સંસ્થાને સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવા પણ કહ્યું છે. ગેરરીતિ અને પેપર લીકના કેસો સ્થાનિક ઘટનાઓ છે કે વધુ વ્યાપક છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે, સુપ્રીમ કોર્ટે NTAને પૂછ્યું હતું કે શું નિષ્ણાત સરકારી એજન્સી દ્વારા ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને શંકાસ્પદ કેસોની ઓળખ કરવી શક્ય છે.

આ સંસ્થા દ્વારા શેર કરાયેલ ડેટાનું વિશ્લેષણ કરવા પર, નીચેના પ્રશ્નો ઉદ્ભવે છે:

૧. શહેરમાંથી ટોપર્સની સંખ્યા અને શહેરમાંથી નોંધાયેલી ગેરરીતિ વચ્ચે શું સંબંધ છે ?

IIT મદ્રાસના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે પટના (બિહાર)માંથી માત્ર બે ઉમેદવારોએ ટોપ-૧૦૦ રેક મેળવ્યા છે, જ્યાં પેપર લીકના આરોપો હતા અને ટોપ-૫૦૦, ટોપ-૧૦૦૦ અને ટોપ-૫૦૦૦નું વિશ્લેષણ કરતી વખતે આવા સમાન વલણો જોવા મળ્યા હતા.

૨. શું અભ્યાસક્રમમાં ઘટાડો અને ૬૦૦થી વધુ ગુણ મેળવનારા ઉમેદવારોની સંખ્યામાં વધારા વચ્ચેનો સંબંધ સમજી શકાય છે ?

IIT મદ્રાસ દ્વારા તૈયાર કરવામાં આવેલ રિપોર્ટ દર્શાવે છે કે ૭૦૦-૭૨૦ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૩માં ૩૫૦થી વધીને ૨૦૨૪માં ૨,૩૨૧ થઈ ગઈ છે – જે ૫૬૩%નો વધારો છે. એ જ રીતે, અહેવાલ મુજબ, ૬૫૦-૬૯૯ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૩માં ૬,૮૩૯ થી વધીને ૨૦૨૪માં ૨૭,૮૮૫ થઈ છે - જે ૩૦૧%નો વધારો છે. કોર્ટે ૭૨૦/૭૨૦ માર્ક્સ મેળવતા અભૂતપૂર્વ ઉચ્ચ સંખ્યામાં વિદ્યાર્થીઓની નોંધ પણ લીધી હતી.

૩. હરિયાણાના ઝજ્જરમાં પરીક્ષા કેન્દ્ર વિશે શું, જ્યાં કથિત રીતે સતત રોલ નંબર ધરાવતા છ વિદ્યાર્થીઓએ ૭૨૦/૭૨૦ માર્ક્સ મેળવ્યા હતા ? તેના અહેવાલમાં, IIT મદ્રાસે જણાવ્યું હતું કે ૨૦૨૩ની તુલનામાં ૨૦૨૪માં ચોક્કસ કેન્દ્રમાં ઉચ્ચ રેક મેળવનારા ઉમેદવારોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી, જે સ્પષ્ટપણે સૂચવે છે કે ગેરરીતિને કારણે કોઈ સ્થાનિક લાભ નથી.

NEETના પરિણામો જાહેર થયા પછી, હરિયાણાના ઝજ્જર જિલ્લામાં બહાદુરગઢના એક જ કેન્દ્રમાંથી છ ઉમેદવારોએ સંપૂર્ણ ગુણ મેળવ્યા હોવાના અહેવાલ હતા. NTA એ આનો જવાબ આપ્યો હતો કે સમય ગુમાવવાને કારણે ૧,૫૬૩ ઉમેદવારોને આપવામાં આવેલા ગ્રેસ માર્કસને આવું થયું હતું. જો કે, સુનાવણી દરમિયાન, NTA એ ગ્રેસ માર્કસ પાછા ખેંચી લીધા હતા અને આ ૧,૫૬૩ ઉમેદવારો માટે ફરીથી પરીક્ષા કરવાનો આદેશ આપ્યો હતો.

૪. IIT-મદ્રાસે કયા આધારે ડેટા પસંદ કર્યો છે ?

૫. આ ડેટામાં પદ્ધતિ, મર્યાદા અને ભૂલની સંભાવના છે?

IIT મદ્રાસે જણાવ્યું છે કે તેઓએ ડેટા પ્રોસેસિંગ માટે પાયથોન, ડેટા સ્ટોરેજ માટે PostGreSQL અને વિશ્લેષણ માટે મેટાબેઝનો ઉપયોગ કર્યો છે, તેઓએ અભ્યાસ હાથ ધરવા માટેની પદ્ધતિનો ઉલ્લેખ કર્યો નથી. સંસ્થાએ ડેટામાં ભૂલની શક્યતાઓ અને સ્ત્રોતો પણ સ્પષ્ટ કર્યા નથી.

સંપૂર્ણ ગુણ મેળવનારા ઉમેદવારોમાં તીવ્ર વધારો શું સમજાવે છે ?

જ્યારે ૫ મેના રોજ NEET-UG ૨૦૨૪ના પરિણામો પ્રથમ વખત જાહેર કરવામાં આવ્યા હતા, ત્યારે કુલ ૬૭ વિદ્યાર્થીઓએ ૭૨૦/૭૨૦ માર્ક્સ મેળવ્યા હતા, જે ૨૦૨૩માં આવા બે ઉમેદવારોની સરખામણીમાં લગભગ ૩,૨૦૦%નો વધારો છે. જો કે, ગ્રેસ માર્કસ પાછા ખેંચી લેવાયા અને નવી કસોટી બાદ, આ સંખ્યા ઘટીને ૬૧ પર આવી ગઈ છે, જ્યારે ઝજ્જર પરીક્ષા કેન્દ્રના છ વિદ્યાર્થીઓ બીજા પ્રયાસમાં પરફેક્ટ સ્કોર મેળવી શક્યા નથી. NTA એ દાવો કર્યો છે કે બિહાર પોલીસે તેને ૧૭ ઉમેદવારોના નામ આપ્યા હતા, જેમને પેપર લીકથી ફાયદો થયો હોવાની શંકા હતી. જો ઉમેદવારોના પ્રદર્શનને ધ્યાનમાં લેવામાં આવે તો પણ, NTAના જાહેરનામા મુજબ, બે ઉમેદવારોએ ૬૦૧ અને ૫૮૦ માર્ક્સ મેળવ્યા છે, જે ૭૦,૯૨૫ અને ૧,૦૩,૨૩૪ના રેંકને અનુરૂપ છે. સીબીઆઈ દ્વારા આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે, જેણે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ પણ રજૂ કર્યો છે. NTA એ આ ૧૭ ઉમેદવારોના પરિણામો અટકાવ્યા છે.

ગોધરામાં વિવિધ રાજ્યોના ઉમેદવારોએ કેવી રીતે પરીક્ષા આપી ?

NEET-UG ૨૦૨૪નું માહિતી બુલેટિન જણાવે છે કે પરીક્ષા કેન્દ્રો વર્તમાન સરનામાની સ્થિતિના કાયમી સરનામાની સ્થિતિ સુધી મર્યાદિત રહેશે. ઉમેદવારો માત્ર તેમના રહેઠાણના રાજ્યમાં પોતાનું શહેર અથવા પડોશી શહેરો પસંદ કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઓડિશા, ઝારખંડ, મહારાષ્ટ્ર અને

કર્ણાટકના ઓછામાં ઓછા ૧૬ વિદ્યાર્થીઓએ ગુજરાતના ગોધરામાં એક ચોક્કસ કેન્દ્રમાંથી પરીક્ષા આપવાનું પસંદ કર્યું હતું, જ્યાં ગેરરીતિની જાણ થઈ હતી અને એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી. જો કે, NTA એ આ વિદ્યાર્થીઓની સ્થિતિ જણાવી નથી. ઉક્ત કેન્દ્ર પર ઉમેદવારોના પ્રદર્શનના આધારે, NTA એ દાવો કર્યો હતો કે પરીક્ષાની પવિત્રતા પર કોઈ અસર થઈ નથી. આ કેન્દ્ર પર, ૧૪ ઉમેદવારોએ ૬૦૦થી ૬૮૦ની વચ્ચે માર્ક્સ મેળવ્યા છે.

ગ્રેસ માર્કસના મુદ્દા વિશે શું?

તેમના પ્રતિભાવમાં, NTA એ જણાવ્યું છે કે ૧૩ જૂનના રોજ ઉચ્ચ સત્તાવાળી સમિતિની ભલામણો પર ગ્રેસ માર્કસ પાછા ખેંચવામાં આવ્યા હતા અને ૨૩ જૂનના રોજ ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી.

જો કે, પ્રશ્નો હજુ પણ બાકી રહે છે :

- ૪ જૂને પરિણામ જાહેર થયા પહેલા વિદ્યાર્થીઓને વળતરના ગુણનો મુદ્દો શા માટે જાહેર કરવામાં આવ્યો ન હતો.
- પરીક્ષાના પ્રોસ્પેક્ટસમાં ગ્રેસ માર્કસ અથવા તેમની ગણતરી માટેના ફોર્મ્યુલાનો કોઈ ઉલ્લેખ કેમ નથી ?
- ઉચ્ચ સત્તાવાળી સમિતિની રચના ક્યારે કરવામાં આવી હતી અને તેમાં કોનો સમાવેશ થતો હતો ?

૧૦ જુલાઈના રોજ દાખલ કરવામાં આવેલા તેના જવાબમાં, NTA એ જણાવ્યું છે કે અયોગ્ય માધ્યમોના ૧૫૩ કેસ થયા છે, જેમાંથી ૮૧ ઉમેદવારોના પરિણામો અટકાવવામાં આવ્યા છે અને ૫૪ ઉમેદવારોને બાકાત રાખવામાં આવ્યા છે. જો કે, તેમાં બાકીના ૧૮ ઉમેદવારોની સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. NTA એ એમ પણ જણાવ્યું કે NEET UG 2024 અંગે કુલ ૧૬ FIR નોંધવામાં આવી છે અને તેમાંથી ૧૪ પરીક્ષા અધિકારીઓ દ્વારા NTAના કહેવા પર નોંધવામાં આવી છે.

પરંતુ આ ૪ જુલાઈના રોજ સબમિટ કરવામાં આવેલા તેના જવાબથી વિપરીત છે, જ્યાં NTAએ જણાવ્યું હતું કે અયોગ્ય માધ્યમોના ૬૩ કેસો હતા, જેમાંથી ૨૨ ઉમેદવારોને બાકાત રાખવામાં આવ્યા હતા, ૩૩ ઉમેદવારોના પરિણામો અટકાવવામાં આવ્યા હતા અને નવના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. તે સમયે, NTAએ કહ્યું હતું કે અયોગ્ય માધ્યમોના મામલામાં ૧૩ FIR નોંધવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ આ કેસની આગામી સુનાવણી ૧૮ જુલાઈએ કરવાની છે. **(સૌ.: ધ ક્વિન્ટ.કોમ)**

મધ્યપ્રદેશમાં ટોલ પ્લાઝા કર્મચારીઓએ એક વ્યક્તિને હાથ, લાત અને લાકડીઓથી માર્યો, તપાસ જારી

(એજન્સી) તા.૧૫

મધ્યપ્રદેશના નરસિંહપુર જિલ્લાના બકોરી બાચઈ ટોલ પ્લાઝા કર્મચારીઓએ એક વ્યક્તિને કથિત રીતે લાકડીઓ અને લાતોથી નિર્દયતાથી માર્યો. ઘટનાનો વીડિયો રવિવારે વાયરલ થયો. જેમાં કથિત રીતે ટોલ પ્લાઝાના બાઉન્સર એક વ્યક્તિને રૂમમાં લઈ જઈને લાકડીઓ, હાથ અને લાતોથી મારતા દેખાઈ રહ્યા છે.

જો કે પીડિત જીતેન્દ્ર પટેલે અત્યાચાર સુધી કોઈ ફરિયાદ નોંધાવી નથી, પરંતુ વીડિયો જોયા પછી નરસિંહપુર પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી. નરસિંહપુરના પોલીસ અધિકારી નાગેન્દ્ર પટેલે જણાવ્યું કે મામલાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને સંબંધિત ટોલ કર્મચારીઓની વિરૂદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ આ ઘટના તે સમયે થઈ જ્યારે જીતેન્દ્ર પટેલ અને તેમનો પરિવાર

ટોલ પ્લાઝાથી પસાર થઈ રહ્યો હતો. કોઈ અજાણ્યા મુદ્દા પર વિવાદ થયો જેના કારણે કર્મચારીઓએ આક્રમક વ્યવહાર કર્યો અને પટેલ પર હુમલો કર્યો.

પોલીસ હાલમાં જીતેન્દ્ર પટેલ અને તેના પરિવારની તપાસ કરી રહી છે, સાથે જ વીડિયો સાક્ષ્યના આધારે હુમલાખોરોની ઓળખ કરવાનો પણ પ્રવાસ કરી રહી છે. નરસિંહપુરના સહાયક પોલીસ સુપ્રિટેન્ડન્ટ નાગેન્દ્ર પટેલે જણાવ્યું કે, "અમે ઘટનાનું સંજ્ઞાન લીધું છે અને આરોપીઓને ન્યાયના કઠેડામાં લાવવા માટે પ્રતિબદ્ધ છીએ.

જૂનાગઢ શહેરમાં અલમ શરીફનું જુલૂસ નીકળ્યું

કોમી એકતા અને ભાઈચારાના સંદેશ સાથે પરંપરાગત જુલૂસ સંપન્ન થયું

જૂનાગઢ,તા.૧૫

મુસ્લિમોનો પવિત્ર તહેવાર મોહર્રમ મનાવવામાં આવી રહેલ છે. ગત રાત્રે જૂનાગઢ શહેરમાં ગીરનાર રોડ પર આવેલ અલમ શરીફનાં ડેલામાંથી અલમનું જુલૂસ નીકળ્યું હતું. જે રાત્રિ દરમ્યાન શહેરના રાજમાર્ગો પર ફરી રાત્રે બે કલાકે તેના નિયત સ્થળે પરત ફર્યું હતું. અલમ શરીફનું જુલૂસ સેજના ઓટા, લીમડા ચોક, દીવાન ચોક, સર્કલ ચોક, માંડવી ચોક, ફૂટ બજાર સાત હવેલી થઈ તેનાં નિયત રૂટ મુજબ અલમ શરીફના ડેલામાં સંપન્ન થયું હતું. આ જુલૂસમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જૂનાગઢ શહેરમાં અલમ શરીફના જુલૂસ દરમ્યાન જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી નિકીતા સીરોય, એ-ડિવિઝન પીઆઈ વી.જે. સાવજ, પીએસઆઈ સીદી, વાજા પરમાર, લખધીર, નકુમ સહિત સમગ્ર ગર્વ ટીમ અને એ-ડિવિઝનનો પોલીસ સ્ટાફ જુલૂસ સાથે સતત ખડેપગે રહ્યો હતો અને કાયદો તેમજ વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખી હતી. જુલૂસમાં જોડાયેલા હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ પોલીસ સાથે સંકલન જાળવી જુલૂસનું સુચારૂ સંચાલન કર્યું હતું. આ જુલૂસમાં હિન્દુ-મુસ્લિમ આગેવાનો કોર્પોરેટર રજાકભાઈ હાલા, બટુકભાઈ મકવાણા, પ્રફુલભાઈ કાલરિયા, રમેશભાઈ વાજા, મુન્નાભાપુ દાતારવાળા, મહેબુબભાઈ પંજા, સોહેલ સિદ્દીકી, એડવોકેટ જીસાન હાલેપોત્રા, સલીમભાઈ ગુજરાતી, એસઆઈ બુખારી, સૈયદ સફદરહુસેન, અમીનભાઈ આરબ, રેહાન બાબી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મોડી રાત્રે કોમી એકતા અને ભાઈચારાના સંદેશા સાથે જુલૂસ સંપન્ન થયું હતું. આવતીકાલે જૂનાગઢ શહેરમાં સેજ અને તાજીયા પડમાં આવશે અને પોતપોતાના વિસ્તારમાં ફરશે. જયારે બુધવારે રાત્રે જૂનાગઢ શહેરમાં આખી રાત્રિ દરમ્યાન તાજીયાના જુલૂસ સમગ્ર શહેરના રાજમાર્ગો પર ફરશે.

દાહોદમાં મધરાત્રે પડેલા અઢી ઈંચ વરસાદે સ્માર્ટ સિટીની પોલ ખોલી, દુકાનો, મકાનોમાં પાણી ભરાયા

દાહોદ, તા.૧૫

દાહોદ શહેરમાં મધરાતે પડેલા અઢી ઈંચ વરસાદથી શહેરના જુદા-જુદા વિસ્તારોમાં રહેણાંક સોસાયટી, દૂકાનો તેમજ શાકમાર્કેટ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી એક તરફ વેપારીઓના યાંત્રિક ઉપકરણો પાણીમાં ડૂબી જતા લાખો રૂપિયાનું નુકસાન પહોંચવા પામ્યું છે. ત્યારે બીજી તરફ સ્માર્ટ સિટી અંતર્ગત ચાલેલા આડેધડ કામો, તેમજ માપદંડ વગર બનાવેલા રોડના કારણે વરસાદી પાણીએ પરિસ્થિતિ વધુ કપરી બનાવી દેતા દાહોદવાસીઓ હવે સ્માર્ટ સિટીને કોસતા જોવા મળી રહ્યા છે. શહેરના આંબેડકર ચોકમાં ભોંયતળિયે આવેલી ઝેરોક્ષ, તેમજ સ્ટુડિયો સહિત ૬ દૂકાનોમાં ત્રણ ફૂટ જેવાં પાણી ભરાઈ જતાં દુકાનદારોના યાંત્રિક ઉપકરણો, તેમજ અન્ય સંસાધનો પાણીમાં ડૂબી જવાથી ખરાબ થઈ જતા લાખો રૂપિયાનું વેપારીઓને નુકસાન થયું છે, સાથે સાથે શહેરના રળીયાતી વિસ્તાર તેમજ શાક માર્કેટ વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત ચકલીયા રોડ સ્થિત શાક માર્કેટ તેમજ રળીયાતી વિસ્તારમાં પાણી ફરી વળતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. જેના પગલે લોકોને ભારે હાલાકી ભોગવી પડી છે. માત્ર બે કલાકમાં અઢી ઈંચ વરસાદ ખાબકતા જ શહેરના વિવિધ વિસ્તારો અને શોપિંગ સેન્ટરોમાં પાણી ભરાતા લાખોનું નુકસાન થવા પામ્યું હાલમાં દાહોદ શહેરમાં બનાવેલા આવેલા માર્ગો પૈકી તમામ માર્ગો ઉપર હયાત બિલ્ડિંગો અને મકાનો શોપિંગ સેન્ટરો રોડ લેવલથી નીચા થઈ જવા પામ્યા છે અને તેને કારણે ભારે મુશ્કેલી સર્જાશે તેવું કામગીરી કરતી વખતે જે તે સંબંધિતોને રજૂઆત કરાઈ હતી. હાલ વિવિધ રસ્તાઓ પર મસમોટાં ખાડાઓ અને જેસીબી દ્વારા પડાયેલા માનવસર્જિત ખાડાઓ શહેરમાં અનેક દર્દીઓનો વધારો કર્યોછે દાહોદના ઓર્થોપિડિક દવાખાના ઉભરાઈ રહ્યા છે કમર દર્દો અને સર્વાઈકલ દર્દીઓનો દાહોદમાં અચાનક વધારો થયો છે સિનિયર સિટીઝન અને મહિલાઓને દ્વિચક્રીય વાહન ચલાવવામાં અનેક ગણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે હાલમાં નર્કાગાર ભાસત દાહોદ નગરીને દૃશ્યવાન દાહોદ બનાવવા માટે જે તે સંબંધીતોએ જરૂરી પગલાં લેવા જોઈએ સામાન્ય વરસાદમાં સર્જાયેલી આ પરિસ્થિતિ જો એકધારો વરસાદ આવશે તો દાહોદમાં અનેક પ્રકારની ખાના ખરાબી સર્જી જશે તેવું લાગી રહ્યું છે. દાહોદ શહેરની જલવિહાર સોસાયટીના ૩૦ ઘરો તેમજ તળાવ ફળિયા ભીલવાડા વિસ્તારમાં પડેલા ધોધમાર વરસાદમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી પાણી સ્વરૂપે આવેલા કાદવ કિચડ ઉપરોક્ત ઘરોમાં ભરાઈ જતા રાત્રિના બે વાગ્યાથી સવારના ૮:૦૦ વાગ્યા સુધી ઉપરોક્ત ઘરના રહેવાસીઓ કાદવ કિચનને સાફ કરતા નજરે પડયા હતાં. છાપ તળાવ ખાતે ઊભી કરેલી બાઉન્ડ્રી વોલ તેમજ સાફ કરવામાં પડતા નાળાઓમાં જાળી મૂકી દેવાથી આ સમસ્યા અવારનવાર સર્જાતી હોવાનું સ્થાનિકો હાલાકી ભોગવી રહ્યા છે.

સાવલીમાં પેલેસ્ટીનનો ઝંડો લગાવનાર સગીર બાળકોને માફીપત્ર લખી છોડી દેવાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વડોદરા જિલ્લાના સાવલીના તાલુકાના લાહોરી વગામાં પેલેસ્ટીનનો ઝંડો લગાડવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ સાવલીમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ એક્શનમાં આવી હતી. આ મામલાની તપાસ PSI ડી.જે. લીંબોલા કરી રહ્યા છે. ઘટના અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, હાલ મોહર્રમ પર્વની ઉજવણીનો માહોલ ચાલી રહ્યો છે. તેવામાં સાવલીના લાહોરી વગામાં તહેવાર નિમિત્તે ઝંડા તથા ઈસ્લામીક બોર્ડ લગાડવામાં આવ્યા છે. અને તેમાં પેલેસ્ટીનનો ઝંડો લગાડવામાં આવ્યો હોવાનું સપાટી પર આવ્યું હતું. તાજેતરમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલતું હોવાથી તેવા સમયમાં આ ઝંડો લગાવી પેલેસ્ટાઈન નું સમર્થન કરવામાં આવ્યું હતું. આ અંગેની જાણ હેડ કોન્સ્ટેબલ ભૂપેન્દ્ર ગણેશભાઇ દ્વારા સાવલી પોલીસમાં કરવામાં આવી છે. હાલ આ મામલે PSI ડી.જે. લીંબોલા વધુ તપાસ કરી રહ્યા છે. ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચે વર્ષોથી તણાવભર્યા સંબંધ છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી બંને વચ્ચે યુદ્ધની સ્થિતી ચાલી રહી છે. જેમાં અવાર-નવાર બંને દેશો દ્વારા એકબીજા પર જીવલેણ હુમલા કરીને જાન-માલનું નુકસાન પહોંચાડ્યું હોવાનું સામે આવતું રહે છે. પોલીસના જણાવ્યા અનુસાર ૧૦થી ૧૨ વર્ષના છોકરાઓએ ઝંડો લગાવ્યો હતો. ઉંમર નાની હોવાથી તેમને માફીપત્ર લખાવી જવા દેવામાં આવ્યા છે.

પુણા વિસ્તારમાં કાયમી ઊભરાતી ગટરથી લોકો ત્રાહિમામ્, ભાજપનો ઝંડો લગાવી વિરોધ નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૫

સુરતમાં ભૂવા હોય કે પછી ખાડા હોય કે ઉભરાતી ગટર હોય ત્યાં બધે જ ભાજપના ઝંડા લગાવી વિરોધ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં પુણાગામ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી ગટરના પાણી બેક મારી રહ્યા છે. જેથી સ્થાનિકો કાયમ ઉભરાતી ગટરને લઈને પરેશાન છે. ત્રાહિમામ મહિલાઓ દ્વારા ભાજપના ઝંડાને ગટરના ઢાંકણા પર રાખીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

હાલમાં પુણાની વિક્રમ નગર સોસાયટી, સંતોષી કૃપા સોસાયટી, નેતલદે પાર્ક સોસાયટી, ચામુંડા નગર સોસાયટીઓમાં છ દિવસથી ડ્રેનેજ ઉભરાઈ રહી છે સ્થાનિકો દ્વારા પાલિકાને ફરિયાદ કરવામા આવી છે પરંતુ કોઈ કામગીરી થતી નથી. જેના કારણે આજે ઉશ્કેરાયેલી સોસાયટીની મહિલાઓ અને અન્ય લોકોએ પાલિકાની કામગીરી સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉભરાતી ગટર પર ભાજપનો ઝંડો લગાવીને શાસકો કામગીરીમાં નિષ્ફળ ગયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. છ દિવસ સુધી ઝોન દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી ન હતી પરંતુ ઉભરાતી ગટર પર ભાજપના ઝંડા લગાવતા તંત્ર દોડતું થયું હતું અને આજે ગટરની સફાઈ કામગીરી હાથ ધરી હતી. સ્થાનિકોએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, વિક્રમ નગર સોસાયટી, સંતોષી કૃપા સોસાયટી, નેતલદે પાર્ક સોસાયટી, ચામુંડા નગર સોસાયટી પુણાગામ ખાતે છેલ્લા છ દિવસથી ગટરનું પાણી ઉભરાય છે. અમારી સોસાયટીમાં ગટરનું પાણી આવે છે. અમારા ધાબા પર પાણી ભરાય તો પાલિકા દંડ ફટકારે છે. ત્યારે આવા ગટરના પાણીને લીધે ગટરના પાણી ઉભરાતા બીમારી વકરે તેવો ભય છે. અહિંથી બાળકોને શાળાએ જવા માટે રસ્તાનો ઉપયોગ કરવો પડે છે. અમે રજૂઆત કરીએ છીએ પરંતુ નક્કર કામગીરી થતી નથી. મહિલાઓએ કહ્યું કે, છ દિવસથી ગટર ઉભરાતી હોવાથી ઘરના આંગણા સુધી પાણી પહોંચી જાય છે. મેલેરિયા અને ઝાડા ઉલટીના વાવર શરૂ થયા છે.

શિક્ષકની બદલી મુદ્દે ગ્રામજનો લાલ ઘૂમ

ઠાસરાના પીપલવાડા પ્રાથમિક શાળાના બદલી કરાયેલ શિક્ષકની પુનઃ ગામમાં બદલી કરાવવા માંગ

શિક્ષકને ગામની શાળામાં નહીં મુકાયતો તાળાબંધીની ગ્રામજનોની ચીમકી

નડિયાદ તા ૧૫

ઠાસરા તાલુકાના પીપલવાડા વિસ્તારમાં આવેલ દિપકપુરાના પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકની બદલીના મામલે આજે ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપીને આ શિક્ષકને પુનઃ ગામમાં બદલી કરાવવા માંગ કરી છે નહીં તો તાળાબંધીની પણ ચીમકી ઉચ્ચારી છે

મળતી માહિતી મુજબ ઠાસરા તાલુકાના પીપલવાડા વિસ્તારમાં દીપકપુરા પ્રાથમિક શાળા આવેલી છે આ શાળામાં થોડા દિવસ પહેલા શાળાની છતનો પોપડો તૂટીને નીચે પડતા એક વિદ્યાર્થીને સામાન્ય ઈજા થઈ હતી આ મુદ્દે વિદ્યાર્થીના માવતરોએ ઉચ્ચતર રજૂઆત કરતા શાળાના મુખ્ય શિક્ષકની બદલી માત્ર તાલુકામાં કરવામાં આવી હતી જેના લઈને ગામના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આજે ગામના લોકોએ ખેડા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી આવીને આવેદનપત્ર આપ્યું છે અને બદલી કરેલા શિક્ષકને પુનઃ પોતાનીગામ ની શાળામાં મૂકવા માંગ કરી છે નહીતો શાળા ને શાળાબંધી કરવા પણ ચીમકી ઉચ્ચારી છે ગામ લોકોએ જણાવ્યું હતું કે આ મુખ્ય શિક્ષક સારી રીતે કામ કરતા હતા વિદ્યાર્થીઓને અભ્યાસ સારી રીતે કરાવતા હતા તેમના કારણે અમારા બાળકોના અભ્યાસમાં સુધારો થયો છે માટે અમોને આ શિક્ષક જોઈએ.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પ્રસૂતિ કરાવાઈ

ચેકઅપ કરાવવા આવતી સગર્ભાને દુઃખાવો ઉપડતા રિક્ષામાં જ પ્રસૂતિ કરાવવી પડી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૫

ચેક અપ કરાવવા આવતી સગર્ભાને દુઃખાવો ઉપડતાં રિક્ષામાં જ સુરત સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પ્રસૂતિ કરાવાઈ હતી. સુરતમાં પર પ્રાંતિયો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. ત્યારે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી સુરતની સિવિલ હોસ્પિટલ તમામ માટે આશિર્વાદ સમાન બની ગઈ છે. ત્યારે આજે સિવિલ હોસ્પિટલમાં એક સામાન્ય પરિવારની સગર્ભાને રૂટિન ચેકઅપ માટે લાવવામાં આવી રહી હતી. ત્યારે મહિલાને રસ્તામાં અચાનક પ્રસૂતિની પીડા ઉપડી હતી. જેથી સિવિલ કેમ્પસમાં ટ્રોમા સેન્ટર આવે તે પહેલાં જ પ્રસૂતિ કરાવાઈ હતી.

સચિનના કવાસ ગામથી ચેક અપ માટે મહિલા આવતી હતી. રિક્ષામાં સિવિલ પહોંચતા દુઃ ખાવો વધી જતાં ટ્રોમા સેન્ટર સુધી પણ પહોંચી શક્યા નહોતો.મહિલાને પીડા વધુ હોવાથી તાત્કાલિક જાણ કરવામાં આવતાં જ નર્સ અને સ્ટાફ દોડી આવ્યા હતાં. મહિલાને પીડા વધુ ઉપડી હોવાથી સિવિલ હોસ્પિટલમાં રિક્ષામાં મહિલાએ દીકરાને જન્મ કરાવવો પડ્યો હતો. બાળક અને માતા બંનેની હાલત તંદુરસ્ત છે.ત્યારબાદ માતા અને બાળકને ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં માતા અને દીકરા બંનેની વધુ સારવાર શરૂ કરવામાં આવી છે. તબીબોએ કહ્યું કે, બન્નેની હાલત સ્થિર છે.

ગરીબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન દ્વારા

ખેડા જિલ્લામાં વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરાયું

નડિયાદ, તા.૧૫

દાવતે ઈસ્લામી ઈન્ડિયાના વેલ્ફેર વિભાગ GNRF (ગરીબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન)ની વૃક્ષારોપણ અભિયાન હેઠળ ખેડાના શહેરમાં નડિયાદ, નરસંડા તથા કપડવંજના વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ મરિડા ભાગોળ, સિવિલ હોસ્પિટલમાં વૃક્ષો રોપીને સામાન્ય લોકોમાં વધુ વૃક્ષો વાવવા માટેનો સંદેશ આપ્યો હતો. કારણ કે વૃક્ષો વાયુ પ્રદૂષણને ઘટાડવામાં અને માનવજાત તથા અન્ય જીવોના જીવનમાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. GNRFએ આ સ્લોગન આપ્યો કે "છોડ વાવું છે, ઝાડ બનાવવું છે" આ વૃક્ષારોપણ અભિયાનના અવસરે દાવતે ઈસ્લામી ઈન્ડિયાની કપડવંજ, નરસંડા અને નડિયાદના બ્રાન્ચ જવાબદાર વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

ડેભારી ગામે ધોધમાર વરસાદને લઈ મકાનની દીવાલ ધરાશાયી

વીરપુરમાં વીજળી પડતાં ગાયનું મોત

(સંવાદદાતા દ્વારા)

વીરપુર, તા.૧૫

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં મધ્ય રાત્રિએ ગાજવીજ અને ભારે પવન સાથે પડેલા વરસાદ દરમિયાન વીજળી પડવાની ઘટનામાં એક ગાયનું મોત નીપજયું છે તો બીજી તરફ ડેભારી ગામે રહેણાંક મકાનની દિવાલ ધરાશાયી થઈ હતી. હવામાન વિભાગ દ્વારા જે રીતે રાજ્યમાં ૫ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી હતી તે મુજબ મહીસાગર જિલ્લામાં રવિવારની મધ્ય રાત્રિએ વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો જેના પગલે કોયડમ ગ્રામ પંચાયતમા આવેલ જાંબુડી ગામમાં ઘરની બાજુમાં બાંધેલી ગાય પર અચાનક રાત્રીના સમયે વિજળી પડતાં ગાયનું કરૂણ મોત નીપજયું હતું ત્યારે વીજળીના લીધે મકાનની સ્વીચબોર્ડ સહિતના ઈલેક્ટ્રોનિક વસ્તુઓને પણ ભારે નુકસાની આવી હોવાનું બહાર આવ્યું છે તો બીજી તરફ ડેભારી ગામના દરજી મયુર અંબાલાલના રહેણાંક મકાનની પાછળના ભાગે બનાવેલ શૌચાલય દિવાલ ભારે વરસાદને પગલે ધરાશાયી થઈ હતી.

અંકલેશ્વર નગરપાલિકા બોર્ડ મીટિંગમાં સત્તાપક્ષ બે ભાગમાં વહેંચાયો

સ્ટેટ હાઈવેને પાલિકા હસ્તગત લેવાના મુદ્દે સત્તાપક્ષમાં મતભેદ ઊભો થયો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર નગરપાલિકા બોર્ડ મિટિંગમાં સત્તા પક્ષ બે ભાગમાં વહેંચાઈ હોવાનું સામે આવ્યું હતું. ૪૫ કામો અને ૩ સપ્લીમેન્ટી એજન્ડાના કામો બહુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. શહેરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવેને પાલિકા હસ્તગત લેવાના મુદ્દે સત્તા પક્ષમડાં જ મતાંતર ઉભો થયો હતો. વિવિધ ખર્ચ મંજુર અને ગ્રાન્ટ ફાળવણી સાથે વોર્ડ દીઠ ૪૦.૪૦ની ફાળવામાં આવ્યા હતા. તેમજ રોડ, ડ્રેનેજ સહીત કામોની બહાલી આપવામાં આવી હતી. અંકલેશ્વર નગરપાલિકા સભાખંડ ખાતે પાલિકા પ્રમુખ લલિતા બેન રાજપુરોહિત, કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ, ચીફ ઓફિસર કેશવ કોલડીયા ની અધ્યક્ષતા માં ક્વાર્ટરલી જનરલ બોર્ડ મિટિંગ યોજવામાં આવી હતી જેમાં ૪૫ એજન્ડા અને ૩ સપ્લીમેન્ટરી મળી ૪૮ જેટલાં એજન્ડા મુકવામાં આવ્યા હતા જે કામો વિરોધ પક્ષના વિરોધ વચ્ચે બહુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં વિવિધ ૪૦-૪૦ લાખ વોર્ડ દીઠ ફાળવવામાં આવ્યા હતા. ૧.૮૦ કરોડ ડ્રેનેજના કામ માટે, ૨ કરોડ વિવિધ બાંધકામ માટે, ૧.૪૦ કરોડ રૂપિયા પાણી ની લાઈન માટે ના વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી હતી. મહત્ત્વપૂર્ણ બાબતમાં શહેરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવેને પાલિકા હસ્તગત લઈ આગામી દિવસમાં નવ નિર્માણ કરવામાં આવશે. જે માટે સરકાર દ્વારા મંજૂરી આપતાં તેની બોર્ડમાં વિશેષ નોંધ લેવામાં આવી હતી.

રાજુલાના ખેડૂત યુવાનને લૂંટી લેનાર જટાધારી નાગા સાધુ સહિત ચાર શખ્સો સામે ફરિયાદ

અમરેલી, તા.૧૫

રાજુલાના ખેડૂત યુવાનને એક જટાધારી નાગા સાધુ તેમજ તેની સાથેના ત્રણ અજાણ્યા શખ્સોએ કારમાં આવી કાર ઊભી રાખી રસ્તામાં રોકી પૈસા બતાવવાનું કહી ૨૦,૦૦૦ રૂપિયાની લૂંટ કરી નાસી જતા જટાધારી સાધુ તેમજ તેની સાથેના ત્રણ શખ્સો સામે મરીન પીપાવાવ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર રાજુલાના જોલાપર ગામે રહેતા કાળુભાઈ ટપુભાઈ વાઘ ઉવ-૪૮ ગઈકાલે બપોરના ૦૨:૩૦ વાગ્યા દરમ્યાન પીપાવા વ ધામ પાટિયા પાસે પસાર થતા હતા ત્યારે એક કારમાં જટાધારી મોઢા ઉપર ભભૂતિ લગાવેલ અને નગ્ન અવસ્થામાં એક સાધુ તેમ જ તેની સાથેના ૩ અજાણ્યા શખ્સોએ કાળુભાઈને રોકી પૈસા બતાવવાનું કહી ૨૦,૦૦૦ રૂપિયા કાઢીને બતાવતા આ જટાધારી સાધુ તેમ જ તેની સાથેના માણસો પૈસા ઝૂંટવી નાસી ગયેલ હતા બનાવ અંગે મરીન પીપાવાવ પોલીસમાં જટાધારી નાગા સાધુ તેમજ તેની સાથેના અજાણ્યા ત્રણ ઈસમો સામે લૂંટની ફરિયાદ નોંધાવેલી હતી.

તારાપુરમાં બે બાઈક સામસામે અથડાતા પતિનું મોત, ગર્ભવતી પત્નીને ગંભીર ઈજા

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૫

આણંદ જિલ્લાના તારાપુરની સહાદત હોસ્પીટલ નજીક ગત રોજ સાંજના સમયે પૂરઝડપે જઈ રહેલાં બાઈક ચાલકે રોંગ સાઈડે આવીને સામેથી આવતાં બાઈકને ધડાકાભેર અથડાવતા સર્જાયેલા અકસ્માતમાં પતિનું મોત નીપજયું હતું. જયારે ગર્ભવતી પત્નીને ઈજાઓ થવા પામી હતી. આ અંગે તારાપુર પોલીસ અકસ્માત સર્જનાર ભાગી ગયેલા બાઈક ચાલક વિરૂદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ તારાપુર તાલુકાના ઈસરવાડા ગામમાં રહેતી અને ફરિયાદી કોમલબેન તરૂણભાઈ ભરવાડ ગર્ભવતી છે અને તેણીને સાતમો મહિનો ચાલી રહ્યો છે. તે દરમિયાન ગત રોજ સાંજના સમયે પેટમાં દુખાવો થતો હતો. બાદમાં તેણી પોતાના પતિ તરૂણ દેવાભાઈ ભરવાડ ની સાથે બાઈક નંબર જી.જે.૨૩ ડી.ડી. ૩૭૯૮ ઉપર સવાર થઈને તારાપુરની સહાદત હોસ્પીટલે બતાવવા માટે નીકળ્યાં હતાં. બંને પતિ-પત્ની તારાપુર ચોકડી વટાવીને હોસ્પીટલ તરફ જતાં હતાં. તે સમયે પૂરઝડપે સામેથી રોંગ સાઈડે બાઈક નંબર જી.જે.૨૩. ડી .૦૩૯૫નું આવી ચઢ્યું હતું અને ધડાકાભેર અથડાતાં દંપત્તિ રોડ ઉપર પટકાયું હતું.

આ અકસ્માતમાં કોમલબેનને બન્ને પગે તેમજ શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. જયારે તરૂણભાઈને માથામાં તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં. બાદમાં બન્ને પતિ પત્નીને એક રિક્ષામાં તાત્કાલિક સહાદત હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યાં હતાં. જયાં તરૂણભાઈની હાલત વધુ ગંભીર હોવાથી વધુ સારવાર માટે કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જયાં ફરજ પરના તબીબે તેમને મૃત્યુ પામેલા હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે તારાપુર પોલીસ મથકે કોમલબેન ભરવાડે ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માત સર્જનાર ભાગી ગયેલા બાઈકચાલક વિરૂદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરમાં ગર્ભવતી પુત્રવધૂને ત્રાસ આપી સાસરિયાઓએ પિયરમાં રહેવા મજબૂર કરી

પરિણીતાની કૂખે પુત્ર અવતર્યો હોવા છતાં ચાર માસ ઉપરાંતથી તેડી ન જતા પતિ, સાસુ-સસરા, નણંદ સામે ફરિયાદ

ભાવનગર, તા.૧૫

ભાવનગરના સિંધુનગર વિસ્તારમાં રહેતી પરિણીત મહિલાને તેના પતિ, સાસુ, સસરા અને નણંદે દહેજ બાબતે શારીરિક, માનસિક ત્રાસ આપી ગર્ભવતી હોવા છતાં બાળકની જવાબદારી નહીં સ્વીકારી તેના પિતાના ઘરે રહેવા માટે મજબૂર કરતા મહિલાએ તેના પતિ સહિતના સાસરીયાઓ વિરૂદ્ધ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના રૂપાણી સર્કલ પાસે આવેલ નિનાદ ફ્લેટમાં પિતા અશોકભાઈ કિશનમલ ઘનવાણીના ઘરે રહેતા કોમલબેન મનીષ બદલાણીએ મહિલા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેમના લગ્ન ગત તા.૧૨/૦૪/૨૦૨૨ના રોજ સિંધુનગર, ઝુલેલાલ મંદિર પાસે રહેતા ઘનશ્યામ ભેરુમલ બદલાણીના દીકરા મનીષ સાથે થયા હતા તેમજ લગ્નમાં તેઓ કરિયાવર પણ સાથે લાવ્યા હતા. લગ્નના ૧૫ દિવસ બાદ તેમના સાસુ નિર્મળાબેન કરિયાવર બાબતે મેણા મારવા લાગ્યા હતા તેમજ તેમના નણંદ કોમલબેન રાકેશભાઈ ચોરાઈ પણ અવારનવાર ઘરે આવી તેમના પતિ અને સાસુને ચડામણી કરતા અને સાસરિયાના તમામ લોકો શારીરિક,માનસિક ત્રાસ આપતા હતા. તા.૦૨/૦૯/૨૦૨૩ના રોજ તેઓ પ્રેગ્નન્ટ હોવા છતાં તેમની સાથે ઝઘડો કરી પિયરમાં જતા રહેવાનું કહેલ તેમજ તેમના પતિએ બાળકની જવાબદારી સ્વીકારવાનો ઇન્કાર કરી 'મારે તારી સાથે રહેવું નથી, તું મને છૂટાછેડા આપી દેજે' તેમ કહી અવારનવાર ઝઘડા અને મારકુટ કરતા હોય તેઓ તેમના પિતાના ઘરે રહેવા માટે જતા રહ્યા હતા. હાલ તેમને ચાર મહિનાનો એક પુત્ર હોવા છતાં તેમના સાસરીયાઓ તેડી ગયા નથી. મહિલા પોલીસે કોમલબેનના પતિ મનીષ ઘનશ્યામભાઈ બદલાણી, સસરા ઘનશ્યામ ભેરુમલ બદલાણી, સાસુ નિર્મળાબેન ઘનશ્યામભાઈ બદલાણી અને નણંદ કોમલબેન રાકેશભાઈ ચોરાઈ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM **MEHMUDGULAM AHMED PATEL** TO NEW NAME **MAHMOOD GULAMAHMED PATEL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD:- 5-136 LIMDA STREET PO. IKHAR TAL. AMOD DIST. BHARUCH 392230 GUJARAT.

CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM **MASTER SAMEEHA MEHMUDGULAM** TO NEW NAME **MASTER SAMEEHA MEHMUD** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADD:- 5-136 LIMDA STREET PO. IKHAR TAL. AMOD DIST. BHARUCH 392230 GUJARAT.

સર્વોદય નાગરિક સહકારી બેંક લિ.
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧.
Contact: 02772-242690, 246244
ઈ-મેઈલ: info@sarvodaybank.com વેબસાઈટ: www.sarvodaybank.com

સભાસદો જોગ તારીખ: ૧૫/૦૭/૨૦૨૪

આથી બેંકના તમામ માનવંતા સભાસદોને જણાવવાનું કે, સર્વોદય નાગરીક સહકારી બેંક લિ. હિંમતનગરની સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષની ૪૬મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૧/૦૭/૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૦૮:૩૦ કલાકે ગરીબ નવાઝ હોલમાં, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર ખાતે રાખવામાં આવેલ છે અને એજન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આપ સર્વ સભાસદોને ભાવભીનુ આમંત્રણ પાઠવું છું તથા બેંકના વાર્ષિક અહેવાલ બેંક સમયમાં રૂબરૂ આવી બેંકમાંથી મેળવી લેવા જેની દરેક સભાસદોએ નોંધ લેવી.

ચેરમેન
અ.કાદર એ હરસોલીયા
સર્વોદય નાગરીક સહકારી બેંક લિ. હિંમતનગર.

CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM **HANIFABANU MEHMUDGULAM PATEL** TO NEW NAME **HANIFABANU MAHMOOD PATEL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

**ADD:- 5-136 LIMDA STREET PO. IKHAR TAL. AMOD DIST. BHARU

સાબરકાંઠામાં દેખા દીધેલ શંકાસ્પદ રોગચાળાને લઈ સરકાર દ્વારા કરાઈ સ્પષ્ટતા

ચાંદીપુરા વાયરલ એનકેફેલાઈટીસ રોગ નવો નથી, તેનાથી ગભરાવવું નહીં સાવચેતી રાખવી

વેક્ટર-અસરગ્રસ્ત સેન્ડ ફ્લાયના (રેત માખી) કરડવાથી થાય છે : આરોગ્ય મંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૫

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, ચાંદીપુરા વાયરલ એનકેફેલાઈટીસ રોગથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. આ કોઈ નવો રોગ નથી . સામાન્ય પણે વરસાદી ઋતુમાં અને તેમાં પણ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતો રોગ છે. જે વેક્ટર - અસરગ્રસ્ત સેન્ડ ફ્લાયના (રેત માંખ) કરડવાથી થાય છે અને ખાસ કરીને ૯ મહીનાથી ૧૪ વર્ષની ઉમરના બાળકોમાં જોવા મળે છે. હાઇગ્રેડ તાવ, ઉલ્ટી ઝાડા, માથાનો દુખાવો, અને ખેંચ આવવી એ આ રોગના મુખ્ય લક્ષણો છે. આ પ્રકારના લક્ષણો બાળકોમાં જોવા મળે ત્યારે તાત્કાલિક તબીબી સલાહ લેવા મંત્રી એ અનુરોધ કર્યો છે.

મંત્રીએ રાજ્યમાં હાલ આ રોગની સ્થિતિ વિષે જણાવ્યું કે, રાજયમાં અત્યારસુધીમાં ચાંદીપુરાના ૧૨ જેટલા શંકાસ્પદ કેસ જોવા મળ્યા છે. જેમાંથી ૬ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. સાબરકાંઠા જિલ્લામાં ૪, અરવલ્લી જિલ્લામાં ૩, મહીસાગર અને ખેડા જિલ્લામા એક- એક શંકાસ્પદ કેસ જ્યારે રાજસ્થાન ૨ દર્દીઓ અને મધ્યપ્રદેશના એક દર્દીઓ કે જેઓએ ગુજરાતમાં સારવાર મેળવી હોય આમ કુલ ૧૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જે તમામના સેમ્પલ પુના ખાતેની લેબમા પરિક્ષણ માટે મોકલવામાં આવ્યા છે જેનું પરિણામ સરેરાશ ૧૨ થી ૧૫ દિવસમાં આવે છે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે, ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ ૬ મૃત્યુ રાજયમાં નોંધાયા છે પરંતુ સેમ્પલના પરિણામ આવ્યા બાદ જ ચાંદીપુરા રોગના આ કેસ હતા કે નહીં તેની પૃષ્ટિ થશે. વધુ વિગતો આપતા મંત્રીએ કહ્યું કે, ચાંદીપુરા રોગ ચેપી નથી પરંતુ અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની પ્રાથમિક તબક્કે જ સૂચના અપાઇ હતી. જેના પરિણામે અત્યારસુધીમાં કુલ ૪૪૮૭ ઘરોમાં કુલ ૧૮૬૪૬ વ્યક્તિઓનું સ્ક્રીનિંગ કરાયું છે. સેન્ડફ્લાય કંટ્રોલ માટે કુલ ૨૦૯૩ ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરાયોછે. રાજ્ય આરોગ્ય વિભાગ અગમચેતીના ભાગરૂપે આ રોગનો ફેલાવો અટકાવવા માટે રાઉન્ડ ધ ક્લોક કામ કરી રહ્યું છે.

મંત્રીએ આ ક્ષણે રાજ્યના નાગરિકોને આ રોગથી ગભરાવવા નહીં પરંતુ સાવચેતી જરૂરથી રાખવા જણાવ્યું છે અને પ્રાથમિક લક્ષણો જણાઇ આવે તો નજીકના હોસ્પિટલમાં તપાસ અને સારવાર કરાવવા પણ અનુરોધ કર્યો છે.

અત્રેઉલ્લેખનીયછેકે, મગજના તાવ (સી.એચ.પી.વી.)નો રોગચાળો તાવના લક્ષણો સાથે વર્ષ ૧૯૬૫માં મહારાષ્ટ્ર રાજ્યના ચાંદીપુરા જિલ્લામાં નોંધાયો હતો. ત્યારબાદ આંધ્રપ્રદેશ અને ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં પણ આ રોગચાળો નોંધાયો. આ વાયરસ જીન્સ વેસિક્યુલોવાયરસ કુટુંબને અનુસરે છે.ગુજરાતમાં દર વર્ષે આ રોગના કેસ જોવા મળે છે ખાસ કરીને ઉત્તર-મધ્યગુજરાતના જિલ્લાઓમાં આ રોગના કેસ નોંધાયા છે.

અમદાવાદ શહેરમાં ફરી એકવાર મેઘરાજાની ધમાકેદાર બેટિંગ : અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

ભારે ઉકળાટ અને બફારા બાદ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

પાણી ભરાતા ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા : લોકોને ભારે હાલાકી

અમદાવાદ, તા.૧૫

રાજયમાં લાંબો વિરામ લીધા બાદ આજે અમદાવાદમાં મેઘરાજાનું ફરીવાર ધમાકેદાર આગમન થયું હતું. ભારે ઉકળાટ અને બફારા વચ્ચે શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શહેરના મોટાભાગના વિસ્તારોમાં સારો વરસાદ થતા શહેરીજનોને ગરમીમાંથી રાહત મળી છે. લાંબી રાહ જોવડાવ્યા બાદ આજે અમદાવાદમાં ધોધમાર વરસાદ ખાબકયો. શહેરના નારોલ, નરોડા, શાહેઆલમ, જુહાપુરા, દાણીલીમડા, બહેરામપુરા, વટવા, દરિયાપુર, સરખેજ, વેજલપુર, એસ-જી હાઈવે, મણિનગર, હાટકેશ્વર, ખોખરા સહિત અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. થોડા વરસાદમાં જ પાણી પાણી થઈ જતા અમદાવાદમાં આજે પણ જળબંબાકારના દૃશ્યો સામે આવ્યા. હાટકેશ્વર સર્કલમાં પાણી ભરાઈ જતા સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો. આ તરફ ખોખરામાં હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં ઘરમાં પાણી ભરાઈ જતા રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. ઉમિયાદેવી સોસાયટી, મોહનકુંજ માર્ગ પર પાણી ભરાયા હતા. CTM જામફળવાડી વિસ્તાર જળમગ્ન બન્યો હતો. જ્યારે પૂનિતનગર રેલવે ફાટક, અમરાઈવાડી, ભાઈપુરાવોર્ડમાં પાણી ભરાયા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત ફરતે અલગ અલગ ત્રણ સિસ્ટમ સક્રિય થતા રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ઑફશોર ટ્રફ સિસ્ટમ સક્રિય થતા રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. આજે રાજ્યભરમાં હવામાન વિભાગે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ આગાહી વચ્ચે અમદાવાદમાં એકાએક વાતાવરણમાં પલટો જોવા મળ્યો અને વરસાદનું આગમન થયું છે. શહેરના શાહીબાગ અને એરપોર્ટ વિસ્તારમાં વરસાદ ખાબક્યો. તો આ તરફ ગોતા, જગતપુર, ન્યુ ચાંદખેડા, ત્રાગડ સહિતના વિસ્તારોમાં વરસાદનું આગમન થયુ છે. ભારે વરસાદને પગલે મીઠાખળી અંડરપાસ બંધ કરવામાં આવ્યો હતો.

શહેરમાં વધુ ઝડપે બનાવેલો

આઈકોનિક રોડ માત્ર એક ઈંચ વરસાદમાં જ ધોવાઈ ગયો

અમદાવાદ, તા.૧૫

રાજયમાં સોમવારે અનેક જિલ્લામાં ધોધમાર વરસાદે સૌને દોડતા કરી દીધા છે, ત્યારે અમદાવાદમાં પણ મેઘરાજા એ ધમાકેદાર બેટીંગ કરતા પાણી-પાણી થઈ છે. આજના વરસાદની સૌથી મોટી વાત એ છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સૌથી ઝડપી ગતિએ ૪૦ દિવસમાં બનાવાયેલો એરપોર્ટથી ઈન્દિરા બ્રિજ સુધીનો આઈકોનિક રોડ નદીમાં ફેરવાઈ ગયો છે. વાઈબ્રન્ટ સમિટ અગાઉ MC દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના આધારે આશરે રૂ. ૫૫ કરોડના ખર્ચે ઈન્દિરાબ્રિજ સર્કલથી તાજ સર્કલ સુધી માત્ર ૪૦ દિવસમાં ૧.૭ કિલોમીટરનો આઈકોનિક રોડ બનાવાયો હતો. દરમિયાન શહેરમાં ધોધમાર વરસાદ પડવાના કારણે ઠેકઠેકાણે વિકાસ ખાડે ગયો હોય તેવી સ્થિતિ સામે આવી હતી. શહેરમાં બપોરના સુમારે વાતાવરણમાં પલટો આવ્યા બાદ એકાએક ભારે વરસાદ પડ્યો હતો, જેમાં માત્ર એક ઈંચ વરસાદમાં શહેરના અનેક વિસ્તારો નદીમાં ફેરવાઈ ગયા છે. શહેરના અમદુપુરા, જુહાપુરા એસ.જી. હાઈવે સરખેજ વેજલપુર બાપુનગર, દરિયાપુર સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકો સહિત આસપાસના રહિશો પણ મુશ્કેલીમાં મુકાયા હતા.

આગામી બે દિવસ રાજ્યમાં અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી

સુરત, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, નવસારી અને વલસાડમાં રેડ એલર્ટ

અમદાવાદ, તા.૧૫

આગામી બે દિવસ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. સાથે રાજ્યના ૬ જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. કયા જિલ્લામાં રેડ એલર્ટ અપાયું છે તે જિલ્લા પર એક નજર કરીએ. છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી અને વલસાડમાં વરસાદનું રેડ એલર્ટ અપાયું છે. અમરેલી, ભાવનગર, બોટાદ, અને સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. તો આણંદ, વડોદરા, સાબરકાંઠા અને અરવલ્લીમાં અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે અમદાવાદ, તાપી, ડાંગ અને અમરેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. આ સિવાય ગુજરાતના તમામ જિલ્લામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. ગુજરાતમાં આગામી સાત દિવસ વિવિધ જિલ્લામાં મેઘરાજા મહેરબાન થશે. છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં આજે રેડ અલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી આગામી બે દિવસ રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગ દ્વારા માછીમારોને બે દિવસ બાદ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ વિશે હવામાન વિભાગના ડાયરેક્ટર જણાવ્યું કે, ઓફશોર ટ્રફ, સાયકલોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા રાજ્યમાં વરસાદ આવશે. આ માટે સમગ્ર રાજ્યમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. ત્યારે ડાંગ, વલસાડ, સુરતમાં ભારે વરસાદની શક્યતા છે, તો ભાવનગર, બોટાદ, રાજકોટમાં પણ વરસાદ વરસી શકે છે. જસદણ અને વીંછીયામાં ભારે વરસાદની આગાહી છે. બનાસકાંઠાના કેટલાક ભાગોમાં પણ વરસાદની આગાહી છે. વાવ, દિયોદર, થરાદ તાલુકો, સુઈગામ, હારીજના કેટલાક ભાગોમાં વરસાદ થશે. આગામી ૭૨ કલાકમાં મહેસાણા જિલ્લામાં વરસાદની આગાહી છે. બહુરાજી, કડી, શંખેશ્વરમાં વરસાદની શક્યતા છે. સમી-હારીજ તાલુકામાં વરસાદ વરસી શકે છે.

બનાસકાંઠા જિલ્લાના હાઈવે પર દારૂના ૨૦ સ્ટેન્ડ : સાંસદ ગેનીબેન ઠાકોર

આગામી દિવસોમાં ચેકપોસ્ટ સહિતના સ્થળોએ મોટી ઝૂંબેશ શરૂ કરાશે

ડીસા, તા.૧૫

ગાંધીનું ગુજરાત દારૂબંધી વાળુ ગુજરાત છે, પરંતુ આ માત્ર કાગળ પર જ દેખાય છે. તાજેતરમાં જ બનાસકાંઠા બેઠકના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સરકારને આડે હાથે લઈ જણાવ્યું છે કે, જિલ્લામાં હાઈવે પર કેટલાક લોકોને દારૂની પરમીટ અને સ્ટેન્ડ મળ્યા છે, વધુમાં જણાવ્યું કે, આગામી દિવસોમાં આ મુદ્દે મોટી ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. રાજ્યમાં ઠેર-ઠેર દારૂની હાટડીઓ ખુલી રહી છે અને આ મામલે રાજ્ય સરકાર કોઈ એક્શન ના લેતી હોવાનો ખુદ સાંસદ ગેનીબેન ઠાકોરે આક્ષેપ કર્યો છે. બનાસકાંઠા બેઠકના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સરકાર સામે બાંયો ચઢાવી છે. તેમણે સરકાર અને તંત્ર ઉપર મોટો આરોપ લગાવ્યો છે. તેમણે હાલમાં જ આરોપ લગાવતા કહ્યું છે કે, હાઈવે પર દારૂના ૨૦ સ્ટેન્ડ અપાયા છે. એક પછી એક ખુલી રહેલા દારૂના સ્ટેન્ડ મુદ્દે ગેનીબેને હૂંકાર કરતાં કહ્યું છે કે, જેમને દારૂના સ્ટેન્ડ મળ્યા છે તે ચેતી જજો , કોઈને બરબાદ કરવાથી ભગવાન તમને રાજી નહીં રહેવા દે. વધુમાં ચિમકી આપતા કહ્યું કે, દારૂના સ્ટેન્ડ બાબતે આગામી દિવસોમાં ચેકપોસ્ટ સહિતના સ્થળ પર જઈને મોટી ઝૂંબેશ પણ ચલાવાશે.

નર્મદા જિલ્લામાં મૂશળધાર વરસાદ

ભારે વરસાદથી કરજણ ડેમના ૩ દરવાજા ખોલવામાં આવ્યા : કાંઠાના ૯ ગામોને કરાયા એલર્ટ

અમદાવાદ, તા.૧૫

મૂશળધાર વરસાદને પગલે નર્મદાના નાંદોદનું લાછરસ ગામ પાણીમાં ગરકાવ થયું હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. સતત વરસાદથી લાછરસ ગામમાં કમર સુધીના પાણી ભરાઈ ગયા છે. ગામમાં આવવા જવાનો રસ્તો બંધ થતા સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણીના દ્રશ્યો સામે આવ્યા છે.. ગામમાંથી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી સ્થાનિકોને ભારે હાલાકી પડી રહી છે. ગામમાં પાણી ભરાવાના કારણે ગાડીઓ પણ વરસાદી પાણીમાં ડૂબી ગઈ છે.

નર્મદાનાં કરજણ ડેમના ૩ ગેટ ૨.૮૦ મીટર ખોલાયા છે. કરજણ ડેમમાંથી ૩૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. દર કલાકે ડેમની સપાટી ૧૦૫.૭૨ મીટર પહોંચે છે. નદી કાંઠા વિસ્તારના ૯ ગામોને સાવચેતીના ભાગ રૂપે એલર્ટ કરાયા છે. તો તંત્ર સેન્ડબાય કરાયું છે. NDRF અને SDRF ની ટીમ પણ નર્મદા સેન્ડબાય કરવામાં આવ્યું છે. નર્મદામાં આવેલી મોહન નદીમાં ઘોડાપુરની સ્થિતિ જોવા મળી રહી છે. નવો બનાવેલો બ્રિજ પણ પાણીમાં ગરકાવ થયો છે. આ રસ્તે અવરજવર કરનારાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડયો છે. નર્મદાના કરજણ ડેમમાં નવા નીરની આવક થઈ છે. ભરૂચ નર્મદાની જીવાદોરી ગણાતા કરજણ ડેમમાં સીઝનમાં પહેલી વાર ડેમમાં પાણીની આવક થતા ડેમના ત્રણ ગેટ ખોલવામાં આવ્યા છે ઉપરવાસમાં ડેડીયાપાડા અને સાગબારા માં ૬ ઈંચજેટલો ભારે વરસાદ પડતાં કરજણ ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. ડેમનું લેવલ સરકાર ધ્વારા નિયત કરેલ રૂલ લેવલ જાળવવાનું હોય છે. આજે સવારે ૧૧:૫ કલાકે ડેમની સપાટી ૧૦૫.૭૨ મીટર પહોંચી હતી . જળાશયનું રૂલ લેવલ તા. ૧/૮/૨૪ના રોજ ૧૦૭.૫૫ મીટર જાળવવા માટે ૧૨ કલાકે ડેમના ૩દરવાજા ૨.૮૦.મીટર ખોલવામાં આવ્યાં હતા.કરજણ ડેમમાંથી ૩૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને કારણે કરજણ નદી બે કાંઠે વહી રહી છે. ૩૦ હજાર ક્યુસેક પાણી છોડાતા કરજણ નદી કાંઠા વિસ્તારના ૯ ગામોને સાવચેતીના ભાગ રૂપે એલર્ટ કરાયા છે. તંત્રને સેન્ડબાય કરાયું છે. જેમાં NDRF અને SDRFની ટીમને પણ સેન્ડબાય કરવામાં આવ્યું છે.

પ્રોજેક્ટના તબક્કા-1A માટેની આશરે ૫૫ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ

લોથલમાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્ષની કામગીરીની સમીક્ષા કરાઈ

વિશ્વનું સૌથી ઊંચું લાઈટ હાઉસ સહિતનું મ્યુઝિયમ-એક્વેટિક ગેલેરી સહિતના મુખ્ય આકર્ષણો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૫

મિનિસ્ટ્રી ઓફ પોર્ટ, શિપિંગ અને વોટર વેલ્સ સાગર માળા કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના લોથલ ખાતે 'નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ' (NMHC) વિકસાવી રહ્યું છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ વિશ્વકક્ષાની સુવિધા ધરાવતું એક આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ બનાવાનો છે. આ પ્રોજેક્ટની કામગીરીની કેન્દ્રીય સંયુક્ત સચિવની બેઠકમાં સમીક્ષા કરાઈ હતી.

આ નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણના અભિગમ દ્વારા પ્રાચીનથી આધુનિક સમય સુધીના ભારતના દરિયાઈ વારસાને પ્રસ્તુત કરશે. તાજેતરમાં ગુજરાતના લોથલ ખાતે મિનિસ્ટ્રી ઓફ પોર્ટ, શિપિંગ અને વોટર વેલ્સના સંયુક્ત સચિવ ભૂષણ કુમારની અધ્યક્ષતામાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની સમીક્ષા અંગેની બેઠક યોજાઈ હતી. ત્યારબાદ અમદાવાદમાં સ્ટેટ ગેસ્ટ હાઉસ ખાતે કારોબારી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકોમાં કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોના તથા ગુજરાત સરકારના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહ્યા હતા.

નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સની સ્થાપના માટે ગુજરાત સરકારે સરગવાલા ગામમાં ૪૦૦ એકર જમીન ફાળવી છે અને પ્રોજેક્ટ માટે બાહ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ પણ હાથ ધર્યોછે. આમાં, સરગવાલા ગામથી નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટ સાઈટ સુધીના ૧.૫ કિ.મી.ના રસ્તાની પૂર્ણાહુતિ, ૧૭ કિ.મી. ટ્રાન્સમિશન લાઈનો નાખવા, ૬૬ kV GIS સબસ્ટેશનના સેટઅપ માટે ફન્ડિંગ અને નર્મદા પાણી પુરવઠા તથા સંગ્રહ ટાંકીની જોગવાઈનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટના તબક્કા-1A માટેની ભૌતિક પ્રગતિ લગભગ ૫૫ ટકા પૂર્ણ થઈ ગઈ છે. જેમાં તમામ ગેલેરી માટેના ટેન્ડર પેકેજો આપવામાં આવ્યા છે અને તબક્કા-1B માટેના ટેન્ડરો જુલાઈ ૨૦૨૪ સુધીમાં આપવામાં આવે તેવી અપેક્ષા છે. બાકીના તબક્કાઓ માટેની ટેન્ડરિંગ પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. મેરીટાઈમ કોમ્પ્લેક્સમાં વિશ્વના સૌથી ઊંચું લાઈટહાઉસ ધરાવતું મ્યુઝિયમ, વિશ્વની સૌથી મોટી ઓપન એક્વેટિક ગેલેરી અને ભારતનું સૌથી ભવ્ય નેવલ મ્યુઝિયમ જેવા ખાસ આકર્ષણો સામેલ છે. માર્ચ ૨૦૨૨ માં શરૂ થયેલા આ પ્રોજેક્ટને આશરે રૂા.૪૫૦૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે જેમાં હડપ્પન આર્કિટેક્ચર અને જીવનશૈલીને પ્રદર્શિત કરવા માટે લોથલ મીની રિક્રિએશન, ચાર થીમ પાર્ક (મેમોરિયલ થીમ પાર્ક, મેરીટાઈમ અને નેવી થીમ પાર્ક, ક્લાઈમેટ થીમ પાર્ક અને એડવેન્ચર એન્ડ એમ્યુઝમેન્ટ થીમ પાર્ક) બનાવાશે. આ સાથે જ હડપ્પન કાળથી વર્તમાન સમય સુધીના ભારતીય દરિયાઈ વારસાને પ્રદર્શિત કરતી ૧૪ ગેલેરી પણ બનાવાશે. વધુમાં રાજ્યોના દરિયાઈ વારસાને દર્શાવતું કોસ્ટલ સ્ટેટ્સ પેવેલિયન પણ હશે.

ડિફેન્સ PRO અને ગ્રુપ કેપ્ટને એન. મનિષ એરફોર્સમાંથી નિવૃત્ત

અમદાવાદ, તા.૧૫

ગુજરાતના સંરક્ષણ જનસંપર્ક અધિકારી (PRO) અને સંરક્ષણ મંત્રાલય (MoD)ના પ્રવક્તા ગ્રૂપ કેપ્ટન એન. મનીષ ૨૬ વર્ષ કરતાં વધુ સમયની વિશિષ્ટ કારકિર્દીમાં સેવા આપ્યા પછી ૧૫ જુલાઈ ૨૦૨૪ના રોજ સેવામાંથી નિવૃત્ત થયા છે.

મૂળ દિલ્હીના એન. મનિષે એરફોર્સ એકેડેમીમાં સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કર્યા પછી, તેમને ૨૦ ડિસેમ્બર ૧૯૯૭ના રોજ ભારતીય વાયુસેનાની ફાઇટર સ્ટ્રીમમાં નિયુક્તિ પામ્યા હતા. તેમના સેવાકાળ દરમિયાન, તેમણે મીગ-૨૧ ટાઇપ-૭૫, મીગ-૨૧ ટાઇપ-૭૭, કેનબેરા ફાઇટર/બોમ્બરના વિવિધ વેરિઅન્ટ્સ જેવા એરક્રાફ્ટ્સ ઉડાવ્યા છે.

ગ્રૂપ કેપ્ટન મનીષ ૨૦૧૬થી ૨૦૧૮ દરમિયાન IAFમાં સૌથી મોટા કોમ્બેટ સ્ક્વોડ્રનમાંથી એકની કમાન્ડ પર સેવા આપી ચુક્યા છે. તેમણે અત્યંત પ્રતિષ્ઠિત ઈન્ટેલિજન્સ નિર્દેશાલયમાં દિલ્હીમાં એર હેડક્વાર્ટર સંયુક્ત નિર્દેશક તરીકે પણ સેવા આપી છે.

ભારતે ડિસેમ્બર-૨૦૨૨માં G-૨૦ની અધ્યક્ષતા સંભાળ્યા બાદ આ અધિકારીએ જાપાનમાં વીર ગાર્ડિયન નામની પ્રથમ આંતરરાષ્ટ્રીય કવાયતમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કવાયતે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું.

નવરંગપુરામાં કારનો કાચ તોડી દોઢ લાખથી વધુની ચોરીને અંજામ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

શહેરમાં બનેલા બે અલગ અલગ બનાવમાં નવરંગપુરામાં કારનો કાચ તોડીને દોઢ લાખથી વધુની માલમત્તાની ચોરી કરવામાં આવી હતી. જ્યારે સરખેજમાં પાર્ક કરેલી કાર ચોરી જનારા શખ્સની પોલીસે ધરપકડ કરી છે.પ્રાપ્ત વિગત મુજબ ઘાટલોડીયામાં રહેતા અંકિતભાઈ જે.શાહે ૧૦ જુલાઈના રોજ નવરંગપુરામાં સી.જી.રોડ પર મ્યુનિસિપલ કોર્પોરેશનના પાર્કિંગમાં પોતાની ટોયેટો કાર પાર્ક કરી હતી. દરમિયાન કોઈ ગઠિયો કારનો કાચ તોડીને અંદરથી રૂ.૮૦,૦૦૦ ની કિંમતનું લેપટોપ, અન્ય એક ૭૩,૭૧૮ ની કિંમતનું લેપટોપ તથા રૂ.૭,૦૦૦ની કિંમતની હાર્ડ ડિસ્ક, ડેબિટ અને ક્રેડિટ કાર્ડ, પાસપોર્ટ વગેરે મળીને કુલ રૂ.૧,૬૫,૭૧૮ ની માલમત્તાની ચોરી કરી ગયો હતો. આ અંગે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે સરખેજમાં પાર્ક કરેલી હોન્ડા સિટી કાર ચોરી જનારા ગઠિયાની સરખેજ પોલીસે ધરપકડ કરી છે. તેની પાસેથી પોલીસે કાર કબજે કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ પ્રકારના અન્ય ગુનામાં સંડોવાયેલો હોવાની શંકાને આધારે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પ્રેમસંબંધ મામલે માતા-પિતાએ ટોકતા ૧૯ વર્ષીય યુવકે જીવન ટૂંકાવ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

નવી પેઢીના યુવક-યુવતીઓમાં ઘણા ખરાની જીવન શૈલી એ પ્રકારની થઈ ગઈ છે કે તેમનામાં સહન શીલતાનો અભાવ જોવા મળી રહ્યો છે જેથી સાબિતી આપતો કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે. અમદાવાદ શહેરમાં નારણપુરામાં રહેતા ૧૯ વર્ષીય યુવકે પોતાના ઘરના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. યુવકને પ્રેમ સબંધ બાબતે માતા-પિતાએ ટોકતા યુવકને લાગી આવ્યું હતું, જેથી યુવકે ઘરે પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. નારણપુરા પત્રકાર કોલોનીમાં રહેતી ભાખ્ય શાહ નામનો યુવક કોલેજમાં અભ્યાસ કરે છે. ગઈકાલે રાબેતા મુજબ ભાખ્ય પોતાના રૂમમાં સુવા માટે ગયો હતો. આજે વહેલી સવારે પરિવારને ભાખ્યને ગળેફાંસો લગાવેલી હાલતમાં જોયો હતો. જેથી પરિવારે તાત્કાલિક બનાવ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા ભાખ્યનું મોત પણ થઈ ચૂક્યું હતું. આ અંગે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ હાથ ધરી છે.

જાહેર નોટિસ

શ્રી જે.એસ. દેસાઇ મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેશ્રી અસારવા, અમદાવાદની કોર્ટમાં
જન્મ-મરણ/નોંધણી/અરજી.નં.-૧૪૦/૨૦૨૪
અરજદાર :- કાદરી મુફ્તીસુદીન સુજાદ્દીન રહે.૫૭/૪૬૪, ગવર્મેન્ટ એફ કોલોની, શાહેઆલમ દરવાજા, શાહઆલમ, અમદાવાદ.
વિરૂદ્ધ
સામાવાળા :- જન્મ-મરણ રજિસ્ટ્રારશ્રી સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદાર ભવન, દાણાપીઠ, અમદાવાદ.
જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની પેટા કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી/નોટિસ
આથી લાગતાં વળગતાં ઇસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદાર કાદરી મુફ્તીસુદીન સુજાદ્દીનનો જન્મ તા.૧૩/૦૨/૧૯૫૯ના રોજ દરિયાપુર, તા.અસારવા ખાતે થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાના નિયમોનું જ્ઞાન ન હોઈ ભૂલ અને અજ્ઞાનવશથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદરહુ અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં સિટી મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે-૮, નરોડા રોડ, અમદાવાદની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતાં ઇસમોને નોંધ લેવી.
આજ તા.૦૨/૦૭/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
સિક્કો
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને સિટી મામલતદાર અસારવા, અમદાવાદ.

જાહેર નોટિસ

શ્રી જે. એસ. દેસાઇ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી અસારવા, અમદાવાદની કોર્ટમાં
જન્મ-મરણ/નોંધણી/અરજી.નં-૧૫૧/૨૦૨૪
અરજદાર :- સમીનાબાઇ અહેમદમીયા પીરઝાદા રહે. ૩૨/A પ્રાચીના સોસા. જુહાપુરા, સરખેજ રોડ, અમદાવાદ.
વિરૂદ્ધ
સામાવાળા :- જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદાર ભવન, દાણાપીઠ, અમદાવાદ
જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની પેટા કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અર

AIMPLB પૂર્વ પત્નીને ભરણપોષણ અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણય અને ઉત્તરાખંડના UCC કાયદાને પડકારશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)એ છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ ચૂકવવાના સુપ્રીમ કોર્ટની બે જજની બેંચના ચુકાદા અને ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાના ઉત્તરાખંડ સરકારના નિર્ણયને પડકારવાની જાહેરાત કરી હતી. બોર્ડની કાર્યકારી સમિતિ દ્વારા આ સંદર્ભે અપનાવવામાં આવેલા ઠરાવોને પગલે બોર્ડ દ્વારા પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

AIMPLBના પ્રવક્તા ડૉ. ઈલ્યાસે જણાવ્યું હતું કે બોર્ડ સર્વોચ્ચ અદાલતના ચુકાદાને પડકારવા માટે કાનૂની, બંધારણીય અને લોકતાંત્રિક તમામ સંભવિત પગલાં લેશે. છૂટાછેડા પછી મુસ્લિમ પુરૂષોએ તેમની પૂર્વ પત્નીઓને ભરણપોષણ આપવાનું ચાલુ રાખવું તેવા SCના ચુકાદાને ડૉ. ઈલ્યાસે ઈસ્લામિક કાયદા અને સિદ્ધાંતોની વિરુદ્ધ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, પયગંબર મુહમ્મદ (સ.અ.વ.)એ જણાવ્યું હતું કે અનુમતિપાત્ર કૃત્યો પૈકી, છૂટાછેડા અલ્લાહને સૌથી વધુ નાપસંદ છે, જો કે, જ્યારે વૈવાહિક જીવન અસ્થિર બની જાય છે, ત્યારે છૂટાછેડાને ઉકેલ તરીકે સૂચવવામાં આવે છે. બોર્ડે દલીલ કરી હતી કે પૂર્વ પતિઓને અનિશ્ચિત સમય માટે પૂર્વ પત્નીઓને ટેકો આપવાની આવશ્યકતા એ છૂટાછેડાની પ્રકૃતિનો વિરોધાભાસ છે. જ્યારે લગ્ન અસ્તિત્વમાં જ નથી ત્યારે તેની પૂર્વ પત્ની માટે પુરુષને જવાબદાર ઠેરવવાનો તર્ક સુસંગત નથી.

પ્રો. મોનિસા બુશરા આબિદીએ જણાવ્યું હતું કે આ છૂટાછેડા લીધેલી મહિલાના ગૌરવ સાથે સમાધાન છે. એવી સ્ત્રીને ભરણપોષણ ચૂકવવાનો બેવડો બોજ પુરુષે કેમ ઉઠાવવો જોઈએ જે હવે તેના પરિવારનો ભાગ નથી, અને તે પણ ફક્ત મહિલા અધિકારોના નામે?

બોર્ડે આ વર્ષે ઓક્ટોબરથી રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવાના ઉત્તરાખંડના તાજેતરના પગલાને કાયદેસર રીતે પડકારવાની જાહેરાત કરી હતી. ડૉ. ઈલ્યાસે ખુલાસો કર્યો કે AIMPLBની કાનૂની સમિતિને રાજ્યની હાઈકોર્ટમાં પિટિશન ફાઈલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. AIMPLBએ દલીલ કરી હતી કે જેમ હિંદુ નાગરિકો માટે ચોક્કસ વ્યક્તિગત કાયદાઓ છે, તેવી જ રીતે મુસ્લિમ નાગરિકો ૧૯૩૭ના શરિયા એપ્લિકેશન એક્ટના રક્ષણ માટે હકદાર છે. ભારતીય બંધારણની કલમ ૨૫ તમામ ધાર્મિક સમુદાયોને મૂળભૂત બાબતોની બાંયધરી આપે છે. આપણા બહુ-ધાર્મિક અને બહુ-સાંસ્કૃતિક દેશમાં, UCC અવ્યવહારુ અને અનિચ્છનીય છે, તેનો અમલ કરવાનો કોઈપણ પ્રયાસ આપણા રાષ્ટ્રની ભાવના અને લઘુમતીઓને મળેલા અધિકારોની વિરુદ્ધ છે.

ડૉ. ઈલ્યાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "એક રાષ્ટ્ર, એક કાયદો"ના ખ્યાલને પડકાર્યો, અને ભારપૂર્વક જણાવ્યું કે તે ભારતની વિવિધતા આવી એકરૂપતાને અવ્યવહારુ બનાવે છે. દેશભરના વર્તમાન કાયદાઓમાં પણ એકરૂપતા નથી.

બોર્ડે વક્ફ મિલકતોનું યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવા માટે રાજ્ય વક્ફ બોર્ડ, ટ્રિબ્યુનલ્સ અને સંબંધિત સંસ્થાઓને પુનઃસ્થાપિત કરવાની હાકલ કરી હતી. ડૉ. ઈલ્યાસે ભારતભરમાં સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા વક્ફની જમીનો પર વધી રહેલા અતિક્રમણ અંગે ચિંતા વ્યક્ત કઈ હતી. AIMPLBએ વક્ફ જમીનોના ગેરકાયદેસર કબજેદારોને દરેક મિલકતના નિર્ધારિત હેતુઓ અનુસાર ઉપયોગમાં લેવાતી આવક સાથે માર્કેટ-રેટ ભાડું ચૂકવવા માટે હાકલ કરી હતી.

AIMPLBએ સમગ્ર ભારતમાં, ખાસ કરીને તાજેતરની રાષ્ટ્રીય ચૂંટણીઓના પગલે, મોબ લિંચિંગની ઘટનાઓમાં દેખીતી વૃદ્ધિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. ડૉ. ઈલ્યાસે અહેવાલ આપ્યો છે કે લોકસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત પછીના મહિનામાં લગભગ ૧૨ આવી ઘટનાઓ બની હતી.

ધાર્મિક સ્થળો સંબંધિત સુપ્રીમ કોર્ટના તાજેતરના પગલાંથી નિરાશા વ્યક્ત કરતા, ડૉ. ઈલ્યાસે નોંધ્યું હતું કે જ્યારે કોર્ટે અગાઉ તેના બાબરી મસ્જિદના ચુકાદામાં પૂજાના સ્થળો અધિનિયમના મહત્વની પુષ્ટિ કરી હતી, તે હવે તે વલણથી પીછેહઠ કરી રહી હોવાનું જણાય છે. સુપ્રીમ કોર્ટ મુસ્લિમ પક્ષને મથુરા અને કાશીના કેસમાં અપીલ કરવાની મંજૂરી આપતી નથી. AIMPLBએ સુનેહરી મસ્જિદ સહિત નવી દિલ્હીના લ્યુટિયન ઝોનની કેટલીક મસ્જિદોને સંભવિત જોખમો અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે અન્ય છ મસ્જિદોને દિલ્હીમાં સરકારી એજન્સીઓ તરફથી તોડી પાડવાનો ખતરો છે. બોર્ડના ડેપ્યુટી પ્રવક્તા કમલ ફારૂકી અને એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય આતિયા સિદ્દીકા પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

(સૌ.: ઈન્ડિયાટુમોરો.નેટ)

ઈઝરાયેલી હુમલાઓમાં હમાસના લશ્કરી કમાન્ડરને નિશાન બનાવવામાં આવ્યા, દક્ષિણ ગાઝામાં ઓછામાં ઓછા ૯૦ લોકોના મૃત્યુ

હમાસના ઓકટોબર ૭ના હુમલા પછી ઈઝરાયેલે ગાઝામાં તેની કાર્યવાહી શરૂ કરી હતી, હમાસના હુમલામાં લડવૈયાઓ દક્ષિણ ઈઝરાયેલમાં ઘૂસી ગયા હતા અને તેમણે લગભગ ૨૫૦ લોકોનું અપહરણ કર્યું હતું

(એજન્સી) ખાન યુનિસ, તા.૧૫

ઈઝરાયેલે જણાવ્યું કે, તેમણે લોકોથી ગીચ દક્ષિણ ગાઝા પટ્ટીના વિસ્તારમાં એક વિશાળ હુમલામાં હમાસના લશ્કરી કમાન્ડરને નિશાન બનાવ્યો હતો, જેમાં સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર બાળકો સહિત ઓછામાં ઓછા ૯૦ લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ જણાવ્યું હતું કે, 'હજી પણ સંપૂર્ણ નિશ્ચિતતા નથી કે મોહમ્મદ ડેઈફ અને હમાસના બીજા કમાન્ડર રફા સલામા માર્યા ગયા છે કે નહીં.' હમાસે મોહમ્મદ ડેઈફના તે વિસ્તારમાં હોવાના દાવાને નકારી કાઢ્યો છે, જ્યાં આ હુમલો કરવામાં આવ્યો હતો અને કહ્યું કે, 'આ ખોટા દાવાઓ માત્ર ભયાનક નરસંહારના જાનહાનિ માટે કવરઅપ છે.' આ હુમલાઓ એવા વિસ્તારમાં થયા જ્યાં ઈઝરાયેલની સેનાએ સેંકડો હજારો પેલેસ્ટીનીઓ માટે સુરક્ષિત વિસ્તાર તરીકે નિયુક્ત કર્યું હતું. ગાઝામાં હમાસના ટોચના અધિકારી ડેઈફ અને યાહ્યા સિનવાર માટે ઈઝરાયેલ દ્વારા માનવામાં આવે છે કે, તેઓ ઓકટોબર ૭ના હુમલાના આયોજન કરનારા હતા જે હુમલામાં દક્ષિણ ઈઝરાયેલમાંથી લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને ઈઝરાયેલ-હમાસ યુદ્ધ ઉત્તેજિત થયું હતું. ડેઈફ લાંબા સમયથી ઈઝરાયેલની મોસ્ટ-વોન્ટેડ સૂચિમાં ટોચ પર છે, પરંતુ વર્ષોથી તેને જાહેરમાં જોવામાં આવ્યો નથી અને માનવામાં આવે છે કે, તે ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલ બહુવિધ હત્યાના પ્રયાસોથી બચી ગયો છે. ઓકટો. ૭ના રોજ હમાસે 'અલ અક્સા હુમલો' ઓપરેશનની જાહેરાત કરતા ડેઈફનું એક દુર્લભ વોઈસ રેકોર્ડિંગ જારી કર્યું હતું. આ હુમલો યુદ્ધવિરામના પ્રયાસોમાં નાજુક સમયે કરવામાં આવ્યો હતો. ડેઈફનું મૃત્યુ ઈઝરાયેલને મોટી જીત અને હમાસને દુઃખદાયક માનસિક ફટકો આપશે. વડાપ્રધાન નેતાન્યાહુએ કહ્યું કે, જ્યાં સુધી હમાસની લશ્કરી ક્ષમતાઓનો નાશ ન થાય ત્યાં સુધી ઈઝરાયેલ યુદ્ધ સમાપ્ત કરશે નહીં. ડેઈફનું મૃત્યુ એ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું હશે. નેતાન્યાહુએ કહ્યું, 'બધા હમાસ નેતાઓની મૃત્યુ માટે ચેતવણી આપીએ છીએ અને અમે તે બધા સુધી પહોંચીશું.' તેમણે ઉમેર્યું કે જ્યારે હુમલો થયો ત્યારે કોઈ બંધક નજીકમાં નહોતા, તેમણે જાણવ્યું નથી, તેઓને બંધકો વિશે કેવી રીતે જાણકારી હતી. ડેઈફની હત્યા હમાસને વાટાઘાટોમાં તેની સ્થિતિને સખત કરવા માટે પણ પ્રોત્સાહિત કરી શકે છે. તે બે દાયકાથી વધુ સમયથી છૂપાયેલો છે અને માનવામાં આવે છે કે તે લકવાગ્રસ્ત છે. ઈઝરાયેલ દ્વારા બહાર પાડવામાં આવેલ ૩૦ વર્ષ જૂનો આઈડી ફોટો તેની માત્ર જાણીતી તસવીરોમાંની એક છે. શનિવારનો હુમલો યુદ્ધનો સૌથી ભયંકર હુમલો હતો. ગાઝાના આરોગ્ય મંત્રાલયે ૯૦નાં મોત અને ઓછામાં ઓછા ૩૦૦ અન્ય ઘાયલ થયા હોવાના અહેવાલ આપ્યા છે. પત્રકારોએ નજીકમાં ભરાઈ ગયેલી નાસેર હોસ્પિટલમાં ૪૦થી વધુ મૃતદેહોની ગણતરી આપી છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, 'કેટલાક ભોગ બનેલા લોકો હજુ પણ કાટમાળ હેઠળ અને રસ્તાઓ પર છે અને એમ્બ્યુલન્સ અને નાગરિક સંરક્ષણ ફૂ તેમના સુધી પહોંચવામાં અસમર્થ છે.' ઈઝરાયેલી સૈન્યએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'અતિરિક્ત આતંકવાદીઓ નાગરિકોની વચ્ચે છૂપાયેલા છે' એક ઈઝરાયેલી અધિકારીએ જણાવ્યું હતું કે, હમાસ દ્વારા સંચાલિત ખાન યુનિસના સલામાના મેદાનમાં આડવાળા વિસ્તાર પર હુમલો થયો હતો. સાક્ષીઓએ જણાવ્યું હતું કે, હુમલો મુવાસીમાં થયો હતો, જે ઈઝરાયેલ દ્વારા નિયુક્ત સુરક્ષિત ઝોન છે જે ઉત્તરી રફાહથી ખાન યુનિસ સુધી વિસ્તરે છે. પેલેસ્ટીનીઓ દરિયાકાંઠાની નજીકના વિસ્તારોમાં વિસ્થાપિત થયા છે અને તેઓ કેટલીક મૂળભૂત સેવાઓ અથવા પુરવઠો સાથે મોટે ભાગે તંબુઓમાં આશ્રય લે છે. ગાઝાના ૨૩ લાખ લોકોમાંથી ૮૦%થી વધુ લોકોને તેમના ઘરોમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ પછીના ફૂટેજમાં એક વિશાળ ખાડો, સળગી ગયેલા તંબુઓ અને બળી ગયેલી કાર જોવા મળી હતી. હોસ્પિટલની ફૂટેજમાં ગુલાબી શર્ટમાં એક બાળક જોવા મળે છે, જેનો ચહેરો રેતીથી ઢંકાયેલો હત અને તે પ્રાથમિક સારવાર લેતી વખતે રડી રહ્યો હતો. પેલેસ્ટીની શરણાર્થીઓ માટે યુએન એજન્સીના પ્રવક્તા લુઈસ વોટરરિજે જણાવ્યું હતું કે, તેમણે હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ઘણા દર્દીઓ સાથે વાત કરી હતી. વોટરરિજે જણાવ્યું હતું, વિસ્ફોટમાં બે વર્ષનો બાળક હવામાં ઉછળ્યો હતો અને તેની માતાથી અલગ પડી ગયો હતો.

'મહેનત દ્વારા બધું હાંસલ કર્યું છે': ડાન્સ અને જીમના વીડિયો વાયરલ થવાને કારણે પૂજા ખેડકર પછી પૂર્વ IAS અધિકારી અભિષેકસિંઘ વિવાદમાં સપડાયા

(એજન્સી) તા.૧૫

પૂણે સ્થિત તાલીમાર્થી IAS અધિકારી પૂજા ખેડકર જેમણે અન્ય પછાત વર્ગ (OBC) ક્વોટા અને વિકલાંગતાના લાભોનો કથિત રીતે દુરૂપયોગ કરીને પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું, તેની આસપાસ ચાલી રહેલા વિવાદ વચ્ચે ૨૦૧૧ બેચના પૂર્વ IAS અધિકારી અભિષેકસિંઘને સંડોવતા સમાન મુદ્દો સપાટી પર આવ્યો છે. સિંઘ જેમણે વિકલાંગ કેટેગરીમાં પોતાનું સ્થાન મેળવ્યું હતું, હવે તેના ડાન્સ અને જીમના વીડિયો સોશિયલ મીડિયા પર સપાટી પર આવ્યા

જેમ-જેમ આ વિવાદ આગળ વધતો જાય છે તેમ-તેમ જોવાનું એ રહે છે કે, શું સિંઘ પર પણ તપાસ કરવામાં આવશે અને રાષ્ટ્રીય મીડિયામાં ચર્ચાનો વિષય બનશે કે પછી સત્તાવાળાઓ દ્વારા વિગતવાર તપાસ કર્યા પછી ક્લિનચીટ મેળવશે તે માત્ર સમય જ કહેશે

પછી તપાસ હેઠળ છે, જે લોકોમોટર ડિસેબિલિટી (એલડી) કેટેગરી હેઠળ તેની પાત્રતા અંગે પ્રશ્નો ઊભા કરે છે.

એક એક્સ યુઝરે દાવો કર્યો હતો કે, સિંઘને તેમની સોશિયલ મીડિયા એક્ટિવિટીને કારણે ઉત્તરપ્રદેશ સરકારે બરતરફ કર્યા હતા.

એક વપરાશકર્તાએ લખ્યું હતું કે, 'તમારૂં નામ અભિષેકસિંઘ છે. તમે લોકમોટર ડિસેબિલિટીનું પ્રમાણપત્ર સબમિટ કરીને યુપીએસસીમાં ભરતી થયા છો. તમે યુપી કેડરના IAS અધિકારી હતા. તમને ચૂંટણી પંચ દ્વારા જનરલ ઓબ્ઝર્વરની જવાબદારી સોંપવામાં આવી હતી પરંતુ ઈન્સ્ટાગ્રામ પર ફોટા અપલોડ કરીને દેખાડો કરવા બદલ દૂર કરવામાં આવ્યા હતા. તમે દિલ્હી કાઈમ-૨માં કામ કરતી વખતે રીલ્સ અને ફોટા અપલોડ કરવા માટે પ્રખ્યાત હતા. તમને ૮૨ દિવસ સુધી કામથી ગેરહાજર રહેવા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને રાજીનામું આપીને ચૂંટણી લડી હતી તૈયારીઓ પરંતુ રાજકીય પક્ષોએ તમને સમર્થન આપ્યું ન હતું, હવે તમે IAS અધિકારી કેવી રીતે બનવું તે અંગે પ્રવચનો આપી રહ્યા છો અને અનામતના મુદ્દાઓ પર બોલો છો.'

અન્ય વપરાશકર્તા @AdityaGoswami_એ એક જિમમાં સિંઘનો વજન ઉપાડવાનો વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું, '૨૦૧૦ બેચના IAS અભિષેકસિંઘે PwD ક્વોટાનો દુરૂપયોગ કરીને દાવો કર્યો હતો કે, તેમની પાસે લોકોમોટર ડિસેબિલિટી છે (હાડકાં, સાંધા અથવા સ્નાયુઓની વિકલાંગતા જેના કારણે હિલચાલ કરવી મુશ્કેલ બની જાય છે).

દરમિયાન @333 મહેશ્વરીએ સિંઘનો એક મ્યુઝિક વીડિયો શેર કર્યો અને તેમની વિકલાંગતાની સ્થિતિ પર પ્રશ્ન ઉઠાવ્યો : 'આ અભિષેક સિંઘ છે, જેમણે અખિલ ભારતીય ક્રમાંક ૯૪ મેળવ્યો હતો અને તેને લોકોમોટર ડિસેબિલિટી હોવાનો દાવો કર્યો હતો. આ વ્યક્તિ કેવી રીતે અક્ષમ દેખાય છે? કેવી રીતે DoPT આ દાવાની ચકાસણી કરતું નથી? જો આ સાચું છે, તો તે UPSC માટે એક ખૂબ જ શરમજનક વાત છે!'

આરોપોના જવાબમાં સિંહે સોશિયલ મીડિયા પર એક લાંબો સંદેશ પોસ્ટ કર્યો :

'જો કે, હું કોઈ ટીકાથી પ્રભાવિત નથી થયો, પરંતુ આ પહેલીવાર છે જ્યારે હું મારા ટીકાકારોને જવાબ આપી રહ્યો છું કારણ કે, મારા સમર્થકોએ મને કહ્યું હતું. મેં આરક્ષણને સમર્થન આપવાનું શરૂ કર્યું ત્યારથી અનામત વિરોધીઓએ મને નિશાન બનાવ્યો છે. તેઓ મારી જાતિ અને મારી નોકરી પર સવાલ ઉઠાવે છે. તમને કહું છું કે, મેં બધું અનામતથી નહીં, મહેનત અને હિંમતથી મેળવ્યું છે.

'મારા પિતા ગરીબ પૃષ્ઠભૂમિમાંથી આવ્યા હતા અને IPS અધિકારી બન્યા હતા. IAS માટે પસંદગી પામનાર મારા પરિવારમાં હું એકલો જ છું. UPSCમાં કોઈ ડોમિસાઈલ પ્રમાણપત્રની જરૂર નથી, તેથી બનાવટી પ્રચાર બંધ કરો. મને જે યોગ્ય લાગે તે હું કરૂં છું. કળા અને સમાજ સેવામારા શોખ છે અને સફળતા મેળવવા સુધી હું સખત પરિશ્રમ કરવાનું ચાલુ રાખીશ.

'મેં સરકારની મદદ વિના યુનાઈટેડ બાય બ્લડ અને નો-શેમ મૂવમેન્ટ જેવી મારી પહેલો દ્વારા સામાજિક કાર્ય કર્યું છે. હું માનું છું કે સરકારી નોકરીઓમાં અનામત વસ્તી અનુસાર હોવી જોઈએ અને હું તે તરફ કામ કરીશ. જો તમને લાગે કે તમારી પાસે પ્રતિભા છે તો સરકારી નોકરીઓ માટે પ્રયાસ કરવાનું બંધ કરો અને વ્યવસાય, રમતગમત અથવા અભિનયમાં શ્રેષ્ઠતા મેળવો ત્યાં કોઈ આરક્ષણ નથી.

'હું મારી પ્રતિભા, આત્મવિશ્વાસ અને હિંમતના બળ પર આગળ વધી રહ્યો છું, કોઈની તરફદારીના કારણે નહીં.'

જેમ જેમ આ વિવાદ આગળ વધતો જાય છે તેમ તે જોવાનું રહે છે કે, શું સિંહ પણ ચકાસણી હેઠળ આવશે અને ખેડકરના કેસની જેમ રાષ્ટ્રીય મીડિયામાં ચર્ચાનો વિષય બનશે કે સત્તાવાળાઓ દ્વારા વિગતવાર તપાસ પછી ક્લિનચીટ મેળવશે તે માત્ર સમય જ કહેશે.

વિવાદાસ્પદ ચુકાદાઓ માટે જાણીતા મધ્યપ્રદેશ હાઈકોર્ટના પૂર્વ જજ ભાજપમાં જોડાયા

(એજન્સી) તા.૧૫

મધ્ય પ્રદેશ હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રોહિત આર્ય શનિવારે ભારતીય જનતા પાર્ટી (BJP)માં જોડાયા. બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ જસ્ટિસ આર્યની નિવૃત્તિના ત્રણ મહિના પછી આ પગલું લેવામાં આવ્યું છે જેમાં જસ્ટિસ આર્યએ ભોપાલમાં બીજેપીના પ્રદેશ કાર્યાલયમાં તેમનું સભ્યપદ સ્વીકાર્યું. તેમણે જણાવ્યું કે "હા, હું ભાજપમાં જોડાયો છું. શનિવારે, @BJP4MPએ મને ભોપાલમાં એક કાર્યક્રમ/સેમિનારમાં આમંત્રણ આપ્યું હતું જ્યાં મેં ત્રણ નવા ફોજદારી કાયદાઓની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન પક્ષના સભ્યોએ મને ભાજપમાં જોડાવાનું કહ્યું હતું. હું અભિભૂત થઈ ગયો

વહીવટી કાયદો અને સેવા કાયદોનો સમાવેશ થાય છે. "તેમણે કેન્દ્ર સરકાર, ભારતીય સ્ટેટ બેંક, ટેલિકોમ્યુનિકેશન વિભાગ, BSNL, કર્મચારી રાજ્ય વીમા નિગમ અને આવકવેરા વિભાગ જેવી સંસ્થાઓનું પણ પ્રતિનિધિત્વ કર્યું છે. પૂર્વ જજ પોતાના વિવાદાસ્પદ ચુકાદાઓ અને નિર્ણયોને કારણે આ પહેલા પણ ઘણી વખત ચર્ચામાં રહી ચૂક્યા છે.

જુલાઈ ૨૦૨૦માં જસ્ટિસ આર્યએ એક મહિલાની છેડતીનો આરોપ લગાવનાર ૨૬ વર્ષીય પુરૂષને આ શરતે જામીન આપ્યા કે તે તેને રાખડી બાંધવા વિનંતી કરે અને તે વ્યક્તિ "હંમેશા તેની શ્રેષ્ઠ ક્ષમતા મુજબ" તેણીનું રક્ષણ કરવાનું વચન આપે. જસ્ટિસ આર્યએ

કોમેડિયન મુનવ્વર ફારૂકીને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો

હતો અને મેં ઈન્કાર કર્યો નહિ. તેમણે જણાવ્યું કે, "મારી વિચારસરણી બીજેપીની ફિલોસોફી સાથે મેળ ખાય છે જે માનવીય મૂલ્યોમાં વિશ્વાસ ધરાવતી પાર્ટી છે." બાર એન્ડ બેન્ચ અનુસાર જસ્ટિસ આર્યએ ૧૯૮૪માં એડવોકેટ તરીકે નોંધણી કરી હતી અને ૨૦૦૩માં મધ્ય પ્રદેશ હાઈકોર્ટ દ્વારા તેમને વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમના મુખ્ય પ્રેક્ટિસ ક્ષેત્રોમાં નાગરિક કાયદો, વ્યાપારી કાયદો, આર્બિટ્રેશન, પુરુષને રક્ષાબંધન માટે "ભાઈઓ દ્વારા બહેનોને આપવામાં આવેલ રૂઢિગત સંકેત" તરીકે ૧૧,૦૦૦ રૂપિયા આપવા તેની પત્ની સાથે તેની મુલાકાત લેતી વખતે તેના આશીર્વાદ લેવા અને તેની માટે મીઠાઈઓ ખરીદવાનો આદેશ આપ્યો. આર્યએ એવો પણ આદેશ આપ્યો હતો કે તે વ્યક્તિએ ફરિયાદીના પુત્રને કપડાં અને મીઠાઈ ખરીદવા માટે રૂા.૫,૦૦૦ આપે.

સેલ અને જેનેટિક થેરાપી દ્વારા ભારતમાં કેન્સરની સારવારમાં ક્રાંતિ

આ સારવારો વધુને વધુ અસરકારક, સસ્તી અને સુલભ બની રહી છે

(એજન્સી) તા.૧૫

આપણું શરીર કોષોનું બનેલું છે, અને તેની સાથે જે કંઈ પણ થાય છે તે સેલ્યુલર સ્તરે થાય છે. ઉદાહરણ તરીકે, કેન્સર કોષમાં નાના ફેરફારને કારણે થાય છે જે તેના અસાધારણ રીતે વધવાનો સંકેત આપે છે. ઉપરાંત, કેન્સર શરીરમાં ફેલાય છે કારણ કે રોગપ્રતિકારક કોષો કેન્સરના કોષોના જોખમને ઓળખવાની તેમની ક્ષમતા ગુમાવે છે. શસ્ત્રક્રિયા દ્વારા શરીરમાંથી કેન્સરના કોષોને દૂર કરીને અથવા જીવલેણ કોષોને મારી નાખતી દવાઓ આપીને આપણે કેન્સરની સારવાર કરીએ છીએ. કેન્સરના કોષોને ઓળખવા અને તેને દૂર કરવા માટે શરીરના રોગપ્રતિકારક કોશિકાઓને માહિતી આપવાની અમારી ક્ષમતામાં પ્રગતિ નોંધપાત્ર છે, ખાસ કરીને સેલ્યુલર સ્તરે, સેલ અને જીન થેરાપીઓ, જે એક સમયે ભવિષ્યની દવા ગણાતી હતી, તે હવે વાસ્તવિકતા બની ગઈ છે, જે કેન્સર સામેની લડાઈમાં લાખો લોકોને આશા આપે છે. કાર્ડમરિક એન્ટિજેન રીસેપ્ટર (CAR) ટી-સેલ થેરાપી અને જનીન સંપાદન સાધનો, જેમ કે CRISPR-Cas9, એ ક્રાંતિકારી નવીન શોધો છે જે દર્દી અને કેન્સર બંનેની આનુવંશિક પ્રોફાઈલના આધારે સારવાર કરે છે. CAR ટી-સેલ થેરાપીમાં, દર્દીના ટી-સેલ્સને બહાર કાઢવામાં આવે છે અને જીવલેણ કોષોને શોધવા અને નાબૂદ કરવાની તેમની ક્ષમતાને પુનઃસ્થાપિત કરવા માટે તેમની સપાટી પર માર્કર ઉમેરવામાં આવે છે. આ સારવારની લગભગ નહિવત્ આડઅસરો છે. તદુપરાંત, આમાંના કેટલાક રોગપ્રતિકારક કોષો મેમરીમાં રહે છે અને કેન્સરને અટકાવે છે. આને જીવંત દવાઓ પણ કહેવામાં આવે છે કારણ કે એકવાર ઈન્જેક્ટ કર્યા પછી, આ કોષો શરીરમાં રહે છે અને કેન્સરના ફરીથી થવા સામે રક્ષણ આપે છે. જો કે, આ ઉપચારની વર્તમાન કિંમત પ્રતિબંધિત છે. આરોગ્યસંભાળ પ્રદાતાઓ માટે અદ્યતન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશેષ તાલીમની જરૂરિયાત સાથે ઊંચા ખર્ચે તેમની ઉપલબ્ધતાને મર્યાદિત કરી છે. તેમ છતાં, સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ દ્વારા અને સંશોધન અનુદાન ઓફર કરીને બાયોટેક ઈનોવેશન્સમાં નોંધપાત્ર રોકાણ કરી રહી છે. ઘણી ભારતીય કંપનીઓ સ્વદેશી CAR T-સેલ થેરાપીઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પહેલો આ સારવારોના ખર્ચને ઘટાડવામાં ફાળો આપશે. તદુપરાંત, ભારતનું જેનરિક ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર તેની કુશળતાનો ઉપયોગ બાયોસિમિલર્સ અને જનીન ઉપચાર વિકસાવવા માટે કરી રહ્યું છે, જે આ અત્યાધુનિક સારવારોની ક્ષમતામાં વધુ યોગદાન આપશે. કોષ અને જનીન ઉપચારો લ્યુકેમિયા, લિમ્ફોમા અને માયલોમા જેવા વિવિધ જીવલેણ રોગોની સારવારમાં અસરકારક સાબિત થયા છે. તેમની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે વિશ્વભરમાં અનેક ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહી છે. ભારતમાં,

ઘણી હોસ્પિટલો અને સંશોધન કેન્દ્રોએ પણ આ ઉપચારોને ભારતીય વસ્તીમાં પ્રચલિત આનુવંશિક રૂપરેખાઓને અનુરૂપ બનાવીને, કેન્સરની વિશાળ શ્રેણી સામે ચકાસવા માટે ક્લિનિકલ ટ્રાયલ્સ શરૂ કરી છે. આ ક્ષેત્રમાં આ અદ્યતન સંશોધન એ સુનિશ્ચિત કરશે કે ભારતમાં ટૂંક સમયમાં તેની વસ્તી માટે એક કરતાં વધુ CAR T સેલ ઉત્પાદનો ઉપલબ્ધ હશે. ભારતમાં સંશોધકો ત્રીજી અને ચોથી પેઢીની CAR વિકસાવવા પર કામ કરી રહ્યા છે જે બહુવિધ ટ્યુમર-સંબંધિત એન્ટિજેન્સ સામે અસરકારક હશે. પ્રથમ પેઢીની CARsથી વિપરીત, જે મોનો-સ્પેસિફિક હોય છે અને માત્ર એક જ પ્રકારના એન્ટિજેનને લક્ષ્ય બનાવે છે, આ CAR બે એન્ટિજેન્સને લક્ષ્ય બનાવી શકશે અને તેથી, કેન્સર રિલેપ્સને રોકવામાં વધુ અસરકારક રહેશે. જાહેર અને ખાનગી ક્ષેત્રો, તેમજ વિદેશી જોડાણો વચ્ચેના સહયોગથી દેશમાં નવીનતા માટે સાનુકૂળ વાતાવરણ ઊભું થયું છે. આ ઉપરાંત, વૈશ્વિક બાયોટેક અને ફાર્માસ્યુટિકલ જાયન્ટ્સ સાથેના સહયોગથી ટેક્નોલોજી ટ્રાન્સફર અને ક્ષમતા નિર્માણની સુવિધા મળી રહી છે. સેલ અને જીન થેરાપીઓ આગળ વધી રહી છે, તેમ તે ભારતમાં અને સમગ્ર વિશ્વમાં કેન્સરની સંભાળને ફરીથી ઉચ્ચ સ્તરે લઈ જશે. ટેક્નોલોજી અને સંશોધનમાં ચાલી રહેલી પ્રગતિ સાથે, આ સારવારો વધુને વધુ અસરકારક, સસ્તી અને સુલભ બની રહી છે, જે કેન્સર સામેની અમારી લડાઈને મજબૂત બનાવી રહી છે. દર્દીઓ માટે, તેમની અનન્ય આનુવંશિક રચનાને અનુરૂપ છે, જેના પરિણામે ક્લિનિકલ પરિણામોમાં સુધારો થાય છે અને ઓછી આડઅસર થાય છે. નિયમનકારી માળખાને સંબોધિત કરવા અને ન્યાયપૂર્ણ એક્સેસ સુનિશ્ચિત કરવા સહિત આ ઉપચારો બધા માટે ઉપલબ્ધ કરાવવા માટે આપણે હજુ પણ અનેક અવરોધોને દૂર કરવાની જરૂર છે. તેમ છતાં, અમે અત્યાર સુધી જે પ્રગતિ કરી છે તે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં કેન્સરના દર્દીઓ માટે આશાનું કિરણ છે.

(સૌ.: ધ વીક.કોમ)

સાંબેલાધાર વરસાદથી જનજીવન ઠપ્પ

નેત્રંગ તાલુકામાં બે કલાકમાં સાડા પાંચ ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ

મોવીથી ડેડિયાપાડા રોડ ઉપર યાલ ગામે નાળું ધોવાતા વાહનવ્યવહાર ખોરવાયો, નીચાણવાળા વિસ્તારમાં મકાનોમાં પાણી ભરાતા ભારે નુકસાન, નદીકાંઠાના કેટલાક ગામો સંપર્કવિહોણા બન્યા

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, નેત્રંગ, તા.૧૫

નેત્રંગ તાલુકામાં મેઘરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરતા ૨ કલાકમાં ૫ ઈંચ કરતાં વધુ વરસાદ થતાં જળબંબાકારની પરીસ્થિતિ ઉદભવી હતી. મોવીથી ડેડિયાપાડા રોડ ઉપર યાલ ગામે નાળું ધોવાતા વાહનવ્યવહાર ખોરવાયો હતો નીચાણ વાળા વિસ્તારોમાં ઘરોમાં પાણી ઘૂસી જતા ભારે નુકસાન થયું હતું જયારે નેત્રંગના માર્ગો ઉપર પાણી ફરી વળતા વાહનવ્યવહાર ખોરવાયો હતો.

નેત્રંગ પંથકમાં ધોધમાર વરસાદ વરસતા જનજીવન ખોરવાયું હતું ૨ કલાકમાં ૫ ઈંચ વરસાદ ખાબકતા નેત્રંગના જીનબજાર, ગાંધીબજાર અને જુની નેત્રંગ અને કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારમાં આવેલા ઘરોમાં વરસાદી પાણી ઘુસતા ઘરવખરીને ભારે નુકસાન પહોંચ્યું હતું. નેત્રંગ તાલુકાની સીમમાંથી પસાર થતી અમરાવતી, ટોકરી, મધુવંતી, કરજણ અને કિમ નદીમાં ઘોડાપુર આવતા નદીકાંઠાના કેટલાક ગામો સંપર્કવિહોણા બન્યા હતા. નેત્રંગ તાલુકાના મોવીથી ડેડીયાપાડા રસ્તા ઉપર આવેલ યાલ ગામનું નાળું વરસાદી પાણીમાં ધોવાણ થતાં તંત્ર દ્વારા વાહનવ્યવહાર સદંતર બંધ કરી દેવામાં આવ્યો હતો અને વાહનચાલકોને નેત્રંગ થઈને પસાર થવાની સુચના આપવામાં આવી હતી. નેત્રંગમાં વરસાદી પાણી રોડ-રસ્તા ઉપર ફરી વળતા કલાકોથી વાહનવ્યવહાર ઠપ્પ રહેતા ભારે ટ્રાફિકજામ થઈ ગયો હતો. કોઈ અનિચ્છનીય બનાવ નહીં બને તે માટે મામલતદાર અને પોલીસ કમચારીઓ ખડેપગે ફરજ બજાવતા હતા. તો બીજી તરફ નેત્રંગ મોરીયાણા ગામના જયેશભાઈ કનુભાઈ વસાવા સવારના સમયે કુદરતી હાજતે ગયા હતા. એકાએક મોરીયાણા ગામની નદીમાં ઘોડાપુર આવતા પોતાનો જીવ બચાવવા માટે તાડના વૃક્ષ ઉપર ચઢી ગયા હતા. બનાવની જાણ ગ્રામજનોને થતાં તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી રેસ્ક્યુ કરીને તેઓને બચાવી લેવાયા હતા.

નેત્રંગ તાલુકામાં ધોધમાર વરસાદના પગલે બલડેવા-પીંગોટ અને ધોલી ડેમના પાણીની સપાટીમાં એકસાથે ૩ મીટર જેટલો ધરખમ વધારો થયો છે. હાલમાં બલડેવા ૧૩૯.૮૦ મીટર, પીંગોટ ૧૩૬.૪૦ અને ધોલી ૧૩૪.૩૦ મીટર પાણીની સપાટી છે. આવનાર ટુંક સમય ત્રણેય ડેમ ઓવરફ્લો થવાની પૂરેપૂરી શક્યતાઓ જણાઈ રહી છે.

વડોદરાની એમ.એસ. યુનિ.ના વાઈસ ચાન્સેલસર સામે FIR કરવા યુનિ. પ્રોફેસરે ચાન્સેલરને પત્ર લખ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વિશ્વવિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં જયારથી પ્રો.ડો.વિજયકુમાર શ્રીવાસ્તવે વીસી તરીકેનો પદભાર સંભાળ્યો ત્યારથી યુનિવર્સિટીમાં વિવાદના વંટોળ ઊભા થયા છે. યુનિવર્સિટીના પ્રોફેસર જ વિજયકુમાર શ્રીવાસ્તવની નિમણૂકને ગેર વ્યાજબી ઠેરવી હાઈકોર્ટમાં પિટિશન પણ દાખલ કરી છે જે બાદ તેઓએ હવે યુનિવર્સિટીના ચાન્સેલર અને રાજમાતા શુભાંગીની દેવીરાજે ગાયકવાડને પ્રો.શ્રીવાસ્તવે છેતરપિંડી કરવાના ચોક્કસ ઉદેશ્ય સાથે તેમના સીવીમાં ભૂતકાળના અનુભવોની વિગતો ખોટી રીતે અને કપટ પૂર્ણ રીતે બદલવાનો ગુનો કર્યો હોવાનો આરોપ મૂકી પત્ર લખી તેમના વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવા રજૂઆત કરી છે.

મ.સ. યુનિવર્સિટીના પ્રો.સતીષ પાઠકે રાજમાતા અને યુનિવર્સિટીના ચાન્સેલર શુભાંગીનીદેવી રાજે ગાયકવાડને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, પ્રો.શ્રીવાસ્તવે તેમના CVમાં જુલાઈ-૨૦૧૭થી મે-૨૦૧૮ દરમિયાન સંશોધન નિયામક, કે.યુ. ગાંધીનગરમાં પોતાને પ્રોફેસર અને એસોસિયેટ ડિરેક્ટર ઓફ રિસર્ચ તરીકે રજૂ કર્યા છે. પરંતુ વર્ષ ૨૦૧૭-૧૮ માટે કે.યુ., ગાંધીનગરના ૪થા વાર્ષિક અહેવાલમાં ઉલ્લેખ છે, કે 'એસોસિએટ'ની આવી પોસ્ટ સંશોધન નિયામકનું પદ પ્રો.શ્રીવાસ્તવ દ્વારા નહીં પણ (ડો.) આર.જી.શાહ પાસે છે. તેથી, તેમના દ્વારા સબમિટ કરવામાં આવેલ સીવી વિશ્વાસપાત્ર અને દસ્તાવેજી પુરાવા દ્વારા સમર્થિત જણાતું નથી. પ્રો. શ્રીવાસ્તવે જૂન-૨૦૦૭થી ફેબ્રુઆરી-૨૦૧૫ દરમિયાન પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી-ગાંધીનગરમાં પોતાને 'ડીન-SA, R&D અને વિભાગના વડા -સાયન્સ તરીકે CVમાં રજૂ કર્યા હતા. પરંતુ વાર્ષિક અહેવાલમાં સ્પષ્ટ નિવેદન છે કે, ગુજરાત ઈકોલોજી કમિશન, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત, વર્ષ ૨૦૧૨-૧૩ માટે તેઓ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ સાથે એસોસિયેટ પ્રોફેસર હતા. યુનિવર્સિટી (PDPU) ગાંધીનગર એસોસિયેટ પ્રોફેસર તરીકેના તેમના હોદ્દાને અન્ય પુરાવાઓથી પુનઃપુષ્ટિ કરી શકાય છે. તેથી તેમના દ્વારા સબમિટ કરવામાં આવેલ સીવી વિશ્વાસપાત્ર અને આધારભૂત જણાતું નથી.

શિક્ષણ વિભાગ GoG અને M.S. યુનિવર્સિટી ઓફ બરોડામાં કરવામાં આવેલ RTI પણએ સાબિત કરે છે કે, કુલપતિના પદ માટે અરજી કરતી વખતે, પ્રો.વી.કે.શ્રીવાસ્તવે અરજી સાથે માત્ર પોતાનો બાયોડેટા સબમિટ કર્યો છે. યુજીસીના નિયમો અનુસાર પ્રોફેસર તરીકે ૧૦ વર્ષનો અનુભવ દર્શાવ્યો હોવાના પુરાવા તરીકે તેમણે રચાયેલી સર્ચ કમિટી સમક્ષ કોઈ દસ્તાવેજ રજૂ કર્યા નથી અને સબમિટ કર્યા નથી. પ્રો. શ્રીવાસ્તવે છેતરપિંડી કરવાના ચોક્કસ ઉદ્દેશ્ય સાથે તેમના સીવીમાં તેમના ભૂતકાળના અનુભવોની વિગતો ખોટી રીતે અને કપટપૂર્ણ રીતે બદલવાનો ગુનો કર્યો છે. બનાવટીની ઉપરોક્ત વિગતોના આધારે, F.I.R. પ્રો. શ્રીવાસ્તવ સામે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ હેઠળ કેસ દાખલ કરી શકાય છે. આ ઉપરાંત પત્રમાં તેમણે એક હરિયાણાનું ઉદાહરણ પણ પૂરું પાડ્યું છે કે, ત્યાં પણ આ પ્રકારે ગેરરીતિ કરવામાં આવી હતી અને તેઓની સામે માર્ચ મહિનામાં એફઆઈઆર પણ થઈ છે.

આણંદમાં ૪૫ મિનિટમાં અઢી ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૫

આણંદ શહેરમાં આજે બપોરે માત્ર ૪૫ મિનિટમાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરનાં વિવિધ નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા અને માર્ગો પર જાણે નદીઓ વહેતી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા.

(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

આણંદ શહેરમાં માત્ર ૪૫ મિનિટમાં ૬૨ મીમી જેટલો વરસાદ ખાબકતાા લોટીયા ભાગોળ વિસ્તારમાં એક ફુટ જેટલા પાણી ભરાતા લોટીયા ભાગોળનો માર્ગ બંધ થઈ ગયો હતો વાહનચાલકો અને રાહદારીઓને પાણી ડહોળીને અવર જવર કરવાની ફરજ પડી હતી જયારે ગામડીથી આણંદ શહેરને જોડતો તુલસી ગરનાળામાં પાણી ભરાઈ જતા લોકોને ભરાયેલા પાણીમાં રહીને અવરજવર કરવી પડી હતી જયારે શહેરમાં ભાલેજ ઓવરબ્રીજ પાસે આવેલી નયા વતન સોસાયટીનાં માર્ગ પર બે ફુટ જેટલા વરસાદી પાણી ભરાઈ જતા લોકોનાં મકાનોમાં વરસાદી પાણી પ્રવેશી જતા સ્થાનિકો ભારે હાલાકીમા મૂકાયા હતા સ્થાનિક સબાનાબેનએ કહ્યું હતું કે ઘરમાંથી બહાર કાઢવા પડ્યા હતા. આણંદ શહેરમાં માત્ર અઢી ઈંચ વરસાદમાંજ પાલિકાની પ્રિમોન્સુન કામગીરીનો ફિયાસ્કો જોવા મળ્યો હતો શહેરનાં ગણેશ ચોકડી સહિત વિવિધ વિસ્તારનાં માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા અને જેને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આણંદ શહેરમાં ભાલેજ ઓવરબ્રીજ પાસે આવેલી નયા વતન સોસાયટીનાં માર્ગ પર બે ફુટ જેટલા વરસાદી પાણી ભરાઈ જતા લોકોનાં મકાનોમાં વરસાદી પાણી પ્રવેશી જતા સ્થાનિકો ભારે હાલાકીમા મૂકાયા હતા સ્થાનિક સબાનાબેનએ કહ્યું હતું કે વરસાદી પાણીનાં નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા નહી હોવાનાં કારણે દર વર્ષે અહિયા ચોમાસામાં એક ઈંચ પણ વરસાદ પડે તો પાણી ભરાઈ જાય છે અને પાણી ઘરોમાં પ્રવેશી જાય છે અને જેનાં કારણે હાલાકીનો સામનો કરવો પડે છે વરસાદનાં લીધે ઘરનાં દરવાજા પાસે એક ફુટની પાળીઓ ચણવી પડી છે તેમ છતાં આજે વધારે વરસાદ થતા પાણી ઘરોમાં પ્રવેશી ગયું હતું તેમજ પાણીની સાથે ઘરોમાં કચરો પણ તણાઈને આવતા સમગ્ર ઘરમાં ગંદકી પ્રવેશી ગઈ છે જેને લઈને સ્થાનિકો ભારે હાલાકી અનુભવી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લાના હાઈવે પર દારૂના ૨૦ સ્ટેન્ડ : સાંસદ ગેનીબેન ઠાકોર

આગામી દિવસોમાં ચેકપોસ્ટ સહિતના સ્થળોએ મોટી ઝુંબેશ શરૂ કરાશે

ડીસા, તા.૧૫

ગાંધીનું ગુજરાત દારૂબંધી વાળુ ગુજરાત છે, પરંતુ આ માત્ર કાગળ પર જ દેખાય છે. તાજેતરમાં જ બનાસકાંઠા બેઠકના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સરકારને આડે હાથે લઈ જણાવ્યું છે કે, જિલ્લામાં હાઈવે પર કેટલાક લોકોને દારૂની પરમીટ અને સ્ટેન્ડ મળ્યા છે, વધુમાં જણાવ્યું કે, આગામી દિવસોમાં આ મુદ્દે મોટી ઝૂંબેશ શરૂ કરવામાં આવશે.

રાજયમાં ઠેર-ઠેર દારૂની હાટડીઓ ખુલી રહી છે અને આ મામલે રાજય સરકાર કોઈ એક્શન ના લેતી હોવાનો ખુદ સાંસદ ગેનીબેન ઠાકોરે આક્ષેપ કર્યો છે. બનાસકાંઠા બેઠકના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સરકાર સામે બાંયો ચઢાવી છે. તેમણે સરકાર અને તંત્ર ઉપર મોટો આરોપ લગાવ્યો છે. તેમણે હાલમાં જ આરોપ લગાવતા કહ્યું છે કે, હાઈવે પર દારૂના ૨૦ સ્ટેન્ડ અપાયા છે. એક પછી એક ખુલી રહેલા દારૂના સ્ટેન્ડ મુદ્દે ગેનીબેને હૂંકાર કરતાં કહ્યું છે કે, જેમને દારૂના સ્ટેન્ડ મળ્યા છે તે ચેતી જજો, કોઈને બરબાદ કરવાથી ભગવાન તમને રાજી નહીં રહેવા દે. વધુમાં ચિમકી આપતા કહ્યું કે, દારૂના સ્ટેન્ડ બાબતે આગામી દિવસોમાં ચેકપોસ્ટ સહિતના સ્થળ પર જઈને મોટી ઝૂંબેશ પણ ચલાવાશે.

વડોદરાના પ્રતાપનગરમાં જીવાતવાળું પાણી આવતા રોગચાળાની દહેશત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

ચોમાસાની શરૂઆત થતાં જ વડોદરા શહેરમાં દિવસેને દિવસે પાણીજન્ય રોગ ફેલાઈ રહ્યો છે. વડોદરા કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી દ્વારા આ બાબતની ગંભીર નોંધ લઈ તાત્કાલિક ધોરણે બધા જ અધિકારીઓ સાથે મીટિંગ પણ કરવામાં આવી અને શહેરમાં ફેલાઈ રહેલ રોગચાળા પર કેવી રીતે નિયંત્રણ લાવવું તે માટે એક્શન પ્લાન પણ બનાવવામાં આવ્યો. પરંતુ આ એક્શન પ્લાન ફક્ત હજી સુધી કાગળ ઉપર જ હોય તેવા દૃશ્યો સામે આવી રહ્યા છે. વડોદરા શહેરના પ્રતાપનગર વિસ્તારમાં સવારે ૬ કલાકે પીવાના પાણીનું વિતરણ કરવામાં આવે છે. પાણી ખૂબ જ દૂષિત આવતું હતું અને સાથે જ પાણીમાં જીવાત પણ દેખાય આવી રહી હતી અને જો આ પ્રકારનું જીવાત વાળું અને દૂષિત પાણી વડોદરા શહેરના નાગરિકો ગ્રહણ કરી રહ્યા છે તો શહેરમાં ફેલાઈ રહેલ રોગચાળાને કોઈ નહિ રોકી શકે.વડોદરા મહાનગરપાલિકા દ્વારા કાગળ ઉપર થતી મોટી મોટી વાતો, ડંફાસો અને પાણી વિતરણમાં નિષ્કાળજી શહેરમાં ફેલાઈ રહેલ રોગચાળાને મોટું સ્વરૂપ આપશે અને જો એવું થયું તો વડોદરા શહેરમાં અકસ્માતો નહીં પરંતુ આ રોગચાળો જ શહેરના નાગરિકોનો જીવ લેશે એવું લાગી રહ્યું છે.

તસ્વીરઃ ઈસ્હાક શેઠ.હિંમતનગર

મકતબા જાફરીયા નોલેજ એનડ રિસર્ચ એકેડેમી પ્રેરિત સમસ્ત શીઆ જાફરી મશાયખી મોમીન જમાઅત પ્રયોજીત કરબલાના શહીદોની યાદમાં પિપોદર મુકામે ૧૬૩ સ્ત્રી, પુરૂષોએ રકતદાન કર્યું હતું. ઉપરોકત તસવીરમાં પિપોદર ઈમામવાડા ખાતે બ્લડ ડોનેશન કરતા દૃશ્યમાન થાય છે.

ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ પરત પોતાના વતન વડોદરા પહોંચેલા ક્રિકેટર હાર્દિક પંડ્યાનો ભવ્ય રોડ શો યોજાયો હતો. માંડવીથી અકોટા બ્રિજ સુધીના આ રોડ શોમાં જાણે આખું શહેર ઊમટી પડ્યું હતું. હાર્દિકે પણ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. (તસવીર : અતિક શેખ, વડોદરા)

પાલેજ સહિત પંથકમાં વરસાદ ખાબક્યો

પાલેજ, તા.૧૫

ભરૂચના પાલેજ પંથકમાં વરસાદ માટે લોકો તરસી રહ્યાં હતાં આખું સપ્તાહ કોરૂં રહ્યાં બાદ સોમવારે મળસ્કે ધીમી ધારે વરસાદનું આગમન થયું હતું. ત્યાર બાદ બાર વાગ્યાનાં અરસામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. અડધો કલાકમાં સમગ્ર વિસ્તારોમાં વરસાદી પાણી ફેલાઈ ગયા હતાં ગરમીથી ગ્રામજનોએ રાહત અનુભવી હતી. ખેતીવાડીમાં અગ્રેસર પાલેજ વિભાગમાં ગ્રામ્ય પંથકમાં ખેડૂત આલમમાં ખેતીલાયક વરસાદ નહિ વરસતાં ચિંતાની લાગણી ફેલાઈ રહી હતી. પરંતુ બપોર બાદ વરસાદ પડતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

જૂનાગઢ મસ્જિદે રઝામાં યૌમે આશૂરાના નવાફીલ તથા જલ્સાનું આયોજન કરાયું

જૂનાગઢ,તા.૧૫

ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા મસ્જિદે રઝામાં તા.૧૭-૭-૨૦૨૪ બુધવારના રોજ સવારે ૯-૩૦ કલાકે હુઝુર ગુલઝારે મિલ્લત યૌમે આશૂરાના નવાફીલની નમાઝ તરતીબ સાથે અદા કરાવશે. તેમજ બપોરે ૧-૦૦થી ૩-૦૦ વાગ્યા સુધી મસ્જિદે રઝામાં તાજદારે કરબલા હઝરત ઈમામે આલી મુકામ રદીઅલ્લાહો ત્આલા અન્હોની યૌમે શહાદતના મૌકા પર શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન પીરે તરીકત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી ઈમામે આલી મુકામની શાનમાં શાનદાર તકરીર ફરમાવશે. જલ્સા બાદ હુઝુર અમીરે અહલે સુન્નત હઝરત અલ્લામાં પીર નૂરમુહંમદ મારફાની સાહબ રહમતુલ્લાહી ત્આલા અલયહે તેમની હયાતે જિંદગીમાં જે તબર્રૂકાત સુરક્ષિત રાખેલ હતી. તે તબર્રૂકાત જેવી કે હઝરતે સૈયદા ખાતુને જન્નત રદીઅલ્લાહુ ત્આલા અન્હાના મકાનનો પથ્થર, સૈયદના ઈમામે હસન (રદી.) સૈયદના ઈમામે હુસેન (રદી.) તથા હઝરત એય્યુબ અનસારી, હઝરત દાઈ હલીમાના મકાનનો પથ્થર તેમજ કરબલા શરીફમાં જે જગ્યાએ સરકાર ઈમામે આલી મુકામ શહીદ થયા તે જગ્યાની માટી શરીફ જેવા અનમોલ તબર્રૂકાતની ઝિયારત કરાવવામાં આવશે. આ સિવાય (૭૫) જેટલી અનમોલ તબર્રૂકાત હુઝુર અમીરે અહલે સુન્નત રહમતુલ્લાહી ત્આલા અલયહે તેમની હયાતે જિંદગીમાં સુરક્ષિત કરેલ તે આજે પણ તેમના સુપુત્ર અને ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન હઝરત ગુલઝાર અહમદ સાહબ નૂરી પાસે ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહમાં સુરક્ષિત છે તેમ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા જણાવાયું છે.

હિંમતનગરમાં બે અને પ્રાંતિજમાં એક ઈંચ વરસાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

(તસવીર :- એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં આજે બપોરે બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેને લઈને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. હિંમતનગરમાં બે અને પ્રાંતિજમાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગની આગાહી વચ્ચે હિંમતનગરમાં સોમવારે બપોરે કાળા ડિબાંગ વાદળોથી આકાશ ઘેરાયા બાદ પવન સાથે ઇંડરિયો વરસાદ શરૂ થયો હતો. તીવ્રતા સાથે ધોધમાર વરસાદ વરસવાને લઈને હિંમતનગરના નગરપાલિકા રોડ, ટાવર ચોક, સબજેલ રોડ, ઉમિયાવિજય ટીપી રોડ, ખેડ તસિયા રોડ પર શારદાકુંજ સોસાયટીથી મોતીપુરા તરફ જવાના રોડ પર પાણી ભરાયું હતું. જેને લઈને વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. બીજી તરફ હિંમતનગરના મોતીપુરાથી પસાર થતા અમદાવાદથી ઉદેપુર નેશનલ હાઈવે ૪૮ પર સિક્સ લેન રોડની ચાલતી કામગીરીને લઈને પાણીના નિકલના અભાવે રોડ પર વરસાદી પાણી ભરાઈ જતા તળાવ જોવા મળ્યું હતું જેને લઈને ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. સાબરકાંઠા જિલ્લામાં આજે સવારે ૬થી સાંજે ૪ દરમિયાન આઠમાંથી સાત તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ડિઝાસ્ટર વિભાગમાંથી મળેલ માહિતી મુજબ ઇડરમાં ૦૮ મિમી, ખેડબ્રહ્મા ૦૩ મિમી, તલોદ ૦૮ મિમી, પ્રાંતિજ ૨૬ મિમી, વડાલી ૦૪ મિમી, વિજયનગર ૧૮ મિમી અને હિંમતનગર પર મિમી વરસાદ નોંધાયો હતો.

સોખડા ગામે પત્નીએ માથામાં પાઈપ મારતાં પતિનું મોત

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૧૫

સોખડા ગામની સીમમાં હરિધામ જતા રોડ પર કુબેર એક્ઝિમ નામની ફેક્ટરી આવેલી છે જેના માલિક મહેન્દ્રભાઈ હરમાનભાઈ પટેલ છે. આ ફેક્ટરીમાં જુદી-જુદી કંપનીઓના પ્લાસ્ટિકનો માલ લઈને જોબ વર્ક કરીને પ્લાસ્ટિકના દાણા બનાવાય છે. કંપનીમાં કુલ ચાર મજૂરો કામ કરે છે અને કંપનીમાં જ રહે છે જેમાંથી છેલ્લા છ માસથી કંપનીમાં કામ કરતા રઝાક રમજાન ખાન અને તેની પત્ની રઈશાબાનું દીકરા અશરફ સાથે રહેતા હતાં. ગઈકાલે રઝાક અને તેની પત્ની ફેક્ટરી પર આવ્યા ન હતા અને કંપનીના કામદાર પપ્પુભાઈએ મહેન્દ્રભાઈને ફોન કરી જણાવેલ કે રજાક કઈ બોલતો નથી અને તેની પત્ની બહુ રડે છે તો તમે તાત્કાલિક કંપની પર આવી જાવ જેથી મહેન્દ્રભાઈએ તેના ફોનથી રજાકની પત્ની સાથે વાત કરેલ અને તેને શું થયું છે તેમ પૂછતા તેણીએ જણાવેલ કે રજાક રાત્રે મારી સાથે ઝઘડો કરી મને પાઈપ લઈને મારવા આવેલ તે વખતે મારાથી તેને પાઈપ વાગી ગયા બાદ તે કઈ બોલતો નથી તેવું જણાવ્યું હતું. મહેન્દ્રભાઈએ ૧૦૦ નંબર પર ડાયલ કરી પોલીસને ઘટનાની જાણ કરી અને પોતે કંપની પર આવીને જોયું તો કંપનીની રૂમમાં રજાકખાન લોહીલુહાણ હાલતમાં પલંગ પર પડેલ હતો અને પલંગની પાછળ એક એસએસની પાઈપ લોહીથી ખરડાયેલ પડી હતી. રજાકની પત્ની રઈશાને પૂછતા તેણીએ જણાવેલ કે કંપનીમાં સાંજના સમયે ઝઘડો કરતા અન્ય કામદારોએ તેને છોડાવી હતી અને રાત્રિના નવ વાગ્યા પછી બધા સૂઈ ગયા બાદ ફરીથી ઝઘડો કરતા મેં તેને પાઈપ વડે માથામાં પાઈપ મારતા તે પલંગ પર પડી ગયેલ અને હું પણ બેભાન થઈ ગઈ હતી પછી ભાન આવતા જોયું તો પતિ મરણ હાલતમાં પલંગ પર પડેલ હતો. મંજુસર પોલીસે ફેક્ટરીના માલિકની ફરિયાદના આધારે હત્યાની કલમ ૧૦૩ (૧) એન એસ મુજબ ગુનો નોંધી આરોપી પત્ની રઈશાબાનું રજાકખાન ખાન (હાલ રહે.સોખડા, મૂળ કાગમાળા, તા.રાણીવાડા, જિલ્લો જાલોર રાજસ્થાન) વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગોધરા શહેર નજીક આવેલ વાવડી ખુર્દ ટોલનાકું બંધ કરવા કલેક્ટરને આવેદન

કેન્દ્રીય માર્ગ વાહન વ્યવહાર મંત્રી નીતિન ગડકરીને સંબોધિત કરતું આવેદન કલેક્ટરને પાઠવાયું

ગોધરા, તા.૧૫

પંચમહાલ જિલ્લા યુવા કોંગ્રેસ દ્વારા આજરોજ ગોધરા શહેરમાં આવેલા વાવડી ખુર્દ ટોલ પ્લાઝા બંધ કરવા કેન્દ્રીય માર્ગ વાહન વ્યવહાર મંત્રી નીતિન ગડકરીને સંબોધન કરતું આવેદનપત્ર પંચમહાલ જિલ્લાના કલેક્ટરને સુપ્રત કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા અમદાવાદ ઈન્દોર હાઈવે રાષ્ટ્રીય માર્ગ ઉપર આવેલ વાવડી ખુર્દ ટોલ પ્લાઝા પાછલા ઘણા વર્ષોથી કાર્યરત છે અને હાલમાં કેન્દ્રીય મંત્રીએ લોકસભામાં જણાવ્યું હતું કે, ૬૦ કિ.મી. મર્યાદામાં બે ટોલ પ્લાઝા ના હોવા જોઈએ જે બાબતને ધ્યાનમાં લઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગના નીતિ નિયમ અનુસાર ગોધરા પાસેથી પસાર થતો ધોરીમાર્ગ જે વાવડી ખુર્દ પાસે વાહનચાલકો પાસેથી ટોલ ઉઘરાવે છે તે ગેરકાયદેસર છે. ગોધરા શહેર તથા આજુબાજુના વાહનચાલકો માટે તે અન્યાય કરતા તથા પંચમહાલ, ખેડા જિલ્લામાં ટ્રાન્સપોર્ટનો ધંધો ખૂબ જ મોટા પ્રમાણમાં છે તેને પણ આર્થિક રીતે અસર કરે છે. માટે આ ટોલ પ્લાઝા સદંતર બંધ કરવા આજ રોજ પંચમહાલ યુવા કોંગ્રેસ જિલ્લા પ્રમુખ મીખાયેલ જોશેફના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીને સંબોધતું આવેદનપત્ર જિલ્લા અધીક કલેક્ટરને આપવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી જિલ્લા મહામંત્રી ઉમેશ શાહ, રફિકભાઈ તિજોરીવાળા, રાજેશ હડિયેલ, અસલમ કાલુ સહલ શેખ સહિતના કાર્યકરો દ્વારા ટોલ પ્લાઝા બંધ કરવા માટે ભારે વિરોધ નોંધાવી આવેદનપત્ર આપ્યું હતું.

ડીસા માર્કેટયાર્ડની બોર્ડ બેઠકમાં ચેરમેન સિવાય તમામ સભ્યોનો બહિષ્કાર

ડીસા, તા.૧૫

ડીસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટયાર્ડ)ની આજે સાધારણ સભા યોજાવાની હતી, પરંતુ સમિતિના તમામ સભ્યોએ આ સભાનો બહિષ્કાર કરતાં સભાની કામગીરી મોકૂફ રહી હતી. સભ્યોએ બોર્ડનો બહિષ્કાર કરવા પાછળનું કારણ ચેરમેન દ્વારા સભ્યોને વિશ્વાસમાં લીધા વગર કરવામાં આવી રહેલા વહીવટને ગણાવ્યો હતો.આજે ડીસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સાધારણ સભા યોજાનારી હતી. પરંતુ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના તમામ ૧૫ સભ્યો આ સાધારણ સભાનો વિરોધ નોંધાવીને ગેર હાજર રહી આજની સાધારણ સભાનો બહિષ્કાર કર્યો હતો. ડીસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના તમામ સભ્યો આજે એક સાથે ગેરહાજર રહેતા આજની સાધારણ સભા રદ થઈ હતી. આજની આ સાધારણ સભામાં ગેરહાજર રહેલા સભ્યોમાથી અમે કેટલાક સભ્યોનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે પોતાના કામોનો બોર્ડમાં સમાવેશ કરવામાં આવતો ન હોવાથી બોર્ડમાં હાજર રહેવું નકામું છે તેમ જણાવ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના ડોડામાં આતંકીઓ સાથે અથડામણ, પાંચ સુરક્ષાકર્મીઓ ગંભીર રીતે ઘાયલ

(એજન્સી) જમ્મુ, તા.૧૫

જમ્મુ-કાશ્મીરના ડોડામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં પાંચ સુરક્ષાકર્મીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લાના જંગલ વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની ગોળીબારમાં સેનાના અધિકારી સહિત પાંચ સુરક્ષાકર્મીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપના ટુકડીઓએ સાંજે ૭:૪૫ વાગ્યાની આસપાસ દેસા જંગલ વિસ્તારમાં ધારી ગોટે ઉરારબાગી ખાતે સંયુક્ત કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યા પછી અથડામણ શરૂ થઈ હતી એમ તેઓએ જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં ૨૦ મિનિટથી વધુ ચાલેલા ગોળીબારમાં એક અધિકારી સહિત ચાર સેનાના જવાનો અને એક પોલીસ કર્મચારી ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને તેમની સ્થિતિ 'ગંભીર' હોવાનું જણાવવામાં આવ્યું હતું તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. સેનાએ જણાવ્યું હતું કે, વધારાના સૈનિકોને વિસ્તારમાં ખસેડવામાં આવ્યા હતા અને જ્યારે છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે ઓપરેશન ચાલુ હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓની હાજરી અંગેના ઈનપુટના આધારે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસ પ્રવક્તાએ દેસા જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબારની વાતને સમર્થન આપ્યું હતું પરંતુ કહ્યું હતું કે, 'વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.' ચોક્કસ ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે ડોડાના ઉત્તરમાં સામાન્ય વિસ્તારમાં ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન ચાલુ હતું. આર્મીના ૧૬ કોર્પ્સ એટલે વ્હાઈટ કોર્પ્સે એક્સની પોસ્ટમાં જણાવ્યું હતું કે, આતંકવાદીઓ સાથેનો સંપર્ક આજે રાત્રે લગભગ ૯:૦૦ કલાકે સ્થાપિત થયો હતો જેમાં ભારે ગોળીબાર થયો હતો. પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે, અમારા બહાદુરોને ઈજા થઈ છે. 'વધારાના સૈનિકોને આ વિસ્તારમાં ખસેડવામાં આવ્યા છે અને અભિયાન ચાલુ છે.'

'સસ્તી રાજનીતિ' : ભાજપની 'રાહુલ વડાપ્રધાન વિરુદ્ધ હિંસાને ઉત્તેજિત કરી રહ્યા છે'ની ટિપ્પણી અંગે કોંગ્રેસનો વળતો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કોંગ્રેસે ગઈકાલે રાહુલ ગાંધી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે હિંસાને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવવા માટે ભાજપની ટીકા કરી અને કહ્યું કે, નેતાઓની સુરક્ષાની વાત આવે ત્યારે 'સસ્તી રાજનીતિ' રમવી જોઈએ નહીં. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસ બાદ ભાજપે રવિવારે વિરોધ પક્ષના નેતા પર નિશાન સાધ્યું હતું. બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ જણાવ્યું હતું કે, 'ત્રીજી વખત નિષ્ફળ રાહુલ ગાંધીએ ઘણી વખત વડાપ્રધાન મોદી વિરુદ્ધ હિંસાને ઉત્તેજિત કરે છે અને તેમને હિંસા માટે ન્યાયી ઠેરવ્યો છે, જેમની સામે તેઓ ચૂંટણી હારી ચૂક્યા છે. ભારત ક્યારેય કેવી રીતે ભૂલી શકે છે કે, કેવી રીતે કોંગ્રેસ આગેવાનીથી પંજાબ પોલીસે ઈરાદાપૂર્વક વડાપ્રધાનની સુરક્ષા સાથે ચેડાં કર્યા હતા, જ્યારે તેમનો કાફલો ફ્લાયઓવર પર ફસાયેલો હતો.' જવાબમાં કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેરાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષને આતંકવાદને કારણે નુકસાન થયું છે, જેમાં મહાત્મા ગાંધી, બે વડાપ્રધાનો અને તેમના સમગ્ર છત્તીસગઢ નેતૃત્વ ભાજપ સરકારની નજર હેઠળ છે. તેમણે કહ્યું, 'નેતાઓની સુરક્ષાના મુદ્દે સસ્તી રાજનીતિ ન રમવી જોઈએ. કોંગ્રેસ પાર્ટીએ જમણી પક્ષના આતંકવાદીઓ સામે મહાત્માજીને ગુમાવ્યા છે. આતંકવાદીઓના હાથે અમે બે વડાપ્રધાન ગુમાવ્યા છે. અમે અમારૂં સમગ્ર છત્તીસગઢ નેતૃત્વ ડાબેરી આતંકવાદીઓના હાથમાં ગુમાવ્યું છે. ભાજપ સરકાર પર નજર રાખો.' પેન્સિલવેનિયામાં એક ઝુંબેશ રેલી દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ પર એક યુવાન બંદૂકધારી દ્વારા ગોળીબારમાં હત્યાનો કરવાનો પ્રયાસ થયો હતો, જેમાં તેમના પર અનેક ગોળી ચલાવવામાં આવી હતી, પૂર્વ અમેરિકી પ્રમુખના જમણા કાનને ઈજા થઈ છે.

આમ આદમી પાર્ટીનો દાવો છે કે, અરવિંદ કેજરીવાલનું ૮.૫ કિલો વજન ઘટ્યું છે, તિહાર જેલનું ખંડન : દિલ્હીના મુખ્યમંત્રીએ 'માત્ર બે કિલોગ્રામ ગુમાવ્યું'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

તિહાર જેલના સૂત્રોએ સોમવારના રોજ જણાવ્યું હતું કે, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જેલમાં માત્ર બે કિલો વજન ઘટાડ્યું હતું અને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ અથવા એઈમ્સના મેડિકલ બોર્ડ દ્વારા તેમની નિયમિત દેખરેખ રાખવામાં આવી રહી હતી. અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ રવિવારે આક્ષેપ કર્યાના એક દિવસ બાદ આ પ્રતિક્રિયા આવી છે કે, તેમની ધરપકડ બાદ તેમણે ૮.૫ કિલો વજન ઘટાડ્યું છે અને ભારતીય જનતા પાર્ટી તેમને જેલમાં રાખીને મુખ્યમંત્રીના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડવાનું કાવતરૂં કરી રહી હતી. તેણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, આપના રાષ્ટ્રીય સંયોજકને ડાયાબિટીસના દર્દી તરીકે જરૂરી તબીબી સહાય મળી રહી નથી.

અનામી સૂત્રોએ સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, જેલ પ્રશાસને આપ મંત્રીઓ અને નેતાઓ દ્વારા લગાવવામાં આવેલા આરોપો અંગે દિલ્હી સરકારના ગૃહ વિભાગને પત્ર લખ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, આ પ્રકારનું વર્ણન લોકોને મૂંઝવણ અને ગેરમાર્ગે દોરે છે.

રવિવારના રોજ દિલ્હીના કેબિનેટ મંત્રી આતિશીએ દાવો કર્યો હતો કે, અરવિંદ કેજરીવાલે તેમની ધરપકડ પછી ૮.૫ કિલો વજનમાં અસ્પષ્ટ ઘટાડો કર્યો છે અને ઉમેર્યું હતું કે, જેલમાં તેમનું સુગર લેવલ 50 mg/dL કરતાં પણ વધુ વખત નીચે ગયું હતું. સોમવારે આપ સાંસદ સંજયસિંહે પણ આવા જ દાવા કર્યા હતા અને કહ્યું હતું કે, તિહાર સત્તાવાળાઓએ સ્વીકાર્યું છે કે, અરવિંદ કેજરીવાલનું વજન ઘટ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે, આપના વડા કોમામાં જઈ શકે છે અથવા બ્રેઈન સ્ટ્રોકનો ભોગ બની શકે છે જો તેઓ ઉંઘતા હોય ત્યારે તેમનું શુગર લેવલ ઘટી જાય.

સંજયસિંહે સમાચાર એજન્સી ANIને જણાવ્યું, કોઈપણ દર્દીનો મેડિકલ રિપોર્ટ સાર્વજનિક બનાવવો એ ગુનો છે. જેલ પ્રશાસને ઘણી વખત દિલ્હીના મુખ્યમંત્રીનો મેડિકલ રિપોર્ટ સાર્વજનિક કર્યો છે. આ સાબિત કરે છે કે, અરવિંદ કેજરીવાલના જીવન સાથે રમવાનું પડયંત્ર રચવામાં આવી રહ્યું છે. આના પર કાર્યવાહી થવી જોઈએ. અહેવાલ આપ્યો હતો કે, તિહારના સૂત્રો દ્વારા શેર કરાયેલા અરવિંદ કેજરીવાલના સ્વાસ્થ્ય અહેવાલ મુજબ ૧લી એપ્રિલના રોજ જ્યારે તેઓ પહેલીવાર જેલમાં આવ્યા ત્યારે તેમનું વજન ૬૫ કિલો હતું અને ૮થી ૨૯ એપ્રિલની વચ્ચે ૬૬ કિલોગ્રામ હતું. ૨૧ દિવસની જામીન બાદ જ્યારે તેઓ ૨ જૂને જેલમાં પાછા ફર્યા ત્યારે તેમનું વજન ૬૩.૫ કિલો હતું. ૧૪ જુલાઈના રોજ તેમનું વજન ૬૧.૫ કિલો હતું. તેથી અસરકારક રીતે, તેમણે ૨ કિલો વજન ઘટાડ્યું. સૂત્રોએ ઉમેર્યું હતું કે, અરવિંદ કેજરીવાલને ઘરનું રાંધેલું ભોજન આપવામાં આવી રહ્યું છે પરંતુ તેઓ ૩ જૂનથી નિયમિતપણે તેનો અમુક ભાગ પરત કરી રહ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું, એઈમ્સનું મેડિકલ બોર્ડ સતત મુખ્યમંત્રી પર નજર રાખી રહ્યું છે અને તેમની પત્ની સુનીતા કેજરીવાલ બોર્ડના નિયમિત સંપર્કમાં છે.

તિહાર જેલે પત્રમાં શું લખ્યું :

- તિહાર જેલ પ્રશાસને દિલ્હી સરકારના ગૃહ વિભાગને પત્ર લખીને અરવિંદ કેજરીવાલના સ્વાસ્થ્ય અંગે આપના આરોપોને ફગાવી દીધા છે.
- તેના પત્રમાં જેલ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, આવી કથા જેલ પ્રશાસનને ડરાવવાના ઈરાદા સાથે ખોટી માહિતી અને અપ્રગટ હેતુઓ સાથે લોકોને ભ્રમિત કરે છે અને ગેરમાર્ગે દોરે છે.
- આરોપીના બ્લડ પ્રેશર અને સુગર લેવલ અને વજનનું નિયમિતપણે નિરીક્ષણ કરવામાં આવે છે અને તેમને તેમની તમામ બીમારીઓ માટે પર્યાપ્ત સારવાર આપવામાં આવે છે અને તે નિયમિતપણે દિવસમાં ત્રણ વખત ઘરે બનાવેલું ભોજન લે છે. આ હકીકતોને ધ્યાનમાં રાખીને રેકોર્ડ પર લાવવામાં આવે છે. નિહિત હિત જૂથો દ્વારા મીડિયા બદનામ કરવામાં આવી રહ્યું છે. કેજરીવાલને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ૨૧ માર્ચે દિલ્હી સરકારની ૨૦૨૧-૨૨ની આબકારી નીતિમાં કથિત અનિયમितતા સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ૨૬ જૂને તિહાર જેલમાંથી કથિત કૌભાંડ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલને શુક્રવારે મની લોન્ડ્રિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન આપ્યા હતા પરંતુ તેઓ સીબીઆઈ કેસના સંબંધમાં જેલમાં છે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીને મળશે

દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ ૨૨ જુલાઈએ દિલ્હી આવશે

ખેડૂત નેતાએ કહ્યું કે, સરકાર એવો ભ્રમ ફેલાવી રહી છે કે જો MSP કાયદો ગેરંટી બની જશે તો લાખો કરોડ રૂપિયા ખર્ચ થશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

વિપક્ષના નેતા રાહુલ ગાંધી 22 જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે 22મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી 200 ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી 22 જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે 22મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી 200 ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. ખેડૂત નેતાએ કહ્યું કે સરકાર એવો ભ્રમ ફેલાવી રહી છે કે જો MSP કાયદો ગેરંટી બની જશે તો લાખો કરોડ રૂપિયા ખર્ચ થશે. આવી સ્થિતિમાં, અમે તમને જણાવીશું કે એક પૈસો પણ ખર્ચવામાં આવશે નહીં. દલ્લેવાલે કહ્યું કે રાહુલ ગાંધી ખેડૂત નેતાઓને મળશે. બેઠકમાં આ મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવશે કે MSP કાયદાની ગેરંટી પર પૈસા કેવી રીતે ખર્ચવામાં નહીં આવે. મોનસૂન સત્રમાં એમએસપી કાયદાની ગેરંટીની માંગ સ્વીકારવા માટે સરકાર પર દબાણ લાવવાની વાત પણ થશે. જો કે ઈન્ડિયા બ્લોકે પહેલા કહ્યું હતું કે જો સરકાર બનશે તો તેઓ ખેડૂતોની માંગણીઓ સ્વીકારશે, પરંતુ તેમની સરકાર બની નથી, પરંતુ તેઓ વિરોધમાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે.

વડાપ્રધાન તેમની ઊંઘમાંથી ક્યારે જાગશે ? મણિપુરમાં CRPFના જવાનની હત્યા બાદ પ્રિયંકાએ પૂછ્યું

તેણીએ વધુમાં જણાવ્યું કે, મણિપુરમાં હિંસાની ઘટનાઓ ગયા વર્ષે ૩ મેથી ચાલુ છે

(એજન્સી) તા.૧૫

મણિપુરમાં CRPF સૈનિકના મૃત્યુ પછી, કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી છે, કહ્યું છે કે આપણું રાજ્ય 'સંપૂર્ણપણે વિખેરાઈ ગયું છે' અને પૂછ્યું કે 'કેન્દ્ર અને વડાપ્રધાન મોદી તેમની ઊંઘમાંથી ક્યારે જાગશે.'

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ગાંધીએ કહ્યું કે, મણિપુરમાં CRPF જવાનો પર થયેલા હુમલામાં એક જવાન શહીદ થવાના સમાચાર અત્યંત દુઃખદ છે. ભગવાન દિવંગત આત્માને શાંતિ આપે. શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. હું ત્રણ ઘાયલ સૈનિકોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરૂં છું.

તેણીએ ઉમેર્યું કે, મણિપુરમાં હિંસા ગયા વર્ષે ૩ મેથી ચાલુ છે.

તેણીએ પૂછ્યું, "એક રાજ્ય સંપૂર્ણપણે વિખેરાઈ ગયું છે. કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન તેમની ઊંઘમાંથી ક્યારે જાગશે ?"

ગઈકાલે મણિપુરના જીરીબામ જિલ્લામાં બે મણિપુર પોલીસ કમાન્ડો સાથે CRPF જવાન માર્યા ગયા હતા અને અન્ય જવાન ઘાયલ થયા હતા, તે પછી કોંગ્રેસના નેતા, વાડ્રાએ આ ટિપ્પણી કરી હતી.

સીઆરપીએફના જણાવ્યા અનુસાર, જીરીબામ ખાતે ૨૦ સીઆરપીએફ જવાનો અને રાજ્ય પોલીસની સંયુક્ત પાર્ટી પર શંકાસ્પદ આતંકવાદીઓએ હુમલો કર્યા બાદ કોન્સ્ટેબલ ડ્રાઈવર અજય કુમાર ઝાનું મોત થયું હતું.

અહેવાલમાં જણાવવામાં આવ્યું કે, "૧૪ જુલાઈ ૨૦૨૪ના રોજ, મણિપુરના જીરીબામ ખાતે ૨૦ બટાલિયન સીઆરપીએફ અને રાજ્ય પોલીસની સંયુક્ત પાર્ટી પર આતંકવાદીઓ દ્વારા ઓચિંતા હુમલા દરમિયાન, બહાદુર કોન્સ્ટેબલ ડ્રાઈવર અજય કુમાર ઝાએ ફરજની દિશામાં પોતાનું બલિદાન આપ્યું છે. CRPF આપણા બહાદુર સૈનિકની અદમ્ય હિંમત, બહાદુરી અને માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠાને સલામ કરે છે. અમે હંમેશા અમારા બહાદુર માણસના પરિવાર સાથે ઊભા છીએ."

કલાત્મક આંકડાકીય છેતરપિંડી : કોંગ્રેસે ભાજપના '૮ કરોડ નવી નોકરીઓ'ના દાવા બદલ સરકાર પર પ્રહારો કર્યા

જયરામ રમેશે જણાવ્યું કે, નબળા આર્થિક વાતાવરણ વચ્ચે શ્રમ બજારમાં પગારદાર અને ઔપચારિક રોજગારીનો હિસ્સો ઘટ્યો છે

(એજન્સી) તા.૧૫

કોંગ્રેસે ગઈકાલે આઠ કરોડ નવી નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું હોવાના કેન્દ્રના દાવા પર પલટવાર કર્યો અને આરોપ લગાવ્યો કે, સરકારે રોજગાર સર્જનનો દાવો કરવા માટે કેટલીક 'અયોગ્ય આંકડાકીય જાદુગરી' કરી છે કારણ કે, તેઓ 'રોજગારની ગુણવત્તા અને સંજોગો પર ધ્યાન આપવામાં નિષ્ફળ રહ્યા છે.' કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, એવા સમયે જ્યારે ભારત 'મોટી દ્વારા નિર્મિત ગંભીર બેરોજગારી સંકટ'નો સામનો કરી રહ્યું છે, જ્યારે લાખો યુવાનો દરેક નોકરી માટે અરજી કરે છે, 'સ્વ-અભિષિક્ત બિન-જૈવિક વડાપ્રધાન માત્ર તેઓ જાણે છે તે પ્રમાણે પ્રતિક્રિયા આપવામાં વ્યસ્ત છે, તેઓ નામંજૂર, વિચલિત અને વિકૃત કરવાના તેના રચેલા 3D મોડેલને લાગુ કરવાની પ્રતિક્રિયા આપવામાં વ્યસ્ત છે.' તેમણે કહ્યું કે, આરબીઆઈના નવા અંદાજોના આધારે સરકાર જોબ માર્કેટમાં તેજીનો દાવો કરી રહી છે. રમેશે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'સ્વયં-નિયુક્ત સરકારે પોતે જ દાવો કર્યો છે કે, અર્થતંત્રે ૮૦ મિલિયન નોકરીઓનું સર્જન કર્યું છે.' તેમણે ઉમેર્યું, સત્ય એ છે કે, રોજગારીના આંકડાઓમાં વૃદ્ધિ મોદી યુગની અર્થવ્યવસ્થાની ગંભીર વાસ્તવિકતાઓથી અનુરૂપ નથી, જ્યાં ખાનગી રોકાણ નબળું રહ્યું છે અને વપરાશ વૃદ્ધિ સુસ્ત છે. રમેશે દાવો કર્યો કે, 'સરકારે રોજગારની ગુણવત્તા અને સંજોગો પર ધ્યાન આપ્યા વિના, રોજગારની ખૂબ જ વિસ્તૃત વ્યાખ્યા અપનાવીને, રોજગાર સર્જનનો દાવો કરવા માટે કેટલીક કલાત્મક આંકડાકીય જુગલબંદી કરી છે : દાવો કરાયેલ 'રોજગાર વૃદ્ધિ'નો એક મોટો હિસ્સો માત્ર માત્ર મહિલાઓ દ્વારા કરવામાં આવતા ઘરગથ્થુ કામને 'રોજગાર' તરીકે નોંધે છે.' કોંગ્રેસ નેતાએ કહ્યું કે, 'નબળા આર્થિક વાતાવરણ વચ્ચે, શ્રમ બજારમાં પગારદાર, ઔપચારિક રોજગારનો હિસ્સો ઘટ્યો છે. કામદારો ઓછી ઉત્પાદકતાવાળી અનૌપચારિક અને કૃષિ નોકરીઓ તરફ આગળ વધી રહ્યા છે, આ એક આર્થિક દુર્ઘટના છે.' તેમણે જણાવ્યું કે, '૮ કરોડ નવી નોકરીઓ'ની હેડલાઈન નોકરીઓની ગુણવત્તા પર ચર્ચાને દૂર કરે છે, તેથી સરકાર આ ઓછી ઉત્પાદકતા, નબળી વેતનવાળી નોકરીઓના 'સર્જન'ને સિદ્ધિ તરીકે ગણે છે. રમેશે કહ્યું, 'આરબીઆઈના ડેટા કોવિડ-૧૯ રોગચાળાના વર્ષો દરમિયાન રોજગારમાં વધારો દર્શાવે છે, જે છેતરપિંડી છે. ત્યારે અર્થતંત્રનો મોટો વર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. જ્યારે શિક્ષણ જેવા નિર્ણાયક ક્ષેત્રોમાં ૨૦૨૦-૨૦૨૧માં ૧૨ લાખ ઓછી નોકરીઓ જોવા મળી હતી અને કૃષિમાં ૧.૮ કરોડો નોકરીઓનું સર્જન થયું હતું.' તેમણે દલીલ કરતા કહ્યું કે, આમ ફેક્ટરી કામદારો, શિક્ષકો, વગેરે જેઓ રોગચાળા દરમિયાન ઘરે પાછા ફર્યા હતા અને તેમના કુટુંબના ખેતરોમાં ખેતી કરવા પર અથવા ખેતીમાં 'જોબ શોધવા' તરીકે નોંધાયેલા સમૃદ્ધ ખેડૂત તરીકે ભાડૂત તરીકે પાછા ફરવું પડ્યું હતું. રમેશે કહ્યું, 'આ કપટ એ બિનજૈવિક વડાપ્રધાનનો આર્થિક વારસો છે.' વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમણે છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં આઠ કરોડ નવી નોકરીઓનું સર્જન ફરીને બેરોજગારી વિશે બનાવટી વાર્તાઓ ફેલાવનારાઓને 'ચૂપ' કર્યા છે તે પછી રમેશની આ ટિપ્પણી આવી છે. રોડ, રેલવે અને પોર્ટ સેક્ટરમાં રૂા.૨૯,૦૦૦ કરોડના ખર્ચના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવાના કાર્યક્રમ દરમિયાન મોદીએ રોજગાર સર્જન અંગે 'ખોટી માહિતી ફેલાવવા' માટે વિપક્ષી પક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા.

હિંદુ મતો મેળવવા માટે અમારા હિજરતના મુદ્દાનો ઉપયોગ કર્યો : કાશ્મીરી પંડિતોના ભાજપ પર પ્રહારો

પંડિતોના અધિકારોની હિમાયત કરનાર પનુન કાશ્મીરનો દાવો છે કે, ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રએ ૧૦ વર્ષથી વિસ્થાપિત સમુદાયની ઉપેક્ષા કરી છે

(એજન્સી) તા.૧૫

પનુન કાશ્મીરે ભાજપ નેતૃત્વ પર રાજ્યમાંથી કાશ્મીરી હિંદુઓ (પંડિતો)ના હિજરતના મુદ્દાનો ઉપયોગ તેમના વિરોધીઓને દોષી ઠેરવવા અને સમગ્ર ભારતમાં હિંદુ મત મેળવવા માટે કરવાનો આરોપ મૂક્યો હતો. કાશ્મીરી પંડિતોના અધિકારોની હિમાયત કરતી સંસ્થાએ દાવો કર્યો હતો કે, ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રે છેલ્લા ૧૦ વર્ષમાં વિસ્થાપિત સમુદાયની અવગણના કરી છે. તેમાં ઉમેર્યું હતું કે, અનુચ્છેદ ૩૭૦ના નિષ્ક્રિયકરણ અને જમ્મુ અને કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં પુનર્ગઠન કરવા છતાં ભાજપ સરકારે કાશ્મીરી પંડિતો પ્રત્યે ઉદાસીનતા અને પૂર્વગ્રહ દર્શાવ્યો છે. પનુન કાશ્મીરના અધ્યક્ષ અજય શ્રુંગૂએ જમ્મુમાં મીડિયાને જણાવ્યું હતું કે, 'ભાજપના નેતૃત્વએ તેના વિરોધીઓને દોષી ઠેરવવા અને બાકીના ભારતમાં હિંદુ મત મેળવવા માટે કાશ્મીરી હિંદુ ધાર્મિક નિકંદનનો ઉપયોગ કર્યો છે.' તેમણે પાર્ટી પર 'કાશ્મીરી પંડિતો સાથે બીજા વર્ગના નાગરિકો' તરીકે વ્યવહાર કરવાનો આરોપ પણ લગાવ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમુદાયના સભ્યો કોઈપણ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નથી અને તેઓ સ્વતંત્ર રીતે તેમની સ્વતંત્રતાને અનુસરશે. શ્રુંગૂએ કહ્યું, 'દરેક વ્યક્તિએ જાણવું જોઈએ કે અમારા સમુદાયના સભ્યો કોઈપણ રાજકીય પક્ષના સમર્થક નથી અને તેઓ તેમની રાજકીય સ્વતંત્રતા અને પસંદગીને ઈચ્છે છે. કોંગ્રેસની જેમ ભાજપ પણ જમ્મુ અને કાશ્મીરમાં કાશ્મીરી પંડિતો અને રાષ્ટ્ર બંને પ્રત્યે જવાબદારી નિભાવવામાં નિષ્ફળ રહ્યું છે.' તેમણે વધુમાં કહ્યું કે, કાશ્મીર અને જમ્મુમાં આતંકવાદી અને અલગતાવાદી દળોની તાકાત વધી રહી છે ત્યારે સરકાર માટે લોકોની સાથે ઊભા રહેવું અને તેમના અધિકારોનું રક્ષણ કરવું મહત્ત્વપૂર્ણ છે. પનુન કાશ્મીરે કાશ્મીરી હિંદુઓના કાયમી પુનર્વસન માટે અલગ કેન્દ્રશાસિત પ્રદેશની સ્થાપના ન થાય ત્યાં સુધી તેમનો સંઘર્ષ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી. શ્રુંગૂએ સમુદાયના મુદ્દાઓ પ્રત્યે તેના કથિત પૂર્વગ્રહ અને અનાદર માટે ભાજપ સરકારની ટીકા કરી. શ્રુંગૂએ કહ્યું, 'નહેરૂવિયન નીતિઓ સામે બીજેપીના પ્રતિકૂળ રાજકીય અને વૈચારિક વલણે વર્ષોથી પાર્ટીના ટોચના નેતૃત્વમાં કાશ્મીરી પંડિત વિરોધી પક્ષપાતમાં રૂપાંતર કર્યું હોય તેવું લાગે છે.' તેમણે કહ્યું કે, પક્ષ સમુદાય માટે કંઈ કરવામાં નિષ્ફળ ગયો છે અને ઉપરથી તે 'સમુદાયના મુદ્દાઓને અણગમો, સંપૂર્ણ અનાદર અને બરતરફી સાથે વર્તે છે.' તેમણે જીવનનિર્વાહના વધતા ખર્ચ છતાં છેલ્લા એક દાયકામાં કાશ્મીર પંડિતો માટે નિર્વાહ ભથ્થા વધારવામાં નિષ્ફળ રહેવા બદલ સરકારની નિંદા પણ કરી. ચેરમેને કહ્યું કે, 'કાશ્મીરમાંથી વિસ્થાપિત વસ્તીના ખૂબ જ નાના ભાગને રોકડ રાહત મળે છે, જે સમગ્ર ભારતમાં ભાજપ દ્વારા બનાવવામાં આવેલી રાજકીય ધારણાથી વિપરીત છે. તેઓએ નવી દિલ્હી અને જમ્મુ અને કાશ્મીરમાં ભાજપના શાસન દરમિયાન રોજિંદા અસ્તિત્વની લગભગ તમામ વસ્તુઓમાં ભારે ભાવવધારા છતાં આ સમયગાળા દરમિયાન કોસ્મેટિક વધારો સુદ્ધાં જોયો નથી.' તેમણે ઉમેર્યું હતું કે, આ વસ્તી વિભાગ કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોની કુલ વસ્તીનો ખૂબ જ નાનો ભાગ છે. તેમણે કહ્યું, 'ભારતના બાકીના ભાગમાં ભાજપ દ્વારા બનાવવામાં આવેલી રાજકીય ધારણાઓથી વિપરીત આંતરિક રીતે વિસ્થાપિત સમુદાયના મોટાભાગના લોકોએ ક્યારેય કોઈ રોકડ રાહત મેળવી નથી.' શ્રુંગૂએ વધુમાં ભાજપ સરકાર પર કાશ્મીરી પંડિતો સામેના ગુનાઓની અવગણના કરવાનો અને તેમની સુરક્ષાની ચિંતાઓને યોગ્ય રીતે સંબોધવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપે સમુદાયને નરસંહારનો ભોગ બનવું નકારીને માનવતા વિરુદ્ધ ગંભીર અપરાધ કર્યો છે.

જામીન અરજીની સુનાવણી વધુ એક વખત ટળી

ભ્રષ્ટાચારના કેસમાં હજુ પણ જેલમાં બંધ રહેશે કેજરીવાલ

કોર્ટે સુનાવણી સાતમી ઓગસ્ટે હાથ ધરવાનો નિર્ણય લીધો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કથિત દિલ્હી લિકર પોલિસીમાં મની લોન્ડ્રિંગના કેસમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન આપવાના વિરોધમાં આજે દિલ્હીની હાઈકોર્ટમાં સુનાવણી થવાની હતી. જો કે કોર્ટે સુનાવણી ટાળી દીધી છે. રાઉઝ એવન્યૂ કોર્ટ દ્વારા કેજરીવાલને જામીન આપવાના વિરોધમાં કોર્ટમાં અરજી કરાઈ હતી. કોર્ટે આગામી સુનાવણી સાતમી ઓગસ્ટે હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ પહેલા હાઈકોર્ટે કેજરીવાલને જામીન આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી હતી. ગત અઠવાડિયે સુપ્રીમ કોર્ટે EDના કેસમાં કેજરીવાલને વચગાળાના જામીન મંજૂર કર્યા હતા, જોકે તેઓ હજુ પણ જેલમાં બંધ છે, કારણ કે તેમના વિરુદ્ધ ઝ્ર્ દ્વારા દિલ્હી લિકર કૌભાંડ કેસમાં કથિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. કેજરીવાલના વકીલે દિલ્હી હાઈકોર્ટમાં દલીલ કરી છે કે, સુપ્રીમ કોર્ટને આદેશ છે, તેથી તેમને વચગાળાના જામીન અપાયા છે. તેમણે કોર્ટમાં એવું પણ કહ્યું કે, ઈડીએ ગઈકાલે રાત્રે ૧૧.૦૦ કલાકે નવો જવાબ દાખલ કર્યો છે, તેથી અમારે વધુ સમય જોઈએ. કેજરીવાલના વકીલે સમય માંગ્યો છે. આ જ કારણે કોર્ટે આગામી સુનાવણી છ ઓગસ્ટ સુધી સ્થગિત કરી છે અને હવે સાતમી ઓગસ્ટે સુનાવણી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા કેજરીવાલે ટ

ચેરાપુંજી જેવા ઉમરપાડા તાલુકામાં ભારે વરસાદને લઈ ઠેર-ઠેર જળબંબાકાર જેવી સ્થિતિ

સુરતના ઉમરપાડામાં આભ ફાટ્યું હોય તેમ માત્ર ચાર કલાકમાં ૧૪ ઈંચ વરસાદ ખાબક્યો

અનેક ગામો થયા સંપર્ક વિહોણા : ભારે વરસાદને લઈ ૧૬ જેટલા માર્ગો કરાયા બંધ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૫

સુરત જિલ્લાના ઉમરપાડામાં આભ ફાટતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાવા પામી છે. આજે સવારથી ગણતરીનાં કલાકમાં અનરાધાર ૧૪ ઈંચ વરસાદને પગલે જનજીવન ખોરંભે ચઢ્યું હતું. માત્ર નીચાણવાળા વિસ્તારો જ નહીં પરંતુ તાલુકાના મોટા ભાગના વિસ્તારોમાં રસ્તાઓ પર નદીઓ વહેતી હોય તેવા દૃશ્યો સર્જાતાં વહીવટી તંત્ર દ્વારા પણ તકેદારીના ભાગરૂપે અંતરિયાળ વિસ્તારોમાં ઓવરફલો થયેલા રસ્તાઓ તાત્કાલિક ધોરણે વાહન વ્યવહાર માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બીજી તરફ ઉમરવાડાને બાદ કરતાં સુરત જિલ્લાનાં મોટા ભાગના તાલુકાઓમાં મેઘરાજાએ આંશિક વિરામ લીધો છે. નર્મદાના ગરુડેશ્વરમાં પણ સવારે બે કલાકમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. રાજપીપળાનું લાછરસ ગામ બેટમાં ફેરવાયું હોય એવાં દૃશ્યો સર્જાયાં હતાં. ગળાડૂબ પાણી ભરાતાં લોકોને ઘરવખરી સહિત જાનમાલને નુકસાન પહોંચ્યું છે. નાંદોદ તાલુકાના લાછરસ ગામમાં પાણી ફરી વળતાં ગાડીઓ પાણીમાં ગરકાવ થઈ હતી. સવારથી ધોધમાર વરસાદ વરસતાં આખું ગામ બેટમાં ફેરવાયું છે. લાછરસ ગામ સાથે, માંગરોલ, થરી, વડિયા જેવાં અનેક ગામોમાં વરસાદી પાણી ભરાયાં છે, લોકોનાં ઘર, મંદિર, ખેતરો પાણીમાં ગરકાવ થયાં છે. ભારે વરસાદને લઈને ઉમરપાડા તાલુકાના નદી,નાળાં, ચેકડેમો ઓવરફલો થયાં હતાં, જેને લઈને જળશયો પરના લો લેવલ બ્રિજો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. એને લઈને એક ગામથી બીજાં ગામોનો સીધા સંપર્ક તૂટી ગયા હતા, જેને લઈને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે આજે સવારે ઉમરપાડામાં રીતસરનું આભ ફાટ્યું હોય તેવા દૃશ્યો જોવા મળ્યા હતા. માત્ર ચાર કલાકમાં ૧૪ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં ઉમરવાડા તાલુકો જળબંબાકાર થઈ ગયો હતો. આ સિવાય તાલુકાના મોટાભાગના ગામોમાં પણ ભારે વરસાદને પગલે જનજીવન અસ્ત-વ્યસ્ત નજરે પડ્યું હતું. લાંબા સમયના વિરામ બાદ ઉમરપાડામાં નોંધપાત્ર વરસાદને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. જો કે, અનરાધાર વરસાદને પગલે તાલુકામાંથી પસાર થતા નદી-નાળાએ પણ વરસાદી નીરનું આગમન થતાં રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેને પગલે જિલ્લા કલેકટરનું વહિવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. તાલુકાના અનેક ગામડાઓ સંપર્ક વિહોણા બન્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. બીજી તરફ અંતરિયાળ ગામોમાં રસ્તાઓ પર પાણી ભરી વળતાં વહીવટી તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે માંડવી અને ઉમરપાડાના ૧૬ રસ્તાઓ વાહન વ્યવહાર માટે પ્રતિબંધિત જાહેર કરવાની ફરજ પડી છે. તંત્ર દ્વારા લો-લેવલ બ્રિજની સપાટીઓ પર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હાલના તબક્કે કોઈપણ પ્રકારની અનિચ્છિનિય ઘટના ન બને તે માટે માંડવી સહિત ઉમરપાડાના અલગ-અલગ ૧૬ જેટલા ગામડાઓમાં જળમગ્ન બનેલા રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે.

કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધીના નિવેદનને લઈ ભાજપના નીતિન પટેલે કર્યો કટાક્ષ

તમારે લગ્નના વરઘોડામાં નાચવાવાળો ઘોડો લાવવો હોય તો કોંગ્રેસવાળાને કહેજો તે આવી જશે

ભાજપ પાસે તો બધા રેસમાં દોડનાર ઘોડા જ છે; નીતિન પટેલનું નિવેદન ચર્ચામાં

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૫

ગુજરાતની તાજેતરમાં મુલાકાતે આવેલા લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ લગ્નના અને રેસના ઘોડાની વાત રમૂજપૂર્વક રજૂ કરતા કહ્યું હતું કે, રેસના ઘોડાને તમે રેસમાં દોડાવો અને લગ્નના ઘોડાને તમે લગ્નમાં મોકલો. ગુજરાત કોંગ્રેસના નેતાઓને ગર્ભિત ચેતવણી આપતા આ નિવેદનને લઈ નીતિન પટેલે હવે કટાક્ષ કર્યો છે જે ચર્ચામાં છે. નીતિન પટેલે કહ્યું હતું કે, આપણી(ભાજપ) પાસે તો રેસના જ ઘોડા છે. જો તમારે લગ્નના વરઘોડામાં નાચવાવાળો ઘોડો લાવવો હોય તો કોંગ્રેસવાળાને બોલાવજો. મહેસાણામાં યોજાયેલા કાર્યક્રમમાં નીતિનભાઈના નિવેદન બાદ હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. તેમનું આ નિવેદન વાયરલ થતાં રાજકીય માહોલ ગરમાયો છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હિન્દુઓ પર આપેલા નિવેદનને લઈ ગત ૨ જુલાઈના રોજ ગુજરાત કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવન પર ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે સામ-સામે પથ્થરમારો થયો હતો. આ ઘટના બાદ ૬ જુલાઈના રોજ રાહુલ ગાંધી પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પર આવ્યા હતા.જ્યાં સંબોધનમાં તેમણે કહ્યું હતું કે, 'મને આપણા એક કાર્યકરે કહ્યું હતું કે રાહુલજી, કોંગ્રેસ પાર્ટીમાં એક મુશ્કેલી છે. બે પ્રકારના ઘોડા હોય છે. એક રેસનો ઘોડો અને બીજો લગ્નનો ઘોડો. ક્યારેક-ક્યારેક કોંગ્રેસ પાર્ટી રેસના ઘોડાને લગ્નમાં મોકલી દે છે અને લગ્નના ઘોડાને રેસમાં લગાવી દે છે. તો કાર્યકરે મને કહ્યું કે તમે આ બંધ કરાવી દો. રેસના ઘોડાને તમે રેસમાં દોડાવો અને લગ્નના ઘોડાને લગ્નમાં મોકલો. તો આ અમારે ગુજરાતમાં કરવાનું છે. જે રેસના ઘોડા છે, જે દોડવા માટે તૈયાર છે, એને રેસમાં લગાવવા જોઈએ અને જે લગ્નના ઘોડા છે તેને આપણે લગ્નમાં નચાવવા જોઈએ. હવે આ કામ સિરિયસલી કરવાનું છે.' રાહુલ ગાંધીનું નિવેદને ભારે ચર્ચા નગાવી હતી. ત્યારે તેને લઈને હવે સામે પક્ષે પ્રતિક્રિયા આવી છે.

અમદાવાદમાં રાહુલ ગાંધીએ આપેલ નિવેદન પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કટાક્ષ કર્યો હતો. મહેસાણામાં સાંસદ હરિભાઈ પટેલના આભાર દર્શન સમારોહમાં નીતિન પટેલે કહ્યું કે, પક્ષમાં બે પ્રકારના ઘોડા હોય છે.એક રેસનો ઘોડો અને બીજો લગ્નમાં નાચવાનો ઘોડો. અમારા ભાજપ પક્ષ પાસે હરિભાઈ જેવા રેસમાં દોડનાર ઘોડા જ છે. બાકી કોઈના ઘરે લગ્ન કે કોઈના દીકરાની ઈચ્છા હોય કે આપણે નાચનાર ઘોડા પર વરઘોડો કાઢવો છે તો કોંગ્રેસ વાળા કોઈને બોલાવી દેજો નાચતો ઘોડો આવી જશે. મહેસાણામાં આયોજીત કાર્યક્રમમાં નીતિન પટેલે રેસના અને લગ્નના ઘોડાને લઈ કટાક્ષ કરતા જ ઉપસ્થિત સૌ કોઈ લોકોમાં હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું. આ કાર્યક્રમમાં મહેસાણાના ધારાસભ્ય,જિલ્લા પંચાયત પ્રમુખ,સ્થાનિક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું હતુ કે, જે લગ્નમાં કામ આવે એ લગ્નના ઘોડા અને જે રેસમાં કામ આવે તે રેસના ઘોડા. જરૂરિયાત બન્નેની હોય છે. લગ્ન સમયે પણ ઘોડો તો જોઈએ જ ને. એમ પાર્ટીમાં જરૂરિયાત દરેકની હોય છે પરંતુ તેની કામગીરી જે હોય તેને અનુરૂપ જરૂર હોય છે. યોગ્ય કાર્યકરને યોગ્ય કામ એવું રાહુલ ગાંધીનું કહેવું હતું. દરેકમાં ખૂબી અને ખામી એમ બન્ને હોય તેને ધ્યાને રાખીને તેને કામ સોંપાશે.

લકઝરી બસનું ટાયર ફાટતાં તે રોડની સાઈડે ઊભી થઈ ગઈ હતી

આણંદ નજીક એક્સપ્રેસ હાઈવે પર બેફામ ટ્રકની જોરદાર ટક્કરથી બસ લોકો પર ફરી વળી

રોડના ડીવાઈડર પર બેઠેલા મુસાફરો બસની અડફેડે ચડ્યા : છનાં મોત, આઠ ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા.૧૫

આણંદ નજીક અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ વે પર આજે વહેલી સવારે ચાર વાગ્યાનાં સુમારે ટાયર ફાટવાને કારણે સાઈડમાં ઊભી રહેલી લકઝરી બસની પાછળ ધડાકાભેર ટ્રક અથડાતા બસની આગળ ઉભેલા અને ડીવાઈડર પર બેઠેલા મુસાફરો પર લકઝરી બસ ફરી વળતા પાંચ મુસાફરોનાં ઘટના સ્થળે મોત નિપજયા હતા જયારે અન્ય એક વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થવા પામ્યું હતું જયારે આઠને ગંભીર ઈજાઓ પહોંચી હતી આ ઘટનાને લઈને આણંદ ફાયરબ્રિગેડ, પોલીસ અને ૧૦૮ની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી ઈજાગ્રસ્તોને ત્વરીત સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી વિગતો અનુસાર મહારાષ્ટ્રથી રાજસ્થાનનાં નાથદ્વારા જઈ રહેલી ખાનગી ટ્રાવેલર્સની લકઝરી બસ મુસાફરો ભરી અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહી હતી ત્યારે આણંદનાં ચિખોદરા ગામ નજીક હાઈવેનાં રનીંગ ટ્રેક પર લકઝરી બસનું ટાયર ફાટતા બસ ઉભી થઈ જતા બસમાં સવાર મુસાફરો બસમાંથી ઉતરી હાઈવે પર ડીવાઈડર પર બેઠા હતા જયારે કેટલાક મુસાફરો બસમાં બેઠા હતા આ દરમિયાન સવારે ચાર વાગ્યાનાં સુમારે પુરપાટ ઝડપે જતી ટ્રકનાં ચાલકએ હાઈવે પર ઉભેલી લકઝરી બસને પાછળથી ટક્કર મારતા બસને ધક્કો વાગતા બસ ડીવાઈડર પર બેઠેલા મુસાફરો પર ફરી વળતા મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતા મુસાફરોની ચીચીયારીઓથી હાઈવે ગુંજી ઉઠી ઉઠયો હતો. ઘટનાની જાણ થતા નેશનલ હાઈવે ઓથીરીટી કંપનીની હેલ્પ લાઈનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પોલીસ તેમજ ૧૦૮ની ટીમને જાણ કરવામાં આવતા પોલીસ ફાયર બ્રિગેડ અને ૧૦૮ની એમ્બ્યુલન્સવાન ઘટના સ્થળે પહોંચી હતી અને લકઝરી બસની નીચે દબાઈ ગયેલા ઘાયલ મુસાફરોને બહાર કાઢયા હતા આ ગોઝારા અકસ્માતમાં પાંચ મુસાફરોનાં ઘટના સ્થળે જ મોત નિપજયા હતા જયારે એકનું હોસ્પીટલમાં સારવાર દરમિયાન મોત નિપજયું હતું, આ ઘટનામાં ઘાયલ ૮ મુસાફરોને ત્વરીત સારવાર માટે કરમસદની તથા વડોદરાની એસએસજી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. આણંદ ડીવીઝનનાં ડીવાયએસપી જે એન પંચાલ સહીત ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. આ બનાવ અંગે આણંદ ટાઉન પોલીસે ટ્રક ચાલક કરણકુમાર અવધેસરામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજયમાં ગેમીંગ ઝોન, એમ્યુઝમેન્ટ પાર્કમાં સુરક્ષા નિયમો બાબતે એસોસિએશન દ્વારા કરાયેલી અરજી પરત ખેંચી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૫

રાજયમાં ગેમીંગ ઝોન, એમ્યુઝમેન્ટ પાર્ક માં સુરક્ષા નિયમોના અભાવે બંધ કરી દેવાનો પડઘો વધુ એક વાર ગુજરાત હાઈકોર્ટમાં પડતી હતો. રાજયના પોલીસ વિભાગ દ્વારા આ સંસ્થાઓના સુરક્ષા નિયમો તૈયાર કરતા પહેલા અને તેનો અમલ કરતા પહેલા આ પ્રવૃત્તિ ચલાવતી સંસ્થાને સાંભળીને નિર્ણય લેવો જોઈએ તેની પિટિશન ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ સંગીતા વિશેનની અદાલતમાં ચાલી હતી. તેની સુનાવણી દરમિયાન આ અરજી પ્રીમેચ્યોર તબક્કે કરાઈ હોવાની નોંધ કરી નકારી કાઢવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરકાર તરફથી અરજદાર એસોસીએશન તરફથી થયેલા રજૂઆત અને સૂચનો ધ્યાનમાં લેવા બાબતે નિવેદન કરવામાં આવતાં એસોસીએશને પોતાની રિટ અરજી પાછી ખેંચી લીધી હતી. કેસની વિગતો મુજબ ગુજરાત એમ્યુઝમેન્ટ એસોસીએશન તરફથી કરાયેલી રિટ અરજી રજૂઆત કરવામાં આવી હતી કે, રાજકોટ ટીઆરપી ગેમીંગ ઝોન અગ્નિકાંડની દુર્ઘટના બાદ રાજયભરના ગેમીંગ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્ક સત્તાવાળાઓ દ્વારા બંધ કરાવી દેવાયા છે અને તેના કારણે તેઓના ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે. આ સંજોગોમાં નવા રૂલ્સને ફાઈનલ કરતાં પહેલા તેમ જ તેના અમલીકરણ પહેલાં અરજદાર એસોસીએશનના સભ્યોને સાંભળવામાં આવે અને તેમના સૂચનો ધ્યાને લેવામાં આવે તેમ જ રૂલ્સ તૈયાર કરનારી કમીટીમાં અરજદાર એસોસીએશનના બે પ્રતિનિધિઓને પણ સમાવવામાં આવે એ મતલબની દાદ રિટમાં મંગાઈ હતી. વધુમાં રજૂઆત કરાઈ હતી કે ગુજરાત પોલીસ દ્વારા ગુજરાત એમ્યુઝમેન્ટ રાઈટ્સ એન્ડ ગેમીંગ ઝોન એકટીવીટી(સેફ્ટી) રૂલ્સ-૨૦૨૪ ઘડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. જો કે, આ રૂલ્સ ઘડતાં પહેલા અને તેના અમલીકરણ પહેલાં અરજદાર એસોસીએશનના સભ્યોને સાંભળવામાં આવે અને તેમની પણ રજૂઆત તથા સૂચનો ધ્યાને લેવામાં આવે. કારણ કે, જે રૂલ્સ તૈયાર થઈ રહ્યા છે તેમાં કેટલાક તો બિનવ્યવહારૂ અને અસ્થાને હોય તેવા છે તો કેટલીક જોગવાઈઓ આકસ્મિક દુર્ઘટનાઓ વધારે તેવા છે. તો સરકારના આ સૂચિત રૂલ્સમાં કોઈ અધિકારીઓની કે ઉચ્ચ સત્તાધીશોની જવાબદારી નક્કી કરવામાં નથી આવી અને બધી જવાબદારી ગેમીંગ ઝોન કે એમ્યુઝમેન્ટ સંચાલકો અને તેમના માણસો પર નાંખવામાં આવી છે. અરજદાર એસોસીએશનના સભ્યો તરફથી ૬૦થી વધુ સૂચનો અને રજૂઆત સરકારના સત્તાવાળાઓ સમક્ષ કરવામાં આવ્યા છે પરંતુ સરકારના સત્તાધીશો તરફથી હજુ સુધી કોઈ જ જવાબ કે પ્રતિભાવ આપવામાં આવ્યો નથી.

ચિયર્સ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ દ્વારા આયોજિત દૂરબીન વડે ગરદન તથા કમરના મણકાની સારવાર માટેનો રોગ નિદાન - સર્જિકલ કેમ્પ

cheers+ Multi Speciality Hospitals Ahmedabad / Rajkot

એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી

અમદાવાદ ખાતે

કેમ્પની તારીખ

તા.:૧૬-૭-૨૦૨૪ થી ૨૦-૭-૨૦૨૪ સુધી

સમય : ૧૨ થી ૭



Dr. Shirazahmed Munshi

M.B.B.S., D.Ortho., FIAPM., DNB (Fellow), FIPP-USA Fellowship-Spine Endoscopy (Pune, USA, Japan)

લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?

+ પગમાં કે કમરમાં દુઃખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો...

"આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોઈ શકે છે"

મેડિક્લેઈમ માન્ય સારવાર

સ્પાઈનલ સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર

દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર

:ફાયદાઓ:

- ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
- દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
- ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ

રજિસ્ટ્રેશન ફી ફક્ત ૧૦૦/-

મેડિક્લેઈમની સુવિધા ઉપલબ્ધ છે. રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. | જૂના રિપોર્ટ સાથે લાવવા જરૂરી છે.

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91 99988 18148

ઈમરજન્સી મદદ +91 81550 05757

નોંધ : કેમ્પમાં ફક્ત પ્રથમ ૧૫ દર્દીઓને જ રાહતદરે સર્જરીનો લાભ મળશે.

૩૦૧, ગ્રીન્સ માળ, સ્વપનિલ-૫, એચ.એલ.કોમર્સ કોલેજ સર્કલ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

info@cheershospitals.com www.cheershospitals.com

RTEના વિદ્યાર્થીઓને ૧૭મીએ સહાય પેટે રૂા. ૩ હજારની ચૂકવણી કરાશે

અમદાવાદ DEO દ્વારા પોર્ટલ પર વિગતો મંગાવ્યા બાદ હવે ચુકવણી કરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૫

અમદાવાદ શહેર DEO દ્વારા આ વખતે રાઈટ ટુ એજ્યુકેશન (RTE)માં પ્રવેશ મેળવાનારા વિદ્યાર્થીઓના ખાતામાં રૂ. ૩ હજારની સહાય ખુબ જ ઝડપી આપવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગઉના સમયમાં છેક જાન્યુઆરી- ફેબ્રુઆરી માસમાં ચૂકવણીની આ પ્રક્રિયા પુર્ણ થતી હતી. પરંતુ અમદાવાદ DEO દ્વારા પોર્ટલના માધ્યમથી વિદ્યાર્થીઓની વિગતો મંગાવ્યા બાદ ગ્રાન્ટ આવતાની સાથે જ સહાયની ચુકવણી કરી દેવામાં આવતા હવે વિદ્યાર્થીઓને ખુબ જ વહેલા સહાય મળી રહે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ મેળવનારા બાળકો તેમજ અગાઉના વર્ષોમાં પ્રવેશ મેળવનારા બાળકોને દરવર્ષે સરકાર દ્વારા ગણવેશ અને સ્ટેશનરી સહાય પેટે રૂા. ૩ હજાર ચુકવવામાં આવે છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા RTEના વિદ્યાર્થીઓની સહાય ચુકવણી માટે પોર્ટલ પર વિગતો મંગાવી ચુકવણી કરવાનું નક્કી કર્યું હતું. જેને લઈને સ્કૂલોમાં RTEના પ્રવેશ પુર્ણ થયા બાદ સ્કૂલો પાસેથી વિદ્યાર્થીઓની અને બેંકની વિગતો ઓનલાઈન મંગાવી લેવામાં આવી હતી. દરમિયાન, વિદ્યાર્થીઓ અને બેંકની વિગતો પોર્ટલના માધ્યમથી ખુબ જ ઝડપથી મળી ગઈ હોવાથી ગ્રાન્ટ મળ્યા બાદ તરત જ ચુકવણી માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવશે. જેમાં ૧૭ જુલાઈના રોજ કચેરી દ્વારા વિદ્યાર્થીઓને રૂા. ૩ હજારની સહાયની ચુકવણી કરવાનું નક્કી કરાયું છે. જેથી સ્કૂલોને વિદ્યાર્થીઓની બેંકની વિગતો તથા હાજરીની વિગતો ચકાસી લેવા માટે સુચના આપી છે. બાળક શાળામાંથી નિકળી ગયો હોય અથવા ફેરફાર થયો હોય તે અંગે પોર્ટલમાં ફેરફાર કરવા માટે જણાવાયું હતું. ગતવર્ષે અમદાવાદ DEO દ્વારા ઓકટોબર માસની શરૂઆતમાં જ અમદાવાદ શહેરના RTEના કુલ ૭૩ હજાર જેટલા બાળકોના બેંક એકાઉન્ટમાં રૂા. ૩ હજારની સહાય આપી દેવામાં આવી હતી. સહાય પેટે રૂા. ૨૩ કરોડ જેટલી રકમ ચુકવી દેવામાં આવી હતી.

રાજકોટની ગુજરી બજાર ખાલી કરવા મુદ્દે કોંગ્રેસની અધ્યક્ષતામાં અનેક લોકોએ દર્શાવ્યો વિરોધ

ભાજપના ૬૮ નગરસેવક, ધારાસભ્યો અને સંસદસભ્યો હોવા છતાં મારે રજૂઆત કરવા કેમ આવવું પડ્યું ? : મેવાણી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૫

રાજકોટમાં રવિવારે ભરાતી ગુજરી બજાર કરાવતા લોકો રોષે ભરાયા છે. રાજકોટના આજીડેમ નજીક દર રવિવારે ગુજરી બજાર તરીકે ઓળખાતી બજાર ભરાય છે, જેમાં અનેક નાના વેપારીઓ પોતાની આજીવિકા રળતા હોય છે. ત્યારે વેપારીઓને લેન્ડગ્રેબિંગ હેઠળ કાર્યવાહી કરવાની ચીમકી આપી જગ્યા ખાલી કરવા આદેશ આપવામાં આવતાં રોષની લાગણી જોવા મળી રહી છે. ત્યારે આજે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે રાજકોટમાં ભાજપના નેતાઓ અને આગેવાનો, ધારાસભ્યો, સંસદસભ્યો અને કોર્પોરેટરો દ્વારા અનેક ગેરકાયદે બાંધકામો કરવામાં આવે છે. તેની સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાને બદલે રોજનું કમાઈને રોજ ખાનારા નાના વેપારીઓને નોટિસ આપવામાં આવી છે. ગરીબ ઘટતું કરવા જણાવ્યું હતું. આ મામલે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે રાજકોટમાં ભાજપના નેતાઓ અને આગેવાનો, ધારાસભ્યો, સંસદસભ્યો અને કોર્પોરેટરો દ્વારા અનેક ગેરકાયદે બાંધકામો કરવામાં આવે છે. તેની સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાને બદલે રોજનું કમાઈને રોજ ખાનારા નાના વેપારીઓને નોટિસ આપવામાં આવી છે. ગરીબ પાથરણાંવાળા રવિવારની બજારની રોનક છે. તેમને તંત્ર દ્વારા રંજાડવામાં આવે છે. આ રાજકોટના તંત્રનો જનવિરોધી ચહેરો છે. એટલા માટે જ હું સવાલ પૂછવા માગું છું કે ભાજપના ૬૮ નગરસેવક, ધારાસભ્યો અને સંસદસભ્યો હોવા છતાં મારે આ રજૂઆત કરવા કેમ આવવું પડ્યું ? આ તંત્ર તેમજ ભાજપ માટે શરમનો વિષય છે. લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવી હોય તો મોટા મગરમચ્છો સામે કરો, આ ગરીબ લોકોને હેરાન ન કરો, આ માગ સાથે આજે ૧૦૦૦ લોકોની રેલી લઈને મ્યુ. કમિશનરને રજૂઆત કરવામાં આવી છે. વૈકલ્પિક વ્યવસ્થા નહીં થાય ત્યાં સુધી લારી-ગલ્લા અને પાથરણાંવાળા ત્યાંથી હટશે નહીં. ત્યારે સમગ્ર રજૂઆત સાંભળ્યા બાદ મ્યુ. કમિશનરે જણાવ્યું હતું કે પાથરણાંવાળાઓને લેન્ડગ્રેબિંગ હેઠળ નોટિસ મનપાએ આપી નથી છતાં જે કોઈ વિભાગે આપી છે તો તેની સાથે સંકલન કરી યોગ્ય પગલાં લેવામાં આવશે અને જો એ જગ્યા ખાલી કરવી જરૂરી હોય તો તેમના માટે શું વૈકલ્પિક વ્યવસ્થા કરી શકાય એમ છે એ અંગેની ચકાસણી કરવામાં આવશે.

પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ માટે ૩ અને મહામંત્રી માટે ૩ ઉમેદવારો વચ્ચે મતદાન થશે

પ્રમુખ માટે એક ઉમેદવાર તથા મહામંત્રી માટે ૩ ઉમેદવારોએ પોતાની દાવેદારી પરત લીધી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૫

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મહામંત્રીના પદ માટે યોજાનારી ચૂંટણીને લઈને ચિત્ર સ્પષ્ટ થયું છે. પ્રમુખ અને મહામંત્રી જગ્યા માટે ભરાયેલા ફોર્મ બાદ પરત ખેંચવાની કાર્યવાહી પુર્ણ થતાં પ્રમુખ અને મહામંત્રી બંને જગ્યા માટે ૩ - ૩ ઉમેદવારો વચ્ચે હવે ચૂંટણી જંગ જામશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં અંદાજે પોણા બે લાખ જેટલા શિક્ષકો રાજ્યના સૌથી મોટા શૈક્ષણિક સંગઠન એવા પ્રાથમિક શિક્ષક સંઘમાં જોડાયેલા છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હાલના પ્રમુખ, મહામંત્રી અને કારોબારી સભ્યોની મુદ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ પુર્ણ થયા બાદ હવે નવા હોદ્દેદારોની નિમણુંકને લઈને ચૂંટણી યોજવામાં આવનાર છે. ચૂંટણીને લઈને ૯ જુલાઈના રોજ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યા બાદ ફોર્મ ભરાયા હતા. જેમાં પ્રમુખ માટે ૪ જેટલા દાવેદારો અને મહામંત્રી માટે ૬ જેટલા દાવેદારોએ ફોર્મ ભર્યા હતા.

પ્રમુખ માટે હાલના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા ઉપરાંત વિક્રમસિંહ ગરાસીયા, સંજય દવે અને ખોડુભાઈ પઢીયારે દાવેદારી કરી હતી. જયારે મહામંત્રી માટે હાલના મહામંત્રી સતિષ પટેલ ઉપરાંત જેમિન પટેલ, સુરતાન કટારા, નિલેશ પટેલ, જિજ્ઞાન ગોર અને રામુ જાડેજાએ ફોર્મ ભર્યા હતા. આમ, પ્રમુખ માટે ચાર અને મહામંત્રી માટે ૬ દાવેદારોએ ફોર્મ ભર્યા હતા. જોકે, ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ ફોર્મની ચકાસણી કરવામાં આવી હતી અને ઉમેદવારોને ફોર્મ પરત ખેંચવા માટેની તક આપાઈ હતી. જેમાં પ્રમુખ માટે એક દાવેદારે ફોર્મ પરત લીધું હતું. જયારે મહામંત્રી માટે ૨ ફોર્મ પરત ખેંચાયા હતા અને ૧ ફોર્મ અમાન્ય રહ્યું હતું. જેથી પ્રમુખ અને મહામંત્રી માટે હવે ૩-૩ દાવેદારો મેદાનમાં છે.

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS